
# મીડિયા-મૅસેજ

- સુમન શાહ



# મીડિયા-મૅસેજ

સુમન શાહ

પાર્શ્વ પ્રકાશન : અમદાવાદ

મીડિઆ-મૅસેજ

# MEDIA-MESSAGE

A COLLECTION OF DISCURSIVE ESSAYS ON MEDIA

By

**SUMAN SHAH**

સુમન શાહ

© રશ્મીતા સુમન શાહ

પ્રથમ આવૃત્તિ, ઍપ્રિલ ૧૯૯૩

પ્રકાશક :

બાબુભાઈ શાહ

પાર્શ્વ પ્રકાશન, નિશાપોળ નાકા, ઝવેરીવાડ,

રીલિફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧ ફોન : ૩૫૬૯૦૯

મુદ્રક :

"લેખિત" લેસર(ટાઈપસેટીંગ)

૧૦, રૂપમાધુરી સોસાયટી, યોગાનર્સરી પાસે,

માણેકબાગ, અમદાવાદ-૩૮૦ ૦૧૫ ફોન : ૪૩૩૦૮૭

આવરણ : મદીર સુમન શાહ

પૃષ્ઠ : ૮ + ૨૦૦

મુલ્ય : રૂ. ૬૦-૦૦

આ પુસ્તકના કોઈપણ અંશનો ધંધાદારી ઉપયોગ કરતાં પહેલાં લેખકની લિખિત પરવાનગી મેળવવી અનિવાર્ય છે. અન્યથા એ ગુનો બને છે.

પત્ર વ્યવહાર : સુમન શાહ, ૯, મુકુન્દ, મનોરમા કોમ્પ્લેક્સ, પોલિટૅકનિક,

અમદાવાદ-૩૮૦ ૦૧૫ ફોન : ૪૬૯૬૩૫

અતુલ-રૂપાને

ચેઝવૂડ ડ્રાઈવના દિવસોની યાદમાં...

## અનુક્રમણિકા


૧ પૃથ્વી હવે 'ગ્લોબલ વિલેજ'.../૧
૨ નિરક્ષરતાનિવારણ, ટીવી અને કમ્પ્યૂટર /૪
૩ કમ્પ્યૂટર વિશે.../૭
૪ કમ્પ્યૂટર : કુદરતની મનીષા ? /૧૧
૫ કમ્પ્યૂટર-ક્રાન્તિ/૧૫
૬ મીડિઆ અને કમ્યુનિકેશન વિશે-૧ /૧૯
૭ મીડિઆ અને કમ્યુનિકેશન વિશે-૨ /૨૨
૮ સમૂહ-માધ્યમ રૂપે છાપાં /૨૬
૯ જાહેરખબરોના જમાનામાં /૩૦
૧૦ માહિતી-મંજૂષા...૧ /૩૪
૧૧ માહિતી-મંજૂષા...૨ / ૩૮
૧૨ કટારલેખકની આચારસંહિતા /૪૨
૧૩ પત્રકારમિત્રો માટે કેટલાંક તાકીદનાં સૂચનો /૪૬
૧૪ કમ્યુનિકેશન અને જર્નાલિઝમના સંદર્ભે સંકેતવિજ્ઞાન /૪૯
૧૫ ઝૂંપડાં-માથે ઍન્ટેના /૫૩
૧૬ દૂરદર્શન પોતે જ મંડી હાઉસ બની ગયું છે... /૭૧
૧૭ દૂરદર્શન વિશે પ્રજા અવાજ ઉઠાવે ! /૭૫
૧૮ 'અર્ધસત્ય' : પ્રત્યક્ષ શૈલીની પારદર્શક ફિલ્મ /૭૯
૧૯ 'તમસ' : ઝળહળતા મૅસેજની ક્લાફિલ્મ /૮૪
૨૦ 'પાર્ટી' : પ્રશ્ન પ્રવર્તમાન ભારતીય કલાકારની પ્રતિબધ્ધતાનો /૯૫
૨૧ એન. આર. આઈ. ફિલ્મો અથવાં પૉર્નો કે આર્ટ ? /૧૦૪
૨૨ વિન્સેન્ટ પ્રાઈસ /૧૧૦
૨૩ માસ્ટર એન્ટર્ટેઈનર રાજકપૂર... /૧૧૩
૨૪ ટીવીમાં 'રાજીવ્ઝ ઈન્ડીઆ' અને રાજીવ્ઝ ઈન્ડીઆમાં ટીવી /૧૧૭
૨૫ સાંભળ બબલા, સાંભળ બબલુ...૧/૧૨૯
૨૬ સાંભળ બબલા, સાંભળ બબલુ...૨/૧૩૪
૨૭ દૂરદર્શનનાં ત્રણ પ્રશંસનીય સાહસો /૧૩૯
૨૮ ઈસરોની ત્રણ ટેલિફિલ્મો /૧૪૯

૨૯ મિલે સૂર મેરા તુમ્હારા, તો સૂર બને હમારા... /૧૫૩
૩૦ રવિવાર-બપોરની ટીવી-ફિલ્મો જુઓ છો તમે ? /૧૫૭
૩૧ 'કક્કાજી કહીન્' મિષે /૧૬૧
૩૨ 'યક્ષપ્રશ્ન' અને 'હાથતાળી' વિશે /૧૬૫
૩૩ IQ વાળાઓથી પણ ગાંધીજીનો અવાજ પરખાયો નહીં /૧૬૯
૩૪ 'મહાભારત' પૂરું થયું, શું મળ્યું ? /૧૭૩
૩૫ દૂરદર્શન પર સામન્થા ફૉક્સ ! ! /૧૭૮
૩૬ ટીવી માધ્યમના અપૂર્વ વિનિયોગ બદલ
પ્રણય રૉય અને વિનોદ દુઆને સલામ /૧૮૨
૩૭ પ્રચારભારતીથી પ્રસારભારતી તરફ જતાં (દૂરદર્શન સંદર્ભે) /૧૮૭
૩૮ સ્વાયત્ત દૂરદર્શન /૧૯૧

પ્રત્યેક નિબન્ધને છેડે મૂકેલી પહેલી તારીખ નિબન્ધની લખ્યા-તારીખ દર્શાવે છે. તો બીજી એના પહેલવારકા પ્રકાશનની તારીખ છે.

## નિવેદન

દેશમાં, ખાસ તો છેલ્લા બે-એક દાયકામાં કમ્પ્યૂટર ને ટીવી જેવાં આધુનિક સાધનો પ્રવેશવા માંડયાં ને મને રસ પડયો. એવું આધુનિક આપણું પ્રસારણ મને પહેલેથી ઘણું ગમે...

કમ્પ્યૂટરે માહિતી-સ્ફોટનો એવો તો ચોક્કસ અને સર્જનાત્મક તરીકો દાખવ્યો કે માહિતી સાથે સંકળાયેલાં બધાં તન્ત્રો રાતોરાત બિચારાંબાપડાં ને પછાત દીસવા લાગ્યાં. થીએટર, સિનેમા, છાપાં જેવા સમૂહ-માધ્યમો આપણી પાસે હતાં ખરાં, પણ ટીવીએ આવીને એ બધાંને ડ્યાવી મૂકયાં, એની આગળ એ બધાં ઘરડાં ને જીરણ ભાસવા લાગ્યાં, એટલું જ નહીં, એ સૌને પાછળ નાખી દે તેવી સુ-લભતા દાખવીને ટીવી ગયા દાયકામાં રંગીન બન્યો ને ઝપાટામાં એણે, કહોને કે આપણાં ઘર ઘરમાં ઘર કીધું... થોડાં જ વર્ષોમાં કમ્પ્યૂટરો પણ આપણાં ઘરોમાં પોતાનાં સ્થાનક જમાવીને બેઠાં હશે... આજે તો આપણે રીતસરના મીડિઆના યુગમાં જ જીવીએ છીએ.

આ બધી પ્ર-ગતિ એવી તો ઝડપી છે ને બધું એવું તો સંકુલ થતું ચાલ્યું છે કે કશુંપણ ચોક્કસ કહેવાની તકલીફ પડે છે. આપણે એવી પ્રવાહીતા વચ્ચે છીએ. છતાં એક વાત જરૂર સ્પષ્ટ કહેવાય તેવી બની છે. આપણાં સપાટ સંક્રમણોમાં અને તેને સાધતી અભિવ્યકિત-પધ્ધતિઓમાં મીડિઆથી મોટું વૈવિધ્ય આવ્યું છે. એ ખરું કે એવું વૈવિધ્ય સાધવા જતાં માધ્યમો વચ્ચે ચડસાચડસી જન્મી છે. જોકે એ વૈવિધ્ય કલાસૌન્દર્યલક્ષી છે એ પણ એવું જ ધ્યાનમાં આવ્યું છે.

જો કે મીડિઆનું એવું હૂંસાતૂંસીભર્યું આક્રમણ હૃદયંગમ નથી એવું નથી. મને તો લિટરલી મજા પડે છે...

હું છાપાંમાં લખતો હતો ને મને મીડિઆની આ નૂતન દિશા દેખાઈ ગઈ. એવી દિશા કે મારે એને અંગે કાયમ કંઈ ને કંઈ જુદું જ કહેવાનું હોય. અહીં એવું જુદું કહેતા લેખો સંકલિત કર્યા છે. હું મીડિઆના સામે છેડે બેઠેલો એક સંવેદનપટુ જીવ છું. સાહિત્યનો માણસ હોઈને હું ત્યાં પણ કલાસૌન્દર્યની ને તેવાં ઔચિત્યોની ઝંખના કરું છું. આ બધા લેખોમાં થોડી તિક્તતા છે અને વ્યાપકપણે એમાં સ્પર્શક્ષમ સમીક્ષા છે. જાહેર આચાર-વિચારને વિશેની મારી નિસબત મને એમ કહે છે કે આપણા પરના મીડિઆના આક્રમણને આપણે સમીક્ષાબુધ્ધિથી જ ઝીલી શકીએ, ખાળી શકીએ. મારે મન એ જ મીડિઆનો મૅસેજ છે...

પુસ્તક-પ્રકાશન અને તેના ઉદ્ઘાટન-પરિસંવાદ સમારોહ માટે શ્રી બાબુભાઈનો તેમજ સંકળાયેલા સૌ મિત્રોનો હાર્દિક આભાર માનું છું.

૫ માર્ચ ૧૯૯૩ — સુમન શાહ

અમદાવાદ

I'VE GONE OUT TO THE DOOR
AND WOULD SHOUT TO THEM ALL :
IT YOU MISS ANYTHING, IT'S HERE !

**--- CE'SAR VALLEJO**

# ૧

# પૃથ્વી હવે 'ગ્લોબલ વિલેજ...'

પૃથ્વીનું 'ગ્લોબલ વિલેજ'માં રૂપાન્તર થવાને હવે ઝાઝી વાર નથી. થોડાંક વર્ષો પછી એટલે કે એકવીસમી સદીમાં આપણી આ પૃથ્વી ખરેખર એક ગામડા જેટલી નાની લાગવા માંડશે. આધુનિક વિજ્ઞાન અને ટૅકનોલૉજીના વિકાસને લઈને સમય અને સ્થળનાં અંતરો સાવ જ ઘટી ગયાં હશે. ઉપખણ્ડો ફળિયાં બની ગયાં હશે. માણસ સવારે જપાનમાં હશે તો સાંજે આફ્રિકામાં. અથવા, ઈન્ગ્લૅન્ડથી ઑસ્ટ્રેલિયા થોડા જ કલાકોમાં પહોંચી જશે. કે પછી ભારતથી ગલ્ફના કોઈ દેશમાં રોજ અપ-ડાઉન કરતો હશે. નજીકનાં સ્થળો વાહનોની અભૂતપૂર્વ ઝડપી ગતિને કારણે એકદમ નજીકનાં બની જશે. પરિણામે શહેરો પાસે પાસે આવી જશે, અથવા પોતાના અતિશય વિસ્તારને લીધે એકમેકમાં ભળી ગયાં હશે. એટલે પછી અમદાવાદ-નડિયાદ-વડોદરા જેવો ભેદ નહીં હોય, વડોદરા-ભરૂચ-સૂરત એક જ હશે. એમને એવાં જૂનાં નામોથી ઓળખવાને બદલે કશાં નવાં સહિયારાં નામો મળી ગયાં હશે....

આજે પણ દુનિયા ઈલેકટ્રૉનિક મીડિઆના નેટવર્કથી પહેલાં નહોતી એટલે નાની બની રહી છે. પરન્તુ પછી, દૂરના ભવિષ્યમાં, સંદેશા બીજા ગ્રહો પરથી આવતા હશે, કે મોકલાતા હશે. માનવોની પૃથ્વી ઉપરાન્તનાં ગ્રહો પર વસાહતો થવા માંડી હશે. એવી વસાહતોના જાતભાતના સમાચારો

છાપાંની 'સ્ટોરીઝ' હશે. પૃથ્વીના ગમે તે ખૂણે બનેલી નાની સરખી વાત થોડી જ મિનિટોમાં પૃથ્વીના બીજે ખૂણે ગાજતી થઈ શકશે. ત્યારે લગભગ બધા ટૅલિફોન વીડિઓવાળા હશે. ટીવી ઘરદીઠ તો હશે જ, પણ રૂમદીઠ હશે અને એની હાલની ડબલાં-ડિઝાઈન સાવ બદલાઈ ગઈ હશે. ત્યારે આજનાં કૅલેન્ડરો કે ફોટોફ્રેમની જેમ ટીવી પાતળા ને ઝૂલતા થઈ ગયા હશે. ત્યારે સંભવ છે કે કેટલાક લોકો પોતાના ઍશઆરામભર્યા મકાનોમાં બેઠાબેઠા જ નોકરીધંધા કરતા હશે, ઑફિસોમાં કે બજારોમાં જવું એમને માટે અનિવાર્ય નહીં હોય. એટલું જ નહીં, કોઈ સુખિયો ગુજરાતી વેપારી અમદાવાદના પોતાના ઘરે બેઠો બેઠો શિકાગોમાં વેપાર કરતો હશે કે પછી કોઈ યુનિવર્સિટી-પ્રોફેસર ગુજરાત યુનિવર્સિટીના હાલના ભાષા-ભવનમાં બેઠો બેઠો જ લન્ડનનાં ગુજરાતી કુટુમ્બોને ગુજરાતી ભણાવતો હશે... કૃત્રિમ ઉપગ્રહ-સેવાઓ, કમ્પ્યૂટર-ક્રાન્તિ અને આધુનિક સંશોધનોની પ્રવર્તમાન દિશા અને ગતિવિધિઓ વડે આ વાતોનું પૂરેપૂરું સમર્થન થાય છે...

પૃથ્વીને આવા અત્યાધુનિક સુખસગવડોથી હર્યાભર્યા ગામડારૂપે કલ્પવાનું કે વિચારવાનું આમ તો મજા આવે એવું છે. એથી મનુષ્ય વિશે આપણને અપાર ગૌરવ થાય છે, મનુષ્યની બુદ્ધિશકિત અંગે અઢળક આદર થાય છે. પણ એક પ્રશ્ન જરૂર સતાવે છે કે ત્યારે માણસ માણસ વચ્ચેનું આંતરિક કે હાર્દિક અંતર ઘટ્યું હશે ખરું ? આજે પણ ધરતી પરનાં ભૌગોલિક અંતરો ઘટેલાં જ છે, પણ સાથોસાથ, એક માણસ બીજા માણસથી છેટો પડી ગયો છે, આઘો અને એકલો થઈ ગયો છે. બે ઍરપેસેન્જરો બિલકુલ પાસે પાસે બેસીને અનેકો માઈલની મુસાફરી કરે છે, પણ 'હલો-હાવાર્યુ' જવલ્લે જ કરે છે. 'ઈન્ટ્રોડકશન' વિના, કે કામ વિના વાત ન કરવાની આધુનિક શૈલી ભારત જેવા સંસ્કૃતિસમૃદ્ધ દેશમાં પણ હવે વિસ્તરવા માંડી છે.

ફ્લૅટ કે ઍપાર્ટમેન્ટ-કલ્ચર પ્રસરી રહ્યું છે- જેમાં બધું 'ફ્લૅટ' અને 'ઍપાર્ટ' થવા લાગ્યું છે. શહેરની કોઑપરેટિવ સોસાયટીઓમાં 'કોઑપરેશન' અને 'સોસાયટી' શબ્દોના પરમ્પરાગત અર્થો નથી કરી શકાતા. પહેલાંની જેમ પડોશીઓ હવે જોડે જોડે જ વસતા હોય એવું નથી રહ્યું. ઘણીવાર તો 'બાજુવાળા' કે 'નીચેવાળા'ને નામે જ બધો વહેવાર ચાલતો હોય છે. મોટાભાગના લોકોને પોતાના પડોશીનો 'મિ. પરીખ' કે 'મિ. પટેલ'થી ઝાઝો

પરિચય ભાગ્યેજ હોય છે. એટલે પ્રશ્ન જરૂર સતાવે છે, કે ત્યારે પૃથ્વી પર એક આદર્શ ગ્રામવાસીમાં હોય તેવી નિર્દોષતા બચી હશે ખરી ? ભેદભાવો ટળ્યા હશે ? બધાં દુઃખોની જડ સમી ગરીબી ટળી હશે? એને કારણે જન્મેલી વિષમતાઓ અને અન્યાયોની ભાતો ભુંસાઈ હશે ? કે પછી માણસ જ આ બધા વચ્ચે નાનાથી નાનો બની ગયો હશે ?

આટલી બધી પ્રવર્તમાન પ્રગતિ પછી પણ પૃથ્વીનો અરધાથી વધારે ભાગ અત્યારે ગરીબીમાં સબડે છે. ઈલેકટ્રૉનિક મીડિઆના આ દિવસોમાં જ પૃથ્વી પર ૬૫ એવા દેશો છે કે જેની પાસે સમૂહ-માધ્યમોને નામે લગભગ મીંડું છે. જર્નાલિઝમની ભાષામાં એને 'નેશન્સ વિથ મિનિમલ મીડિઆ' કહે છે. આવા ૨૮ દેશો આફ્રિકામાં છે, ૧૮ એશિયા અને ઓસિનિયામાં છે, ૧૫ લેટિન અમેરિકામાં છે અને ૬ યુરપમાં છે. અલબત્ત આ રાષ્ટ્રો તેમની મર્યાદિત વસ્તી કે પ્રદેશને લીધે મિનિ સ્ટેટ્સ છે એ ખરું, પણ વૈશ્વિક મીડિઆનો એમને કશો જ લાભ મળ્યો નથી. જાણો છો આ ૬૫ દેશોમાં કુલ દૈનિક છાપાં કેટલાં છે ? માત્ર ૬૭ ! ૨૮ દેશો તો એક પણ છાપું ધરાવતા નથી ! ફિલ્મ, ટીવી, રેડિયો વગેરેની તો, પછી વાત જ કયાં કરવાની ? ત્યાં બેશુમાર નિરક્ષરતા છે, વસ્તીવધારો ચાલુ છે, રાજકીય સ્વાતન્ત્ર્ય જેવું જવલ્લે જ કંઈ છે, ટૅકનોલૉજી નામની છે. પરિણામે ગરીબી હટતી જ નથી. એ પ્રજાઓને દુનિયામાં શું ચાલે છે તે જાણવાને કશાં માધ્યમોનો સાથસથવારો તો નથી, પણ પોતાને ત્યાં શું ચાલે છે તે દુનિયાને જણાવવાની પણ કશી તક કે સગવડ નથી. તેઓ અનેક અર્થમાં 'ગરીબ' છે.

આવી પૃથ્વી 'ગ્લોબલ વિલેજ' બનશે ? ખબર નથી. આવી પૃથ્વી ગ્લોબલ વિલેજ બનશે પછી 'આવી જ' રહી હશે ? એની પણ ખબર નથી. ખબર એટલી છે કે આપણે આપણી મહત્ત્વાકાંક્ષાનાં પરિણામોની માત્ર આતુર નયને રાહ જોવાની છે -ભલે પછી એ સારાં હોય, કે નરસાં....

૨૬-૯-૧૯૮૯
૩-૧૦-૧૯૮૯

૨

# નિરક્ષરતા-નિવારણ, ટીવી અને કમ્પ્યૂટર

અભણોની વસ્તીથી ભર્યો મારો બિચારો ભારત દેશ સમયની સાથે થવા કેવો મથી રહ્યો છે ! એ ચોપાસથી ધમધમે છે. પ્રવર્તમાન રાષ્ટ્રીય પુરુષાર્થ જોઈ એક આંખ હસે છે, એક આંખ રડે છે. એની મથામણ જોઈ પોરસાવાય છે, તો એની યાતનાભરી નિષ્ફળતાઓ જોઈ દુઃખી થવાય છે.

દેશમાં આજકાલ પૂર જોશમાં એક કાર્યક્રમ ચાલે છે. એ છે નિરક્ષરતા-નિવારણ. એને પ્રૌઢશિક્ષણ, યુવાશિક્ષણ કે સાક્ષરતા-અભિયાન પણ કહે છે. અભણોને ભણાવવાનું આ કામ ખરેખર તો ભૂતકાલીન બોજ છે, પૂર્વજોએ ખડકેલો ભાર છે, બૅકલૉગ છે. વરસો લગી આપણા વડવાઓ ખેતરોમાં ને આંગણાંઓમાં ટાંટિયા લંબાવી બેસી રહ્યા, ભણ્યા-ગણ્યા નહીં. એટલે નિરક્ષરતા પેઢી દર પેઢી ઊતરતી રહી, ને વસ્તીના વધારાની જોડે વિસ્તરતી રહી. વીસમી સદી પૂરી થવાને હવે એક તપ બાકી છે. એક તપ એટલે બાર વર્ષ. ત્યાં લગીમાં આપણે જો પ્રત્યેક ભારતવાસી-નિરક્ષરને સાક્ષર બનાવી શકીએ, તો સારી વાત છે. સંભવ છે કે એવી સાફસૂફી પછી દરેક ભારતવાસી સાક્ષર જન્મ્યો હશે, એટલે કે સાક્ષર થઈ શકે ને પ્રગતિકૂચમાં જોડાઈ શકે એવી સંતોષકારક પરિસ્થિતિમાં જન્મ્યો હશે. 'ઈચ વન ટીચ વન' માત્ર નામનું સૂત્ર ન રહી જાય તો સાક્ષરતા-અભિયાન સફળ થશે. એથી દેશની અને માનવતાની મોટી સેવા થશે. એથી લોકશાહી એના ખરા રૂપમાં હાંસલ થશે.

પણ બીજી તરફ એક બીજો કાર્યક્રમ પણ પૂરા ધમાકાથી ચાલે છે. એ છે દૂરદર્શન-પ્રસારણ. આપણે દૂરદર્શન-યુગમાં પ્રવેશી ચૂકયા છીએ. ભારતના ગામડે-ગામડે ઘેર-ઘેર ઝૂંપડે-ઝૂંપડે ટીવી હોય એ ચિત્ર હવે છેટું નથી. ટીવીમાં બધું છેવટે તો જોવા માટે હોય છે, સાંભળવા માટે હોય છે. ટીવી દૃશ્ય-શ્રાવ્ય માધ્યમ છે. કોઈપણ માહિતી ટીવી પરથી મેળવી શકાય, કશું પણ જોઈ-સાંભળીને શીખી શકાય. ટીવી એમ સૂચવે છે કે સ્લેટપેન લઈ ભણવા-ગણવાની જરૂર નથી, ચોપડીઓ ઉકેલવાની કડાકૂટમાં પડવાની જરૂર નથી. ટીવી પર રંગીન ચિત્રો જોઈ લઈને, સમજી લઈને, ઘણું શીખી શકાય. જૂના જમાનાના એકડો બગડો ભણવા, જૂની રીતનાં કક્કો-બારાખડી લખતાં શીખવાં, ભાષાની જૂની પદ્ધતિએ વિચારતાં શીખવું વગેરે સાક્ષરતાની ટીવી હોય પછી ઝાઝી જરૂર રહેતી નથી. તમે નિરક્ષર હોવ તો ટીવી તમારા પર કદાચ વધારે સારી અસર પાડી શકે છે. ભાષા સીધી લીટીએ વિચારવાનું શીખવે છે, જ્યારે ટીવી બધી બાજુએથી વિચારવાની ચિત્રની પદ્ધતિનો આશરો લે છે. ભાષામાં આપણે વાકયની રૈખિક ગતિએ સમયમાં ક્રમે ક્રમે વિચારીએ છીએ, ટીવીમાં આપણે ચિત્રની વર્તુળાતી ગતિએ અવકાશમાં સમગ્રપણે વિચારીએ છીએ. આમ ટીવી ભાષાની વિરુધ્ધ રીતભાતમાં કામ કરનારું સાધન છે. શિક્ષણનું એ, માનવજાતને અત્યાર લગીમાં જડી આવેલું અતિશય ઉપકારક સાધન છે.

પણ ટીવીને આપણે સીરિઅલો, ચિત્રહાર, ચિત્રમાલા, ચિત્રગીત, રંગોલી અને સિનેમાફિલ્મો જોવામાં ભરપૂર વેડફી રહ્યા છીએ. એ જાણે ઈડિઅટો વડે ઈડિઅટો માટે ચલાવાઈ રહ્યું છે, ને એમ ઈડિઅટ-બૉક્સ પુરવાઈ થઈ રહ્યું છે. આ મૂર્ખતાની આવનારાં બાર વર્ષમાં આપણને ખબર પડે તો સારું છે. નહીં તો પ્રજા લેખેના આપણા તમામ સારા વારસાનું સંભવ છે કે ધનોતપનોત નીકળી જશે.

ત્રીજી તરફ દેશમાં એક ત્રીજો કાર્યક્રમ પણ ઝડપથી શરૂ થઈ ચૂકયો છે. એ છે કમ્પ્યૂટરોનો વપરાશ, કમ્પ્યૂટર-વિનિયોગ. આપણે કમ્પ્યૂટર-યુગમાં પણ પ્રવેશી ચૂકયા છીએ. હવે થયું છે એવું કે આ કમ્પ્યૂટર નામનું માનવસર્જિત મશીન વળી પાછું વિચારવાની રૈખિક પદ્ધતિ માગી લે છે. એમાં ટીવીની ચિત્રપદ્ધતિ નહીં, પણ ભાષાની સીધી વાકયપદ્ધતિ જોઈએ છે. શું કરવું ? બહુ ઓછા લોકોને ટીવી અને કમ્પ્યૂટર વચ્ચેના આ પાયાના વિરોધની ખબર છે. કમ્પ્યૂટર કલ્પી ન શકાય એટલી બધી રીતનું

રૈખિક -લિનીઅર- ઈન્સ્ટ્રુમેન્ટ છે. એમ કહેવાય કે દેશવાસીઓ આજે બાપડા ટીવી અને કમ્પ્યૂટરનાં ઊંધી-ચત્તી દિશાઓમાં ચાલનારાં મશીનોમાં ફસાયા છે. એમની વિચારગાડીનું એક પૈડું આગળ, તો બીજું પૈડું પાછળ ચાલે એવો એમનો કંઈક બૂરો હાલ થયો છે.

ભાષાને વિશે નિરક્ષર હોઈએ તો સાક્ષરતા-અભિયાનથી પ્રશ્નનો ઉકેલ લાવી શકીએ. પણ ટીવીને વિશે નિરક્ષર હોઈએ તો વરસો લગી ખબર પણ ના પડે કે ટીવી-નિરક્ષર છીએ. એવું જ કમ્પ્યૂટર-નિરક્ષરતાનું. ડર ચાલી જતાં, સંભવ છે કે કમ્પ્યૂટરોનો વપરાશ આપણામાં વધી જાય, પણ એને વિશેની નિરક્ષરતા ઘટે નહીં. બીજા શબ્દોમાં એમ કહેવાય કે ભાષાની તેમજ ટીવીની સાક્ષરતા છે, તેમ કમ્પ્યૂટરની પણ છે. સાક્ષરતાનો અર્થ લખતાં-વાંચતાં જાણવું તે. કમ્પ્યૂટરના દાખલામાં કમ્પ્યૂટરને લખતાં-વાંચતાં જાણવું પડે. જોકે માણસ સ્કૂટર વિશે કંઈ પણ જાણ્યા વિના સ્કૂટર હાંકયે રાખે છે, તેમ સંભવ છે કે કમ્પ્યૂટર પણ વાપર્યે રાખે. એથી કમ્પ્યૂટરને કંઈ દુઃખ પડે નહીં. બાકી કમ્પ્યૂટર માટે લખવું એટલે કમ્પ્યૂટરની ભાષા લખવી. ગુજરાતી કે અંગ્રેજીમાં લેખ લખવા જેવી આ વાત સાદી નથી. કમ્પ્યૂટરની ભાષા બધી વાતે જુદી છે. મશીનને શબ્દો શું કહે છે તેટલું પૂરતું નથી, કેવી રીતે કહે છે તે પણ એટલા જ મહત્ત્વનું છે. કમ્પ્યૂટર-સાક્ષરતામાં આ બંને વાનાં આવી જાય છે.

આપણે આશા રાખીએ કે ભાષા, ટીવી અને કમ્પ્યૂટર ત્રણેને વિશેની આપણી નિરક્ષરતાઓનું ઝડપથી નિવારણ થાય. જ્ઞાન શકિત છે, પણ જ્ઞાન હમેશાં હાથવગાં પ્રતીકોમાં હોય છે. આ લખું છું તે અને જેને વિશે લખું છું તે બધું ભાષાનાં પ્રતીકોમાં છે. સંસારનું કોઈપણ જ્ઞાન પ્રતીકાત્મક પ્રકૃતિ ધરાવે છે. પરમ જ્ઞાન પ્રતીકપર હશે, ને માત્ર અનુભવવાની ચીજ હશે -આપણે એને જાણતા નથી.

બાકી આપણે ભાષા, ચિત્રો, ચલચિત્ર અને કમ્પ્યૂટર-ભાષાનાં વિવિધ પ્રતીકોની સંકુલ દુનિયામાં જીવીએ છીએ. માણસને ગુલામ નહોતું રહેવું એટલે સાક્ષર બન્યો. પરન્તુ આજે એની સાક્ષરતામાં આમ વૈવિધ્ય આવ્યું છે. એટલે જો કે એની નિરક્ષરતામાંય વૈવિધ્ય આવ્યું છે. આપણે એને ઓળખીએ...

૨૯-૧૨-૧૯૮૮
૩-૧-૧૯૮૯

૩

# કમ્પ્યૂટર વિશે....

રાજીવ ગાંધી દિલ્હીના તખ્તે આરૂઢ થયા તે પછી, દેશના આકાશમાં બે વાતોના રંગીન પતંગ ચગેલા છેઃ પહેલી વાતો 'ન્યૂકિલઅર હૉલકૉસ્ટ' (અણુ-વિધ્વંસ)ની છે અને બીજી 'કમ્પ્યૂટર- ક્રાન્તિ'ની. (મહેરબાની કરીને 'કમ્પ્યૂટર'નો ઉચ્ચાર 'કૉમ્પ્યુટર' ન કરશો.) બંનેમાં, દેશવાસીઓનું જ્ઞાન-અજ્ઞાન ભૂસાના પડીકાની જેમ સંભરેલું છે. ટીવી-સીરિયલ 'સ્ટાર ટ્રેક'ના હીરો કૅપ્ટન કર્કે એકવાર વાતવાતમાં કહેલું : 'રિસ્ક ઈઝ અવર બિઝનેસ !' જોખમ આમેય પશ્ચિમી પ્રજાનો વ્યવસાય છે. કર્કની આ વાત મને રૅગનના દિલોદિમાગ સાથે મળતી લાગી છે. એમનો 'સ્ટાર-વૉર્સ-પ્રોગ્રામ' ભયાનક સ્વરૂપે જોખમી છે, છતાં એને એક 'ડિફેન્સ મિકેનિઝમ' તરીકે ઘટાવતાં એમને કશો ખચકાટ થતો નથી. તાજેતરની જીનિવા ખાતેની શિખર -મન્ત્રણાઓમાં આપણે જોયું કે એમના એક નમ્બરના પ્રતિસ્પર્ધી ગોર્બાચોવ પણ ભારે પાકા માણસ છે. ઝેરથી ઝેર મરે કે હીરાથી હીરો કપાય એ વાતો હવે સાચી નથી રહી. બે બ્લૉકની દુનિયા કયારની મટી ગઈ છે. રાવણનો ધ્વંસ કરવા નીકળેલો પણ રાવણ છે -કંઈ નહિ તો, રામ તો નથી જ. પરિણામે, ત્રીજા વિશ્વના બૌદ્ધિકોને ભાગે અને ભાગ્યે, અણુ-વિધ્વંસની શાબ્દિક ચર્ચાઓ આવી છે. તમે દુનિયાને નિઃશસ્ત્રી કરવા ભાષાના ઓજારથી ઝઝૂમવું હોય એટલું ઝઝૂમી શકો છો. કાર્લ સગાને હમણાં જ કહ્યું હતું કે પૃથ્વી પર પંચાવન હજાર જેટલાં અણુશસ્ત્રો તો

દેખાય અને ગણી શકાય તેવાં ઉઘાડાં છે. બીજાંની તો શી ખબર ! વિકાસશીલ દેશોના લોકો આવી બધી માહિતીથી રોજેરોજ આક્રાન્ત થતા રહે છે. અણુસ્પર્ધકો, ભૂગર્ભ ધડાકો કરતાં કરતાં, નૂતન વર્ષનાં અભિનન્દન એકમેકને હસિત વદને આપીને દુનિયાને બુદ્ધુ બનાવે છે. હવે, બિચારી પ્રજાઓના રાંક નેતાઓ બિનજોડાણવાદી સૂત્રે જોડાવા ચાહે છે. એમને એનું રસાયન રાજીવજી જેવામાં દેખાય છે એ પણ વિધિનો ક્રૂર ખેલ છે. કહે છે કે 'ન્યૂકિલઅર હૉલકૉસ્ટ' જેવા વિષયો ચર્ચ્યા કરવાથી બૌદ્ધિક વ્યાયામ ઉપરાન્ત, સારો એવો પુરસ્કાર પણ મળે છે...

કમ્પ્યૂટર, પ્રારમ્ભે એક સાદું ગણકયન્ત્ર હતું. પછી એનું કદ વધ્યું. જોકે કારખાનાં જેવાં તોતિંગ કમ્પ્યૂટરોનો જમાનો હવે આથમી ગયો છે. સો મિલિઅન ફ્લૉપ્સ એક સૅકન્ડમાં આવરી શકે એવા એક સુપર કમ્પ્યૂટરથી આપણે ભારતને માહિતીબદ્ધ કરવાના છીએ. માનવજાતે કૃષિ-ક્રાન્તિ પછી ઔદ્યોગિક-ક્રાન્તિ વખતે મોટી પ્રગતિફાળ ભરી હતી. કમ્પ્યૂટરે સર્જેલી પ્રવર્તમાન માહિતી-ક્રાન્તિનું વય ૪૦-૫૦ વર્ષથી વધુ નથી. છતાં એનો પ્રભાવ આગલી બેય ક્રાન્તિઓનું વિસ્મરણ કરાવે તેવો છે. કમ્પ્યૂટરમાં અભૂતપૂર્વ એવો ઈલેકટ્રૉનિક તબક્કો શરૂ થતાં, સદીઓ જૂના માનવસમાજોનું માહિતી-સમાજોમાં રૂપાન્તર થવા માંડયું છે. એટલે, કેટલાક પ્રગતિવાંછુઓ કમ્પ્યૂટરને હવે માનવચિત્તનું બરોબરિયું ગણવા લાગ્યા છે. જોકે, નિષ્ણાતોમાંના સાત્ત્વિક વિજ્ઞાનીઓને એ વિશે શંકાઓ છે.

રાજીવ ગાંધી સમેતના તમામ શાસકો અને તેમની સરકારો આ નવતર મશીનને સારુ તલપે છે. એ લોકોની એવી સમજ છે કે પ્રજાના કલ્યાણનો પોતાનો પુરુષાર્થ કમ્પ્યૂટરથી ઝડપી અને સરળ બનશે. અમેરિકા અને જપાનની સરકારોએ લાખો-કરોડોનું આ માટે આંધણ મૂકયું છે.

જપાનવાસીઓ માનવચિત્તની બધી જ પ્રક્રિયાઓ ધરાવતું એક નવું કમ્પ્યૂટર વિકસાવી રહ્યા છે. એ લોકો એને કમ્પ્યૂટરોની 'ફિફ્થ જનરેશન'નું ગણે છે અને કહે છે કે આ દાયકાને અંતે, એટલે કે ૧૯૯૦ આસપાસ એનો જન્મ થઈ ગયો હશે. આ અપૂર્વ કમ્પ્યૂટર, જગતની ઘણી માનવભાષાઓ બોલતું હશે, સમજતું પણ હશે. તમારા માટે એ વિચારો કરી શકશે, તમારા વિચારો સમજી પણ લેશે. એની મદદથી જ્ઞાન અને માહિતીની ઝડપી અને આસાન હેરાફેરી એવી તો સુલભ થઈ જશે કે ન

પૂછો વાત. એથી પૃથ્વી ઉપરનું આપણું ઠરી ગયેલું જીવન એક સજીવ અમીબાની જેમ થ્રૉબ લેતું થઈ જશે. બધાં મનુષ્યોના ચહેરા, પછી તો જ્ઞાન-વિજ્ઞાનથી તરલ-ચંચલ અને ચમકતા થઈ જશે. માનવસંસ્કૃતિ પ્રત્યેક ક્ષણે ચૈતન્યથી ધબકતી હશે. 'ફલકચ્યુએશન' કમ્પ્યૂટર-ક્રાન્તિનું રહસ્ય છે, એની મુખ્ય ભાત પણ છે.

કમ્પ્યૂટરો જેમાંથી બને છે એ 'હાર્ડવૅર' વિશે જાણવું મુશ્કેલ નથી. પણ એ જેના ચાળે ચઢ્યું છે તે માનવ-મગજ તો હાઈડ્રોજન. કાર્બન અને બીજાં મૉલિકયૂલ્સથી સમ્પન્ન છે. ચિત્તવ્યાપારોમાં રાસાયણિક પ્રતિક્રયાઓ અને ઈલેક્ટ્રિકલ સર્કિટના જેવી ગતિવિધિ છે. જાણીતું છે કે કમ્પ્યૂટરો સિલિકન મૉલિકયૂલ્સનાં બનેલાં છે અને ચિપ્સની ઈલેક્ટ્રિક સર્કિટોના એક સુગઠિત સમૂહ તરીકે વર્તે છે. કમ્પ્યૂટર-વિજ્ઞાનીઓએ વિચાર્યું, (એટલે કે એ દિશામાં કેળવાયેલા માનવચિત્તે વિચાર્યું,) કે જો ચિપ્સને નાનાથી નાની અને ઝડપીથી ઝડપી બનાવીએ, તો માનવચિત્તની સ્મૃતિશકિતને તેમ જ તર્કશકિતને પણ આંબી જાય એવું કમ્પ્યૂટર મુશ્કેલ નથી. આ એમણે કર્યું છે. કમ્પ્યૂટરમાં હવે બેહદ પ્રમાણની લૉજિક સર્કિટો ગોઠવી શકાય છે.

મુશ્કેલી એટલી જ છે કે આ આશાસ્પદ કમ્પ્યૂટર, મનુષ્યની માફક પ્રતિભાવો આપી શકતું નથી. બધી બાબતોનો એક્કી સાથે, યુગપત્ બોધ પામી લેવાની માનવચિત્તની વિશિષ્ટ શકિત હજી કમ્પ્યૂટરમાં ભરી શકાઈ નથી. આનું મુખ્ય કારણ એ છે કે બધાં જ કમ્પ્યૂટરો બધું માત્ર ક્રમશઃ કરી શકે છે. એમની ઝડપી ગતિ પણ, ક્રમને, એક પછી બીજું એવા ક્રમને વશ વર્તીને જ સિદ્ધ થાય છે. આપણી બુદ્ધિની જેમ આ મશીનો બધું સમાન્તરે કરી શકતાં નથી. ખરી વાત એ છે કે બુદ્ધિ શું છે તેની ભાળ હજી આ વિજ્ઞાનને, ઘણી બુદ્ધિ વાપરવા છતાં મળી નથી. માનવચિત્ત, માનવમગજ અને માનવબુદ્ધિ વચ્ચેના ચોક્કસ તફાવતો હજી આ વિદ્વાનોના હાથમાં આવ્યા નથી.

આપણા જમાનામાં લાગણીઓનું કે અંગત સંવેદનોનું કશું મૂલ્ય નથી રહ્યું. શાસકોને 'મિકૅનિકલી ઍફિશન્ટ' નિષ્ણાતો જોઈએ છે. નિષ્ણાતો 'હ્યુમન લૂકિન્ગ' ભલે હોય, કમ્પ્યૂટર જેવા સેવા-તત્પર અને હાજરજવાબી હોવા જોઈએ. અમેરિકાએ બુદ્ધિશાળી માણસોનું આવું 'કમ્પ્યૂટરાઈઝેશન' ક્યારનું શરૂ કરી દીધું છે. એમનું જડબેસલાક સંગઠન 'નેશનલ સિક્યોરિટી ઍજન્સી'

સુપર કમ્પ્યૂટરોના જણતર અને ભણતરને માટેની એક તોતિંગ વ્યવસ્થા છે. કહે છે કે આ લોકો દસ ચોરસ માઈલના વિસ્તારમાં એકલાં કમ્પ્યૂટરો પાથરીને બેઠા છે ! આ એવું મહત્ત્વાકાંક્ષી કામ છે, કે અમેરિકાએ એને માટેની એક જુદી જ યુનિવર્સિટી ઊભી કરી છે. અહીં આટલા બધા બત્રીસ-લક્ષણાઓને શા માટે જોતર્યા છે ? જાણો છો ? 'ડિફેન્સ' માટે ! યુરપની બધી જ યુનિવર્સિટીઓના પી.એચ.ડી.-પદવીધારીઓને ભેગા કરો, એથી પણ મોટી સંખ્યામાં આ કહેવાતી ડિફેન્સ યુનિવર્સિટીના પી.એચ.ડી.ઓ છે. એમને કોઈપણ જાતની પબ્લિસિટી અપાતી નથી. એમનાં મસ્તિષ્કનું કમ્પ્યૂટર-મસ્તિષ્કને સારુ પારાવારનું શોષણ કરાય છે. કોઈપણ કમ્પ્યૂટરને લાગણી નથી, ચેતના તો હોય જ ક્યાંથી ? માનવચિત્ત સાથેનો એનો આ પાયાનો તફાવત છે. આ તફાવતની ભૂમિકાએ, કમ્પ્યૂટર-ટૅકનોલૉજીને અમેરિકાએ સ્ટારવૉર્સ લગી વિકસાવી છે. ધરતી પર ક્યારેય 'ન્યૂક્લિઅર હૉલકૉસ્ટ' સરજાશે, ત્યારે એના પ્રારમ્ભે અને અંતે 'કમ્પ્યૂટર-ક્રાન્તિ' હશે. જે જણે છે તે હણે છે. આ પ્રાચીન કાયદાને કમ્પ્યૂટરો સાચો પાડવાનાં છે.

કમ્પ્યૂટર-ટૅકનોલોજીએ આમ, માનવજાત સામે મોટો ભયરાક્ષસ ખડો કર્યો છે. જિનેટિક ઍન્જિનિઅરિન્ગ, કલોનિન્ગ અને બાયોકૅમેસ્ટ્રી જેવાં ક્ષેત્રોમાં પણ અવનવી ટૅકનોલૉજી ઘૂસવા લાગી છે. આ નવ્ય વિકાસોએ આપણને ફરીથી વિચારતા કરી દીધા છે : કે માનવલાગણી જેવું કંઈ છે ખરું ? સંવેદના શું છે ? ચેતના કોને કહીએ છીએ ? માનવમગજ એક કમ્પ્યૂટરના જેવું જ મશીન નથી ? ચિત્ત કે મન જેવા શબ્દોનો શો અર્થ છે ? જ્ઞાન-વિજ્ઞાનનો તેમજ તેના સંચયનો માણસને કયા ભાવિ માટે કયો ઉપયોગ કરવો છે ? આધુનિક યન્ત્ર-વિજ્ઞાનને કોઈ ફિલસૂફી છે ? છે તો કઈ ? દુનિયા ભયાક્રાન્ત છે તે કોને લીધે ? શાસકોને લીધે કે નિષ્ણાત વિજ્ઞાનીઓને લીધે ? શું આ ડહાપણ અને જ્ઞાનનો વિચ્છેદ છે ? તો ડહાપણયુકત જ્ઞાન કે જ્ઞાનયુકત ડહાપણ શું છે ? બૌદ્ધિકો કહે છે કે આ બધા પ્રશ્નોએ આજે એક મોટી 'મૉરલ ક્રાઈસિસ' સરજી છે. પણ સામાન્ય માણસોને એની કશી પણ જાણ નથી -એમની ક્રાઈસિસ સરવાઈવલની છે, જીવન-સંગ્રામમાં ટકી રહેવાની છે...

૧-૧-૧૯૮૬
૭-૧-૧૯૮૬

## ૪

# કમ્પ્યૂટર : કુદરતની મનીષા ?

માણસને બુદ્ધુ કહી શકાય, પણ કમ્પ્યૂટરને નહીં. કમ્પ્યૂટરો હમેશાં બુદ્ધિશાળી હોય છે. અલબત્ત, એમની બુદ્ધિ કૃત્રિમ છે- આર્ટિફિશલ ઈન્ટેલિજન્સ, સંક્ષેપમાં એને AI કહેવાય છે. કૃત્રિમ બુદ્ધિવાળો માણસ તો કયાં મળે ? પણ હવે આપણે બનાવી લીધો છે. મગજને ઠેકાણે કમ્પ્યૂટર બેસાડીને ઊભા કરેલા મશીનને યંત્રમાનવ અથવા 'રૉબોટ' કહીએ છીએ. બુદ્ધિશાળી માણસ કે તેજસ્વી લેખક ગમે તેવી ભૂલ કરી શકે છે, પણ રૉબોટ કદી ભૂલ કરતો નથી. કમ્પ્યૂટરો, જોકે રમૂજી ભૂલો કરે છે. નાણાંની લેવડદેવડમાં રોકાયેલાં કમ્પ્યૂટરો માણસને ચોરીઓ કરવાની સરળ અને જોખમ વિનાની સવલતો પણ આપી શકે છે. કમ્પ્યૂટર-ડેટા ખોટો કે અપૂરતો હોય તો મુશ્કેલીઓ સર્જાય છે. દાખલા તરીકે, તમારી મારુતિ કાર ચોરાઈ ગઈ હોય એટલે તમે પોલીસને રિપોર્ટ કરો, પોલીસ કમ્પ્યૂટરમાં રિપોર્ટ સ્ટોર કરે. થોડા દિવસે કાર મળી ગઈ હોય અને તમે વળી પાછા ખુશહાલ થઈ ફરવા માંડો. પણ એક દિવસ પોલીસ તમને કાર-ચોર તરીકે પકડે. તમારા જ નમ્બરની તમારી જ મારુતિના તમે જ ચોર ઠરો ! એટલા માટે, કે ચોરાયેલી ગાડી તમને સોંપાઈ હતી તે વીગત કમ્પ્યૂટરને કહેવાનું ભૂલાઈ ગયેલું. આ ભૂલ, જો કે માણસની કહેવાય. અમેરિકન ડેટા-બૅન્ક નાગરિકોની અંગત વીગતોનો મોટો ભંડાર છે. એના દુરુપયોગને નિવારવા સરકારને

અવારનવાર કાયદા કરવા પડે છે.

AI સાથે રૅબોટિક્સને પાયાનો સમ્બન્ધ છે. રૅબોટના ઉત્પાદનમાં જપાન આજે સૌથી મોખરે છે. ૧૯૮૦માં દુનિયામાં રૅબોટની વસ્તી સાઠ હજારની હતી, પણ એમાંના પિસ્તાળીસ હજાર જેટલા તો જપાને જ બનાવેલા. ૧૯૮૩માં જપાન પાસે સિત્તેર હજાર રૅબોટ હતા અને એ પછી દર વર્ષે એ બીજા વીસ હજાર જણતું રહે છે. જપાનમાં કેળવાયેલા કામદારો મેળવવાની મુશ્કેલી છે. એટલે રૅબોટ સસ્તા અને સારા પડે છે. રૅબોટની કિમ્મત દસ હજાર અમેરિકન ડૉલરથી માંડીને બે લાખ લગીની હોય છે. તમારે કેટલો બુદ્ધિશાળી રૅબોટ જોઈએ છે એના પર કિમ્મતનો આધાર છે.

ભારતની કોઈ વેપારી પેઢી કે એનું કોઈ સરકારી ખાતું, ધારો કે કમમાં કમ અક્કલવાળો રૅબોટ ખરીદે, તો એના એને સવા લાખ રૂપિયા તો ઓછામાં ઓછા બેસે. એ પ્રાથમિક અને પછાત રૅબોટ કયું અને કેટલું કામ આપી શકે અને બેકારીથી ધમધમતા આ દેશને કેટલો આગળ લઈ જાય તે માંડીને ગણવું પડે એમ છે. કૃત્રિમ બુદ્ધિવાળા કુદરતી બુદ્ધિવાળાને નક્કામા બનાવે એ પરિસ્થિતિ અઢળક વસ્તીવાળા દેશને કેટલી પોસાય ? રૅન્ગલરો જવાબ આપે તો સમજાય. દેશમાં બૅન્કોનો વ્યવહાર કમ્પ્યૂટરાઈઝ્ડ થઈ રહ્યો છે એ સમાચારો આજે રોમાંચક લાગે છે, પણ પછી ચોરીઓના અને છેતરપિંડીના દિલધડક સમાચારોથી છાપાં આકર્ષક લાગશે.

સમાચારોનું ભારત આવનારાં વર્ષોમાં વધુ ને વધુ ગરમ રહેવાનું છે. ગાંડાંઘેલાં છાપાં પણ ભરપૂરપણે વંચાવાનાં છે - કહેવું તો એમ ઘટે કે 'ચવાવાનાં' છે. આવનારી સદીમાં, માણસના ચિત્તમાં સમાચારોનું એક મોટું વન છવાયેલું રહેશે અને એનું મગજ એમાંથી હરદમ કંઈ ને કંઈ ખાતું રહેશે. માનવમગજની કોઈ અકરાંતિયા જીવ જેવી દશા થશે. શરીરને ખોરાક બહારથી આપવાનો હોય છે, પણ ચિત્તને ? માણસના મસ્તિષ્ક પર કેટલો અત્યાચાર થઈ શકે એ પ્રશ્ન છે. હકીકત તો એવી છે કે માનવચિત્ત પોતાનો ખોરાક પોતે જ પેદા કરી લે છે. બહારનું તૈયાર એને માફક નથી આવતું. પણ કમ્પ્યૂટરોની સમજશક્તિ હજી એટલી બધી નથી વિકસી, આપણા પૂછ્યાગાછ્યા વગર એ આપણને પત્ની કે મિત્રની જેમ પામી જાય એવું નથી. એ અર્થમાં કમ્પ્યૂટરો હજી મૂઢ અને બિચારાં છે. એમની

પાંચમી પેઢીની ઑલાદ આ દાયકાના અન્તે જન્મી ચૂકી હશે એવું જપાની વિજ્ઞાનીઓનું દૃઢ મન્તવ્ય છે. આજે તો કમ્પ્યૂટરો આપણા વડે ભોગવાય છે, પણ ત્યારે એ નવ્ય કમ્પ્યૂટરો માણસોને વાપરતાં હશે. કૃત્રિમ બુદ્ધિવાળો કુદરતી બુદ્ધિવાળા પર રાજ કરે એવું બહુચર્ચિત એકવીસમી સદીના પ્રશસ્ય ભારતમાં પણ બનશે. એ વિકાસને હવે બહુ વાર નથી. બ્રિટીશ ગણિતજ્ઞ ઍલન ટ્યુરિન્ગ કહે છે તેમ, ઈસવી સન બે હજારમાં માણસે વિચારક-યન્ત્ર વિકસાવી લીધું હશે. વિચારવાનું બધું કામ કમ્પ્યૂટરો અને રૅબોટ કરતાં હશે. બુધ્ધુ અને તેજસ્વી જેવા ભેદોનો પછી ખાસ મહિમા રહેશે નહીં- બધાં સમાન દીસશે.

માનવબુદ્ધિની વ્યાખ્યા કરી શકાતી નથી. એનો તો હમેશાં પરચો મળે છે. પણ કૃત્રિમ બુદ્ધિ -AI- માં શું છે તેનું નામ પાડી શકાય છે : એમાં અનેક સામર્થ્યોનું સંયોજન હોય છે. એમાં સ્મૃતિ હોય છે; તાર્કિક વિચારપદ્ધતિ હોય છે; વગેરે. બુદ્ધિ વાપરવી પડે એવા પ્રત્યેક કમ્પ્યૂટર પ્રોગ્રામમાં AI ની લાક્ષણિક વ્યવસ્થા ઊભી કરાઈ હોય છે. જેમકે, ચેસ રમવામાં, રોગનું નિદાન કરવામાં કે ભાષાન્તર કરવામાં બુદ્ધિની જરૂર પડે છે. આવો દરેક AI પ્રોગ્રામ પોતાની નિશ્ચિત મર્યાદામાં સમ્પૂર્ણ હોય છે, એકદમ બુદ્ધિશાળી હોય છે.

પશ્ચિમમાં કમ્પ્યૂટરો જીવનયાત્રામાં મદદગાર પુરવાર થયાં છે. તમે પ્રેમમાં નાસીપાસ થયા પછી, ધારો કે કમ્પ્યૂટર પાસે ગયા અને વાતોએ ચડયા. એકાદ કલાકમાં એ તમારા મનનું સમાધાન કરી આપે છે કે તમે હળવાફુલ થઈ જાઓ છો, ને કમ્પ્યૂટરનો આભાર માનો છો. તમારા દર્દનું કમ્પ્યૂટરે કરેલું નિદાન અને એણે સૂચવેલી દવાઓ દવાખાનાં અને દાકતરોના ત્રાસમાંથી તમને બચાવી લે છે. કમ્પ્યૂટરો સાયકોથૅરાપિસ્ટની જેમ પણ વરતી શકે છે. ત્રણચાર કલાક કમ્પ્યૂટર જોડે ચેસ રમ્યા પછી એક શુભ ઘડીએ તમે જીતો છો. પહેલાં એણે તમને અનેક વાર હરાવેલા હોય. પરિણામે આજની જીત તમને બહુ ગમે. આવું તો મિત્ર જોડે રમતાં પણ થાય છે. અનેક હાર પછીની જીત હમેશાં મીઠી અને આશ્વાસક હોય છે. તમારા ચિત્તમાંથી એવી માનવીય સમજ સ્ફુરવા માંડે છે, એટલે વળી પાછા તમે કોચવાવા લાગો છો. તમને એક તીવ્ર સવાલ સતાવે છે : શું કમ્પ્યૂટર ઈરાદાપૂર્વક તો હારી ગયું નહીં હોય ને ? માનવ-અનુભવ એવો છે કે

આપણી ખુશી માટે કોઈ પ્રેમથી હારી પણ જાય. પણ કમ્પ્યૂટરો લાગણીપૂર્વક હારની બાજી લગાવે ખરાં ? કદી નહીં. એ પ્રેમ, મૈત્રી વગેરેને નથી ઓળખતાં. એ હસી કે રડી નથી શકતાં. એ આકાશના તારા કે રાત્રિનો અંધકાર નથી જોઈ શકતાં... અને ત્યાં સુધી સારું છે.

ઑલોફ જોહાન્નેસન (ઉચ્ચાર માફ) નામના એક સ્વીડિશ પદાર્થ-વિજ્ઞાની છે. એઓશ્રીને સાહિત્યસર્જનનો પણ ચસ્કો છે. એમણે એક બહુ જાણીતી બનેલી સાયન્સ-ફિકશન લખી છે, 'ધી ગ્રેટ કમ્પ્યૂટર : એ વિઝન !' એમાં એમણે માર્મિક વાત કરતાં કહ્યું છે : 'કુદરતને કમ્પ્યૂટરો બનાવવાની મનીષા થઈ. એ કામ સીધેસીધું શક્ય નહોતું એટલે પ્રથમ એણે માણસોને બનાવ્યા, અને માણસોએ આજે કમ્પ્યૂટરો બનાવ્યાં છે.' કુદરતની મનીષા ફળી છે. કુદરતનાં બુદ્ધિશાળી મશીનો(મનુષ્યો)એ બીજાં વધારે બુદ્ધિશાળી મશીન બનાવ્યાં છે. જો માણસ પોતાના જેટલું જ બુદ્ધિશાળી મશીન બનાવી શકશે, તો એક દિવસ પોતાથી વધુ બુદ્ધિશાળી મશીન પણ બનાવી શકશે, આ સીધી તાર્કિક ઉપપત્તિ છે, પણ બધું તર્કમાં જ થોડું આવી જાય છે ?

૨૩-૧-૧૯૮૬
૧૬-૩-૧૯૮૬

# ૫

# કમ્પ્યૂટર-ક્રાન્તિ

દુનિયા કમ્પ્યૂટર-ક્રાન્તિમાંથી પસાર થઈ રહી છે. એક અધિકૃત મોજણી અનુસાર ૧૯૯૦ સુધીમાં પૃથ્વી પર એક અબજ જેટલાં કમ્પ્યૂટરો હશે. એટલે કે દરેક પાંચમા મનુષ્યને ઓછામાં ઓછું એક કમ્પ્યૂટર સુલભ હશે.

કમ્પ્યૂટર-ક્રાન્તિ બધી વાતે અકલ્પ્ય અને અણચિંતવી રહી છે. ૧૯૭૮માં અમેરિકામાં પાંચ હજાર ડેસ્ક-ટૉપ કમ્પ્યૂટરો હતાં તે વધીને ૧૯૮૨માં પચાસ લાખ થઈ ગયાં. ૧૯૮૦નાં સાડા ત્રણ લાખ કમ્પ્યૂટર-ટર્મિનસો વધીને ૧૯૮૨માં ત્રીસ લાખ થઈ ગયાં. કમ્પ્યૂટર એક માનવ-સર્જિત શકિત છે, સોંઘી અને સુપ્રાપ્ય શકિત છે. બીજી રીતે કહીએ તો કમ્પ્યૂટર નાનું છતાં અતિ શકિતશાળી વિજ્ઞાનીય સાધન છે. આ સદી પૂરી થતા લગીમાં તો એ સર્વત્ર છવાઈ ગયું હશે અને એણે વૈયકિતક તેમજ સામાજિક બંને જીવનપદ્ધતિઓમાં ઊથલપાથલ મચાવી હશે, માનવજીવનના પ્રત્યેક પાસાને અવળસવળ કરી નાખ્યું હશે.

અમેરિકાના ઉત્તર કેલિફોર્નિયામાં સાન્તા કલારા વૅલી નામનો એક ખીણ-પ્રદેશ આવેલો છે. આ વૅલીમાં એટલી બધી કમ્પ્યૂટર-ફર્મ્સ આવેલી છે કે આખા એરિયાને લોકો રમૂજમાં કમ્પ્યૂટર-વૅલી કહે છે. કમ્પ્યૂટરમાં મૂળ પદાર્થ સિલિકન વપરાય છે એટલે ઘણા એને સિલિકન-વૅલી પણ કહે છે, વેપારીઓમાં આ પ્રદેશ સિલિકન-ગલ્ચ તરીકે ઓળખાય છે. આ બધી

ફર્મ્સ વિવિધ પ્રકારનાં કમ્પ્યૂટરો અને તેના ભાગ બનાવે છે. આમ તો દરેક ફર્મ પોતાની બ્રાન્ડનું આગવું સમ્પૂર્ણ કમ્પ્યૂટર બનાવે છે. - આગવું એટલે પ્રોગ્રામોની રીતે આગવું. કોઈપણ કમ્પ્યૂટર એના પ્રોગ્રામોની રીતે આગવું અને વિશિષ્ટ છે. એટલે કે, એક એવું મશીન કે જેમાં એના વપરાશકારની બધી જરૂરિયાતોનો વિચાર થયો હોય, એ કેવા હાથે વપરાશે એનો વિચાર થયો હોય, કેવી કેવી રીતે વપરાશે એનો વિચાર થયો હોય.

છતાં બધા વપરાશકારો બધાં કમ્પ્યૂટરોને પોતાની-અનોખી અને વૈયકિતક રીતોથી વાપરે છે, કમ્પ્યૂટરના ઉત્પાદકોએ ન કલ્પ્યાં હોય એવાં એવાં કામો કરાવીને કમ્પ્યૂટરોને અક્ષરશઃ 'ત્રાસ' આપે છે. પણ આ રૂપાળાં મશીન ત્રાસને ઓળખે છે કયાં ? એ માણસની બધા પ્રકારની અવળચંડાઈઓને ચલાવી લે છે, બધા પ્રકારની મૌલિકતાઓને વેઠી લે છે. આમ તો કમ્પ્યૂટર એક અમર્યાદ વસ્તુ છે, અમુક સીમા પછીનું કામ આપવાને અસમર્થ છે. પણ અમુક સીમા એટલે કઈ ? અમુક એટલે કેટલી ? આ પ્રશ્નોના ચોક્કસ જવાબો વ્યાખ્યાબદ્ધ રીતે જોડી કાઢવાનું લગભગ અશકય છે, સારું એવું અકલ્પ્ય છે. કમ્પ્યૂટરોની આ લવચીકતા એને મશીનની સ્થૂળતામાંથી ઉગારી લે છે, અને એટલે અંશે એ બધાં 'જીવન્ત ચીજો' છે ! ટૂંકમાં, કમ્પ્યૂટરો સીમિત સ્વરૂપે અસીમ છે.

આ ક્રાન્તિ એના વિસ્તરણ અને પ્રસરણ અંગે અકલ્પ્ય છે એ વાતનું જાણીતું દ્રષ્ટાન્ત કમ્પ્યૂટર-ઉદ્યોગમાં પ્રવેશેલું મિનિએચરાઈઝેશન છે. કમ્પ્યૂટરોમાં આજે મિનિ કમ્પ્યૂટરો એમ બોલવું તે બેહૂદું બોલવા બરોબર છે- એ એક વદતોવ્યાધાત છે. કમ્પ્યૂટરો મિનિ જ હોય એવી સમજ બંધાઈ ગઈ છે. અને એ સત્ય પાસે પ્રારમ્ભિક દશાનાં તોતિંગ કમ્પ્યૂટરો સ્વાભાવિક રીતે જ હાસ્યાસ્પદ વસ્તુ લાગે છે. અમેરિકામાં પીસી એટલે કે પર્સનલ કમ્પ્યૂટર રોજિંદી જરૂરિયાત બની ગઈ છે. બાકી મિનિએચરાઈઝેશન કમ્પ્યૂટર-ક્ષેત્રે એક જાતની બાય-પ્રોડકટ છે, આડ-પેદાશ છે. કમ્પ્યૂટરોની કમ્પ્યૂટ કરવાની શકિતને સસ્તી બનાવવાના પ્રયાસમાંથી એ જન્મ્યું છે, એ એક જાતનો ઐતિહાસિક અકસ્માત છે.

મિનિએચરાઈઝેશનને લીધે જ કમ્પ્યૂટર-જગતમાં માઈક્રોપ્રોસેસરોનો ઉપયોગ ઝડપી અને સરળ બન્યો છે. આ વિકાસ અણચિંતવ્યો હતો. સુખ્યાત 'એપલ' કમ્પ્યૂટર મૂળે વીડિઓ માટે હતું. ત્યારે એના સંશોધકો

અને ઉત્પાદકોએ માનેલું કે અમુક વર્ષોના ગાળામાં પોતે વીસેક હજાર જેટલાં એપલ માંડ વેચી શકશે. પણ વીડિઓ ગેમ્સની ઘેલછા તો ઉત્તરોત્તર વધતી જ ગઈ. એટલે, પછી તો એપલ અનેક વેપારીઓમાં મહા આકર્ષણની ચીજ બન્યું. અને જોતજોતામાં વીડિઓ ગેમ્સનું ઉત્પાદન એક જાતનો ગરાજ- ઉદ્યોગ બની ગયું - ગરાજમાં ચલાવી શકાતો સીધો સરળ ઉદ્યોગ. હવે તો એપલ અનેક વેપારધંધાઓમાં પણ વપરાવા માંડયું છે, એટલું જ નહીં, પીસી-ક્ષેત્રે એની ખાસ્સી બોલબાલા ઊભી થઈ છે -પીસી બજાર, એટલે તો એપલ બજાર કહેવાય છે ! આજે એપલ વરસે દા'ડે નહીં, પણ મહિને દા'ડે ત્રીસ હજારથીય વધુ વેચાય છે...! આવો જ વિક્રમસર્જક ઈતિહાસ છે 'અતારી' કમ્પ્યૂટરનો. ૧૯૭૯માં, વોર્નર કમ્યુનિકેશન્સને ફડચામાં ચાલતી અતારી ફર્મ માત્ર ૨૮૦ લાખ ડોલરમાં મળેલી. પણ એક જ વર્ષમાં અતારી વીડિઓ ગેમ્સ એટલી બધી લોકપ્રિય બની ગઈ કે એનું વેચાણ એક અબજ ડૉલરની વિક્રમ સપાટીએ પહોંચી ગયું ! ૧૯૮૨થી તો દર બીજે દિવસે કમ્પનીને એની વેચાણકિમ્મત બદલવી પડતી'તી... !

આ બધી વીગતો એમ દર્શાવે છે કે કમ્પ્યૂટર-ક્રાન્તિ કોઈના ચાર્જમાં નથી, એટલે કે એ હવે કોઈ વ્યક્તિના હાથની વાત રહી નથી, એ સ્વયંપ્રસારિત બની ગઈ છે. પહેલી નજરે આ સમાચાર સારા નથી લાગતા, ભયપ્રેરક અને નિરાશાજનક લાગે છે. ઓપણા જેવા વિકાસશીલ દેશ માટે તો આ સમાચાર નઠારા લાગે છે, કેમકે કમ્પ્યૂટરો આપણી પ્રાયોરિટીઝને રફેદફે કરી નાખશે એવી ચોક્કસ બીક લાગે છે. બળદ-ગાડાંની સંસ્કૃતિમાંથી કશી જ તૈયારી વગર જેમ લાગલા જ આપણે મોટરગાડીની સંસ્કૃતિમાં આવી પડયા, તેમ કમ્પ્યૂટરોથી પણ ઊંઘતા જ ઝડપાઈ જઈશું. આપણાં ઘરોમાં જેમ છેલ્લા પાંચકામાં ટીવી ઘૂસી ગયો, આગલા દસકામાં જેમ ફ્રિજ ઘૂસી ગયું, તેમ આવતા દસકામાં કમ્પ્યૂટરો ઘૂસી ગયાં હશે. ઘરમાં જોડણીકોશ, ડિક્ષનેરી કે સાદું કૅલ્કયુલેટર પણ ભાગ્યે જ વસાવનારી પ્રજા પીસી વાપરતી થઈ જાય, તો થઈ જાય, પરન્તુ આખું દ્રશ્ય બહુ કઢંગું લાગશે.

પણ કઢંગું એટલે શું ? દસ બાય આઠના રસોડામાં ફ્રિજ મૂકીએ છીએ એ કઢંગું નથી ? ઘણી જગ્યાએ તો ફ્રિજમાં દૂધ, દાતણ, દૂધી ને પાણી જ મૂકાય છે તે કઢંગું નથી ? માણસ દહીં લેવા પોળના નાકે પણ સ્કૂટર

પર જાય છે એ કઢંગું નથી તો શું છે ? મહાનગરોને બાદ કરતાં, આપણાં ગામડાં, કસબા કે શહેરોમાં હજી ધૂળિયા રસ્તા વધારે છે. બધે મુખ્ય માર્ગ, ગાંધી માર્ગ, કંઈક ઠીક હોય છે. બાકી એના-એ-જ, તૂટયા-ફૂટયા, ઉબડખાબડ અને એ જ વરસોપુરાણી સાઈઝના રસ્તાઓ પર આપણે ત્યાં છેલ્લી પચીસીમાં હજારો સ્કૂટરો, ઑટોરિક્ષાઓ ને મોટરગાડીઓ ફરતાં થઈ ગયાં છે. છતાં, બળદગાડાં, ઘોડાગાડીઓ, પગરિક્ષાઓ ને લારીઓને આપણે સમ્પૂર્ણપણે તિલાંજલિ નથી આપી. બને છે એવું કે કયારેક ભારતવાસી નાગરિક પ્લેનમાંથી ઊતરી કારમાં બેસી શહેરમાં પહોંચે છે, ને છેલ્લે ઑટોરિક્ષામાં દૂરની સોસાયટીના પોતાના ફલૅટમાં પહોંચે છે. ને પોતાને ગામ જાય ત્યારે ટ્રેન કે બસમાંથી ઊતરીને ઘોડાગાડીમાં જૂના ઘરે પહોંચે છે. જોવા જઈએ તો આ પણ કઢંગું જ છે. છતાં કોઈને એવું લાગતું નથી. હકીકતે ઑટોમોબાઈલ-ક્રાન્તિને આપણે આપણી જીવનશૈલીમાં ટૅસથી સમાવી લીધી છે. વિજ્ઞાનીય પ્રગતિ અને ભૌતિક સુખાકારી આગળ મનુષ્યને કદી કશા વિસંવાદનો અનુભવ નથી થયો. ઘણીવાર તો વિજ્ઞાન અને ટૅકનોલૉજીથી એણે અતિશય રોમાંચનો અનુભવ કર્યો છે. બલકે એવા વિજ્ઞાનીય ભવિષ્ય માટે એ ઝૂર્યો છે. તન-મન-ધનથી મથ્યો છે, ને ઉત્તરોત્તર સફળ થયો છે.

આજે તો 'ટૅકનોલૉજીકલ હાઈપ' એટલે કે યંત્રવિજ્ઞાનજનિત ખિન્નતા પશ્ચિમની સંસ્કૃતિનું અકાટય લક્ષણ મનાય છે. ત્યારે, ત્રીજું વિશ્વ કશા લેપંચેપ વિના પોતાની પુરાણપ્રસિદ્ધ સભ્યતાઓમાં કે સંસ્કૃતિઓમાં ચોખ્ખું અને અકબંધ રહી શકે નહીં. ખરેખર તો એ પણ કયારનું બદલાવા માંડયું છે. એટલે સવાલ બદલાવાનો છે. સવાલ કમ્પ્યૂટર-ક્રાન્તિને કેમ ટાળવી તે નથી, પણ એને આપણામાં સમરસ કેમ કરવી તે છે. એની સાથે જીવન કેમ જોડાય તે સાચો સવાલ છે, એ અંગેનું સ્વસ્થ મનોવલણ કેવી રીતે પ્રગટે તે ખરો સવાલ છે. બધી શોધખોળો પ્રારમ્ભે આપણને ડરાવી મૂકે છે તેમ, આ ઑફ્ફ-વ્હાઈટ કલરનાં મૂગાં-મીઢાં કમ્પ્યૂટરો પણ શરૂ-શરૂમાં આપણને બિવરાવે છે. બાકી એ ડર, એ બીક દૂર થતાં કમ્પ્યૂટરો જીવનસાથી જેવાં વહાલાં લાગે છે.

૨૬-૧૨-૧૯૮૮
૨૭-૧૨-૧૯૮૮

૬

# મીડિઆ અને કમ્યુનિકેશન વિશે -૧

બહુ ઓછા લોકોને ખબર છે કે અંગ્રેજી શબ્દ મીડિઆ મીડિઅમનું બહુવચન છે. મીડિઅમ એટલે માધ્યમ, મીડિઆ એટલે માધ્યમો. તાર ટપાલ ટૅલિફોન વગેરે સંદેશાવ્યવહારનાં માધ્યમો છે. સાહિત્ય સંગીત ચિત્ર વગેરે કલાનાં માધ્યમો છે. પ્રેસ રેડિયો ટીવી રંગભૂમિ અને ફિલ્મ, સમાચાર નાટક વાર્તા કે ચલચિત્રનાં માધ્યમો છે. પણ આ બધાંમાં માધ્યમ એટલે શું ? આમ તો માધ્યમ એટલે અમુક કામ કરવા માટેનું વચ્ચેનું સાધન. પણ અમુક કામ તે કયું ? તો કહીશું કે કામ સંક્રમણનું. તાર ટપાલ સંક્રમણ કરે છે. સાહિત્ય સંક્રમણ સાધે છે. છાપાં ટીવી સંક્રમણ કરે છે. પરન્તુ સવાલોનો સવાલ ઊભો જ રહે છે, કે આમાં સંક્રમણ એટલે શું?

ઘણા લોકો અંગ્રેજી શબ્દ વાપરીને સમજાવ્યાનો સંતોષ લે છે કે સંક્રમણ એટલે કમ્યુનિકેશન. પણ કમ્યુનિકેશન એટલે શું ? તો કહેશે કમ્યુનિકેશન ! ઘણા તો કૉમ્યુનિકેશન એવો ખોટો ઉચ્ચાર પણ કરે છે ! સંખ્યાબંધ લોકોને ખબર નથી કે શી બલા છે આ કમ્યુનિકેશન ! કરુણતા તો એ છે કે રાતદા'ડો કમ્યુનિકેશનનું કામ કરતા મીડિઆના માણસોને જ આની ઝાઝી ગતાગમ નથી.

હવે બધે મીડિઆ અને કમ્યુનિકેશનના ડિપ્લોમા કોર્સિસ શરૂ થયા છે. કેટલેક તો કમ્યુનિકેશનનો પૂરો સ્પેલિન્ગ પણ નહીં જાણનારા આ અંગે ગામગપાટા ચલાવે છે ! કશી પણ સજ્જતા વગરના કેટલાક પ્રોફેસર-બડેખાંઓ કમ્યુનિકેશનનું શિક્ષણ આપવા હાલી નીકળ્યા છે. કેટલાક સાહિત્યકારોને એવો વહેમ ભરાઈ ગયો છે કે આ તો એમનો ઈલાકો છે, ને મીડિઆ-કમ્યુનિકેશનમાં સૌથી વધુ ખબર એમને પડે છે. કોઈપણ નવી અજાણી વસ્તુને પોતાના માપે વેતરી લેવામાં આવા લોકોને કદી કશી

નાનમ આવતી નથી. કમ્યુનિકેશન આજકાલ એવી કુચેષ્ટાનો ભોગ બનવા માંડયું છે. એટલે એની આસપાસ સમજની પાળ ઊભી કરવાનું આપણે ત્યાં હવે અનિવાર્ય બની ગયું છે. એવી સમજથી, સંભવ છે કે મીડિઆની રક્ષા થાય, રખેવાળી થાય.

આ મીડિઆનો યુગ છે. આજે આપણે કમ્યુનિકેશનના, કહો કે ઈલેકટ્રૉનિક કમ્યુનિકેશનના જમાનામાં જીવીએ છીએ. મીડિઆમાં ભારે ચડસાચડસી મચી છે. પ્રેસ ટીવી ને ફિલ્મ જેવાં માસ-મીડિઆ આપણી ચોપાસ ગોઠવાઈ ગયાં છે. માણસ ઈચ્છે કે ન ઈચ્છે, સવાર પડે, ને માધ્યમો એને કશુંક ને કશુંક કમ્યુનિકેટ કરવા માંહોમાંહ્ય ધક્કામુક્કી કરે છે. ઊઠીને રેડિયો સાંભળવો, છાપું વાંચવું કે ટીવી જોવો તેની મૂંઝવણમાં માણસ સરખી રીતે સવારનાં ચાનાસ્તો પણ કરી શકતો નથી. એની ચારે બાજુ સમાચારો છે, માહિતી છે, મનોરંજન છે. શું લેવું, કેમ લેવું ને કેટલું લેવું તેની એને સમજ નથી પડતી. વળી કોને ભરોંસાપાત્ર ગણવું તેની પણ એને ખાસ્સી અમૂંઝણ છે. માણસ પરની મીડિઆની આ સરસાઈ કે ઉપરવટ ચિન્તાકારક વસ્તુ છે. માધ્યમોની આ જોહુકમીભરી ભરચકતા વચ્ચે આજનો માણસ ગરીબડી ગાય જેમ સપડાઈ ગયો છે.

છતાં માધ્યમો કંઈ આકાશમાંથી નથી ટપકી પડયાં ! એ મનુષ્યની જ સરજત છે ! મનુષ્યની મહત્ત્વાકાંક્ષાનું જ પરિણામ છે ! માટે એથી મૂંઝાઈગભરાઈને એને ટાળીએ તે બરાબર નથી. તો લાચાર થઈ મીડિઆને વિજ્ઞાનની નવી નવાઈ ગણીને ચલાવી લઈએ તે પણ ઠીક નથી. કેમકે ટીવી આપણે ત્યાં હજી હમણાં સૅટ થયું છે, પણ એને મનોરંજનનું નવું રમકડું ગણીને, આપણા પર ફાવે તેવો સિતમ ગુજારવાની આપણાથી એને છૂટ ન અપાય. માધ્યમોની સતત ચોકી કરવી જોઈશે, સમીક્ષા કરવી પડશે. એમને એમનાં તમામ પાસાંઓમાં પૂરી શાસ્ત્રીયતાથી ભણવાં પડશે. એ વિજ્ઞાનની દેણ છે, તેથી એનાં અધ્યયન-અધ્યાપનમાં ગામડિયાવેડા નહીં ચાલે.

આધુનિક જીવનશૈલીમાં મીડિઆની બહુ મોટી ભૂમિકા છે. આપણાં ભાવજગતને તેમ વિચારજગતને એ હવે ભારે પ્રભાવકતાથી ઘડે છે. પ્રેસ રેડિયો ટીવી રંગભૂમિ ફિલ્મ એમ પ્રત્યેક માધ્યમનો તેનાં સ્વરૂપ અને કાર્ય અંગે ચોક્કસ અને સઘન વિચાર કરવાની જરૂર છે. જયાં લગી મીડિઆને એના સ્વ-રૂપમાં આપણે ઓળખીએ નહીં, ત્યાં લગી એની સમીક્ષા કરવાનું

કે એનો સાચો ઉપયોગ કરવાનું આપણને આવડશે નહીં.

તો વાત માંડીએ મીડિઆના મુખ્ય કાર્ય સંક્રમણની.

સંક્રમણ માટેનો અંગ્રેજી શબ્દ ભલે કમ્યુનિકેશન છે, સંક્રમણ પોતે તો સંસ્કૃત શબ્દ છે. સંસ્કૃતના ઘણા કઠિન શબ્દોની જેમ એ ગુજરાતીમાં વપરાતો રહ્યો છે. જોકે સંક્રમણ માટે ગુજરાતીમાં સંક્રમણ ઉપરાન્તના, અવગમન, સમસંવેદન, સમ્પ્રેષણ કે પ્રત્યાયન જેવા એક એકથી ચડે એવા અઘરા શબ્દો વપરાયા છે. 'ટુ કમ્યુનિકેટ'માં બાતમી આપવી, ખબરઅંતર પૂછવા એવા સાદા ભાવો છે. સંચાર કે સંદેશાવ્યવહાર જેવા સંક્રમણ માટેના સરકારી શબ્દો સ્થૂળ છે. ટૂંકમાં, સંક્રમણ કે એ માટે વપરાતો એક પણ શબ્દ સંક્રમણની પ્રાણવાન ઘટનાને સમજાવી શકતો નથી. સંક્રમણને ખરેખર અને ઝટ સમજવું હોય, તો આટલું અંકે કરવાની જરૂર છે : સંક્રમણ એટલે 'ક' ની વાત 'ગ'ને પહોંચી તે. એટલે કે 'ક' ને 'ગ' પામ્યો. એકને બીજો પામે એ માનવીય ચમત્કારને સંક્રમણ કહેવાય. એકમેકને પામવાની વાત આમે ય મુશ્કેલ છે, એટલે આ ચમત્કારને હજી વધુ નજીકથી, જરા ખોલીને જોવાની જરૂર છે.

દરેક માણસ પાસે પોતાના વિચારોની એક આગવી દુનિયા હોય છે. માણસ ફિલસૂફ હોય કે પાગલ, પોતાનું વિચારજગત લઈને જીવતો હોય છે. એટલું જ નહીં, માણસ હમેશાં પોતાના વિચારો બીજા લગી પહોંચાડવા મથે છે. એમ કર્યાથી એને જીવ્યાનું સુખ મળે છે. એ જ રીતે દરેક માણસ પાસે પોતાનું આગવું ભાવજગત છે. એમાં લાગણીઓ છે, ઊર્મિઓ છે, સંવેદનાઓ છે. વિચારોની જેમ માણસ પોતાના ભાવોને એકલો એકલો ભોગવી નથી શકતો. એ બધું દ્રવ્ય એ હમેશાં પોતાના સાથી-મનુષ્યને પહોંચાડવા માગે છે. વિચારો અને ભાવો બીજાને પહોંચાડવા મીડિઆની એને જરૂર પડી, અને એમાં એ આટલે લગી વિકસ્યો. માણસ પાસે શ્રેષ્ઠ વિચાર કયો છે તે શોધવું બાકી છે, પણ માણસ પાસે શ્રેષ્ઠ ભાવ કયો છે તે તો પહેલેથી સ્પષ્ટ છે -શ્રેષ્ઠ ભાવ છે પ્રેમ. પ્રેમ બીજાને પહોંચાડવા કોઈ અટપટાં માધ્યમોની જરૂર નથી, કશી પણ કમ્યુનિકેટિવ સિસ્ટમમાં જવાની જરૂર નથી. પણ માણસને તો હવે પ્રેમ સિવાયનું બીજાને પહોંચાડવું છે ત્યાં શું થઈ શકે... ? મીડિઆ-કમ્યુનિકેશન્સ નવા જમાનાના નવા માણસની નવી ચીજો છે...

૧૬-૨-૧૯૮૯
૨૧-૨-૧૯૮૯

# ૭

# મીડિઆ અને કમ્યુનિકેશન વિશે -૨

જગાભાઈ મગાભાઈ જોડે ભગાભાઈને સંદેશો કહેવરાવે. ભલાભાઈ ભૂંસાભાઈને બાતમી પહોંચાડે. મોહન-સોહન ઝઘડતાં-ઝઘડતાં ગાળાગાળી કરે. છકો-મકો ભેળા બેસી અલકમલકની વાતો કરે. રમેશ મહેશને શ્રવણ કુમારની વારતા કહે. યોગીભાઈ ભોગીભાઈને પોતે લખેલી ટૂંકીવાર્તા વાંચી સંભળાવે. સામે બેઠેલાંઓને છગન, મગનની કવિતા વાંચી સંભળાવે. સીતા ગીતાને મગનની કવિતા વિશે કંઈક કહે. મોતીભાઈ રેડિયો પરથી સમાચાર સાંભળે. મીતાબેન ટીવી પરથી સમાચાર સાંભળે-જુએ. સરોજબેન છાપામાં વિશ્વના રાજકારણ પરનો લેખ વાંચે. કરસનભાઈ ટાઉનહોલમાં સુભાષભાઈનું નાટક જુએ. મધુભાઈ ટૉકિઝમાં બેસી બૅનેગલની ફિલ્મ જુએ.

આ તમામ પ્રસંગો સંક્રમણના પ્રસંગો છે.

સંક્રમણ થયું એટલે 'ક' ની વાત 'ગ' ને પહોંચી એમ ગણીએ, તો ઉપરની બધી વ્યક્તિઓમાં અમુક 'ક' ના સ્થાને છે, અમુક 'ગ' ના સ્થાને છે. દરેક 'ક' અને 'ગ' વચ્ચે કશુંક છે : સંદેશો છે, બાતમી છે, ગાળાગાળી છે, વાતો છે. વારતા છે, ટૂંકીવાર્તા છે, કવિતા છે, કવિતા વિશેનું કંઈક છે. સમાચાર છે, લેખ છે, નાટક છે ને ફિલ્મ પણ છે. વચ્ચેના આ બિન્દુને આપણે જો 'ખ' કહીએ, તો સમજાશે કે સંક્રમણના આ દરેક પ્રસંગે ક-ખ-ગ એમ ત્રણ બિન્દુઓ છે. આ ત્રણ વિના સંક્રમણની ઘટના કદી અસ્તિત્વમાં

જ નથી આવતી.

અહીં એક બીજી વસ્તુ પણ ધ્યાનમાં લેવા જેવી છે. આ વચલું બિન્દુ 'ખ', ભાષાનું બનેલું છે. સંદેશો, બાતમી, ગાળાગાળી, વાતો, વારતા, ટૂંકીવાર્તા, કવિતા, કવિતા વિશેનું કંઈક, સમાચાર, લેખ, નાટક કે ફિલ્મ બધાં ભાષામાં છે. બધાં ભાષાકીય હસ્તીઓ છે. નાટક અને ફિલ્મમાં તો ભાષા ઉપરાન્તની વસ્તુઓ પણ ભળી છે. 'ખ' ભાષાકીય હસ્તી છે માટે આ તમામ સંક્રમણોને ભાષિક સંક્રમણો કહેવાશે. ભાષિક સંક્રમણોને અંગ્રજીમાં વર્બલ કમ્યુનિકેશન્સ કહે છે.

આપણને ખબર છે કે ભાષાનાં બે સ્વરૂપો છે : મૌખિક અને લિખિત. લખાયેલું છપાય છે એટલે મુદ્રિત જેવું વધારાનું ભાષાસ્વરૂપ પણ ઉમેરવું પડે. આ કારણે ભાષિક સંક્રમણોનાં પણ મૌખિક, લિખિત ને મુદ્રિત એમ ત્રણ સ્વરૂપો છે. ઉપરનાં તમામ સંક્રમણોને આ ત્રણ વર્ગમાં ગોઠવી શકાય. દાખલા તરીકે, છકા-મકાની વાતો મૌખિક સંક્રમણનું, ઓરલ એટલેકે ઑડિઓ-કમ્યુનિકેશનનું દૃષ્ટાન્ત છે. એને જીવન્ત કે લાઈવ પણ કહી શકાય. મોહન-સોહનની ગાળાગાળી વધારે લાઈવ કમ્યુનિકેશનનો ઈવેન્ટ છે. યોગીભાઈનું વાર્તાવાચન લિખિત સંક્રમણનું એટલે કે રીટન કમ્યુનિકેશનનું દૃષ્ટાન્ત છે. મૌખિક કરતાં લિખિત દેખીતી રીતે જ ઓછું જીવન્ત ગણાય. જ્યારે સરોજબેનનું લેખવાચન મુદ્રિત સંક્રમણનું એટલે કે કમ્યુનિકેશન ઈન પ્રિન્ટનું દૃષ્ટાન્ત છે. મુદ્રિત ભાષા મૌખિક અને લિખિત જેવા તબક્કાઓ પછીની છે એટલે એની જીવન્તતા ઑર ઓછી છે. જો કે મૌખિક કરતાં લિખિતમાં ને લિખિત કરતાં મુદ્રિતમાં ચોક્કસાઈ વધે છે. એ મોટો લાભ પણ છે. નાટક અને ફિલ્મ આ ત્રણ વર્ગોમાં સમાશે નહીં, અનેક બાબતે વધી પડશે. એ બંને ભાષિક ઉપરાન્તનાં સંક્રમણો છે.

માનવ-સભ્યતામાં ભાષિક સંક્રમણો છે તેમ બિન-ભાષિક સંક્રમણો પણ છે. એ ખરું કે ભાષા માણસ માટે સંક્રમણનું શ્રેષ્ઠ સાધન છે. છતાં માણસ ભાષા ઉપરાન્તની વસ્તુઓ વડે પણ સંક્રમણ સાધે છે. બિન-ભાષિક એટલે કે નૉન-વર્બલ કમ્યુનિકેશન્સનાં કેટલાંક દૃષ્ટાન્તો જોઈએ :

પટેલસાહેબ પટાવાળાને બોલાવવા ઘંટડી મારે. ટ્રાફિક પૉઈન્ટ પર રેડ સિગ્નલ જોઈ કાન્તિભાઈનું સ્કૂટર અટકે. નાકે આંગળી અડાડી કાન્તાબેન બાબાને ચૂપ કરે. ખાદીનાં સફેદ લેંઘો-ઝભ્ભો ને બંડીમાં શામજીભાઈ

ગાંધીવાદી લાગે. જીન્સનું પાટલૂન, સ્ટોનવૉશ લૂઝ શર્ટ, હાથ પર કડું, કાને રિન્ગ વગેરે ફૅશનમાં જૅકી મૉડર્ન લાગે.

આ બધા બિનભાષિક સંક્રમણના પ્રસંગો છે.

અહીં ઘંટડી એટલે કે અવાજથી સંક્રમણ સધાયું છે. પટેલસાહેબને એ અંગે ભાષા પ્રયોજવાની જરૂર નથી પડી. રેડ સિગ્નલ એટલે કે રંગથી સંક્રમણ સધાયું છે. કાન્તિભાઈને કોઈએ ઊભા રહો નથી કહ્યું. એ જ રીતે કાન્તાબેને ઈશારાથી સંક્રમણ સાધ્યું છે. શામજીભાઈએ પોતાનાં કપડાંથી એટલે કે પહેરવેશથી એમ પહોંચાડયું છે કે પોતે ગાંધીવાદી છે. જૅકીએ સંક્રમણનું કામ જમાનાની ચાલુ ફૅશનથી સાધ્યું છે.

આમ માણસ ભાષા ઉપરાન્ત અવાજ રંગ ઈશારા કપડાં ફૅશન વગેરેથી પણ સંક્રમણ કરે છે. ભાષાનું ઉત્તમ સાધન મળતાં, માણસે આ બધી અગાઉની સંક્રમણપદ્ધતિઓને ફેંકી દીધી નથી. ઢોલ પર અમુક અવાજો કરીને આદિવાસીઓનું એક જૂથ બીજા જૂથને સંદેશો મોકલતું. ટૅલિગ્રાફમાં આજે પણ આપણે આપણા ભાષિક સંદેશાનું ટૅલિગ્રાફિક અવાજોમાં રૂપાન્તર કરીએ છીએ. હજી પણ આપણે 'શ્શી' 'શ્શી' કરીને કે તાળી પાડીને કોઈને બોલાવીએ છીએ. વિસલ મારીને પ્રિયાને સંદેશો પહોંચાડવાનું યુગોથી આખી દુનિયામાં પ્રચલિત છે. એ જ રીતે કાળો કે સફેદ રંગ અશુભ કે શુભ દર્શાવે છે. ભારતીય સ્ત્રીના કપાળમાંનો ચાંલ્લો સૌભાગ્યનું સંક્રમણ કરે છે. મોં પાસે હથેળીની અંજલિ બતાવીને માણસ દુનિયાના કોઈપણ ભાષકને પોતાને પાણી પીવું છે એમ જણાવી શકે છે. ઈશારાઓની ભાષા વૈશ્વિક છે. પોશાક અને ફૅશનોથી માણસો પોતાની સમગ્ર વ્યકિતમત્તા સ્પષ્ટ દાખવી શકે છે, પોતાની વિચારધારાનો કે પોતાના ચારિત્ર્યનો ચોક્કસ ખયાલ પ્રગટાવી શકે છે.

અવાજ રંગ વગેરેથી સંક્રમણ સધાય છે માટે કેટલાક વિદ્વાનોએ એને પણ 'ભાષાઓ' કહી છે - અવાજની ભાષા, રંગની ભાષા, વગેરે. અવાજ રંગ ઈશારો કપડાં ને ફૅશન અહીં 'ખ'નાં સ્થાને છે. એટલે કે અહીં પણ સંક્રમણ પધ્ધતિ ક-ખ-ગનાં ત્રણ બિન્દુઓની બનેલી છે.

પરિણામે, સંક્રમણનો મહત્ત્વનો સિધ્ધાન્ત દૃઢ થાય છે, કે ભાષિક કે બિન-ભાષિક કોઈપણ સંક્રમણમાં ક-ખ-ગની અનિવાર્યતા છે. એ ત્રણમાંથી

એક પણ જો ખામીભરેલું હોય તો સંક્રમણ ન થાય, અથવા ખોટું કે ખામીભરેલું સંક્રમણ થાય. એ માટે અંગ્રેજીમાં શબ્દ છે મિસ-કમ્યુનિકેશન. ખોટું, ખામીભરેલું અથવા ભ્રાન્ત-સંક્રમણ. આપણે અવારનવાર નથી કહેતા કે મારી સમજવામાં ભૂલ થઈ... ? નથી કહેતા કે મારી કહેવામાં ભૂલ થઈ... ? નથી કહેતા કે મારી લખવામાં ભૂલ થઈ... ? છાપવામાં ભૂલ થઈ... ? આ બધા દાખલા મિસ-કમ્યુનિકેશનને બતાવે છે. આપણે ભૂલો સુધારવા, વળી પાછા સમજવા નીકળીએ છીએ, વળી પાછા કહેવા માંડીએ છીએ, વળી પાછા લખવા કે છાપવા બેસીએ છીએ. એટલે કે સંક્રમણને સાચું કે ખરું બનાવવા આપણે સંક્રમણોનાં સંક્રમણોમાં જઈએ છીએ. આમ તો આપણે માસમીડિઆના તેમજ માસકમ્યુનિકેશનના જમાનામાં છીએ, પણ એમાં મિસ-કમ્યુનિકેશનના બનાવો પણ ઓછા નથી.

સંક્રમણનાં સાધનો વધ્યાં, ઈલેક્ટ્રૉનિક સજ્જતા અને સફાઈવાળાં બન્યાં, પણ બીજા લગી પહોંચવાનો મુદ્દો તો ઊભો જ રહ્યો છે. એ કરુણતા છે કે મીડિઆની ચમકદમક વચ્ચે પણ માણસ-માણસ વચ્ચેનું અન્તર ઘટ્યું નથી... કદાચ વધ્યું છે...

૨૩-૨-૧૯૮૯
૨૮-૨-૧૯૮૯

# ૮

# સમૂહ-માધ્યમ રૂપે છાપાં

'તમે મિસ્ટર વધારે બડબડ કરશો, તો હું તમને છાપે ચડાવી દઈશ, સમજ્યા? હું ફલાણા છાપાનો સીનિઅર પત્રકાર છું !' આ ઉદ્દ્ગારો કોઈ ધૂંધવાઈ ઊઠેલા પત્રકારના હોઈ શકે છે. એને સામા જોડે લડતાં ન ફાવે, તો સંભવ છે કે એ આમ તાડૂકી ઊઠે. પણ સામાવાળો કંઈ ગાંજ્યો ન જાય, એને તરત કહેવાનો : 'તમારી ને તમારા છાપાની ઍસીતૅસી ! કંઈ પણ લખશો તો હું તમારી સામે બદનક્ષીનો દાવો માંડી દઈશ !' પણ એવું અવારનવાર જોવા મળે છે કે પછી બંને કંઈ કરતા નથી. ઊંડા પાણીમાં ઊતરવું આમેય કોને પાલવે ?

ખરી વાત જો કે જરા જુદી છે. પત્રકાર જે કંઈ છાપે ચડાવવા માગે છે તે બધી વખતે પુરવાર કરી શકાય એવું નથી હોતું. છતાં એવું તો જરૂર હોય છે કે એને પ્રજાના વિશાળ સમુદાય સમક્ષ ખોલીને મૂકવું જ પડે. છાપું એ રીતે ભાવનાનું માધ્યમ બને છે અને એ ભાવનામાં સત્યનો અંશ હોય છે. પેલા ભાઈ બદનક્ષીનો દાવો માંડવાનું કહે છે ખરા, પણ કરતા કંઈ નથી એનું કારણ પણ સત્યના આ અંશમાં પડેલું છે. છાપામાં ચમકેલા એમને વિશેના સમાચારમાં થોડુંકેય તથ્ય હોય છે, અને એનો મનોમન એઓ સ્વીકાર કરી લે છે. છાપું એ રીતે તથ્યનો અંશ પણ ધરાવે છે. કહી શકાય કે તથ્ય પર ઊભીને સત્યની દિશાની ભાવના

પ્રસરાવવી એ છાપાંનો મૂળ ધર્મ છે. એક મહત્ત્વના સમૂહમાધ્યમ લેખે પ્રેસ પોતાની ભૂમિકા આવી ભાવનાશાળી ધાર્મિકતાથી ઉપસાવતું હોય છે.

બેઈજ્જતીનો ભય કોને નથી હોતો ? છાપામાં નામ ખરાબ રીતે ચમકે એ વાતે સામાન્ય માણસ પણ ડરતો હોય છે. છતાં, મોટે ભાગે એ બિનધાસ્ત રહી શકે છે. જ્યારે નેતાઓ-અભિનેતાઓ, પ્રધાનો, રાજકારણીઓ, કરચોરો, દાણચોરો, નાનીમોટી ઘાલમેલમાં સંડોવાયેલા ધારાસભ્યો-સાંસદો, વગેરે બધા પ્રેસથી સતત ફફડતા રહે છે. જોકે ન્યાયખાતું તો વ્યકિત માત્રને બદનક્ષી સામે લડી લેવાની પૂરતી તક આપે છે. ખરેખર બદનક્ષી થઈ હોય, તો સ્પષ્ટ દાવો માંડી શકાય છે અને ચોખ્ખો ન્યાય મેળવી શકાય છે. પણ ન્યાયનો અર્થ બદનક્ષીને ખોટી જ પુરવાર કરવી એવો તો કદી નથી ! ઊલટું ઘણીવાર બદનક્ષી સાચી પુરવાર થાય એમ પણ બને છે. ન્યાયનો અર્થ ફરિયાદીને જ ન્યાય અને આરોપીને સજા એમ તો શી રીતે હોઈ શકે ? ઘણીવાર ન્યાય આરોપીના પલ્લે પણ જાય અને બદનક્ષી બદનક્ષી ન રહેતાં ખરી હકીકત પુરવાર થાય. પણ પ્રેસને કશું છડેચોક કહેવાની રજા જ ના હોય તો ? તો તો પછી ન્યાયખાતાની જરૂર જ કયાં રહે ? પ્રેસ્ને આંધળું, બહેરું, મૂગું કે બોબડું-તોતડું બનાવી દેવું ને પછી વ્યકિતના ન્યાયની વાત ચગાવવી તે અતાર્કિક છે.

મૂળ જ ન હોય, તો શાખા કયાંથી ? દાવો થઈ ચુકાદો આવે એ પહેલાં બદનક્ષી, માત્ર એક અટકળ છે. છતાં કશુંક બદનામી-જેવું પણ લખી ના શકાતું હોય, ત્યાં ન્યાયાધીશ ન્યાય શેનો તોળવાનો છે ? સત્યાસત્યની જો ચર્ચા જ નથી, તથ્યાતથ્યનો જો કશો ઊહાપોહ જ નથી, તો પછી ન્યાયભર્યા કયા ચુકાદા મેળવવાના છે ? પ્રત્યેક વર્ડિકટ માટે ક્રાઈમ જેમ પ્રીરેકિવઝિટ છે, તેમ પ્રત્યેક જૂડિશલ મૅટર માટે પ્રેજૂડિસ અનિવાર્ય છે. પ્રેસ વ્યાપક અર્થમાં પ્રેજૂડિશલ રોલ ભજવીને લોકશાહી-પ્રક્રિયાનો આવશ્યક ઘાટ ઘડવામાં મોટું યોગદાન કરે છે એ ભુલાવું જોઈએ નહીં. અલબત્ત, ભારતીય છાપાં આવી આકરી ભૂમિકા ભજવવાને હજી જોઈએ એટલાં પુખ્ત નથી થયાં છતાં બોફોર્સ પ્રકરણે એમણે પોતાનું એવું ગજું જરૂર કાઢી બતાવ્યું છે. મુકત પત્રકારત્વ અથવા ફ્રી પ્રેસનો અર્થ જ એ છે કે સત્ય-તથ્ય-યુક્ત ભાવના પ્રસરાવવાને એ બધી રીતે મુકત હોય. અમેરિકાનું વોટરગેટ કૌભાંડ પ્રેસની આ જાતની અપ્રતિમ મુકતતાને લીધે જ બહાર આવ્યું અને

ન્યાયાલય એનો ન્યાય તોળી શક્યું. જ્યારે બોફોર્સ અંગેની ભારતીય પ્રેસની જહેમતભરી કામગીરી એળે ગઈ છે, અથવા એ એળે જાય, એમ એને હવે બદનક્ષી ખરડાની ધાંધલમાં સંડોવી નાખવામાં વર્તમાન શાસકો સફળ થયા છે.

સમૂહ માધ્યમ રૂપે છાપાંની વ્યક્તિગત ભૂમિકા એ છે કે એ પોતાના વાચક માત્રને ઉક્ત ભાવનાથી તરબતર કરી મૂકે. સત્ય, ન્યાય, પરિવર્તન કે ક્રાન્તિ માટે એના આત્માને જાગ્રત રાખે. જ્યારે છાપાંની સામાજિક-રાજકીય ભૂમિકા કોઈપણ પ્રશ્નને પ્રેજુડિશલ સ્તરે વિકસાવીને પ્રજાના પક્ષકાર બની રહેવાની છે. બોફોર્સ પ્રકરણે ભારતીય પ્રેસ પક્ષકાર બનવાની ક્ષમતા ધરાવે છે, છતાં એમાં એને સફળતા મળી નથી. જ્યારે બદનક્ષી ખરડાને એ પોતાની એવી તાકાતે કરીને અટકાવી શક્યું છે. કહો કે એવા જ બળે ખરડાને કાયમ માટે એ ખતમ કરી શકશે. રેડિયો કે ટીવીની જેમ ભારતીય છાપાં સરકારી હોત, તો બદનક્ષી ખરડાને રાજસભાનો છેલ્લો કોઠો પસાર કરી જવામાં કશી જ અડચણ ન પડત, અને આ ખરડો કાળો કાયદો બનીને રહેત. બદનક્ષી ખરડાએ ફરી એકવાર સમૂહ માધ્યમોની સ્વાયત્તતાને અંગે આપણને ચીમકી આપી છે. બલકે પોતાના સત્યની ખાતરી કરાવી છે. આપણે જેટલા વહેલા અને જેટલા વધુ જાગીએ એટલું ઓછું છે.

સામાન્યપણે છાપાં અખબારો છે. ખબરો લાવવી એ એનું પ્રાથમિક કામ છે. એમાં એ પોતાનો ઘણો ભાગ રોકી શકે છે. મોટાભાગનાં છાપાં ગમ્ભીર, હળવી, સ્વસ્થ કે સનસનીખેજ ઘટનાઓની ખબરો આપવામાં સમાચાર, વૃત્ત કે ન્યૂસને નામે ગળાબૂડ રહે છે. પણ ન્યૂસપેપરો આપણા જમાનામાં વ્યૂઝપેપરો બની ગયાં છે, બલકે એમ થઈને જ એ પોતાની ભૂમિકા અદા કરી શકે. માત્ર ખબરો જ પહોંચાડવાની હોય, તો રેડિયો-ટીવી જેવાં સમૂહમાધ્યમો હવે વધારે કારગત નીવડે. ટીવીની એક ચૅનલ સમૃધ્ધ દેશોમાં ન્યૂસ-ચૅનલ તરીકે ખુશીથી વપરાતી હોય છે. છાપાંનું એવું જ બીજું પ્રાથમિક કામ માહિતી પહોંચાડવાનું છે. હવે આપણે માહિતી-સમાજમાં જીવીએ છીએ- માહિતી માનવસભ્યતામાં હવે દા'ડે ન વધે એટલી રાતે વધે છે ! ક્વિઝપ્રોગ્રામો જેટલા કરીએ એટલા ઓછા છે. છતાં, છાપાં માહિતીમાં જ રાચે તે ન ચાલે. કેમકે માહિતીને તો કમ્પ્યૂટરમાં હવે વર્ષો

લગી સંઘરી શકાય છે, ને વાપરવા માટે ગમે તે ઘડીએ વગર તકલીફે પરત મેળવી શકાય છે.

પરિણામે, છાપાનું જવાબદારીભર્યું કામ વ્યૂઝપેપર બની રહેવામાં બચ્યું છે. ભાવનાયુક્ત લખાણો વડે જરૂરી આબોહવા ઊભી કરીને હમેશાં એ પ્રજાનો પક્ષ લે છે, પ્રજાને દૃષ્ટિબિન્દુ આપે છે, વિચારો પૂરા પાડે છે, અભિપ્રાયો ઉચ્ચારે છે, મન્તવ્યો રજૂ કરે છે, કૌભાંડોની ઊંડી તપાસ પ્રેરે છે, સમીક્ષા કરે છે, નુક્તેચીની કરે છે, ટીકાટિપ્પણી કરે છે, વિશ્લેષણ કરે છે, વિવરણ કરે છે.

પ્રેસ આવા બહુવિધ અર્થમાં હવે માત્ર ન્યૂસ-મીડિઆ નથી રહ્યું, વ્યૂઝ-મીડિઆ બની ગયું છે.

૧૧-૯-૧૯૮૮
૨૦-૯-૧૯૮૮

# ૯

# જાહેરખબરોના જમાનામાં

છાપાં જાહેરખબરોથી ચાલે છે કે જાહેરખબરો છાપાંથી ? ચોક્કસ જવાબ આપવો મુશ્કેલ છે. રેડિયો, ફિલ્મ, ટીવી જેવાં અન્ય સમૂહ માધ્યમોનો પણ જાહેરાતો જોડે અકાટ્ય અને અવિનાભાવી સમ્બન્ધ રહ્યો છે. એકને બીજા વિના ચાલે જ નહીં. એટલું જ નહીં, બંને એકમેક વિના જીવી જ ન શકે. દુનિયાનું એવું કોઈ છાપું નથી જે એક પણ જાહેરાત વિના ચાલતું હોય. ચાલતું જ હોય, તો પછી એનું સ્વરૂપ એવું હોય કે એને છાપું કહેવાય જ નહીં. અલબત્ત, ગુજરાતનું એક સાપ્તાહિક જાહેરખબર વિના ચાલે છે. પરન્તુ, 'એક પણ જાહેરખબર વિનાનું દુનિયાનું એક માત્ર સાપ્તાહિક' એવી ખુદની જાહેરાતને એ પોતાના પ્રથમ મુખપૃષ્ઠ પર જ છાપે છે !

એક જમાનો એવો હતો કે શુદ્ધ, દેશી ઘીની જાહેરાત નહોતી થતી. હવે તો સત્ય માત્રને જાહેરાતની જરૂર પડવા લાગી છે. માધ્યમોને સ્વયંને પોતાની જાહેરાતો કરવી પડે છે. અમુક નવા છાપાની જાહેરાત અમુક પ્રતિષ્ઠિત છાપામાં ક્યાંય લગી આવ્યા જ કરે છે. ટીવીની અનેક જાતોની જાહેરાતો ટીવી વડે થાય છે. એવું કહી શકાય કે માધ્યમો જાહેરખબરો વડે વેપાર કરી લે છે, ખોટ કે ખર્ચ કાઢી લે છે. તો સામે છેડે, છાપાં, રેડિયો, ટીવી વગેરે માધ્યમો દ્વારા જાહેરખબરો કરનારી કમ્પનીઓ પોતાના

વેપારનો બેશુમાર વિકાસ કરે છે. બધા વેપારીઓ ઈચ્છે છે કે વસ્તુઓની વાત વપરાશકારો લગી પહોંચે, વધુ ને વધુ વપરાશકારો લગી પહોંચે, ને ઓછામાં ઓછા સમયમાં પહોંચે. જાહેરખબરો એક જાતની માહિતી છે. રાજકીય અને સામાજિક ક્ષેત્રોની માહિતી ન્યૂસ કે વ્યૂઝ રૂપે મળે છે, પરન્તુ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ અંગેની માહિતી જાહેરાતો રૂપે મળે છે. આપણે માહિતી-સમાજમાં જીવીએ છીએ અને સમૂહમાધ્યમો વડે સમાજમાં રોજે રોજ ઢગલાબંધ માહિતી ખડકાતી આવે છે. ખેરખર તો આપણે માહિતી અંગેની માહિતીના યુગમાં જીવીએ છીએ.

માહિતીની વિપુલતા અને પ્રચુરતાએ બીજી તરફથી આપણી સભ્યતામાં કેટલાક પ્રશ્નો ઊભા કર્યા છે. સંભવ છે કે માહિતીના ભરપૂર ગંજ વચ્ચે માણસને જરૂરી માહિતી જ ન મળે ! એવું લાગ્યા જ કરે છે કે દુનિયાના બધા ક્ષેત્રોમાં આજકાલ જાહેરખબરોનો વપરાશકારો પર ભારે મારો થઈ રહ્યો છે. વપરાશકાર મૂંઝાઈ જાય, ગૂંચવાઈ જાય એટલી હદે એની ચોપાસ જાહેરાતોનું જંગલ વિકસ્યું છે. નાના અમસ્તા શહેરમાં પણ હજારો જાહેરખબરો હોય છે, મોટાં શહેરો તો જાહેરાતો વિના શહેરો જ નથી લાગતાં. વિશ્વનાં મહાનગરોમાં જાહેરખબરો એક ભયાનક સુન્દર વસ્તુ છે અને મહાનગરોની માયાવી સૃષ્ટિમાં તેમનો ચોક્કસ હાથ છે. છતાં, દરેક નાગરિક માટે બધી જાહેરાતો કદી ઉપયોગી હોતી નથી, ઘણીવાર તો એને ચીડવનારી પણ નીવડે છે. જાહેરાતોનો આધુનિક મનુષ્યના મન સાથે સમ્બન્ધ છે - ક્યારેક વ્યક્તિઓ એકની એક જાહેરાતના નિત્યના આક્રમણથી માનસિક સંતુલન પણ ગુમાવે છે. જોકે મોટાભાગની સારી જાહેરાતો સાહિત્ય કે કાવ્યનો આનન્દ આપનારી અને પૂરેપૂરી શામક હોય છે. એ કશા ઘોંઘાટ વિના નરી શાન્તિથી પોતાનું કામ કરે છે...

અગિયારેક વર્ષ પર હું અમદાવાદમાં કાયમી વસવાટ અર્થે આવ્યો ત્યારે અમદાવાદનાં લગભગ બધાં જ બસ-સ્ટેન્ડ પર ધોવાના પ્રકાર પ્રકારના સાબુની તેમજ પાવડરોની જાહેરાતો જોઈને મૂંઝાઈ ગયેલો. મને થયેલું આ શહેરમાં ઘણું જ ઘણું કાપડ બને છે, પણ એથી અનેકગણું વધારે ઉત્પાદન ધોવાના સાબુ કે તેના પાવડરોનું છે. આવું કેમ ? શું રહસ્ય હશે નવા કાપડ અને ધોવાના સાબુ વચ્ચે ? ટીવી પર રવિવાર સાંજની હિન્દી ફિલ્મ શરૂ થતાં પૂર્વે મેં પચાસથી પણ વધુ જાહેરખબરો આવતી ગણી જોઈ છે.

મોટા ભાગની ન્હાવાના સાબુ અંગે અને શૅમ્પૂ વિશે હોય છે. ફ્રિજ, મૉપેડો અને કાપડમાં સૂટિન્ગ અને સાડીઓ વિશેની જાહેરાતો પણ સારો એવો ભાગ રોકે છે. જોકે બહુ મહેનત પછી પણ માણસને સમજાતું નથી કે ન્હાવાનો કયો સાબુ સારો, સુગન્ધી, સસ્તો ને ન્યૂ હશે. જાહેરાતો આપણી પ્રાયોરિટીઝ બદલી નાખે છે. માણસને મૉપેડ જોઈતું હોય તેને બદલે ફ્રિજ ખરીદી પાડે છે, ને ફ્રિજની જરૂર હોય ત્યાં ટીવી લેવાનો મનસૂબો સવાર થવા માંડે છે. એવા સંજોગોમાં દેશમાં ધનાઢ્ય દેશોની મલ્ટી-નેશનલ કમ્પનીઓ જનજીવનને સાચે જ તળે-ઉપર અને ઊંચું-નીચું કરી નાંખે છે. જરૂરિયાતો અને લકઝરીઝ વચ્ચેના ભેદ તો ઊભા રહે છે, પણ વપરાશકારો એ અંગેની વિવેકબુદ્ધિ ગુમાવે છે. વળી એમને શ્રીમન્ત થઈ ગયાની ભ્રાન્તિ થાય છે તે તો છોગાનું !

જો કે સફળ અને અસરકારક જાહેરાત એ છે કે જેનો સીધો પ્રભાવ વપરાશકારના ખિસ્સા લગી પહોંચે, એટલે કે વસ્તુના વેચાણ પર પડે. એવી પ્રભાવક જાહેરખબરમાં વસ્તુના ખરેખરા ગુણ કહેવા જ જોઈએ એવું કંઈ નહીં. વસ્તુ વિશે તમે રમણીય આભાસ રચી શકો એટલે પત્યું. આ કારણે જ કેટલીક વાર જાહેરખબર લખવી તે કાવ્ય લખવા કરતાં પણ મુશ્કેલ ભાસે છે. જાહેરાતની પણ કલા છે, ભાષા છે. એ ભાષામાં પણ સર્જકતા છે, એમાં પણ મનુષ્ય-સ્વભાવની જાણકારી વગેરે ઘણું બધું જોઈએ છે.

બીજી તરફથી, જાહેરખબરોને પોતાને જ એક ભાષા ગણવામાં આવે છે. સમૂહ માધ્યમોનો સામાજિક સ્તરે પ્રભાવ તપાસનારે જાહેરખબરોનો રીતસરનો અભ્યાસ કરવો જોઈએ. પશ્ચિમના દેશોમાં એવા અભ્યાસોને બહુ ગમ્ભીરતાથી ઘટાવાય છે. એક જાતની તીવ્ર અને અતિ ઈન્સ્ટન્ટ કમ્યુનિકેશન-ઘટના પ્રગટાવનારી જાહેરખબરમાં ભાષા, સર્જકતા, ઉપરાન્ત મનોવિજ્ઞાન, સમાજવિજ્ઞાન અને અર્થશાસ્ત્ર જેવી વિદ્યાશાખાઓને રસ પડે એટલી બધી અધ્યયન-સામગ્રીનો આવિષ્કાર થતો હોય છે. છાપાં જેવા પ્રિન્ટ-મીડિઅમમાંથી જાહેરખબરોનું જગત હવે ટીવી અને મૂવીના ઈલેક્ટ્રૉનિક-મીડિઆમાં પ્રવેશ્યું છે. જાહેરાતો આબેહૂબ અને રંગીન છાપી શકાય એ તો ખરું જ, પણ ફિલ્મરૂપે હવે એ આબેહૂબપણામાં અનેકગણો વધારો થઈ ગયો છે. જાહેરાતો હવે ત્યાં નરી જીવન્ત છે. એમાં સંગીત અને નાટકના અંશો છે, તો પરફૉર્મિન્ગ આર્ટનાં તત્ત્વો પણ છે. એમાં

ટૅકનોલૉજી અને લગભગ બધી કલાઓનું હૃદયંગમ સાયુજ્ય છે. જાહેરખબરો આપણા જમાનામાં હવે ક્રિએટિવ કૅમેરાથી લખાય છે.

જોકે જાહેરખબરોની પાછલી, અણછતી, બાજુઓને વિશે આપણો સમાજ અબુધ છે. ચીજવસ્તુઓની ખામીઓ છુપાવીને થતી લોભામણી અને ઠગારી જાહેરખબરોની આપણે ઝડતી નથી લેતા, એની પરીક્ષા-સમીક્ષા નથી કરતા. એ જ રીતે નાગી-ઉઘાડી, નઠારી જાહેરાતોનો નારી-સંગઠનો પણ જોઈએ તેવો ઊધડો નથી લેતાં. બાકી એવું 'યલો ઍડવર્ટાઈઝિન્ગ' બધાં જ ધોરણોએ વખોડી કાઢવા યોગ્ય છે.

પ્રાચીન કાળમાં મનુષ્ય એક સ્થળેથી નગારાં કે વાજિંત્રો અમુક રીતે વગાડીને એના મુકરર અવાજો વડે જાતભાતના સંદેશા બીજા સ્થળે પહોંચાડતો. પેલાઓ એવા જ આનુષંગિક અવાજો વડે વળતા સંદેશા મોકલતા. રાજાશાહીમાં, સંદેશો પહોંચાડવા ઢંઢેરો પિટાતો. ઢોલ પર ડાંડી પિટાતી, ને જે કહેવું હોય એ સાદ પાડીને કહેવાતું. એવા ડાંડી પીટનારને 'ડાંડિયો' કહેતા. નર્મદે એટલે જ પોતાના છાપાનું નામ 'ડાંડિયો' રાખેલું. જોકે એનું છાપું ચીજ-વસ્તુઓની ડાંડી નહોતું પીટતું, સમાજના ધૂર્ત શેઠિયાઓ, ઢોંગી ગુરુઓ વગેરે સફેદ ઠગો અને બીજા લુચ્ચા-લફંગાઓનાં કરતૂતોની ડાંડી પીટતું હતું. જાહેરાતો તમે વસ્તુઓને બદલે વ્યક્તિઓની કરો, તો સંભવ છે કે કાં તો તમે ભાટાઈ કરો, અથવા તો કીચડ ઉછાળીને નફ્ફટાઈ કરો. એવી નફ્ફટાઈને આપણા સમયમાં 'યલો જર્નાલિઝમ' કહે છે, સ્વભાવિક છે કે 'યલો ઍડ્સ' કરતાં 'યલો ન્યૂસ' વધુ કનડે છે.

૩૦-૯-૧૯૮૮
૪-૧૦-૧૯૮૮

## ૧૦

# માહિતી-મંજૂષા... ૧

આપણે ઈલેક્ટ્રૉનિક મીડિયાના જમાનામાં જીવીએ છીએ. બધા પરમ્પરાગત સમાજોનું માહિતી-સમાજમાં રૂપાન્તર થઈ રહ્યું છે. છતાં માહિતીનું એકધારાપણું હજી ટાળી શકાયું નથી. જેમકે સંસારના બધા દેશોમાં રાજકારણવિષયક માહિતી ભરપૂર પ્રમાણમાં વેરાતી-ઊડતી રહે છે. કયા નેતા ક્યાં ગયા, કોને મળ્યા, કયું રાષ્ટ્ર દબાઈ રહ્યું છે ને કયું ઊભીને વિકસી રહ્યું છે, વગેરે વગેરે. વળી માહિતી માહિતી રૂપે અલગ છૂટી પડે એમ પણ બહુ ઓછું બને છે, દરેકને તોડીફોડીને અમુક વિચારસરણીની હથોડીથી જરૂર મુજબ ઘાટઘૂટ અપાય છે. માત્ર માહિતી, નિર્ભેળ, મળવી દુર્લભ છે. તેમ છતાં એને સુલભ કરવાની કોશિશ બધા મીડિઆ-પીપલ કરી રહ્યા છે. આપણે પણ એવી અંગત માહિતી-મંજૂષા, ભેળવાળી તો ભેળવાળી, જરૂર ઊભી કરી શકીએ અને એમાં પ્રકાર પ્રકારનાં માહિતી-ઘરેણાં સંઘરી શકીએ...

ધન સંસારનું મહત્તમ પરિબળ છે. અનેક સ્વરૂપની માહિતીનું એ સર્જક છે. એને કારણે, એને વિશે, એને માટે ખૂબ લખાય છે. ધનરહિતો ધનિકોની વાતો બે પ્રકારના રસથી કરે છે : ઈર્ષા-અદેખાઈથી અને ધનના પ્રભાવથી, અચરજ પામીને. દુનિયાની અનેક ઈર્ષાનું મૂળ તેમ અનેક અચરજોનું મૂળ ધન છે.

યુરપના શીત યુદ્ધનો એક જાતનો અંત આવ્યો એમ ગયે વરસે

મનાયું હતું. ત્યારે વીસમી નવેમ્બરના રોજ ફ્રાન્સના પ્રમુખ મિત્તરોંએ વર્સેઈલ્લસ ખાતેના ભવ્ય હૉલ, હૉલ ઑવ મિરર્સમાં ઉચ્ચ કોટિના બસ્સો રાજદ્વારી પુરુષોને એક પાર્ટી આપી હતી. ખાણીપીણીની એ જયાફત ફ્રેન્ચો જ યોજી શકે એવી સાવ જ ભવ્ય અને ભોગવિલાસમય હતી. એમાં શેલ માછલીના સૂપની મલાઈથી માંડીને જાતભાતની ઉત્તમ માંસાહારી વાનગીઓ હતી. એમાં વિશ્વના શ્રેષ્ઠ વાઈન્સ પીરસાયા હતા, શૅમ્પેઈન્સ અપાયા હતા. આ પાર્ટીમાં બે વ્યક્તિદીઠ એટલે કે યુગલદીઠ શો ખર્ચ આવેલો, જાણો છો ? ઘણો. ઘણો. પણ કેટલો ? પાંચસો ડૉલર, અને તેય પૅરિસમાં તો બમણા થઈ જાય -મોઘું હોવાને લીધે -એટલે કે એક હજાર ડોલર ! સમજોને કે રૂપિયા બાવીસ હજારથી પણ વધુ ! એક જ વાર જમીને ઊભા થવામાં નાણાંની આવી રેલમછેલ ! કોના બાપની દીવાળી તે એનું નામ...

જપાની ધનિકો અમેરિકામાં એટલા બધા વેગથી પગદંડો જમાવી રહ્યા છે કે ડર પ્રગટ્યો છે : એક દિ અમેરિકા જપાનને સમ્પૂર્ણ વેચાઈ તો નહીં ગયું હોય ને ! સુખ્યાત મૅનહાત્તન્ સ્ટ્રીટનાં અનેક સ્કાયસ્ક્રૅપર્સ જપાનીઓ ચપોચપ ખરીદવા માંડ્યા છે. એમણે હોલિવૂડના સ્ટુડીઓઝ ખરીદ્યા છે. હવાઈ ટાપુ પરની જગવિખ્યાત હૉટેલ્સ ખરીદવા માંડી છે. કેલિફોર્નિઆની કન્ટ્રી કલબો વેચાતી લીધા પછી હવે જપાનીઓ સ્કી રીસોર્ટ્સ ખરીદવા થનગને છે. સ્ટ્રેટોનની સ્કી વસાહતો તો ખરીદાઈ પણ ગઈ છે. હવે લેક તાહો પાસેનું કેલિફોર્નિઆનું વિખ્યાત સ્કી કૉમ્પ્લૅક્સ 'હેવન્લી વૅલી' ગમે તે ક્ષણે જપાનીઓનું હશે.

જપાન-સમ્રાટ અકિહિટો, સામ્રાજ્ઞી મિશિકો અને રાજકુમારી નૉરી હાલ આકાસાકા પૅલેસમાં રહે છે. પરન્તુ તેમના નવા નિવાસ માટે જપાન સરકારે ૩૦૮૦ લાખ ડૉલરના ખર્ચે માત્ર બે માળનો મહેલ બનાવવાનું મોટું આયોજન કર્યું છે ! નવો મહેલ ૧૯૯૩માં તૈયાર થઈ જશે. હાલ પૂરતું એનું નામ ફયુકિઆજ પૅલેસ છે - પછી નામે ય નવું નક્કોર અપાશે.

રાજનેતાઓનાં શરીર, ઉછેર વગેરે અંગેની વ્યક્તિગત માહિતી આપણા દેશમાં ઝડપથી નથી મળતી. દિવંગત નેતાઓ વિશે ચર્વિતચર્વણ જેવું ઘણું લખાયા કરે છે. આપણે ચન્દ્રશેખર, દેવીલાલ કે રાજીવ ગાંધીની શારીરિક ઊંચાઈ શી તે નથી જાણતા. પશ્ચિમના દેશોમાં આવી બાબતોમાં ખાસ્સી

દિલચસ્પી વરતાય છે. અમેરિકન પ્રમુખ જ્હૉન ઍફ. કૅનેડી ઊંચા તો હતા, પણ કેટલા ? છ ફીટ એક ઈંચ. એમની આંખો નબળી હતી. તેર વર્ષની વયથી એમને વાંચવાના ચશ્માં હતા. એમનો જમણો પગ ડાબા કરતાં પોણો ઈંચ મોટો હતો. તેથી એમને કાયમ 'કરેક્ટિવ શૂઝ' પહેરવા પડતા. તેઓ જીવનભર માંદલા જેવા રહેલા, છતાં દેખાવે સ્વસ્થ અને સુન્દર રહ્યા હતા. સ્ત્રીઓની ઉપસ્થિતિમાં એમની તેજસ્વીતા વધી પડતી, રમૂજવૃત્તિ ખીલી ઊઠતી અને ત્યારે તેઓ વધારે આકર્ષક દીસતા. એમને 'બૅક બ્રેસ' પણ પહેરવા પડતા - એટલે કે પટ્ટા...

નેતાઓને શરીરે છૂંદણાં હોય ? આમ તો કદાચેય ખોવાઈ જવાના ખરા ? આપણે ત્યાં સ્ત્રીઓને ચહેરે ફૂલ અને છાતીએ મોર જેવાં છૂંદણાંનો ચાલ હતો. પુરુષો પણ કાંડા પર, બાહુ પર છૂંદણાં છૂંદાવતા. એને ત્રોફવું કે ત્રોફાવવું કહેવાય. વિન્સ્ટન ચર્ચિલની માતા ચેર અભિનેત્રી હતી અને એના શરીરે જ્યાંત્યાં સંખ્યાબંધ છૂંદણાં હતાં. સૅનેટર ગોલ્ડવૉટરના કાંડે સર્પ ત્રોફેલો છે, જ્યૉર્જ શૂલ્ત્ઝની પીઠે એક નાનો વાઘ છે. બ્રિટનના ફીલ્ડ માર્શલ મોન્ટગોમરીના જમણા બાહુ પર પતંગિયું ત્રોફેલું હતું. જેને 'સાયકેડેલિક મેઈક-અપ' કહેવાય છે તેમાં તો સ્ત્રીઓ, સ્ત્રીઓ જ વળી, ૮૦-૮૫ ટકા શરીર ભાતભાતના રંગોની ડિઝાઈનોથી આખું રંગી નાખે છે, પૂરું ચીતરી પાડે છે. એ દર્શાવવા પછી કપડાં તો પહેરાય જ કેમ ? સમજાય તેવું છે.

મનુષ્યજીવનમાં કામવાસના ધનના જેવું જ પ્રબળ પરિબળ છે. પશ્ચિમના મુક્ત સમાજોમાં એ મોટો ધ્યાનવિષય છે. એક અધ્યયન એમ કહે છે કે દરેક વિષયમાં પ્રગતિ કરનારા અમેરિકાએ ગયા દાયકામાં જાતીય-જીવનને વિશે અ-પૂર્વ 'પ્રગતિ' કરી છે. ત્યાંના સમાજના ગોરા ઉચ્ચ વર્ગોમાં તેમજ મધ્યમ આવક ધરાવતાં પરિવારોમાં ટીન-એજ ગર્લ્સની જાતીય પ્રવૃત્તિ નવમા દાયકામાં અતિશય ફૂલી-ફાલી. ૧૫ થી ૪૪ની વયજૂથની ૮૦૦૦ સ્ત્રીઓની મોજણી પછીના આ આંકડા વાંચવા જેવા છે : જાતીય પ્રવૃત્તિમાં જોડાતી ૧૫ થી ૧૯ વયની છોકરીઓની સંખ્યા ૧૯૮૨માં ૪૭.૧ ટકા હતી તે ૧૯૮૮માં ૫૩.૨ ટકા થઈ હતી. ૧૫ થી ૧૭ની વયમર્યાદામાં એ ૩૨.૬ ટકાથી ૩૮.૪ ટકા થઈ હતી. ૧૯૮૮માં એવી ૪૮ ટકા છોકરીઓને બે કે વધુ 'પાર્ટનર્સ' હતા. ૧૯૮૨માં પોતાના પ્રથમ સમ્ભોગ

દરમ્યાન ૪૮ ટકા છોકરીઓએ સંતતિનિયમનનાં સાધનો વાપર્યાં હતાં. ૧૯૮૮માં ૧૫ થી ૧૯ વયની ૬૫ ટકા છોકરીઓએ મુખ્યત્વે નિરોધ જેવાં સાધનો વાપર્યાં હતાં.

આવું બધું વધતું જ રહે એવો મુક્તથી મુકતતર થતો છે એ સમાજ. એ તો ખરું, પણ આવું આવું મોજણીબદ્ધ થઈ પ્રકાશમાં આવતું રહે એવો ખુલ્લાથી વધારે ખુલ્લો થતો છે એ સમાજ. એક વાર ખુલ્લા થઈ જનારને પછી કશાં છોછ-છોભ આમેય કયાં રહે છે ?

અમેરિકન આલ્કોહોલિકસ, એટલે કે દારુડિયાંમાં ૧/૩ ભાગની તો સ્ત્રીઓ જ છે ! ૬૦ લાખ સ્ત્રીઓ ! રોકવિલેની ધ નેશનલ ઈન્સ્ટીટયુટ ઑન આલ્કૉહોલ ઍબ્યુઝ એન્ડ આલ્કોહોલિઝમ, વરસે દહાડે ૬૦ લાખ ડૉલર સ્ત્રી અને શરાબને વિશેનાં અધ્યયનો-સંશોધનોમાં ખરચે છે ! ભોગવિલાસ અને તેનું ગર્ભિત જ્ઞાન - બેયને માટે મબલખ નાણાં જોઈએ છે. સમૃદ્ધોને બેયને માટે છત જ છત છે ! આમાં તો, ગરીબો જ બચારાબાપડા છે. જોકે નહીં ન્હાવાનું ને નહીં નિચોવવાનું એ કહેવત ગરીબોના પક્ષે આવે વખતે સાવ સાચી લાગે છે...

૨૨-૪-૧૯૯૧
૧૩-૫-૧૯૯૧

# ૧૧

# માહિતી-મંજૂષા... ૨

તમે કે હું ગમે એટલું ઈચ્છીએ, દુનિયા કદી પણ સીધી તો ચાલવાની જ નથી. એ આદિ કાળથી વિરોધો અને વિરોધાભાસોથી ખીચોખીચ ભરેલી છે. સન્તો મહાત્માઓ મહાપુરુષો અને મહામનાઓ એને બદલવાને યુગોથી મથ્યા કરે છે, પણ એ તો પોતાની ગતિવિધિએ જ ચાલે છે. વિચારકો ચિન્તકો સુધારકો બૌદ્ધિકો બધા આખો વખત એને સુધારવાને અમુક ઢાંચાઓ અમુક માળખાંઓ અમુક ચોકઠાંઓ તૈયાર કર્યે જ રાખે છે, પણ એ તો પોતાની એ જ રેઢિયાળ રીતેભાતે જ ચાલે છે. સંસ્કૃતિ અને સભ્યતા બેશક માણસે સરજ્યાં છે, પણ એ પોતે કંઈ સંસ્કૃત કે સભ્ય બન્યો નથી. કુટુમ્બ સમાજ રાષ્ટ્ર શાસન કાયદો ધર્મ વગેરે ઘણીબધી વ્યવસ્થાઓ એણે ઊભી કરી છે, પણ એ પોતે એકેય વ્યવસ્થામાં પુરાયો નથી. એના અસ્તિત્વમાં જ કશુંક એવું છે, જે સદા એની વિરુદ્ધમાં જાય છે.

અડિયલ ટટ્ટુ જેવી આપણી આ દુનિયા અંગે આપણા જમાનામાં પાછું એક વધારાનું થયું છે. તે એ કે એને અંગે આપણને ઉપખણ્ડ ઉપખણ્ડમાંથી, ખૂણે ખૂણેથી ભરપૂર માહિતીઓ મળ્યા કરે છે. આજે આપણે ગ્લોબલ અને ઈલેક્ટ્રૉનિક કમ્યુનિકેશનના જમાનામાં પ્રવેશી ચૂકયા છીએ. તેથી માણસજાતનું હવે કશું છાનુંછપનું નથી રહેવાનું - નથી રહી શકતું. માણસ

રોજે રોજ વધુને વધુ ઉઘાડો પડતો આવે છે. માહિતી ભરપૂર તો ખરી જ, પણ જાતભાતની હોય છે. એકમેકની વિરોધી હોય છે, સુખદ હોય છે, દુઃખદ પણ હોય છે. ખરેખર તો માહિતીને લીધે જ મૂંઝાઈ જવાય છે. હું આજે અહીં એવી કેટલીક મૂંઝવણો પેદા કરનારી માહિતી આપું :

મને તાજેતરમાં જ જાણવા મળ્યું કે લગભગ ૯૫ ટકા સ્વીડિશ કુંવારી છોકરીઓ પોતાની ૨૦મી વર્ષગાંઠ પહેલાં પુરુષો જોડે જાતીય સમ્બન્ધો ભોગવી ચૂકી હોય છે...! આ હકીકતને આધારે કલ્પી શકાય કે સ્વીડનમાં બળાત્કારો ભાગ્યે જ થતા હશે. ભારતમાં બળાત્કારો ભલે છાશવારે થાય છે, પણ કૌમાર્ય-મહિમા આપણે ત્યાં યુગોથી છે, એમાંય કન્યાના કૌમાર્યની આપણે ત્યાં સવિશેષ સ્પૃહા છે. એટલે સ્વાભાવિક રીતે જ સ્વીડન વગેરે પશ્ચિમના દેશો આપણને નીતિભ્રષ્ટ અને દુરાચારી લાગે. વીસની વય સુધીમાં કૌમાર્યભંગની આ ટકાવારી યુનાઈટેડ નેશન્સના એક મહત્ત્વના રિપોર્ટ અનુસાર છે. અમેરિકામાં એના ૬૬ ટકા છે, જ્યારે જપાનમાં સૌથી ઓછા એટલે કે ૧૭ ટકા. તો શું એમ માનવું કે ૧૭ ટકાવાળો દેશ 'નૉર્મલ' છે ? સ્વીડનની સરખામણીએ તો એમ જ લાગશે ! સૌથી વધુ ભ્રષ્ટની જોડે દેખીતી રીતે જ ઓછો ભ્રષ્ટ 'સ્વાભાવિક' લાગે !

આ રિપોર્ટમાં આ ટીનએજર છોકરીઓની ગર્ભધારણ ક્ષમતાની એટલેકે ફર્ટિલિટીની પણ ટકાવારી આપી છે. બલ્ગેરિયામાં ૧૫ થી ૧૯ની વયની ૧૦૦૦ છોકરીઓ ૭૮.૪ જેટલી, ગર્ભધારણ કરે છે. બલ્ગેરિયા આ ક્ષમતામાં પ્રથમ છે. બીજા નમ્બરે રૂમાનિયા છે. કુલ ૩૧ દેશોની મોજણી કરાઈ હતી. એમાં ત્રીજા અને પછીના કેટલાક ક્રમે આ દેશો છે : ચેકોસ્લોવાકિયા, હન્ગેરી, અમેરિકા, પૂર્વ જર્મની, ગ્રીસ, યુગોસ્લાવિયા, રશિયા, પોલૅન્ડ વગેરે. જપાન આમાં પણ છેલ્લું છે. એનો ફળદ્રૂપતા-દર એક હજારે માત્ર ૪.૧ છે. એમ લાગે કે કુંવારી છોકરીઓની સૌથી ઓછી ફળદ્રૂપતાવાળા દેશ તરીકે જપાનનું 'ગૌરવ' કરવું જોઈએ. પણ એમાં પડેલા, કુંવારિકાઓ જોડેના ગેરકાયદેસરના જાતીય સમ્બન્ધોનું શું ? બીજી રીતે એમ પૂછાય કે ઓછી ફળદ્રૂપતા તે બરાબર વસ્તુ છે ? તો ત્રીજી રીતે એમ કહેવાય ખરું કે જપાનમાં સંતતિનિયમનનાં કૃત્રિમ સાધનોનો 'સદુપયોગ' થઈ રહ્યો છે ? તો ચોથી રીતે એમ પણ પૂછાય કે કુદરતી પદ્ધતિના જાતીય આનન્દનું શું ?

ભારત સમેત સંસારભરમાં ગર્ભધારણક્ષમતા મોટું મૂલ્ય છે. એ વડે સ્ત્રીનું સ્ત્રીત્વ અંકાય છે, પંકાય છે, સ્વીકારાય છે, વધાવાય છે. વન્ધ્યા સ્ત્રી સર્વ દેશમાં સર્વ કાળે તિરસ્કાર અને સૂગની નજરે જોવાઈ છે. પણ આ ટકાવારી તો લગ્નબાહ્ય ગર્ભધારણની છે. એવી અવૈધ ફળદ્રૂપતાનો મહિમા કરવો ? હકીકત એ છે કે કૌમાર્યભંગની વિરુદ્ધમાં બળાત્કાર છે, તો ફળદ્રૂપતાની વિરુદ્ધમાં ગર્ભપાત છે, તો જાતીય આનન્દની વિરુદ્ધમાં સંતતિ નિયમનના કૃત્રિમ ઉપચારો છે. ખબર નથી પડતી કે દુનિયાને ક્યારે શું જોઈએ છે, શું નથી જોઈતું. આ બાબતે એને ક્યાં ક્યાંથી પકડવી ને કેમ કેમની રીતોએ બાંધવી તે સાચે જ મોટી સમસ્યા છે. સત્ય આટલું જ છે કે જાતીય આનન્દ મેળવવો તે વૈયક્તિક વૃત્તિ-પ્રવૃત્તિ છે અને તે બારામાં કોઈ કોઈને રોકી શકતું નથી ! પણ તરત સવાલ થવાનો : મોટાભાગની માનવજાતે એ વૃત્તિ-પ્રવૃત્તિ પર નિયન્ત્રણો સ્વીકારેલાં છે તેનું શું ? પણ વળી સામો સવાલ થવાનો : માનવજાતનું મહત્ત્વ છે કે માનવવ્યક્તિનું ?

કશી છણાવટો વગર બીજી કેટલીક માહિતી સીધી જ આપી દઉં :

કૅમ્બ્રિજ યુનિવર્સિટીની સ્થાપના રાજા હેન્રી આઠમાએ ૧૬મી સદીમાં કરેલી. એની એક સુખ્યાત કૉલેજમાં, ટ્રિનિટી કૉલેજમાં, સહશિક્ષણને સહજીવન સુધી લંબાવવામાં આવ્યું છે. છેલ્લાં ત્રણેક સત્રથી ત્યાં વિદ્યાર્થીઓનાં છએક યુગલોને કૅમ્પસ પરના બે બેડરૂમના ઍપાર્ટમેન્ટ્સમાં સાથે રહેવાની પરમિટ અપાઈ છે. એમાં પ્રેમીઓ છે, પરિણીતો છે, મિત્રો પણ છે. ભારતમાં સહશિક્ષણ અવશ્ય છે, પણ આટલું બધું નહીં. એનાં મોટાં શહેરોની ઉત્તમ રીતની આધુનિક કૉલેજોમાં પણ છોકરા છોકરીઓ હજી જુદી જુદી પાટલીઓ પર જ બેસે છે !

આપણે લોકો હજી સ્વદેશાભિમાન, વતનપ્રેમ, પ્રાન્ત, પ્રાન્તની અસ્મિતા કે પ્રીતિ વગેરેની વાતો કરીએ છીએ. કાશ્મીર કે પંજાબ પ્રશ્નોમાં વ્યસ્ત રહીએ છીએ. પણ ઝ્યુ પ્રજા વિશે જાણીએ તો ચોંકી જઈએ. ૧૯૮૯માં સોવિયેત ઝ્યુ નાગરિકોને પૂછવામાં આવ્યું કે તમે રશિયા છોડીને ઈઝરાઈલ જવાનું પસંદ કરો કે અમેરિકા ? ૨૦૧૬૨ માંથી માત્ર ૬૧૩ જણા જ ઈઝરાઈલ જવાને સમ્મત થયા ! ૧૯૮૮માં ૩૬ હજાર સોવિયેત નાગરિકો અમેરિકા ચાલી ગયા છે, ૧૯૮૯માં એક લાખ જતા રહ્યા છે અને ૧૯૯૦માં

અઢી લાખ જવાને ઉત્સુક છે ! શાનો દેશ ને શાનું અભિમાન ? સૌને અમેરિકાને પોતાનો દેશ કરવો છે. સંસારનું એ હાલ સ્વર્ગ છે !

સિગારેટ પીવી તે સ્વાસ્થ્યને હાનિકારક છે. એવા પ્રતિબન્ધની ખરી ઠેકડી દુનિયાના બધા જ પીનારા કરે છે, બલકે પીવા માટે ગમે તે કરે છે ! કોહિબા નામની સિગારેટ ક્યૂબામાં પ્રતિબન્ધિત છે. પણ ફિડલ કાસ્ટ્રોની એ ફેવરિટ છે. એટલે મળે છે, જોઈએ એટલી ! ભાવ ૨૫ના પૅકનો માત્ર ૩૦૦ ડૉલર છે ! ૧૨ ડૉલરની એક સિગારેટ પીવાની મજા દુનિયા બાપડી શું જાણે ?

૧૨-૩-૧૯૯૦
૨૦-૩-૧૯૯૦



૪

## ૧૨

# કટારલેખકની આચારસંહિતા

આપણે સમૂહ માધ્યમોના જમાનામાં જીવીએ છીએ. ફિલ્મ, રંગભૂમિ, ટૅલિવિઝન, રેડિયો અને પ્રેસ એટલે કે છાપાં સમૂહમાધ્યમો છે. કેટલેક અંશે સાહિત્ય પણ હવે સમૂહ માધ્યમ ગણાય છે. આ બધાં માધ્યમો જોડે યન્ત્રવિજ્ઞાનની નવી નવી શોધખોળોનો આ દિવસોમાં સતત પ્રયોગ-વિનિયોગ થઈ રહ્યો છે. પરિણામે સમૂહ માધ્યમો વિશે સતત વિચારતા રહેવું એકદમ અનિવાર્ય બની ગયું છે. પ્રત્યેક સમૂહ માધ્યમ અંગે અઢળક વિચારો વ્યકત કરતું ઘણું, થોકબંધ, લખી શકાય. પરન્તુ આજે પ્રેસની વાત કરીએ, અને તેમાંયે પ્રેસમાંના કટારલેખનની વાત કરીએ.

આ કટાર થોડો વિચિત્ર શબ્દ છે, થોડો ખોટી રીતે પ્રયોજાયેલો પણ છે. કટાર બે-ધારા શસ્ત્ર માટે વપરાતો જાણીતા અર્થનો શબ્દ છે. પણ કટાર એટલે કટાક્ષભરી દૃષ્ટિ કે કટાક્ષભર્યું વચન. પ્રિયાની નજરને કટાર કહીને કવિઓ ઘણું લખતા હોય છે. પરન્તુ કટારલેખક શબ્દમાંનો કટાર શબ્દ અરબી કિતારમાંથી ઊતરી આવ્યો છે અને એનો અર્થ છે વર્તમાનપત્રનું કૉલમ. કૉલમ આમ તો અંગ્રેજી શબ્દ છે. ઘણા કટારલેખકને સ્તમ્ભલેખક પણ કહે છે, કેમકે છાપાંમાં બધાં લખાણો થાંભલાની જેમ હારબંધ ઊભાં હોય છે. થાંભલા જેવા જડસુ લેખકોય કયાં નથી હોતા ?

## કટારલેખકનીઆચારસંહિતા

માધ્યમોના ઍથિક્સ અંગે વિશિષ્ટ અભ્યાસ કરતાં મારાં એક વિદ્યાર્થિનીએ મને કટારલેખક ગણીને, મને કેટલાક પ્રશ્નો પૂછેલા. ઍથિક્સ એટલે નીતિ, આચારવિષયક સંહિતા. સાદી ભાષામાં કહીએ તો કટાર લખવા પાછળનો હેતુ, એ હેતુ પાછળની દૃષ્ટિ, ફિલસૂફી અને તદનુસાર તૈયાર થતી કટાર એમ ઍથિક્સને સમજવા ગોળ ગોળ ફરવું પડે. શાસ્ત્રાર્થમાં ન પડીએ તો પણ થોડા સવાલો દરેક કટારલેખકે પોતાની જાતને પૂછવા ઘટે કે પોતે અમુક છાપામાં અમુક કટાર શા માટે લખે છે ? એવા લખાણ પાછળનો એનો મૂળભૂત આશય શો છે ? એ આશય એ શી રીતે પાર પાડે છે ? એમ કરવા જતાં કઈ કઈ મુશ્કેલીઓનો સામનો કરે છે ? વગેરે. બીજી રીતે પણ આ અને આવા સવાલો તેમજ તેના જવાબો ઉપયોગી છે. છાપાના દરેક વાચકે પોતાને ગમતા કટારલેખકને આ અને આવા સવાલો પૂછી એને વધુ ને વધુ ઓળખવો જરૂરી છે.

વિદ્યાર્થિનીબેને મને અનેક સવાલો પૂછેલા, એમાંના કેટલાક અહીં જવાબો સહિત રજૂ કરું છું. આશા છે એ મારા વાચકોને તેમજ પ્રેસ જેવા માતબર સમૂહ માધ્યમના અભ્યાસીને ઉપયોગી થશે.

મને પહેલો સવાલ એમણે એવો પૂછ્યો કે કટારલેખકની કામગીરીથી મને શું અભિપ્રેત છે. એટલે કે કટાર હું શા માટે લખું છું. મારો જવાબ કંઈક આવો હતો : પહેલી વાત તો એ કે આને હું કશી કામગીરી નથી ગણતો. હું જે સ્થળ-સમયમાં જીવું છું ને ત્યાં-ત્યારે મનુષ્યને જે કંઈ થાય છે, થવાનું હોય છે તે અંગે થતી લાગણીને મારી કૉલમ દ્વારા હું વાચા આપું છું. કૉલમ લખવા પાછળનો એ મારો પ્રથમ ઉદ્દેશ છે. એ લાગણી વિચાર-ચિન્તન-મનનની રીત પકડે કે કશી કાવ્યાત્મક અથવા આધ્યાત્મિક ભાત પણ પકડે. પણ મારો મૂળ આશય લાગણી વ્યકત કરવાનો છે અને એનું મારા વાચકોના મન-હૃદય લગી સંક્રમણ થાય એ રીતે વ્યકત કરવાનો છે. બીજું મને એ અભિપ્રેત છે કે આવી અભિવ્યકિતથી મને મળતો બૌધ્ધિક આનન્દ મારા વાચકને પણ મળે. મારા આનન્દમાં મારો વાચક સહભાગી બને.

બેને મને વિશેષ પૂછ્યું કે સામાજિક-રાજકીય પ્રશ્નો વિશે કટારમાં હું કયા હેતુથી લખું છું. મેં કહ્યું કે હમણાં દર્શાવ્યા તે બે ઉદ્દેશથી ત્રીજો કોઈ ઉદ્દેશ કે હેતુ મારા મનમાં કદી હોતો નથી. કોઈપણ પ્રશ્નનું સ્વરૂપ

વાચક સમક્ષ મારી રીતેભાતે ખુલ્લુ થવું જોઈએ જોકે કૉલમમાં વિશેષ જગા ન હોવાથી પ્રશ્નની મોટે ભાગે એકાદ વીગત જ આગળ કરવાનું મારું વલણ હોય છે. હું મારી કૉલમને ઉપદેશાત્મક ન બનાવવાનો મારો સંકલ્પ હમેશાં પાળું છું, યાદ રાખું છું. મને મારા વાચકને બોધ આપવામાં રસ નથી, હું એને વિચારતો કરી શકું તો બસ. સામાજિક-રાજકીય પ્રશ્નોની માંડણીમાં ને તેના વિશ્લેષણમાં મારો રસ વધારે છે, એ માટે હું રોચક માહિતીનો પણ ઉપયોગ કરું છું.

મને એમણે આ પણ પૂછ્યું કે કટારલેખક તરીકે નર્મદના સમાજ-સુધારાના કડખેદપણાના આદર્શને આજના સમયમાં હું કેટલી અગત્ય આપું છું. મેં કહ્યું કે બહુ નહીં. કડખેદપણાની ભાવનાથી લખવું જોઈએ, એટલે કે લખાણમાં દાઝ હોવી જોઈએ, બીજાને જોમ ચડે તેવા તેમાં ચમકારા હોવા જોઈએ, પ્રેરણા અને ઉત્સાહ વધારી મૂકનારો જોસ્સો હોવો જોઈએ. છતાં, ઊછીની ભાવનાથી ન લખાય. કટારમાં માહિતી ગમે ત્યાંથી મેળવાય, પણ કટારમાં ભાવના તો લેખકની પોતાની જ હોય. એ પોતાના અંતરના ખડિયામાં કલમ બોળીને ન લખે તો પછી બધું વ્યર્થ બની જાય છે. એટલે જોસ્સો નર્મદનો હોય તો પણ નકલ કરવા યોગ્ય વસ્તુ નથી. વળી બીજું એ કે નર્મદનો એકલો જોસ્સો આ જમાનાના કટારલેખક માટે પૂરતો નથી. એવો પ્રાથમિક જોસ્સો હવે ન ચાલે. આપણા પ્રશ્નોની ભૂમિકાઓ રોજે રોજ બદલાતી રહે છે અને વધુ ને વધુ સંકુલ બનતી ચાલે છે.

મને મારાં એ વિદ્યાર્થિનીબેને એક જાણીતો સવાલ આ પણ પૂછયો કે છાપાંની આચારસંહિતા અને સ્વનિયન્ત્રિત આચારસંહિતા વિશે હું શો અભિપ્રાય ધરાવું છું. મેં કહ્યું કે કોઈપણ લેખ પ્રામાણિક અને સત્યકેન્દ્રી હોય તો હમેશાં નિયન્ત્રિત હોય છે. લેખકોએ જાતે જ પરમ ફળદાયી બનવાના પરમ હેતુથી પોતે ઊભી કરેલી- સ્વનિયન્ત્રિત- આચારસંહિતાને અનુસરવું જોઈએ. બીજાની આપેલી કે બીજાએ લાદેલી આચારસંહિતા હમેશાં કષ્ટદાયક નીવડવાની. લેખક કોઈના આદેશથી ન લખી શકે, પણ પોતાના આદેશથી તો લખી શકે ! બલકે એણે પોતાના જ આદેશથી લખવું જોઈએ અને આદેશ વિના કદી ન લખવું જોઈએ.

એક સવાલ એમણે અખબારી આલમમાં ઉભરાતાં સનસનીખેજ, ચમકતાં-દમકતાં, ગળ્યાં-ગળ્યાં, ગલીપચી કરનારાં લખાણો અંગે પૂછેલો અને

ઉમેરેલું કે મને એવી ગીરદીમાં જઈ બેસવું શી રીતે ફાવે છે. મેં એમને મારો 'બાય-લાઈન'નો ચાલુ અનુભવ કહ્યો. મેં કહ્યું કે 'ગુજરાત સમાચાર'માં હું સુખપૂર્વક 'બાયલાઈન' લખી રહ્યો છું. મારે માથે વિચારશીલ ફાધર વાલેસની કૉલમ છે, મારી ડાબી બાજુએ સ્વસ્થ તન્ત્રીલેખ છે, જમણી બાજુએ શરીરના આરોગ્યની ઉપયોગી વાતો કરતા ગોવિન્દપ્રસાદ વૈદ્ય છે. મારી નીચે નરવું હસી લેનારા અને આછું હસાવનારા બકુલ ત્રિપાઠી છે ને ત્યાં જ વિચારવિમર્શભર્યું 'પ્રસંગપટ' છે. અને ધારો કે હું કોઈ ફિલ્મી મૅગેઝિનમાં કે 'ડિબોનેર' જેવા સૅક્સ અંગેની ઉઘાડેછોગ વાત કરતા સામયિકમાં પણ લખું, તો શો ફર્ક પડે છે ?

મારું લખાણ આજુબાજુનાં દૂષણોથી સડી જાય કે કમજોર પડી જાય એવું નિઃસત્ત્વ કદી હોતું નથી. મારા લખાણને એનું પોતાનું આગવું વાતાવરણ હોય છે...

બાય ધ વે, કટારલેખકને આપણે કૉલમનવીસ કહીએ તો વધારે સારું/સાચું નહીં ?

૧-૯-૧૯૮૮
૬-૯-૧૯૮૮

## ૧૩

# પત્રકારમિત્રો માટે કેટલાંક તાકીદનાં સૂચનો

વિશ્વમાં વળી એક વાર પુરવાર થયું કે લોકશાહી માત્ર જાગ્રત લોકો વડે જ ચાલે છે. ભલે રાજીવ ગાંધી અને કૉંગીનો પરાજય થયો, અથવા ભલે વી.પી.સિંહ અને રાષ્ટ્રીય મોરચાનો વિજય થયો. દેશની એ મહાન ઘટનાએ ખરેખર તો ભારતીય લોકશાહીના ઈતિહાસમાં નવા ઉઘાડની ઝાંખી કરાવી છે. હકીકતે વિજય પ્રજાનો થયો છે, કેમ કે પ્રજાસમૂહોની લાગણીને વાચા આપતા મતદારોએ આ વખતે ખાસ્સી પરિપક્વતા દાખવી છે. એઓ કશાથી ચળ્યા નથી. શાસકોએ સત્તા અને ધન બંનેના પ્રયોગ વડે લોભ લાલચ લાંચનો બેફામ દોર ચલાવેલો, બલકે સત્તા અને ધનપ્રયોગમાં બળપ્રયોગ ઉમેરીને હિંસા, દમન અને જોહુકમીનો પણ ખુલ્લેઆમ આશ્રય કરેલો. કહો કે ચીટકી રહેવાને બધા જ પ્રકારની બર્બરતા દાખવી હતી. પણ પ્રજા શાણી, સંસ્કારી અને ચતુર પુરવાર થઈ, છેતરાઈ નહીં, કશાથી મ્હાત ન થઈ એને સુચિહ્ન લેખવું રહ્યું. આવે વખતે જ લોકશાહીની જીવાદોરી લંબાયાનું જોઈ શકાય છે, સુખપૂર્વક જોઈ શકાય છે.

પરન્તુ આ પ્રજાવિજયને આડકતરી રીતે કોણે શકય બનાવ્યો ? તો કેવું રહેશે કે છાપાંએ. એ વિજયને પૂરા જોશથી સંકોરનારા તો દેશ-પ્રદેશના હજ્જારો પત્રકારમિત્રો છે. એમણે બોફોર્સની તોપ ફૂટી તે કાળથી શાસકો

વિરૂદ્ધ ખાસ્સો ઉપાડો લીધેલો અને નવ પરિવર્તન માટેની તમામ વૈચારિક ભૂમિકા રચવા માંડેલી. પ્રજામતને આ વખતે તેઓ સાચા અર્થમાં ઉપસાવી શકેલા, ખરી દિશામાં પ્રભાવિત કરી શકેલા. એથી વિશ્વમાં, વળી એક વાર પુરવાર થયું કે લોકશાહી હમેશાં મુક્ત છાપાં વડે, એટલે કે સ્વાયત્ત પ્રેસ વડે જ ટકે છે. હવે વીપીસિંહ-સરકાર દૂરદર્શન અને આકાશવાણીને પણ સ્વાયત્ત કરશે. પરિણામે લગભગ બધાં સમૂહ માધ્યમો ભારતમાં પહેલીવાર સ્વાયત્ત થઈને પોતપોતાની વિશિષ્ટતાનો પરસ્પરને લાભ આપશે, આપી શકશે. એથી લોકશાહીપ્રક્રિયાને અપૂર્વ ભાત સાંપડશે, પાકો અને સાચો રંગ ચડશે. વિચારો વિચારભેદો મતો કે મતાન્તરો જ લોકશાહીનો પ્રાણ છે અને મુક્તતા કે સ્વાયત્તતા વિના એની રક્ષા કદી થઈ શકતી નથી. મીડિઆની આવી સુખદ અવસ્થા પ્રગટવામાં છે ત્યારે પત્રકારમિત્રોને એમનાં કર્તવ્યો અંગે કેટલાંક તાકીદનાં સૂચનો કરવાનું સૂઝે છે :

ચૂંટણીમાં આ વખતે લડાઈનો મુખ્ય મુદ્દો બોફોર્સ-આદિ ભ્રષ્ટાચારનો હતો. 'બોફોર્સ-આદિ' એટલા માટે કે સ્વતન્ત્ર ભારતનો એ મુખ્ય અને શ્રેષ્ઠ ભ્રષ્ટાચાર મનાયો છે. પત્રકારોએ હવે ચાંપતી નજરે જોવું રહેશે કે વીપીસિંહ-સરકાર બોફોર્સ-આદિ ભ્રષ્ટાચારનું શું કરે છે. દેશમાં બોફોર્સથી 'ઈન્વેસ્ટિગેટિવ જર્નાલિઝમ'નો પાયો નખાયો છે. પત્રકારોએ હવે એ મૉડેલ પર અન્ય ભ્રષ્ટાચારોનાં શોધસંશોધન માટે વૉચડૉગની જેમ મથવું જોઈશે એ તો ખરું જ, પણ બોફોર્સ-પ્રકરણનું પોતાનું ઈન્વેસ્ટિગેશન હજી અધૂરું છે, કે અપ્રકાશિત છે, તે માટે પણ ભરપૂરપણે મથવું પડશે. એટલું જ નહીં, એનાં ઉચિત અને આવશ્યક પરિણામોને અંગેની જેહાદ પણ ચાલુ રાખવી પડશે. આ નહીં થાય, તો નવી સરકાર અને પત્રકારો હો-હા કરીને પ્રજાને બનાવી ગયાં એવી લાગણી પ્રસરશે.

વીપીસિંહ-સરકારની દાનત અત્યારે તો બિલકુલ સાફ જણાય છે. વીપી અને એમના મોટાભાગના સાથીઓ 'સ્પીરિટ'વાળા નવ-નેતાઓ છે. છતાં સૌની 'કોરી પાટી' છે એમ નહીં કહેવાય. દેવીલાલ જેવા અનેક એમાં શંકાસ્પદ પણ છે. ભ્રષ્ટાચારનો મુદ્દો સીધો શાસકોના ચારિત્ર્યને સ્પર્શે છે. નવી સરકારમાંના તમામ પ્રધાનો, પ્રવક્તાઓ કે નાના-મોટા નેતાઓ વિશે પ્રજા શું જાણે છે ? ઘણી વાર તો નામથી વિશેષ કંઈ નહીં ! પત્રકારોએ આ નવા શાસકોનાં વ્યક્તિગત ચારિત્ર્યને વિશેની તમામ વીગતો રોજે રોજ

પ્રજા સમક્ષ મૂકવાનો આ ખરેખરો અવસર છે. લોકોને જણાવો કે આ નવા નેતાઓ કેવાં કુટુમ્બોમાંથી આવે છે, કેવી કેળવણી પામ્યા છે, કેવો ઉછેર પામ્યા છે. એમનું પોતાનું કુટુમ્બજીવન કેવું છે, દામ્પત્યજીવન શું છે. દામ્પત્ય બહારનું જાતીયજીવન છે કે કેમ ? એમને પુત્રપુત્રાદિક છે ? છે તો, તેઓ બધાં શા વ્યવસાયમાં છે ? એમની અને એમનાં સન્તાનોની માલમિલકતની વીગતો જણાવો, એમની આવકો અને આવકોના આધાર-સ્રોત કયા છે તે જણાવો. ખાસ એ જણાવો કે એમનો રાજકીય ઈતિહાસ શો અને કેવો છે. એ પણ જણાવો કે એમની પાસે જીવન અંગેનો કે રાષ્ટ્ર અંગેનો કશો ભર્યોભર્યો વિચાર છે ? પૂછીને જણાવો. ખરેખર તો, ટોચના દરેક નેતાનું પ્રજાને સાચું જીવનચિત્ર મળવું જોઈએ. કશો વિસ્ફોટ થાય, કશું કૌભાંડ જાગે ત્યારે એમને વિશે જાણવા-જણાવવા નીકળવું તે ટ્રેન ચાલી ગયા પછી પાછળ દોડવા જેવું વ્યર્થ છે...

દેશના સંખ્યાબંધ મતદારોએ મુખ્યત્વે ગરીબીનિવારણની આશાથી નવી સરકારને ચૂંટી છે, મોંઘવારીનિયન્ત્રણની અપેક્ષાથી મત આપ્યા છે. પંજાબ, બોડો કે શ્રીલંકા જેવી સળગતી સમસ્યાઓ ઉકેલવી તે તો સરકારનો સીધો જ ધર્મ છે, એનું એ કરણીય છે, પરન્તુ દેશનો અદનો આદમી ચૅનથી જીવી શકે, રોજી રોટી રળી શકે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવું તે એની પહેલી અને પાયાની ફરજ છે. પત્રકારમિત્રો બધા ઈસ્યુઝ, બધાં થીમ, બધી સ્ટોરીઝને ભલે પ્રકાશિત કરે, પણ તે સૌમાં આ રોજીરોટીના મુદ્દાને અગ્રિમતા આપે, બલ્કે એને જ માનદણ્ડ ગણીને બધું તોળેજોખે એ હવે બહુ જરૂરી છે.

આઝાદીના ચાર-ચાર દાયકા વીતી ગયા પછી પણ ભારત દેશ હજી ગરીબ અને મધ્યકાલીન કે સામન્તયુગીન રહ્યો છે. હજી શાસન રજવાડી શૈલીનું જ રહ્યું છે - શોષક અને ભ્રષ્ટાચારી. લોકશાહીના નામે હજી આપણે કશી જડ ઘાલી ગયેલી દુષ્ટ રાજપ્રથામાં જ સબડીએ છીએ. નવી સરકાર આ બધા મુદ્દે કેવી અને કેટલી નવી છે તેનું રોજ સવારે પ્રજાને જ્ઞાન કરાવીએ - એ જ અત્યારે તો ખરો પત્રકારધર્મ છે. નહીં તો, આ નવો ઉઘાડ ગમે તે ઘડીએ ઓલવાઈને અંધારાની જાણીતી દિશા પકડી શકે છે...

૧૩-૧૨-૧૯૮૯
૧૯-૧૨-૧૯૮૯

૧૪

# કમ્યુનિકેશન અને જર્નાલિઝમના સંદર્ભે સંકેતવિજ્ઞાન

મને ઘણીવાર આપણી યુનિવર્સિટીઓનાં કમ્યુનિકેશન અને જર્નાલિઝમનાં ડિપાર્ટમેન્ટ્સમાં શું શીખવાતું હશે એવો એક પ્રશ્ન થાય છે. એ વિષયોના આપણા અભ્યાસક્રમો કેટલા પછાત કે પ્રાથમિક છે તે તપાસવાની પણ મને કશી તક નથી મળી. છતાં મારું ચોક્કસ માનવું છે કે કમ્યુનિકેશનનું કે જર્નાલિઝમનું આપણે ત્યાંનું અધ્યયન-અધ્યાપન સંકેતવિજ્ઞાન એટલે સૅમિઓટિકસની આધુનિક ભૂમિકાએ તો નહીં જ થતું હોય.

સંકેતવિજ્ઞાન સંકેતોને વિશેનું વિજ્ઞાન છે અને જ્યાં-જ્યાં સંકેત છે ત્યાંત્યાં એનો ખપ છે, કહો કે એની અનિવાર્યતા છે. આપણે કમ્યુનિકેશન અને માસ-કમ્યુનિકેશનના જમાનામાં જીવીએ છીએ, હવે તેમાં ઈલેકટ્રૉનિકસ એક અકાટ્ય અંગ તરીકે પ્રવેશી ચૂક્યું છે. આપણી સભ્યતા એટલે કે માનવ-સંસ્કૃતિ આજે સંકેતોના પણ સંકેતોની એક અતિ સંકુલ વન જેવી ભરચકતામાંથી પસાર થઈ રહી છે. એ સંજોગોમાં એનું વિજ્ઞાન શીખવા-શીખવવામાં જેટલું મોડું થાય તેથી અનેકગણું ખોટું થવાના સંજોગો વધતા જાય એ હકીકતનો આપણે વિના વિલમ્બે સ્વીકાર કરી લેવો જોઈએ.

કમ્યુનિકેશનના મુદ્દાને પરમ્પરાગત રીતે ભાષાવિજ્ઞાન સાથે જોડવામાં આવતો, પરન્તુ હવે સંકેતવિજ્ઞાન સાથે જોડવાનું જ મુનાસિબ મનાયું છે. એટલા માટે કે સંકેતવિજ્ઞાન એક અતિ વ્યાપક વિજ્ઞાન છે. એટલું જ નહીં, ભાષાવિજ્ઞાન તેની એક માત્ર શાખા છે ! જર્નાલિઝમના મુદ્દાને પણ માત્ર ભાષાની ભૂમિકાએ જોવાને બદલે સમગ્ર સંસ્કૃતિની ભૂમિકાએ જોવાનું ઉચિત મનાયું છે. સમગ્ર સંસ્કૃતિ એટલે આપણી ચોપાસ પડેલી જાતભાતની સંકેત-રીતિઓ, પ્રકાર પ્રકારનાં સંકેતતન્ત્રો. હું જે આ વાત કરી રહ્યો છું તેનો જ દાખલો લઈને જરા સ્પષ્ટતાથી સમજાવું : આ વાત હું ગુજરાતી ભાષામાં ગુજરાતીના જાણકારોને પહોંચે તે માટે કરી રહ્યો છું. તેમાં હું ગુજરાતીના ભાષાતન્ત્રનો અને મારા પોતાના ભાષાતન્ત્રનો ઉપયોગ કરી રહ્યો છું. આ વાતનો વાચક પણ ગુજરાતી ભાષાતન્ત્રનો તેમજ પોતાના ભાષાતન્ત્રનો ઉપયોગ કરવાનો છે. આ વાત એક દૈનિક છાપાના સંકેતતન્ત્રની ભૂમિકાએ રજૂ થઈ રહી છે. છાપામાં આ વાત ઉપરાન્તની પણ ઘણી બધી બાબતો છે અને તે બધી તે-તે તન્ત્રોની ભૂમિકાઓ પરથી રજૂ થઈ રહી છે એમ જ કહેવું પડશે. વળી છાપું જાહેરખબરના એક વિશિષ્ટ સંકેતતન્ત્રનો પણ ઉપયોગ કરે છે અને તે વડે પ્રગટેલી સામગ્રી પણ પીરસે છે. જાહેરખબરો છાપામાં મુખ્યત્વે દૃશ્યોનો અને ગૌણભાવે ભાષાનો ઉપયોગ કરે છે. એનાં દૃશ્યો પાછાં અનેકાનેક ભિન્ન ભૂમિકાઓ પરથી આવેલાં છે. છાપાં સિવાયનાં રેડિયો, ફિલ્મ કે ટીવી જેવાં દૃશ્ય-શ્રાવ્ય પાસે જઈએ તો તેમાં દૃશ્ય ઉપરાન્તની બીજી અનેક ભૂમિકાઓ અને તેનાં તન્ત્રો ઉમેરાય છે.

આજનો માણસ છાપું વાંચતો-વાંચતો ટીવી જુએ અને ટીવી જોતો-જોતો છાપું વાંચે, સાથે ડાયરીમાંથી પોતાના આખા દિવસની અપૉઈન્ટમેન્ટ્સનો વિચાર પણ કરે ને એ બધાં દરમ્યાન પ્યાલામાંની ચા પીતો જાય, ડિશમાંની નાસ્તાની વાનગી આરોગતો પણ જાય. અપોઈન્ટમૅન્ટ્સની વિગતો અને ચા-નાસ્તો પણ એના ચિત્તમાં જાણ્યે-અજાણ્યે પોતાનું કામ કરતાં હોય. -એટલે કે પોતાના સંકેતો પહોંચાડતાં હોય, નવા સંકેતો જગવતાં હોય.

છાપું-ટીવી-નાસ્તો-અપૉઈન્ટમેન્ટ્સમાં પરોવાયેલો એ ગુજરાતી સજ્જન સંભવ છે કે આગલી રાતે ટીવી-સીરિઅલ 'ઉડાન'નો ઍપિસોડ જોઈને બેઠો

હોય. સંભવ છે કે ગયે અઠવાડિયે એ કોઈ કવિ-સંમેલનમાં જઈ આવ્યો હોય, તો આજે સાંજે આર્ટગૅલેરીમાં અમસ્તી લટાર મારવા જવાનો હોય. ટૂંકમાં, આજના જમાનામાં એ કોઈ એક સંકેતતન્ત્રમાં નહીં, પણ અનેકમાં જીવે છે. કોઈ એક ભાષા નહીં, અનેક એને પોતાના સંકેત કે સંદેશ પહોંચાડે છે. બીજી રીતે એમ કહેવાય કે આજનો એ ગુજરાતી માણસ 'ગુજરાતી' ઉપરાન્તની 'બીજી' 'ભાષાઓ' વચ્ચે છે. એ 'બીજી' 'ભાષાઓ' તે રંગોની અવાજોની ચિત્રોની ફૅશનોની કપડાંની જાહેરખબરોની વગેરે વગેરે. એનો કોઈપણ સંકેત માત્ર ભાષાનો નથી, બલ્કે પત્રકારત્વ, રાજકારણ, અર્થકારણ કે સમાજકારણથી 'લેપાયેલો' છે.

સંકેતવિજ્ઞાન આ તમામના સંકેતોને પોતાની વિષય-સામગ્રી ગણે છે અને 'વર્બલ' તેમજ 'નૉનવર્બલ' તમામ પ્રકારનાં કમ્યુનિકેશન્સની વિજ્ઞાનીય પદ્ધતિની ચર્ચા કરે છે. દરેકની સહિયારી વિશેષતા, સીમા અને મર્યાદા બતાવે છે. કમ્યુનિકેશનને હવે જર્નાલિઝમ પૂરતું મર્યાદિત ગણવું કે જર્નાલિઝમને 'રિપોર્ટિન્ગ' કે 'સ્ટોરી'-રાઈટિન્ગ કે 'ઍડિટોરિયલ-પ્રોજેક્ટિન્ગ' જેવી માત્ર 'ભાષાકીય' બાબતોમાં સીમિત લેખવું તે ઠીક નથી. તે ઉપરાન્ત તે ઘણું છે.

સંકેતવિજ્ઞાન અનુસાર મનુષ્ય સંકેતોની જાળમાં ગ્રસ્ત છે, બલકે એ આખ્ખો સંકેતોનો જ બનેલો છે! વ્યક્તિનું 'કમ્યુનિકેટિવ વર્લ્ડ' દિવસે દિવસે ઘણું સંકીર્ણ અને સંકુલ બનતું આવે છે. અને તેમ તેમ સંકેતવિજ્ઞાનની મહત્તા સ્પષ્ટ થતી આવે છે. આજે પશ્ચિમમાં સાહિત્ય કલા અને જ્ઞાન-વિજ્ઞાનની તમામ શાઆઓમાં કે કોઈપણ વિદ્યાશાખામાં સંકેતવિજ્ઞાનીય દૃષ્ટિભંગિને શિરમોર ગણાય છે. એને 'વિદ્યાશાઆઓની વિદ્યાશાખા' કહેવાય, તો ખોટું નહીં. સંસારનું એક અપૂર્વ માહિતી-સમાજમાં રૂપાન્તર થઈ રહ્યું છે અને તેમાં તમામ માધ્યમો પોતપોતાની સંકેતપદ્ધતિઓ વડે પ્રદાન કરી રહ્યાં છે. પ્રિન્ટ મીડિયમ પર અન્ય મીડિયાનું આક્રમણ છે, અથવા તો તેમની વચ્ચે સરસાઈ છે. હવે તો કમ્યુનિકેશન નહીં, પણ 'ઈન્ટરકમ્યુનિકેશન'નો જમાનો આવ્યો છે. દુનિયાને હવે કોઈ એક શાસ્ત્ર કે વિજ્ઞાનની એકપક્ષી વાતમાં રસ નથી, કોઈ એક જાતની એકાંગી ચર્ચામાં કે વિવાદમાં રસ નથી, તેને તો સતત વિસ્તરતી રહેતી સર્વાંગી 'વાતચીત'માં રસ છે. આપણે હવે 'કૉન્વર્સેશન'ના જમાનામાં આવી ગયા છીએ. એટલે

'ડાયલોગ'-વાળા સૉક્રેટીસ કે 'પ્રિન્ટિગ'-વાળા મકલુહાન આજે ભારે કાળગ્રસ્તતાઓ લાગે છે.

આપણું આજનું સમગ્ર શિક્ષણ સાધનસમ્પન્ન ખરું, પણ હકીકતે અભાવગ્રસ્ત છે. કમ્યુનિકેશન અને જર્નાલિઝમનાં ડિપાર્ટમેન્ટ્સ આપણે ત્યાં માંડ-માંડ ખોલી શકાયાં છે ને તે ય કેટલાં મોડાં ! એમાં વિષયના ખરેખરા નિષ્ણાતો અને સૂત્રધારો દુર્લભ છે. ઘણીવાર તો પત્રકારોને જ તેમ ગણીને ચાલવામાં આવે છે અને ત્યારે આપણી દૃષ્ટિમતિનું માપ મળી આવે છે. બધું માગી-ભીખીને ચલાવાતું કંગાળ દેખાતું હોય, છતાં તેને જ 'ઓકે' ગણીને ચાલવામાં આવે તો તેથી મોટી કરુણતા કઈ ? બંને વિષયની તાકીદની આધુનિકતાઓનો ઝડપથી આ વિષયના અભ્યાસક્રમોમાં સમાવેશ કરવાની જેને પણ ઈચ્છા થશે, તે પોતાની તેવી શરૂઆત સંકેતવિજ્ઞાનથી કરશે એમ આશા રાખીએ.

૭-૧-૧૯૯૨

૧૪-૧-૧૯૯૨

૧૫

# ઝૂંપડાં-માથે ઍન્ટેના

ટીવી ભુખાળવું માધ્યમ છે. એને જે અને જેટલું નીરો, બધું ઓઈયાં કરી જાય છે. એનું ડોઝું ભરવું એ અતિ ખર્ચાળ પ્રવૃત્તિ છે. ઘેરઘેર અને ગામેગામ આ મોંઘું ડબલું ગોઠવી દેવાની સરકારની મુરાદ પ્રશંસનીય છે. પણ ગરીબ દેશને રોજનો આ હાથ્થીનો ખર્ચો પરવડે શી રીતે ? વિકાસશીલ દેશો રાતોરાત આધુનિક થવા હવાતિયાં મારી રહ્યાં છે. ટીવીની દેશવ્યાપી સિસ્ટમ હવે તો આપણે જડબેસલાક ગોઠવી દીધી છે. ખરે જ, ભારતે ઝાંવું નાખ્યું છે... ઝૂંપડે ખોડાયેલો ટીવી-ઍન્ટેના વાસ્તવમાં આપણી કંગાલિયતની ચાડી ખાય છે... ધૂમિલ સાંજે, ઍન્ટેનાની અનેકો ઠાઠડીઓ પર શહેરનું પ્રેત ધૂણતું ટાઢું પડે છે...એના મોક્ષની ઘડી તો કદી નથી આવવાની...સૂર્યસ્નાન કરીને સવારે આપણી ભેગું શહેર પણ બેઠું થઈ જાય છે...અવિરામ માનવએષણા સંસ્કૃતિને દોરવ્યા કરે છે, એને સદા દોડતી રાખે છે. ગતિશીલતાનું નામ જ સંસ્કૃતિ છે. એમાં કશી પ્રાયોરિટીઝ નથી હોતી, ઠરીને વિચારવાનું નથી હોતું, ઝંપલાવવાનું હોય છે.

મોટા પાયાના ઉદ્યોગો વડે જવાહરલાલે દેશને મોટી હરણફાળ ભરાવેલી. હળ-લાકડાં અને બળદ-ગાડાંની ધૂળિયા સંસ્કૃતિનો એમણે એકાએક કાયાકલ્પ ઈચ્છેલો. ગાંધી જેવા ગાંધી પણ પ્રગતિના મામલામાં ઘણાંને 'દેશી વસ્તુ' લાગેલા. ચાદર જોઈને સૉડ તાણવાની એમની વાણિયાગત જવલ્લે જ કોઈને

ગળે ઊતરેલી ઈન્દિરાજી પિતાથી વધારે મોટાં સ્વપ્નસેવી રહ્યાં હતાં. ટીવીનું સ્વપ્ન એમને આવેલું, રાજીવે એનો સાક્ષાત્કાર કર્યો છે. એ સાક્ષાત્કારને એઓશ્રી એકવીસમી સદી લગી વિસ્તારવા ચાહે છે. ગરીબી, ભૂખમરો, નિરક્ષરતા, બેકારી, ભ્રષ્ટાચાર વગેરેની ભૂતાવળ વચ્ચે, 'આ બી એક રંગ' છે. ખેલ શરૂ થઈ જ ગયો છે, તો શોક કરવાને પણ તક કેટલી રહેવાની છે ? માહિતીપ્રધાન શ્રી ગાડગીલે થોડા મહિના પર કહ્યું હતું કે 'ટીવી-પ્રસારણ હેઠળ દેશની સિત્તેર ટકા વસતિને આવરી લેવાઈ છે.' જોનારા જોકે પાંચ કરોડ પણ નથી. એટલે ટીવી વિશે શોચ કરવાની તક તો ઊભી છે. આ સમૂહ-માધ્યમની ખરેખરી તાકાત શી છે, એનો ઉત્તમ ઉપયોગ કેવો હોય તેનો વિમર્શ કરી શકાય. ખેલ પર ચાંપતી નજર રાખી શકાય તો એની સાર્થકતા પણ સમજાય.

જો કે આ નવી ચીજ વાપરતાં હજી આપણને આવડયું નથી. એની અનેક સ્વીચોની ભરમાર ઘણાને મૂંઝવે છે. મચડવાથી બગડે- ઘણા એવો ભય અનુભવે છે, કશું કન્ટ્રોલ કરવા જેવું એમને સૂઝતું જ નથી. મોટા ભાગનાનું ઑન-ઑફફથી ચાલે છે. ચૅનલોની વિવિધતાના અભાવમાં, પોતાના સોફિસ્ટિકેટેડ પીસનો પૂરો સંતોષ લઈ શકાતો નથી, એમ ઘણા મનોમન ધૂંધવાય છે પણ ખરા. હકીકતે, ભારતમાં ટીવી, સિનેમા જોનારી પ્રજાના ખોળામાં આવી પડયો છે. હિન્દી ફિલ્મ કશા કષ્ટ વિના ઘેરબેઠાં જોવા મળે છે અને ટિકિટની તો પંચાત જ નથી. વળી જેટલા જોનાર એટલી ટિકિટ-વાળો ખર્ચાનો પ્રશ્ન પણ અહીં નથી. એટલે જ દૂરદર્શનવાળા અઠવાડિયે બે 'ફીચર ફિલ્મ' બતાવે એવો આગ્રહ રખાય છે. એ હિન્દી સિનેમામાંથી પસંદગી પામી હોય એટલે ભયોભયો. એ ફિલ્મો સૅકન્ડ કે થર્ડ ગ્રેડની હોય એની ચિન્તા કોઈને નહીં, કેમ કે એવી ખબર તો પડે છે જ કોને ? એક જ અઠવાડિયામાં બે-બે કચરો ફિલ્મ જોઈ શકતી પ્રજાને 'ચિત્રહાર' અતિ પ્રિય હોય એ સ્વાભાવિક છે. લોકો પૂરા ખેંચાણથી એ માણે છે. 'ચિત્રહાર'માં કાર્યક્રમ જેવું કંઈ છે જ નહીં. એ એક સાદી છેતરપિંડી છે. હિન્દી સિનેમાના મોંઢામાંથી ટીવીને ઝડપથી બચાવી લેવાની જરૂર છે, નહિતર આપણા સંસ્કારજીવનને એ ભરખી જશે. પણ ટીવીવાળા પ્રજાની આ 'લાગણી'ને પંપાળે છે, કહો કે સામેથી આવકારે છે. સિનેગોઅર્સની રુચિને ઘડવાનું મોટું કામ એમનું છે એની એમને જાણ

નથી. વગર કડાકૂટે લોકો રીઝે છે, તો નવું કંઈ પણ શું કામ કરવું ?

પ્રજાના આ સિનેમાપ્રિય માનસનો ચેપ પણ ઊડયો છે. હિન્દી સિને-જર્નાલિઝમ ચિત્રોની કલા-સમીક્ષાને બહુ ઓછું સ્થાન આપે છે. મોટા ભાગનાં ફિલ્મપત્રો ગૉસિપ અને ચુલબુલી નટીઓનાં બ્લોઅપ-બ્લોહૉટ ફોટો-ફીચર્સ પર નભે છે. એમાં, સમાજ પરના એક પ્રભાવક મીડિઅમ લેખે સિનેમાની થવી જોઈતી નુકતેચીની ઓછી થાય છે. થાય છે તો પ્રસંગોપાત્ત થાય છે. પ્રિય કલાકારના જીવન વિશેનું કુતૂહલ અસ્વાભાવિક નથી, પણ એ જ દિશામાં નિયમ બનાવીને કાયમ ચીતર્યે રાખવું ઠીક નથી. અમુક લખનારા ટૅસથી વાર-તહેવારે અભિનેતા-અભિનેત્રીનાં જીવનની ખાસ્સી ખણખોદ કર્યા જ કરે છે. આનો પડઘો ટીવી-જર્નાલિઝમ પર પડયો છે. ટીવીની ન્યૂસરીડર કે ઍનાઉન્સર બહેનોને લોકો નટીઓની રીતે જુએ છે. કોની સાડી કેવી છે, કોનો મૅક-અપ ઓછો છે, કોણ કુંવારું છે, સૌથી સુન્દર કોણ છે, વગેરે અંગત વીગતોમાં કેટલાક પત્રકારો રાચે છે. સલમા સુલ્તાન હસતી કેમ નથી અને સાધના શ્રીવાસ્તવ વધારે કેમ હસે છે, એવા એવા પ્રશ્નો આગળ કરાય છે.

પણ ખરા પ્રશ્નો જુદા છે : સલમા સુલ્તાન મોં પૂરું ખોલ્યા વિના બોલે છે અને શબ્દાન્તે આવતા 'ર'કારને ઉચ્ચારી શકતાં નથી. કેટલાક જ હિન્દીભાષીઓમાં જોવા મળતી આ ઉચ્ચારણ-મર્યાદા એમના દાખલામાં તીવ્ર બની રહે છે : 'ક્ષેત્ર'- ને તેઓ 'ક્ષેત' કહે છે, 'કેન્દ્ર' ને 'કેન્દ', 'પત્ર'ને 'પત', 'છાત્ર'ને 'છાત'. 'મિશ્ર' એમના નિયમે 'મિશ્શ' થઈ જાય છે અને 'શ્રી અગ્રવાલ' 'શ્શી અગવાલ'. એ જ રીતે રામુ દામોદરન એક આબાદ ગોખુની રીતે અંગ્રેજી કડકડાટ બોલી જાણે છે, પણ એવા શૈલીવેડામાં કયારેક સમાચારો 'પહોંચાડી' શકતા નથી. ગુજરાતના અનામત આંદોલન દરમ્યાન દિલ્હીના લગભગ બધા જ ન્યૂસ-રીડરોએ સબરકંઠ (સાબરકાંઠા), ઢોલકા (ધોળકા), કાડી (કડી) કે નાડિયાદ (નડિયાદ) જેવા અપપ્રયોગોથી ગુજરાતીઓને ચોંકાવ્યા હતા. તો વળી, ગુજરાતી ન્યૂસ-રીડર, અશોક ગેહલોટને 'ઘેલોત' કહીને હવે ઑર ચોંકાવે છે. સ્થળો અને વ્યકિતઓનાં નામોનાં સાચાં ઉચ્ચારણોની, નાની પણ મહત્ત્વની, એક કેન્દ્રવ્યાપી વ્યવસ્થાય દૂરદર્શને હજી ઊભી કરી નથી. દિલ્હી દૂરદર્શન 'પૉઈન્ટ કાઉન્ટર પૉઈન્ટ'ને 'પ્વૉઈન્ટ કાઉન્ટર પ્વૉઈન્ટ' લખે છે. 'ઈસ્યૂઝ'ને 'ઈશુઝ' કહે છે અને 'ધિસ

વાયલન્ટ યુનિવર્સ'ને 'દિસ વૉયલેન્ટ યુનિવર્સ' કહે છે !

એમની કેટલીક સમાચારવાચનાઓમાં વાક્યો અંગ્રેજી વાક્યરચનાથી ખોટી રીતે પ્રભાવિત હોય છે. જે.વી. રમણ વાંચે કે વિત્તમન્ત્રી શ્રી વિશ્વનાથ પ્રતાપ સિંહને ઈસ બાતકા ખણ્ડન કરતે હુએ કહા કિ દેશમેં કાલા ધન બિલકુલ નહીં હૈ, કરચોરી પૂરી તરહ સે નષ્ટ કર દી ગઈ હૈ, આવશ્યક ચીજો કે દામ બઢ ગયે હૈં...વગેરે, તો લોકો 'ખણ્ડન'ને ભૂલી જાય અને એમ સમજે કે નાણાપ્રધાન આપણને મૂરખ બનાવે છે ! ને ખરેખર બનાવે, ત્યારે ટીવી કંઈ થોડું બોલે ?

ટીવી ટીવીવાળાઓને પણ હજી વાપરતાં આવડયું નથી. 'ભાષાને શું વળગે ભૂર' કહેનારાઓને અહીં સ્થાન નથી. પ્રાદેશિક ભાષાઓનું મોટાભાગનું પત્રકારત્વ એ માન્યતાનો શિકાર બની રહ્યું છે. ટીવી દ્રશ્ય અને શ્રાવ્યનું બેવડું માધ્યમ છે. એનો મૅસેજ ટૂંકો, અસરકારક પણ ક્ષણજીવી હોય છે. થોડી મિનિટોમાં બધી લીલા કરીને સમેટી લેવાની હોય છે. એટલે, એમાં સૌ પ્રથમ એના શ્રાવ્ય ભાગ પર પૂરું ધ્યાન અપાય એ પાયાની શરત છે. મોટા ભાગના ટીવીપ્રોડયુસરો અને અધિકારીઓ રેડિયો, રંગભૂમિ, ઍડ-બિઝનેસ કે સાહિત્યનું બૅકગ્રાઉન્ડ ધરાવે છે. એમની એ સંચિત નિપુણતાનો ટીવીને ઉત્તમોત્તમ લાભ મળવો જોઈએ. બીજી બાજુથી જોઈએ તો જુદું જ બને છે. રેડિયોના માત્ર શ્રાવ્ય માધ્યમમાં કે સામયિકના માત્ર વાચ્ય માધ્યમમાં શોભે એવું હોય એને ટીવી પર લવાય છે. એનો શો અર્થ ? ટીવી કે મૂવીમાં કૅમેરા જ લખે, બોલે, વાંચે, એની તો ખૂબી છે ! સત્યજિત રે, મૃણાલ સેન કે શ્યામ બૅનેગલની ઑફફ-બિટ ફિલ્મોએ માધ્યમની એ કેન્દ્રવર્તી તાકાતનો સરસ પરિચય આપ્યો છે. ઈન્દિરાજીની હત્યા પછી નાના-મોટા અનેકોની ટીવી પર શ્રદ્ધાંજલિઓ આવી હતી. બજેટ પછી વારંવાર પ્રતિભાવો આવેલા. વડાપ્રધાનની હત્યા જેવી કારમી ઘટનાની કે બજેટ જેવા મોટા મુદ્દાની પ્રતિક્રિયા ટીવી ભલે ઉપસાવે, પણ એની સામગ્રી નરી શ્રાવ્ય ઢાંચાની હોય તો અતિરેકો ઉઘાડા પડી જવાના. દેશના સળગતા સવાલોની ચર્ચાઓને 'ફોકસ' કરાય એ ઠીક છે. પણ પાંચ જણા વીસ મિનિટ લગી ચર્ચાચર્ચી કરે એ ટીવીમાં ઝાઝું ઉચિત ન ક્હેવાય. વારંવારની એવી ટીવી ડિબેટ્સ બોરિન્ગ બનવાની.

એ જ રીતે ટુચકા કહેવા માટે, વાર્તાઓ વાંચવા માટે કે નિબન્ધો

ગગડાવવા માટે ટીવી નથી. કાર્યક્રમ શાળેય હોય, યુનિવર્સિટી કક્ષાનો હોય કે ભલેને બાળકો માટેનો હોય- ભાષણોથી ચાલવાનો હોય તો ટીવીમાં જવાની જરૂર જ ક્યાં રહી ? ઈએમઆરસી હેઠળ ગુજરાત યુનિવર્સિટીએ પ્રસ્તુત કરેલા શરૂ શરૂના કેટલાક કાર્યક્રમો આવા નિબન્ધવાચનના હતા. એની સામગ્રી 'મૂલ્યવાન' હોય એટલે જ અહીં નિષ્ફળ નીવડે. 'બચ્ચોં કે લિયે'માં એક વાર એક બહેન ગ્રીમ બ્રધર્સની સુખ્યાત 'ફૅરી ટેલ્સ'માંથી પઠન કરતાં હતાં. આમ તો એમને જ વાંચતા જોવાનાં હતાં, વચ્ચે વચ્ચે બે-ત્રણ ચિત્રો મુકાતાં હતાં એટલું આશ્વાસન. બહેનને જવલ્લે જ ખબર હશે કે આ પરીકથાઓ મૂળે જર્મનમાં છે અને એમણે તો અંગ્રેજી-અનુવાદનું પઠન કરેલું. એ લાબાં કંટાળાજનક પઠનથી બાળકોને શું થયું હશે તે તો ભગવાન જાણે. ટીવી મુખ્યત્વે જોવા માટે છે, સાંભળવા માટે નહીં. માસ્તરોને સાંભળીને કંટાળ્યા છીએ, એટલે તો આ પ્રભાવક માધ્યમમાં ગયા છીએ. યુજીસી પોતાના ટીવી પ્રોગ્રામો વખતે ભલેને કલાસરૂમને 'કન્ટ્રીવાઈડ' કહે, એ રેઢિયાળ કલાસરૂમ ન રહેવો જોઈએ એ તો અપેક્ષા છે ! શિક્ષક, વિદ્યાર્થી અને વર્ગખણ્ડથી ઓળખાતી નિશાળ ટીવીની નથી. એનું શિક્ષણ સાવ જુદી જ પદ્ધતિનું છે. એનો સ્ક્રીન બ્લૅક-બૉર્ડ નથી કે તમે એ પર વ્યાખ્યાનો છાપો. ટીવીની ઍજ્યુકેશનલ 'મોડસ ઑપરેન્ડી' (વિનિયોગ-રીતિ) આપણે જાણતા નથી - જેવી રીતે આપણે 'ઓપન યુનિવર્સિટી'ને જાણતા નથી. ટીવી હકીકતે મોંઘું માધ્યમ છે. આપણે સોનાની છરીથી શાક સમારીએ છીએ !

૨

પ્રેસ પછીનું સૌથી ભંગુર (ઈફીમરલ) સમૂહમાધ્યમ ટીવી છે. સવારનું છાપું, સાંજનું આવે પછી પસ્તી બને- અહીં તો બીજો કાર્યક્રમ પહેલાને પલકારામાં ભૂંસી નાખે છે. આપણે કબીરના ભજનમાં પરોવાયા હોઈએ કે રાગ મિયા મલ્હાર, વરસતા વરસાદ વચ્ચે કંઈક જામ્યો હોય, ત્યાં જ કાર્યક્રમ પતી જાય છે. પછીનો કાર્યક્રમ તુરત જ તમને 'હૉટ ટ્રેક્સ'ના પૉપ મ્યુઝિકમાં મૂકી આવે છે. એક જ સાંજે, કોઈની શોકસભામાંથી પરભારા લગ્નસમારંભમાં જોડાઈ જતા શહેરીઓને આ ભંગુરતા ઝાઝી કઠતી નથી. માધ્યમની વેશ્યાગતથી એ ટેવાઈ જાય છે. ટીવીનો મૅસેજ તરત ભોગવી લેવાની ચીજ છે. એની જ તો મોહિની છે ! એટલે ભંગુરતાથી ચિન્તિત

નહીં, પણ આપણે એની મોહિનીથી આક્રાન્ત છીએ. હવે ધીરે ધીરે ટીવીના બંધાણીઓ પણ પરખાવા માંડશે. ભલે એ ઈડિયટ બૉક્સ કહેવાતું હોય, આપણે ત્યાં તો, એના દર્શકોની સંખ્યામાં સ્વાભાવિક જ વધારો થવાનો.

દેશમાં ટીવી 'સૅટ' થતાં જ મોટી ઊથલપાથલો શરૂ થઈ છે. આજે વરસે દહાડે આપણે ૨૫ લાખ ટીવી સૅટની ઉત્પાદનક્ષમતા ધરાવીએ છીએ. નજીકના ભવિષ્યમાં, એક અંદાજ મુજબ ટીવી ડિમાન્ડ ૪૦ લાખની થશે. ભાવો ઘટયા છે, સરકારના સૂચિત દરોની નજીક જવા માંડયા છે, પણ ઉપાડ નથી. ભારતીય નાગરિક માટે હજી એ લક્ઝરી છે. સરકાર દેવું કરીને ઘી પી શકે છે, પણ ગ્રાહક માટે ટીવી 'વિચારવાની વસ્તુ' છે. અમેરિકામાં ૧૫૦ થી ૫૦૦ ડૉલરની રૅન્જમાં સામાન્ય ટીવી સુલભ છે. આપણે ત્યાં પાંચસો શું પાંચ હજારમાંય દુર્લભ છે. સરકાર ઈચ્છે છે એટલી ઝડપથી બધું બદલાઈ જવાનું નથી. દેશનો સર્વાંગી વિકાસદર ધીમો છે. વારસાગત ભારતીય સમાજને માહિતી-સમાજ (ઈન્ફર્મેશન સોસાયટી)માં બદલવાનું કામ કપરું છે. 'ઝૂંપડાં-માથે ઍન્ટેના'નો વિરોધાભાસ લાંબું ચાલવાનો છે. એટલે જ, ટીવી જોડેના બોથડવેડા ચાલશે નહીં - એના વલ્ગરાઈઝેશનને શરૂથી જ ડામવું જોઈશે.

કૅમેરામૅનો, પ્રોડયુસરો, સ્ક્રિપ્ટ-રાઈટરો, ઍનાઉન્સરો, ન્યૂસ-રીડરો અને કહેવાતા કલાકારોનો એક મોટો વર્ગ દેશમાં આજે ટીવી ભણી ઊમટયો છે. ગીત, ગઝલ, સંગીત, નાટક, નૃત્ય વગેરેમાં ટૅલિકાસ્ટ થવા ઘણા થનગની રહ્યા છે. કંઈને કંઈ જાતનો પ્રવેશ મળે. 'ક્વીઝ'માં પ્રશ્ન પૂછવા કે બેસવા પણ મળે તો ખુશ થનારા ઝડપથી બહાર આવ્યા છે. આ ઊઘલાવો સારી વસ્તુ છે. એનાથી અનેક નવી ટૅલૅન્ટ બહાર પડશે. ટીવી હજી હિન્દી ફિલ્મો વિશેની ઘેલછાથી ગ્રસ્ત છે, છતાં હિન્દી સિનેમા-ઉદ્યોગ માટે એણે દહેશત ઊભી કરી છે. સિનેમાગૃહોની ઘરાકી નરમ પડી છે. આપણને બૂકિન્ગની લાઈનમાં સરખા રાખનારા પેલા લાલાઓ હવે ઘાંટા-ઘાંટ નથી કરતા. એમને પાનો ચડાવનારી અને 'બ્લૅક'વાળા છોકરાઓને વંઠાડી મૂકનારી ગિરદી વિનાનાં થિયેટરો હવે ઠાવકાં દીસે છે. માંદગી અને રાજકારણ પછી સુપરસ્ટાર અમિતાભની ખ્યાતિમાં ફેર પડયો છે. બચ્ચનનો કોઈ શકિતશાળી પર્યાય હજી ઉપસ્યો નથી, પરિણામે સ્ટારડમ આજકાલ ઝાંખુંપાંખું છે. અત્યન્ત લોકપ્રિય સીરિઅલ 'હમ લોગે' જનતા કૉલોનીના જીવનરાગને

આબાદ ઘૂંટી બતાવ્યો છે. મધ્યમવર્ગની યથાર્થ સંવેદનાગૂંચો સાથેનો એનો તાલમેલ વખણાયો છે. લલ્લુ, બસેસર, બડકી કે દાદી અમ્મા જોડે લોકોનો ઘરોબો રચાયો છે, તો 'અડોસ પડોસ'ના દાદાજીએ, મામાજીએ, લિન્ડા કે રૉબિને નગરના ઍપાર્ટમેન્ટ-કલ્ચરને પ્રભાવિત કર્યું છે. ભારે કશમકશ વચ્ચે પોતાનો રસ્તો કોરતાં આ બધાં પાત્રોએ સિનેસ્ટારના ગ્લૅમરને ધોવા માંડયું છે. નટીઓ પાછળના ક્રેઝને હળવું બનાવ્યું છે. ટીવી હજી સિનેમા માટે પડકાર નથી બન્યું. વર્ષો લગી ચાલનારી સીરિઅલો તો આપણને હવે મળશે, પણ એક જ તારીખે એક જ સમયે આખા દેશમાં રજૂ જતો ટીવી-શો પોતાની એવી સદ્યોવેદિતા (ઈમીજિયસી)ને કારણે કોઈ પણ સિને-શોને હંફાવી શકે છે. સિનેમા પરની ટીવીની આ મૂળભૂત સરસાઈને દૂરદર્શને તાબડતોબ ઓળખી લેવી જોઈએ. અભિનેતાઓની ભૂરકીમાંથી સમાજને છૂટો કરવાની અને વાસ્તવિકતાઓની મોંઢામોંઢ કરવાની આમેય તીવ્ર જરૂર હતી. 'પૅરેલલ સિનેમા'વાળાની એ ઝુંબેશ ટીવી ઉપાડી લે તો મોટું કામ થાય.

ટીવીના પ્રાયોજિત (અમદાવાદવાળા 'પ્રયોજીત' લખે છે) કાર્યક્રમોએ જીવનજરૂરિયાતની ચીજોનું ઉત્પાદન કરતાં આપણાં જાણીતાં ઉદ્યોગગૃહોને પણ ઠીકઠીક લલચાવ્યાં છે. સિનેમાની જાહેરખબરો હવે ટીવીમાં મહિનાઓ લગી એકાદ સીરિઅલ સાથે આવે એને વધારે અસરકારક ગણાય છે, ભોજન કે નાસ્તા સાથે દરેકના હાથમાં 'થમ્સ્-અપ'ની બૉટલ હોય તો જમવાનું રુચિકર બને. આ નવી અને મૌલિક માન્યતાથી વધારે વેચી શકાશે એવી સમજે કરીને હવે તમારા દીવાખાનામાં 'થમ્સ્-અપ થમ્સ્-અપ' એમ મારો ચલાવાય છે. આ કારણે ટીવી-ફિલ્મ અને ઍડ-વીડિઓ-ફિલ્મ બનાવનારા સંગઠિત થઈ રહ્યા છે, ઍડ-બિઝનેસમાં મોટું સૉફિસ્ટિકેશન આવી રહ્યું છે અને મૉડેલિન્ગ-કૅરિયરમાં ગરમી આવી ગઈ છે. એ યુવક-યુવતીઓને લાગે છે કે પોતાની અભિનયશકિતને મોટું તેડું મળ્યું છે, સિનેમામાં સરવાની વ્યર્થ કોશિશોનો અન્ત આવ્યો છે. ઍડ કમ્પનીઓ પ્રાયોજિત કાર્યક્રમો મેળવવા બનતું બધું જ કરી રહી છે. સીરિઅલ બનાવનારી કમ્પનીઓ અને એને સ્પૉન્સર કરનારી વેપારી પેઢીઓ વચ્ચે સરકારે હોશિયારીપૂર્વક પોતાનો હાથ ઘાલી રાખ્યો છે. ટીવીની નીતિરીતિ અને સૅન્સરશિપના નામે બંનેનું નાક તેમજ મોં, પોતે ઈચ્છે ત્યારે અને

ઈચ્છે તેટલું દબાવી શકે છે. આ ધાંધલમાં ટીવી-દર્શકોનું જાણ્યેઅજાણ્યે ઉપભોક્તામાં રૂપાન્તર થઈ જાય છે. તમે 'યે જો હૈ જિંદગી' સીરિઅલ, જોનારાઓના મનોરંજન માટે રજૂ કરો છો કે વિકો વજ્રદન્તીના વાપરનારા મળે એ માટે ? એટલે કે એક સારા દન્તમંજન માટે ? 'થોડી મીઠી, થોડી ખટ્ટી' સ્ટાઈલમાં કમ્પનીવાળા કહેશે : 'થોડા મનોરંજન, થોડા દન્તમંજન'... દૂરદર્શનવાળા કહેશે : મનોરંજનાત્મક દન્તમંજન કે લિયે...

દેશમાં ટીવી સિસ્ટમનો પાયો મજબૂત બનાવાઈ રહ્યો છે ત્યારે પ્રાયોજિત કાર્યક્રમો વડે ઉદ્યોગપતિઓ બાંય ધરે એમાં કશું ખોટું નથી. વગર વિચાર્યે કહો તો પણ સાચું પડે કે ટીવીના શિડ્યુલનો લગભગ અરધો ભાગ પ્રાયોજિત છે. દૂરદર્શને 'સાપ્તાહિકી' જેવો પોતાની જ જરૂરિયાતનો કાર્યક્રમ પણ આમ વેચી માર્યો છે. આ લોકો હવે હિન્દી-અંગ્રેજી સમાચારોને દ્રૌપદી મુકાયેલી એમ, હોડમાં ન મૂકી દે એટલું જ જોવાનું છે ! દિલ્હી દૂરદર્શનના કુબેર દત્તે એક પ્રશ્નના જવાબમાં એક વાર એમ કહેલું કે અમે પૈસાને લીધે 'ચિત્રહાર'માં નવાં ફિલ્મી ગીતો મૂકીએ છીએ. જો કે પ્રશ્નકર્તાએ તો એમ પૂછેલું કે વારંવાર કેમ મૂકો છો. દર્શકોના સવાલો વિશેના એ 'આપ ઔર હમ' કાર્યક્રમમાં મોટે ભાગે મુકતા શ્રીવાસ્તવ અને રાજમણિરાય હોય છે. રાજમણિરાય અવારનવાર જણાવતા રહે છે કે 'હમારા કામ આપકો સૂચના (માહિતી) દેના હૈ, જ્ઞાન દેના હૈ, ઔર જ્યાદાતર તો આપકા મનોરંજન કરના હૈ.' 'મનોરંજન' શબ્દની છીછરાશને ભૂલી જઈએ તો માહિતી, જ્ઞાન અને આનન્દનું એમનું ધ્યેય સ્પષ્ટ છે. ટીવી પાસે જે કામ લેવાનું છે તેની સરકારને જે ખબર હોય એ ખરી, એના અધિકારીઓ તો લક્ષ્યને વિશે સ્પષ્ટ છે. સવાલોનો સવાલ એ છે કે એ સિદ્ધ કઈ રીતે થાય છે.

સામાન્યપણે દૂરદર્શન રોજ સાડાપાંચ કલાકના કાર્યક્રમો આપે છે, રવિવારે ચૌદ કલાકના. એ હિસાબે અઠવાડિયાના ૪૭ કલાક થાય. શાળેય અને ઉચ્ચતર શિક્ષણના એમાં બીજા ૧૦-૧૧ કલાક ઉમેરાય. આમાંથી હિન્દી-અંગ્રેજી સમાચારો, સંસદ સમાચારો અને સ્થાનિક સમાચારો પાછળ દૂરદર્શન સાતેક કલાક વાપરે છે, એટલે કે સરેરાશ તમને રોજ ૧ કલાકના સમાચાર અપાય છે. બાકીના કલાકો માહિતી અને મનોરંજનમાં વપરાય છે. એમાં મનોરંજનનું પલ્લું નમતું છે. માહિતી-કાર્યક્રમોમાં, 'કૃષિદર્શન'થી

ખેતી વિશેની માહિતી સમજપૂર્વક અને સમયસર અપાય છે. રેડિયોનો એ વર્ષોજૂનો અનુભવ દૂરદર્શનને કામ આવ્યો છે. સ્વાસ્થ્યસમ્બન્ધી અને કાનૂની સલાહ જેવી બાબતોમાં એ ઘટતું કરી છૂટે છે- જો કે એમાં 'ઘરેલુ નુસખે' ક્ષુલ્લક છે. ક્વીઝ કાર્યક્રમોમાં માહિતી હજી વીગતો પૂરતી સીમિત છે- પ્રશ્નો પુછાય અને જવાબો આપવાના. પ્રશ્નો જેટલા ખૂણાના હોય એટલા વ્યર્થ જાય, કેમ કે એને સંઘરવાનું કામ તો કમ્પ્યૂટર પણ કરી શકે ને ? એટલે, કયા પ્રશ્નોને 'પ્રસ્તુત' અને 'ઉપયોગી' લેખવા એનો નિર્ણય થઈ શકતો નથી. સિદ્ધાર્થ બસુ સંચાલિત 'ક્વીઝટાઈમ' સીરિઅલે કૉલેજોના એ-વન વિદ્યાર્થીઓને આકર્ષ્યા છે, એ રીતે સાબિરા મર્ચન્ટની 'વ્હૉટ્સ ધ ગૂડ વર્ડ ?' શ્રેણી પણ એવાઓને જ આકર્ષક લાગે છે. બંનેમાં સંચાલકો ધાણી ફૂટે એવું અંગ્રેજી બોલે છે. એની તુલનાએ 'પ્રશ્ન મંચ' 'દેશી' લાગે છે. કલકત્તા દૂરદર્શનની 'સાયન્સ ક્વીઝ' સ-પ્રયોગ હોવાથી વિજ્ઞાનના રસિયા માટે સારી કસોટી પુરવાર થઈ છે.

છતાં, આ બધી વિગતલક્ષી પ્રશ્નોત્તરીઓમાં, મોટે ભાગે બધું શ્રાવ્ય રહે છે. એમાં દૃશ્ય-ભાગને વધુ વિકસાવી શકાય અને વિગતો માગવાને બદલે અર્થઘટન, અભિપ્રાય કે મૂલ્યાંકન માગી શકાય. માહિતીની એ પ્રાથમિકતા સાચવવા-સંવર્ધવાનું કામ બીજાં માધ્યમો પર છોડી શકાય. કૅલ્કયુલેટર કાંડે આવી ગયું હોય ત્યારે આંક કે પલાખાં શીખવવાં, અથવા તો ટાઈપરાટરના જમાનામાં હસ્તાક્ષર 'મોતીના દાણા જેવા' થાય માટે ઘૂંટાવવા એ અત્યાચાર છે. આ આવી રહેલી કમ્પ્યુટર-ક્રાન્તિના દિવસોમાં નવી પેઢીનાં બાળકોને એમ પૂછવું કે કાલિદાસે લખેલા મહાકાવ્યનું નામ આપો, તો એ એક ફાલતુ પ્રવૃત્તિ બની જાય છે. કોઈ પૂછી શકે કે પોતે આવા પ્રશ્નનો જવાબ શા માટે આપવો જોઈએ...

મને જેની માહિતી ન હોય તેની ધારો કે તમને હોય તેથી કશું જ ખાટુંમોળું થઈ જતું નથી, કેમ કે તમને ન આવડે એવા બીજા એટલા જ પ્રશ્નો મારી પાસે પણ હોય. માહિતી હવે વૈયક્તિક કૉમ્પિટન્સની, એટલે કે સામર્થ્યની વસ્તુ નથી રહી. એ કમ્પ્યૂટરના પટારામાં પૂરી દેવાની ચીજ છે. પરિણામે, બધી જ વખતે આ સવાલ તીવ્ર બની જવાનો : તમે શેનું સંક્રમણ- કમ્યુનિકેશન- કરવા ચાહો છો અને શા માટે ? ઈસરોના નિવૃત્ત ડાયરેક્ટર મિ. ચિટનીસ અમારા ફ્રન્ટ-ડોર નેબર છે. એક સભામાં મેં એમને

આ પ્રશ્ન પૂછેલો. એનો એમની પાસે કશો ગળે ઊતરે એવો ઉત્તર નહોતો. જાણો છો ? પડોશી તરીકે અમે એકમેકને કશું કમ્યુનિકેટ નથી કરતા...! 'ગ્લોબલ કમ્યુનિકેટિવ સિસ્ટમ' હવે હાથવેંતમાં છે ત્યારે પડોશી લગી પહોંચવાનો પ્રશ્ન જ માનવજાત માટે તીવ્ર બની ગયો છે. દૂરદર્શને તો આમેય આપણને ઘરકૂકડી નથી બનાવ્યા ?

૩

ઠેકાણું ન પડતું હોય એવી દીકરીનાં રાતોરાત લગન લેવાય, એમ અમદાવાદ દૂરદર્શનની ચૅનલ-૫ પરથી સ્થાનિક કાર્યક્રમો શરૂ થયા છે. ૨૫ જુલાઈ ૧૯૮૫ નો પહેલો ઉદ્‌ઘાટન દિવસ અધકચરી તૈયારીઓ અને ઘાંઘાવેડા સૂચવતો હતો. મુખ્યમંત્રીશ્રીના હાથે આ ચૅનલનું ઉદ્‌ઘાટન થયું. ઈસરો અને દૂરદર્શનના શ્રી ચિટનીસ અને શ્રી જ્યોતિર્ધર દેસાઈ વગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યાં. જાહેરાતથી વિરુદ્ધ જઈને, આ પહેલા દિવસે ૬ થી ૮-૩૦ના અઢી કલાક ચૅનલ-૫ વાળાઓએ વાપર્યા. દર્શકોએ 'ટારગેટ'ની કલાત્મક સીરિઅલનો એ દિવસનો હપતો ગુમાવ્યો. પહેલા જ દિવસનું આ ટૅલિકાસ્ટ બોગસ હતું -એનો ૯૦ ટકા ભાગ પહેલાં પ્રસારિત થઈ ચૂકેલો, એટલે કે રી-ટૅલિકાસ્ટ હતો. અમદાવાદ દૂરદર્શને કશી ખાસ તૈયારી વિના ઝંપલાવ્યું હોય એવી છાપ પડી. ૬ થી ૭-૩૦ સુધીનો દોઢ કલાક સાવ જ દુર્દર્શક રહ્યો. રંગ અને અવાજનાં ઠેકાણાં નહોતાં, ચિત્ર પણ બ્લર્ડ આવતાં'તાં, 'જળકમળ છાંડી જાને બાળા...'માં નાગકન્યાઓને સલવાર-કમીઝ પહેરાવ્યા હોય એવું લાગતું'તું. આ પહેલા દિવસે, ઉદ્‌ઘાટનમાં, સદ્. વિક્રમ સારાભાઈનું ઉચિત સ્મરણ થયેલું- ગામડાં લગી ટીવી-કાર્યક્રમો પહોંચાડવાનું એમનું સ્વપ્ન સાકાર થયું તો ખરું, પણ તેથી કરીને આ પહેલા જ દિવસે મૃણાલિની સારાભાઈની જ નૃત્યનાટિકા રજૂ કરવી પડે એવું શા માટે ? એવા એવા ગુજુ-વ્યવહારોથી આપણે ક્યારે છૂટવાના ? એમની એ 'પરા-શક્તિ' નૃત્યનાટિકા હમણાં જ દિલ્હી પરથી અખિલ ભારતીય કાર્યક્રમ હેઠળ આવી ગઈ છે ! અમદાવાદે એને સાવ જ ભદ્દી રીતે મૂકી હતી - પાત્રો રંગમાં ઘોળાતાં હોય અથવા એમના રંગ પર પાણી ફરી વળ્યું હોય એવું લાગતું'તું. ક્યારેક ચહેરા ગળીમાં ઝબોળ્યા હોય એવા, તો ક્યારેક કોઢિયા. આખી કૅસેટ ધ્રૂજેટીની કોઈ ફિલમ ન હોય એવી છાપ પડતી હતી. તમારો કલર-ટીવી બ્લૅક ઍન્ડ વ્હાઈટ તો નથી ને -એવી ઘડીએ

પલકે દહેશત થતી'તી. વિક્રમભાઈનું તર્પણ કરવાની દૃષ્ટિ આમ અક્ષરશઃ ધૂળપાણી થઈ. ગામડાં લગી 'પરાશક્તિ' જેવી નૃત્યનાટિકા પહોંચાડવાની વાતમાં કશું ઔચિત્ય નથી એ તો ખરું જ, પણ એનો કશો દૃશ્યલાભ પણ દર્શકોને મળ્યો નહીં...

શ્રાવ્યલાભ પણ મળે એમ નથી. મૃણાલિનીબેન ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી એમ ત્રણ ત્રણ ભાષામાં બોલતાં હતાં. 'પરાશક્તિ' નૃત્યનાટિકાનું ગાયનવાદન, નર્તનની જેમ સ્વાભાવિકપણે જ સાઉથ ઈન્ડીઅન છે. આખી રચના એક સાંકળિયું છે - તમે સ્ત્રીને કેન્દ્રમાં રાખો એટલે મીરાંના ભક્તિનર્તનની વિરોધે એ જ નર્તકી પાસે ડિસ્કો કરાવીને કટાક્ષ સિદ્ધ કર્યાનો સંતોષ લઈ શકો. રંગલો-રંગલીને પણ લાવી શકો. આ પૅચવર્ક વડે સરકારને ગમે એવાં એકતા-અખણ્ડતાનાં સૂત્રો પણ ઘુસાડી શકાય. કૈલાસ પંડયા ગમગીન થઈને એકવાર કહે છે : 'આજ હમારી સંસ્કૃતિકી કયા હાલત હો ગઈ હૈ ? લય વિલય હો ગયા હૈ, સ્વર અપસ્વર બન ગયા હૈ...' દામિની મહેતા એ જ લહેકામાં બધું દોહરાવે છે. વાત એમની સાચી છે, સંસ્કૃતિની હાલત ખરેખર બગડી ગઈ છે...

ભારતીયો વારંવાર સંસ્કૃતિની વાતો કરવા ટેવાયેલા છે. ગુજરાતીઓ ઘડીએ ઘડીએ સંસ્કારોનાં મૉણ નાખીને બધું મલાવતા હોય છે. આપણા સાહિત્યમાં અને આપણી કલાઓમાં ઘૂસી ગયેલો આ રોગ આપણે જાણ્યો નથી. ટીવી જેવું સમૂહ-માધ્યમ દેશમાં સ્થિર થઈ રહ્યું છે ત્યારે એના પર પૂરી ચાંપતી નજર રાખવી જોઈશે. કેમ કે, એમાં, જોનારા તો જાતને છેતરે જ છે, પણ બતાવનારા સૌને છેતરે છે. દેશમાં સાહિત્ય, સંગીત, કલા અને જ્ઞાનવિજ્ઞાનનાં ચતુર્વિધ ક્ષેત્રોમાં ટીવીથી ઊથલ-પાથલો શરૂ થઈ છે : સરકાર કરવા દે તેટલી અને કરાવે તેવી કલા કરનારો એક મોટો વર્ગ ટૅલિકાસ્ટ થવા થનગની રહ્યો છે. આ ભુખાળવું માધ્યમ, ખબર ન પડે એમ બધું જ ઓઈયાં કરી દે છે, અને જોનારને સતત તાકેલો રાખે છે.

પણ તેથી એનો સાચો ઉપયોગ અશકય છે એમ નથી. વિદેશોને વાતે વાતે વગોવનારા, ટીવીને પણ શાના છોડે ? પણ એમને, ત્યાંના સાચેસાચના કલાત્મક ટીવી-કાર્યક્રમોની ખબર નથી. આપણા જ્ઞાનજગતને પૂરા પ્રભાવથી પળોટવાની ટીવીની ખરી તાકાત કયાં છે તે આપણે નથી જાણતા. સ્થાનિક કાર્યક્રમો એટલે ગુજરાતના જનજીવનને વિષય બનાવતા કાર્યક્રમો. પણ એનો

અર્થ ચણિયા-ચોળી-ઓઢણાં કે પાયચા-કૅડિયાંમાં 'ગરબા' નહીં ! એનો અર્થ ગામડાં કે ભૂતકાળ નહીં ! એનો એવો અર્થ કદી નહીં કે ગામડાંને વિષય બનાવતી નાટિકાઓ જ રજૂ કર્યા કરવી, વાર્તાઓ કહ્યા કરવી, કે જોક કહ્યા કરવા. લોક પાસે જવા તળપદી ભાષા જ વાપરવી પડે એવું નથી. એ ગામ અને લોક હવે ખાસ્સાં બદલાઈ ગયાં છે. ગુજરાતી લેખકો લોકભાષાને નામે વર્ણસંકરવેડા કરતા અનેક વાર જોવા મળ્યા છે. આ પહેલા દિવસના કાર્યક્રમમાં, ઉમાશંકર જોશીકૃત 'ઊડણચરકલડી' રજૂ થયું.... ઉદ્ઘાટન-સમારમ્ભ બંધ બારણે તો નહોતો. છતાં એમાં બકુલ ત્રિપાઠી સિવાયના કોઈ ટોચના સાહિત્યકારો ભળાયા નહીં. ઘર ઘરનાંને ભેગાં કર્યા હશે, અથવા નિમન્ત્રણો પહોંચ્યાં નહીં હોય... નાટિકા પૂરા તળપદા બળવાળી, પૂરી ગુજરાતી રચના છે. એ રજૂ કરીને પહેલા દિવસનું ઔચિત્ય સચવાયું, મૂર્ધન્ય કવિ પરોક્ષપણે જોવા મળ્યા ખરા. પણ નાટિકા જોઈએ તેટલી પ્રત્યક્ષ ન થઈ. એની જોમવાળી ગુજરાતીતાને વ્યકત કરી ન શકાઈ. ચંદની 'શું-શાં !' કરે એ કેમ ચાલે ? ભજવનારાંના 'વર્ણસંકરવેડા' પણ આમ, આપણે ત્યાં તો જાણીતી વાત છે.

ભાષાશુદ્ધિ, સુરુચિભરી સફાઈ વગેરેનો અહીં લગભગ અભાવ હોય છે. ભાષાને વિશેની લાપરવાહી અનેક રીતે પ્રગટતી રહે છે. જેમકે, ગુજરાતીમાં અનુસ્વારોનો આવશ્યક સ્થાનોએ મોટેભાગે અભાવ હોય છે. 'પ્રયોજિત'-'પ્રાયોજિત' જેવા શબ્દોનો ભેદ લુપ્ત હોય છે. 'આપણે'-'આપણી'ને બદલે, ચૅનલ-પના લગભગ બધા જ અમલદારો, ન્યૂસ-રીડરો અને ઍનાઉન્સરો 'આપડે'-'આપડા'-'આપડી' બોલે છે. અંગ્રેજી વાંચતાં, 'માઈનિંગ ઈન્ડસ્ટ્રી'ને 'મીનિંગ ઈન્ડસ્ટ્રી' કહેવામાં આવે ત્યારે જાણકાર દર્શકોને ઝાટકા વાગે છે. આ લોકો જ 'ટૉકિ ફિલ્મ'નું ગુજરાતી 'બોલકું ચિત્રપટ' કરી શકે ને ! ક્લિષ્ટ ભાષામાં બોગસ ઍનાઉન્સમેન્ટ્સનો ઉત્તમ નમૂનો ખોવાયેલી વ્યકિતઓને વિશેની જાહેરાતોમાં જોવા મળે છે : 'આ ફોટો જેમનો દેખાય છે'... થી શરૂ થતી જાહેરાત 'જેમને પણ એમની જાણ થાય તેમણે' જેવા લોચા ખાતા વાકયથી પૂરી થાય છે. દિલ્હી દૂરદર્શન પાસેથી આ અંગેનું શીખવું જરાય મુશ્કેલ નથી. ઍનાઉન્સમૅન્ટ્સમાં પણ ઘણું ફાલતુ બોલાય છે : 'ચાલો હવે રાષ્ટ્રીય કાર્યક્રમો જોઈએ' કહ્યા પછી 'ચાલો જોઈએ'નો બીજો લહેકો શા માટે ? ‘રસોડામાં ભોજન માટે બોલાવવા જેવું થાય છે.

એ જ રીતે, 'સૂચના પૂરી થઈ' કહેવાનો શો અર્થ ? પ્રસારણ, કયારેક 'બ્લૅક ઍન્ડ વ્હાઈટ' છે એમ લખાય છે, કયારેક 'શ્વેત-શ્યામ', કયારેક 'ધવલ-શ્યામ' ! સ્થાનિક કાર્યક્રમોની આ ચૅનલ પરથી બધી જ વખતે નિર્માતાઓનાં નામો બોલવામાં-લખવામાં આવે છે. એ કશી અનિવાર્યતાથી છે ? એ જ પ્રમાણે, 'દેવલ આર્ટ્સ દ્વારા પ્રસ્તુત' કે 'બામ્બી ગ્રુપના સહકારથી' એમ કહેવાય-લખાય ત્યારે કશી કાયદાકીય જરૂરતથી થાય છે ? કે એમ જ ? આવા આવા અનેક પ્રશ્નો દર્શકોને સતાવવાના.

ચેનલ-પનો ઉત્તમ કાર્યક્રમ સરૂપ ધ્રુવ-રચિત 'કાકાની ડેલી' છે. એ જ રીતે, મનીષી જાની રચિત 'ન્યાય-અન્યાય' સીરિઅલ ઉપયોગી અને રસપ્રદ રહી છે. જ્યારે અન્તાક્ષરી, પ્રશ્નવ્યૂહ અને પિકચરોનાં શીર્ષકોની અટકળ કરવાના કે દમ્પતીને બોલાવીને સીલી પ્રશ્નો પૂછી દર્શકોને કશું અદ્‌ભુત સુન્દર આપી દીધાના ભ્રાન્ત કાર્યક્રમો વાહિયાત છે. એમને આ ચૅનલ પરથી રાતોરાત દૂર કરવા જેવા છે. એમાં રાષ્ટ્રીય સમ્પત્તિનો અત્યન્ત અત્યન્ત વ્યય છે અને માધ્યમના પારાવારના અણઘડવેડા છે. આ મોંઘું માધ્યમ એક સૅકન્ડે રાષ્ટ્રના કેટલા રૂપિયા વાપરે છે તેની તેની સાથે સંકળાયેલાંઓને ખબર હોવી જોઈએ. 'થોડી ક્ષણોમાં' એમ લખ્યા પછી એકથી વધુ મિનિટનો વ્યય થતો હોય છે. ગુજરાતના ગરબાને દુનિયા આખી એની સંસ્કૃતિનું પ્રતીક માને છે. આ ચૅનલવાળા એનો ફિલરો લેખે ઉપયોગ કરે છે ! ટાઈમિન્ગ્સનાં ઠેકાણાં નથી હોતાં, એટલે રાષ્ટ્રપતિની સ્પીચ અરધેથી કપાઈને ગરબો આવે છે ને ગરબો કપાઈને 'ચિત્રહાર' પૂર્વેની જાહેરખબરોનાં જિન્ગલ્સ આવે છે. આ બધું બતાવનારાઓએ જાતે પણ જોવું જોઈએ- જાત સામે ધરીને જોવું જોઈએ. જવાબદાર અને ઉદ્ધત માનસ આ માધ્યમમાં છેવટે તો સરકારને જ ઉઘાડી પાડી દે છે એ ભુલાવું જોઈએ નહીં.

ચૅનલ-૫ શરૂ થઈ છે એટલે અમદાવાદ દૂરદર્શને કાયાકલ્પ કરવો પડશે. પીજના કાર્યક્રમો સ્થાનિક છે એનો અર્થ એ નથી કે એમાં ટૅક્નિકલ સૉફિસ્ટિકેશન ન હોય તો ચાલે. નેશનલ કાર્યક્રમો કે પ્રાયોજિત કાર્યક્રમોથી નીચા સ્તરે આ ચૅનલ ચાલવાની હોય તો લોકોને ગમશે નહીં, પરવડશે પણ નહીં. લોકનું અનુરાધન કરવા નીકળનારને ચોપાસથી વિચારવું પડે. નવા ચુનંદા કલાકારોની શોધ જતનથી કરવી પડશે. 'સિફારશી ભરતી' નહીં

નભે, અને મોટું કામ તો ઘસાઈ ગયેલાં કાટલાંને દૂર કરવાનું છે. આદર્શ રાખવો જ હોય તો બીબીસી ટીવીનો રાખવો જોઈશે. સાધનોની મુશ્કેલીઓ જણાવતા રહીને એ જ સાધનો વડે બધું સતત સાંધતા અને સાધતા રહેવાની આપણી ચાલો હવે ચાલશે નહીં. ટીવી રેડિયોની રીતે ચાલે એ અપવ્યય છે. એણે એકલું દ્રશ્ય નથી બનવાનું એ ખરું, પણ જે કાર્યક્રમો શ્રાવ્યમાં કે વાચ્યમાં નભે એવા હોય તેને ટીવીસ્ક્રીન પર લાવો તો આનન્દ, મનોરંજન કે જ્ઞાન કશું જ ન મળે. ટીવીનું 'થીમ' શું હોઈ શકે એનો વિચાર કોઈપણ પ્રોડયુસરે સૌ પહેલો કરવાનો હોય છે અને પૂરી કાળજીથી 'ડિઝાઈન' કરવાનો હોય છે. આ મોંઘું માધ્યમ મોંઘું પુરવાર થયું જ છે, પણ એને વહાલું બનાવી મૂકવાનું અશકય નથી. હજી તો પાશેરામાં પહેલી પૂણી છે, પણ પહેલી પૂણીથી જ સરખું જોખીએ તો ? સાચે જ જોખી શકાય.

૪

પેલી તાપસ કન્યાઓ કાલિદાસના 'શાકુન્તલ' નાટકમાં રાજા દુષ્યન્તને કંઈક આવું પૂછે છે : 'આપના આગમનથી આપ કયા નગરની પ્રજાને વિરહિત કરી રહ્યા છો ?' –કયાંથી આવો છો જેવું શુષ્ક અને તોછડું વચન કણ્વાશ્રમમાં કેળવાયેલી છોકરીઓના મોંમાં શોભે ખરું ? કવિ-કુલગુરુને એ ઝીણા ઔચિત્યની જાણ હતી. એ તો ખરું જ, પણ એમને રાજા-પ્રજા વચ્ચેના આત્મીય સમ્બન્ધની પણ એટલી જ સારી પિછાણ હતી. રાજા ઘરના મોભીની જેમ સૌને વહાલો હતો અને એની ગેરહાજરી બધાંને સાલતી. એના વિદેશગમનથી પ્રજા સૉરાતી. લોકશાહીમાં રાજાઓ અલવિદા કરી ગયા છે. એનું દુઃખ તો કોઈને નથી, બલકે આનન્દ છે.

આપણા લાડીલા વડાપ્રધાન પણ્ડિત જવાહરલાલ નહેરુ એ વર્ષોમાં વડોદરા આવતા. એમની જાહેર સભામાં સામેલ થવા તો ઠીક, પણ એમને 'જોવા' આખા જિલ્લાની વસતિ વડોદરામાં ઠલવાતી. પિતાજીની આંગળી ઝાલી, નૅરો ગેજની છુક્ છુક્ ગાડીમાં, હું પણ ડભોઈથી વડોદરા જતો. મોટી માનવમેદનીને જોસ્સાથી સંબોધતા 'દૂધ જેવા સફેદ કપડાં'માં શોભતા એ 'લાલધુમ્મ માણસ'ની અનેક છબિઓ આજે પણ ચિત્તમાં સળવળે છે.

એ દિવસોમાં નેતાનો ફોટો પણ છાપામાં ક્વચિત જ આવતો. આવે એ જોઈને રાજીના રેડ થઈ જવાતું. પણ સમૂહમાધ્યમો વિસ્તરતાં, વિરહ

અને વિયોગના વસમા દા'ડા ગયા. હવે તો ટીવી રોજ રાત્રે તમને તમારા વડાપ્રધાન સાથે મુખ્યત્વે અને રાષ્ટ્રપતિ સાથે પ્રસંગોપાત્ત અચૂક મેળવે છે. દેશના પ્રથમ લોકશાહ સાથેનું તમારું સંવનન તૂટી ન જાય તેની પૂરેપૂરી કાળજી લેવાય છે. એમની વિદેશયાત્રાઓનાં લાઈવ ટૅલિકાસ્ટ થાય છે.

હિન્દી-અંગ્રેજી બંને સમાચારોમાં એ જ ફિલ્મ કિલપ્સ સાથેની આખી ગૌરવગાથા ગવાયા કરે છે. એ ય ઓછું હોય એમ, એની એ જ સામગ્રીમાંથી ટીવી રિપોર્ટ્સ રજૂ થાય છે. ઈન્દિરાજીના વખતથી પડેલી આ ટેવ -બતાવવાની અને જોવાની- હજી ચાલુ છે, કહો કે ફીટ થઈ ગઈ છે. કોઈનું ખરાબ મોઢું જોવાઈ જતાં તમારો દિ બગડયો હોય, તે રાતે જ વડાપ્રધાનશ્રી તમને ટીવીમાં ન મળે ! મિલનભંગ થતાં દર્શકોની રાત પણ બગડે, દુઃખ થાય. સાહિત્યવાળા ભલે એને વિરહદુઃખ ન કહે- છૂટ છે એમને.

માહિતી-પ્રસારણ લેખે, વડાપ્રધાન અને તેમની સરકાર રોજેરોજ શું કરે છે એ દર્શાવવાની દૂરદર્શનની પરથમ પ્હેલ્લી જવાબદારી છે. એમની સાથેનો પ્રજાનો અનુબન્ધ ઉત્તરોત્તર ગાઢ થવો જોઈએ. આના અનુલક્ષમાં, હવે નાણાપ્રધાન, ગૃહપ્રધાન, માહિતીપ્રધાન કે વિદેશસચિવ જેવી હસ્તીઓ સ્ક્રીન પર દેખાવા માંડી છે તે વાજબી છે. 'જનવાણી' કાર્યક્રમે, ચાળીસેક મિનિટ લગી પ્રધાનો સાથે પ્રશ્નોત્તરી કરવાની દુર્લભ તક ઊભી કરી તે પ્રશંસનીય છે. સંસદ-સમાચારો સાંસદોની સક્રિયતાનો હિસાબ આપે છે એ પણ ખોટું નથી. પણ આ બધી માહિતીનું વસ્તુ શું હોય છે ? વડાપ્રધાન કે રાષ્ટ્રપતિ જાતભાતના સમારમ્ભોનાં ઉદ્ઘાટનો કરે, ચોપડીઓનાં વિમોચનો કરે, પ્રધાનો ને સચિવો વિદેશી મહેમાનોને મળે, મન્ત્રણાઓ પર સહીઓ કરે, એ બધું એક નિયમ તરીકે દર્શાવવાનો શો અર્થ છે ? 'ન્યૂઝ રીલ'ની આ જૂની પ્રથા ટીવીના પ્રગતિશીલ સંદર્ભો વચ્ચે વરવી લાગે છે. પ્રધાનો આ સિવાયનું બીજું કરતા જ નથી કે શું- એવા ભાવને લોકો ૧૯૮૫માં પણ વાગોળે એવી ચાલુ સ્થિતિનો ઝડપથી નિકાલ થવો જોઈએ. આ બધી મહત્ હસ્તીઓ પ્રજાહિતનાં કાર્યોમાં કઈ રીતે સંકળાયેલી છે એ દિશામાં ટીવી કૅમેરાએ નવી જ ભાત પાડતી ફિલ્મો કે રિપોર્ટ્સ બનાવવાનો સમય પાકી ગયો છે. સંસદની બેઠકનું ફિલ્મીકરણ આપણે ત્યાં હજી નિષિદ્ધ જણાય છે અને સરકાર વિપક્ષી નેતાઓને કે વિરોધ પક્ષના નેતાને જવલ્લે જ ટીવી

પર લાવે છે. પરિણામે દૂરદર્શન એકાંગી લાગે છે. એને સ્વાશ્રયે રાખવાની શાસકોની બાખ્ખાઈ દેખાઈ આવે છે. ટીવીને સ્વાયત્ત બનાવવાની માગનું એ પણ એક કારણ છે.

અંગ્રેજીમાં જેને ઍ-પોલિટિકલ ન્યૂઝ કહે છે, તેવા સાવ ઊફરા જ પ્રકારના બિન-રાજકારણી સમાચારોનો એક આખો ઈલાકો આપણે ત્યાં સૂનો છે. રેડિયોએ લોકરુચિ-સમાચાર શીર્ષકથી એ દિશામાં કંઈક કર્યું છે. સમૂહ-માધ્યમોમાં લોકપ્રશ્નોને મહત્તમ સ્થાન છે. ટીવીએ લોકોમાંથી જીવનસ્પર્શી ઘટનાઓ ઝડપવી જોઈએ અને એનું કવરેજ વધારવું જોઈએ, બને તો એવી એક જુદી જ શ્રેણી રચવી જોઈએ. ટાંચાં સાધનો વડે એવું નેટવર્ક હજી તો અસંભવ છે, પણ પગરણ માંડી શકાય. સમાચારોને રાજકર્તાઓની પરિચિત સીમામાંથી બહાર વિસ્તારવા ઘટે છે. માણસને મૅગસાયસાય અવૉર્ડ મળે કે જ્ઞાનપીઠ મળે, છતાં એવા સમાચારો ફિલ્મ કિલપ વિનાના લૂખાસૂકા હોય એમાં દૂરદર્શન 'દુર્દર્શન' બની રહે છે.

જેમાં લોકો શાસકો સામે પોતાના પ્રશ્નો માટે બાખડતા હોય એવા કાર્યક્રમો ટીવી માટે ઉત્તમ ગણાય. લોકશાહીના તાર એ વડે ઝણઝણતા રહે. 'જનવાણી' કાર્યક્રમ એ દિશામાં ભરાયેલું ઉત્તમ પગલું છે. એના સંચાલક વિનોદ દુઆએ કહેલું એમ એમાં 'દરબાર કલ્ચર'ને ઉપસાવવાનો આશય નથી. છતાં, પુછાતા પ્રશ્નો જે તે ખાતાની પરચૂરણ અને ચવાયેલી ફરિયાદોમાં અટવાયા કરે છે. ઍનાઉન્સરોએ જાહેરાત વખતે આપેલી ઉચિત ચાવીઓનો પ્રશ્નકર્તાઓએ ઉપયોગ કર્યો હોય એમ જવલ્લે જ જોવા મળે છે. 'જનવાણી' સરકારને એના ઉચિત પરિપ્રેક્ષ્યમાં સમજવાનો એક આવશ્યક સેતુ છે. વિક્રમ જેવા રાજાઓ નગરચર્યા વડે પોતાના શાસનની નૉન-ફિલ્ટર્ડ જાત-છબી મેળવતા. આઝાદી પછીનાં દસેક વર્ષ લગી પ્રધાનો અને નેતાઓ ગામડાં લગી વખતોવખત જતા, સભાઓ કરતા, પ્રશ્નોત્તરીઓ થતી. પછી બધું દેવાઈ ગયું ! લોકશાહીના મર્મને જીવતો રાખવાનું એકમાત્ર સાધન પ્રશ્નોની સર્વાંગી, સીધી અને નિર્ભીક ચર્ચા છે. 'જનવાણી' જેવો કાર્યક્રમ વડાપ્રધાન કહે છે તેમ બીજે કયાંય નથી. છતાં, આપણી એ વિરલતા તો આપણું ઓછામાં ઓછું કરણીય જ છે. લોકશાહી જાત-છબિ મેળવવાની અને સુધરતા રહેવાની કશીક આધ્યાત્મિક પ્રક્રિયાનું જ બીજું નામ છે.

મનોરંજન કાર્યક્રમોમાં દૂરદર્શન હવે સારી ફિલ્મો આપવાને કટિબદ્ધ

થયું છે. 'દામુલ' અને 'સૂખા' એમણે આપી પણ છે. છતાં સવાલ હિન્દી સિનેમાની ચૂડમાંથી સમ્પૂર્ણપણે છૂટવાનો છે. એક પણ કચરો ગીત કે ફિલ્મ ટીવીથી ન જ બતાડાય. પૈસાને ખાતર દૂરદર્શન કોઈ ફિલ્મી ફાઈનાન્સરની જેમ વર્તે એ ન જ ચાલે. કેટલીક હિન્દી ફિલ્મો ઉત્તમ જરૂર છે, છતાં ટીવીએ પોતાની, ટીવીફિલ્મની, એક માતબર પરમ્પરા ઊભી કરવી પડશે. માધ્યમ લેખે એ જે બાબતોમાં સિનેમાથી જુદું પડે છે, તેનો વિકાસ સાધવો પડશે. રૂપેરી પરદા પરની ચાલુ ઘટિયા ચીજોને લોકોના દીવાનખાના લગી ઘુસાડવાની ગુસ્તાખી અસહ્ય છે. એ ચેષ્ટા એમ સૂચવે છે કે તમે ટીવીના માધ્યમને અસલમાં ઓળખતા જ નથી. બાકી સેવન્ટી એમ.એમ.નું પ્રોડક્શન એકાવન સેં. મી. પર ઝીંકતાં કોઈને પણ શરમ આવે. જાણકારોને તો આવે કે નહીં ?

પ્રાયોજિત કાર્યક્રમોમાં જરી ડોકિયું કરનારને તુરત જ જણાઈ આવશે કે માધ્યમની શી તાકાત છે. બીબીસીની 'લિવિન્ગ પ્લૅનેટ' કે 'ટારગેટ' એનાં દૃષ્ટાન્તો છે. આપણી 'ખાનદાન' સીરિઅલ એના પ્રથમ પંક્તિના અભિનેતાઓને લીધે નહીં, પણ એના કૅમેરાને લીધે આકર્ષક રહી છે. વીસપચીસ મિનિટનો કકડો એને ટૂંકો પડે છે અને કેન્દ્રવર્તી કોયડા પર આવતાં એને મોડું થઈ રહ્યું છે એ સ્ક્રિપ્ટના પ્રશ્નો અલગ વસ્તુ છે. 'ટૅકનિકલ નો-હાવ'ની એવી જ ખાતરી 'મિ. યા મિસિસ' ? વાળાએ કરાવી છે. જયન્ત કૃપાલાની (મિ. મહેશ) એક શક્તિશાળી ટીવી-સ્ટાર તો છે જ, પણ અમોલ પાલેકર અને નસીરુદ્દીન શાહની યથાર્થ અભિનયકલારીતિમાં એક પૉઈન્ટ ઑવ ડિપાર્ચર છે, નવપ્રસ્થાન છે.

'હમ લોગ' મધ્યમ વર્ગનાં સ્વપ્નો અને તેમાં મળતી પછડાટોની, નિષ્ફળતાઓની વાત કહે છે. 'ખાનદાન' ઉપલા શ્રીમન્ત વર્ગને વિષય બનાવી, કહેવાતા ભદ્ર સમાજને ખુલ્લો પાડવા જાય છે. સરિતા જોષીના નેતૃત્વ હેઠળની 'તિતલિયાં'માં એ જ વાતનો અતિરેક છે. કુટુમ્બનાં બધાં જ સભ્યો વામપન્થી હોય ? સૌને લફરાં હોય ને સૌ મોટી મોટી વાતો કરતાં હોય ? તો જ દમ્ભ-જૂઠાણાંને ખુલ્લાં પાડી શકાય ? સમાજની પરીક્ષા કે ટીકાને નામે, હિન્દી ફિલ્મમાં આવે એવા તકલાદી પ્લૉટ-મસાલાઓથી સીરિઅલોએ બચવું જોઈશે. બાસુ ચેટરજીની 'રજની'એ બીજો જ છેડો પકડ્યો છે. ગૅસનો બાટલો કે બાળકોનું ઍડમિશન એ રોજિંદા

જનજીવનના સળગતા સવાલો છે. એને એક પછી એક લેતા રહીએ તો સીરિઅલ કદી ખૂટે નહીં. પણ રજની, માત્ર 'કર્ટન રેઈઝર'નું કામ જ કરી શકશે. ટૅક્સીવાળા 'રજની' જોઈને ટીવી સામે મોરચો લઈ ગયા એ જાણ્યું, પણ પચીસ જણા ભેગા થઈને કોઈ ગૅસવાળાને ત્યાં ધસી ગયા કે કેમ એ જાણવું બાકી છે. બહેન રજની સમજે છે એટલું અને એવું જ નથી. ભ્રષ્ટાચારનો રોગ ઊંડો અને ભગવાન જેવો સર્વવ્યાપી છે. આટલી સહાયક પોલીસ તો પ્રિયા તેંડુલકરનેય, એની પોતાની શેરીમાં પણ જડવી મુશ્કેલ છે.

વાસ્તવિકતા કલા કરતાં હમેશાં વધારે બિહામણી અને વરવી હોય છે. મનોહર શ્યામ જોષી, સઈ પરાંજપે કે બાસુ ચેટરજી વડે હજી વધુ ને વધુ યથાર્થ ચિત્રણની અપેક્ષા છે. અલબત્ત, એમણે 'કૉમેડી ઑવ ઍરર્સ' જેવી ચાલુ ટ્રિકો પર નભતી ડ્રૉઈન્ગરૂમ કૉમેડીને જીવન-વાસ્તવની નક્કરતા આપી છે, આંસુપોચટ રોમેન્ટિકવેડાને તજ્યા છે.

મનોરંજન કાર્યક્રમો વધારાઈ રહ્યા છે, અડોસ-પડોસ, બાવાજીકા બાયસ્કોપ, બીબી નાતિયોંવાલી, નટખટ નારદ પછી કરમચંદ, નુક્કડ, એક કહાની, વાહ જનાબ, દેખો મગર પ્યારસે જેવી અનેક નવી સીરિઅલોને પ્રવેશ મળી રહ્યો છે. લેખકો નવી નવી સ્ક્રિપ્ટ કેમ લખાય તેની લ્હાયમાં પડયા છે. એમાં શું કૃતક ને શું કલાત્મક, કયું મૌલિક ને કયું રૂપાન્તરિયું કે ઉઠાન્તરિયું તેની પંચાત તો કોણ કરશે ?

દૂરદર્શન ભારતીય સમાજના નવીકરણનું પરિબળ બનશે ત્યારે કેટલું કલાત્મક રહ્યું હશે ? કે પછી, સરકારની ઘરડી દાસીરૂપે ટકયું હશે ? આપણે નથી જાણતા. હાલ તો આપણે આપણી સ્વીચ 'ઑન' રાખવાની છે.

૩-૩-૧૯૮૫
૫-૫-૧૯૮૫

૧૬

# દૂરદર્શન પોતે જ મંડી હાઉસ બની ગયું છે...

રાજધાની દિલ્લીના મંડી હાઉસના દૂરદર્શને પાંચ વર્ષમાં ઠીક ઠીક ગજું કાઢ્યું, ઘણો વસ્તાર વધાર્યો, ઘણું વિસ્તર્યું. હવે થોડાક જ માસમાં એ વાંકો વિસ્તાર બનશે. તમે સવારથી માંડીને મધરાત લગી ટીવી-કાર્યક્રમો જોઈ શકશો. અત્યારે રોજના લગભગ નવ કલાકના કાર્યક્રમો ટૅલિકાસ્ટ થાય છે, એમાં બે ત્રણ કલાકના કાર્યક્રમો વધારી દેવાનો પ્રસ્તાવ 'ઑન ટેબલ' છે. કહે છે, પહેલો વધારો ફિલ્મો અને ફિલ્મી ગીતોનો હશે, બીજો વધારો સીરિઅલોનો હશે.

ટીવી માત્ર બ્લૅક ઍન્ડ વ્હાઈટ હતું ત્યારથી 'છાયાગીત' નામે ચાલુ થયેલો હિન્દી ફિલ્મોનાં ગીતાનો કાર્યક્રમ વિસ્તરીને અત્યારે બુધ અને શુક્રનાં 'ચિત્રહાર'-રૂપે ચાલુ છે, એમાં તાજેતરમાં જ 'રંગોલી' નામનો કાર્યક્રમ ઉમેરાયો છે. 'ચિત્રમાલા' અન્ય ભારતીય-ભાષી ફિલ્મોનાં ગીતો રજૂ કરે છે, તો 'ચિત્રગીત' પ્રાદેશિક ભાષાની ફિલ્મોનાં ગીતો રજૂ કરે છે. લોકપ્રિયતાને નામે આ કાર્યક્રમોમાં હવે 'વિસરાતા સૂર' જેવાં જૂનાં ગીતોનો એક નવો કાર્યક્રમ ઉમેરવાના છે. એટલે તમે ફિલ્મી ગીતોના હાલના પાંચ કાર્યક્રમોને બદલે છ જોશો.

ગયા મહિને એક વાર દૂરદર્શને ચોવીસ કલાકમાં ચાર ફિલ્મો બતાવી

હતી, અને ફિલ્મ-ટૅલિકાસ્ટનો કદાચ વિશ્વ-વિક્રમ તોડયો હતો...! પછી રોજ રાતે ભારતીય સિને ઉદ્યોગની પંચોતેરમી જન્મગાંઠને નામે ડઝનેક ફિલ્મો બતાવી હતી. ફિલ્મોની એ પસંદગીમાં વિવેક નહોતો. સત્યજિત રે ની એમાં એકેય ફિલ્મ નહોતી. છેલ્લા દોઢ દાયકાની સમાન્તર-સિનેમાધારામાંથી પણ એમાં એકેય ફિલ્મ નહોતી. ટૂંકમાં, એ સંભારણું ઔપચારિક અને પ્રાસંગિક હતું. હાલ આપણને એક ફિલ્મ મોડી રાતે શુક્રવારે, એક પ્રાદેશિક ફિલ્મ શનિવારે સાંજે, એક ફિલ્મ વૈકલ્પિક શનિવારે, ને બે ફિલ્મો રવિવારે બપોરે અને સાંજે બતાવાય છે. હવે એમાં દર ગુરુવારે એક વધારાની હિન્દી કે ભારતીય ભાષાની ફિલ્મ ઉમેરાશે એવું માહિતી ખાતાના પ્રધાનશ્રી કયારના કહી રહ્યા છે. એટલે કે દર અઠવાડિયે હવે આપણને લગભગ છ ફિલ્મ-કાર્યક્રમો અપાશે. સંભવ છે કે નજીકના ભવિષ્યમાં દરરોજ આપણે એક ફિલ્મ અને એક 'ચિત્રહાર' જોતા થઈ ગયા હોઈશું...!

દૂરદર્શન નહોતું ત્યારે ભારતનો સરેરાશ નાગરિક અઠવાડિયે સરેરાશ એક ફિલ્મ જોતો હતો. ટૉકિઝમાં જઈ ફિલ્મ જોવી એ રવિવારની રજાનો એક અનેરો લ્હાવો હતો. હવે ઘરમાં ટીવી આવી જતાં, રજાના ઉત્સવની એની એ મસ્તી તો ગઈ જ છે. પણ હવે એને ઈચ્છા-અનિચ્છાએ આટલો બધો ફિલ્મી જન્ક આરોગવો પડે છે. એ કહે છે, શું કરીએ મોંઘા મૂલનો ટીવી લાવ્યા છીએ તે...! આ ગરીબ દેશના નાગરિકને રોજ આવો હૅવી ડૉઝ આપી ઊંઘાડી દેવાનું કદાચ અનેક રીતે જરૂરી હશે ! સંભવ છે કે એથી એની રાતો હસીન બની જાય, એને રંગીન સ્વપ્નો આવે. ભલે પછી એની સવાર, બપોર ને સાંજ સુસ્તી ને બગાસાંમાં વીતે. આમેય જીવનના પ્રશ્નોને ઉજાગરા કરી ઉકેલવાના દિવસો કયારના આથમી ગયા છે.

દૂરદર્શન હાલ, રવિવાર બાદ કરતાં, અઠવાડિયે નવેક સીરિઅલો બતાવે છે. થોડા વખતમાં રોજની બે સીરિઅલોના હિસાબે સીરિઅલોનો કુલ આંકડો બમણો થઈ જશે. પાંચ વર્ષ પર દૂરદર્શન પાસે ભાગ્યે જ કોઈ દેશી સીરિઅલ હતી. બધી સીરિઅલો વિદેશી હતી. કરે શું ? છૂટકો નહોતો. કહે છે, ત્યારે વિચારસરણી એવી હતી કે દૂરદર્શને ક્રમે ક્રમે ફિલ્મોથી તેમજ ફિલ્મી સામગ્રીથી મુકત થવું. પ્રજા આગળ સરસ સીરિઅલો મૂકવી. દૂરદર્શને પોતે ટૅલિફિલ્મો અને ટૅલિપ્લેની આગવી પરિપાટી ઊભી કરવી. એટલે કે

ટીવીના સમૂહમાધ્યમનો ઉચિત ઉપયોગ કરી બતાવવો ને એ રીતે પ્રજાને સિનેમાની નાગચૂડમાંથી છોડાવવી. લોકોની નરી મનોરંજનભૂખ ટળે અને એમનામાં થોડી કલા-અભિરુચિ પ્રગટે એવો આશય હતો. આજે ઊંધું થઈ ગયું છે, ટીવી પોતે જ સિનેમાની નાગચૂડમાં છે, અને એની પોતાની રુચિનો પ્રશ્ન થયો છે.

પુરોગામી વડાપ્રધાન ઈન્દિરાજીની સરકારે શરૂ કરેલા દૂરદર્શનનો શુભાશય તો એથી પણ અદકેરો હતો, કે દૂરદર્શન દેશનું એક મોટું પરિબળ બની રહે, કલાસંસ્કારધામ રૂપે પ્રકાશી ઊઠે. એટલું જ નહીં, ટીવી પ્રજા-શિક્ષણના ઉત્તમ માધ્યમ લેખે વિકસે અને આ દેશના વિશાળ નિરક્ષર સમાજને કેળવે, દેશદુનિયાની પ્રકાર પ્રકારની માહિતીથી એને સજ્જ રાખે, વગેરે આશયો પણ હતા, અગ્રસ્થાને હતા. અનુગામી વડાપ્રધાન રાજીવ ગાંધીની સરકારના હાથમાંથી ક્રમે ક્રમે એ આશયો સરકી રહ્યા છે. ક્રમે ક્રમે એક ટ્રેડ એજન્ટરૂપે દૂરદર્શને નેશનલ અને મલ્ટી નેશનલ કમ્પનીઓનાં ઉત્પાદનોની જાહેરખબરોનો મોટો વેપાર શરૂ કરી દીધો છે. એટલે, આજે એ કલાધામ તો ઠીક, પોતે જ મંડી હાઉસ બની ગયું છે...

કલાસંસ્કાર કે માહિતીશિક્ષણના હેતુઓ નામના બની જતાં, દૂરદર્શનનું વેપારી દૃષ્ટિબિન્દુ હવે તો દેખાઈ આવે એટલું બધું ઉઘાડું પડી ગયું છે. મુખ્યત્વે એ તૈયાર ફિલ્મી માલનો તેમજ સીરિઅલોનો વેપાર કરે છે. સ્પૉન્સર કરનારી કમ્પનીઓને એથી જાહેરખબરોનું ઝડપી, અસરકારક, નેશનલ સ્તરનું, ઈન્સ્ટન્ટ અને સરખામણીએ ઘણું સસ્તું નેટવર્ક મળી રહે છે. ટીવીના અમલદારોને ખાયકી મળે છે. ઘટિયા ફિલ્મોને ખોટી છતાં મોટી જાહેરાત મળે છે. કલાકારોને સીરિઅલો વગેરેમાં મબલખ કામ મળે છે. કહે છે, દૂરદર્શનના અમલદારો કલાકારો પાસેથી પણ લાંચ લે છે.

આ બધાંને અન્તે કે આ બધાંને પરિણામે, દર્શકોને શું મળે છે ? એક જ જવાબ છે, હલકા પ્રકારનું મનોરંજન ! પ્રજા પોતાના પૈસા, સમય ખરચીને ટીવી સામે બેસી જાય છે, ને કશી અપેક્ષા વગર જે બતાવે તે જુએ છે. કોઈની કશી ફરિયાદ નથી એટલે, હિન્દી ફિલ્મોને, તેનાં ગીતોનાં 'ચિત્રહાર' વગેરે કાર્યક્રમોને આજે બધા આંખો મીચીને લોકપ્રિય-લોકપ્રિય કહે છે ! શું સાહિત્યમાં કે શું દૂરદર્શનમાં, વાચક કે દર્શકને બુદ્ધુ બનાવવાની પ્રવૃત્તિને આજકાલ લોકપ્રિયતા કહેવાય છે. બાકી, કઈ લોકપ્રિય નવલકથા

વાંચીને કયો વાચક નાચી ઊઠયો કે કઈ સીરિઅલ જોઈને કયો દર્શક ઝૂમી ઊઠયો, તેની તપાસ કરીએ તો ખબર પડે કે સાપ છે કે ઘો છે...! જેમ ગધેડું વાઘનું ચામડું ઓઢી લે એટલે વાઘ નથી થઈ જતું, તેમ લોકપ્રિયતાનું ચામડું ઓઢી લેવાથી લોકપ્રિય થઈ જવાતું નથી. એમાં કેટલી વીસે સો થાય છે તેની તો માત્ર મર્મીઓને જ ખબર છે.

બેએક વર્ષ પર વડાપ્રધાન રાજીવ ગાંધીએ દૂરદર્શનને એવા મતલબનું કહેલું, કે ભારતના સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાને રજૂ કરતી સીરિઅલો લાવો. એટલે ફટાફટ એવી આવવા માંડી. 'બુનિયાદ' કે 'બહાદુરશાહ ઝફર' જેવી સીરિઅલો વડાપ્રધાનશ્રીની એ માંગનું આડકતરું પરિણામ હતી. પછીથી આવેલી 'રામાયણ' અને 'મહાભારત' દેખીતી રીતે જ એમની એવી આહલેકનું સીધું ફળ છે. રામાનંદ સાગરે 'રામાયણ' વખતે દૂધમાં પાણી નાખવાનો વેપારી નુસખો અજમાવેલો, હવે 'ઉત્તર રામાયણ'માં તેઓ છાશમાં પાણી નાખી રહ્યા છે. રામ-લક્ષ્મણને વાનરરાજોમાં વધારે પડતા વ્યસ્ત બતાવીને તથા અતિ બનાવટી તીરકામઠાંનું બાલિશ રામ-રાવણ યુદ્ધ લંબાવીને ત્યારે દૂરદર્શનને એમણે મૂર્ખ બનાવેલું. 'મહાભારત' વાળા બી. આર. ચોપરા કેટલું બનાવે છે તેની તો સરવાળે ખબર પડશે. જો કે દૂરદર્શનવાળાને ફિલ્મોવાળા બનાવે છે, કે ફિલ્મોવાળાને દૂરદર્શનવાળા તેની પંચાતમાં પડવાની જરૂર નથી, કેમ કે બંને ભેગા મળીને પ્રજાને બનાવે છે એમાં કોઈ શક નથી.

આ પ્રજાને રામ-કૃષ્ણ જેવા ભગવાનોને નામે અને નટ-નટીઓને બહાને મહિનાઓ લગી બુદ્ધુ બનાવી શકાય છે, ને કરોડોનો વેપાર હંસી-ખુશીથી કરી શકાય છે એને હું આપણા સમયનો ચમત્કાર જ ગણી શકું છું.

૧૨-૧-૧૯૮૯
૧૭-૧-૧૯૮૯

## ૧૭

# દૂરદર્શન વિશે પ્રજા અવાજ ઉઠાવે !

દૂરદર્શન પરથી ફિલ્મો ને ચિત્રહારો દર્શાવાય તેનો હું દુશ્મન નથી. એ જ રીતે હું સીરિઅલોનો પણ વિરોધી નથી. હું એ બધાંની થતી અતિશયતાનો વિરોધી છું. દૂરદર્શન મંડી હાઉસરૂપે એક વેપારી મથક બની રહે તેનો વિરોધી છું. દૂરદર્શન પરથી ફિલ્મો, તેનાં ગીતો ને સોપ-ઓપેરા પ્રકારની સીરિઅલોનો કચરો દિવસે દિવસે વધી રહ્યો છે તે પ્રત્યે હું પ્રજાનું ધ્યાન દોરવા માગું છું. દૂરદર્શનની હું યથાતથ સમીક્ષા કરનારો છું, ને એવું ઈચ્છનારો છું કે પ્રજા પણ એ દિશામાં વિચારતી થાય, તે જ્યાં જ્યાં જરૂર હોય ત્યાં ત્યાં પોતાનો અવાજ ઉઠાવે. લોકશાહીમાં બધી વસ્તુઓ લોકોની છે, ને શાસકો બધી વાતે છેલ્લે તો લોકોને જવાબદાર છે.

બાકી સારી કલાત્મક ફિલ્મ કે સીરિઅલ આનન્દ, મનોરંજન, માહિતી, મૅસેજ, શિક્ષણ બધું એક્કી સાથે આપી શકે તેની કોને નથી ખબર ? એ દ્રષ્ટિએ શ્યામ બૅનેગલની 'ભારત એક ખોજ' આ દિવસોમાં ઉત્તમ સીરિઅલ છે. 'ડિસ્કવરી ઑફ ઈન્ડીઆ' જેવા અજોડ ઈતિહાસગ્રન્થનું આવું ટીવી-રૂપાન્તર અકલ્પ્ય હતું. એવી જ રીતે 'મિર્ઝા ગાલિબ' બહુપ્રશસ્ત ગાલિબની એક શકિતશાળી ફીલિન્ગ જન્માવવામાં સફળ નીવડેલી સીરિઅલ છે. 'ભારત એક ખોજ'ના મહાભારત અંગેના બેત્રણ હપતા જોનારને સહેજે ય સમજાયું હશે કે ચોપરાનું 'મહાભારત' કેટલું ગ્લૉસી, ઈલ-કન્સીવ્ડ અને

જુદું છે ! મહાભારત-કાળનાં વેશભૂષા, સન્નિવેશ, રહેણીકરણી કે વાતાવરણ શું હોઈ શકે તેની મિસ્ટર ચોપરાને ઝાઝી ગતાગમ નથી. કૃષ્ણનો દાંડિયારાસ જ્યૉમેટ્રિકલ કોરિઓગ્રાફી સાથે બતાવનારા ચોપરા હિન્દી ફિલમના નિર્માતાથી વિશેષ કંઈ નથી. એમની રાધા કે ગોપીઓ નથી ગ્રામવાસી કે નથી નગરવાસી. એમનાં ગોકુલ-મથુરાવાસીઓમાં ખાસ કશો ફર્ક નથી. એમની રાધા 'વિરહ ભી એક જીવનમૂલ્ય હૈ' જેવું ભારેખમ બોલીને આખા નિર્માણ પાછળની દ્રષ્ટિહીનતાને ઉઘાડી પાડી દે છે. આવા અપ્રતિમ મહાકાવ્ય સાથે કશી જવાબદારીના ભાન વિના લોકપ્રિયતાને બહાને ચેંડાં થાય તેનો હું વિરોધી છું. આખે આખી સામગ્રીનો લોકને નામે વેપાર-વિતરણ માટે યથેચ્છ ઉપ-યોગ થાય તેનો મને વાંધો છે.

એ સાચું છે કે પોતાનાં મહાકાવ્યો પાસે પ્રજાએ વારંવાર જવું જોઈએ અને એનું અવારનવાર સેવન કરવું જોઈએ. પણ સવાલ એ છે કે ટીવી પરથી એક મહાકાવ્યની સીરિઅલના હપતા કેટલા હોય ? એનો જવાબ તો સહેલો છે કે જેવું મહાકાવ્ય ! પણ એનો નિર્ણય કોણ લે ? સીરિઅલ બનાવનારા ? કે દૂરદર્શનના અમલદારો ? સંભવ છે કે સીરિઅલ બનાવનારાઓ વેપારી હેતુથી દૂધમાં પાણી નાખે, બધું લંબાવી-લંબાવીને લાવે. તો એવો પણ સંભવ છે કે દૂરદર્શનના અધિકારીઓ આવી સીરિઅલનાં કદમર્યાદા અંગે નિર્ણય લઈ શકે તેવી સાહિત્યિક સૂઝબૂઝ વગરના હોય. પરિણામે એમના પર કલાનાં ધોરણોને બદલે, લાગવગ અને ખાયકીનાં ધોરણોની અસર વધારે પડે, અને વધારે સારી પડે. દૂરદર્શન આજે આ બંને સંભવોથી ઘેરાયેલું છે.

આપણને વારંવાર સાંભળવા મળે છે કે અમુક સીરિઅલના હપતા કાપ્યા, અમુકના વધારી આપ્યા. અમુકને તરત મંજૂરી મળી ગઈ, અમુકને મળતી નથી. આ કાપકૂપો ને વધઘટો, મંજૂરીઓ ને ના-મંજૂરીઓ વેપારીદષ્ટિથી, લાગવગ ને લાંચરુશ્વતની દષ્ટિથી, સરકારની કહેવાતી પૉલિસીદષ્ટિથી કે રચનાની સાહિત્યિક દષ્ટિથી થઈ તે શોધી કાઢવાનું જરાય મુશ્કેલ નથી. પણ વાત એટલી જ છે કે કોઈ શોધી કાઢવા નીકળતું નથી...! દિલ્લી દૂરદર્શન પાસે કે અમદાવાદ દૂરદર્શન પાસે સાહિત્ય અને કલાની ચોખ્ખી ભૂમિકાએથી કાર્યક્રમોનો વિચાર કરનારા, ખરા અર્થનું ઍડિટિન્ગ કરનારા, કલાકાર-અમલદારો છે ખરા ? છે તો કેટલા ? અને જો છે તો

એમનો પ્રભાવ કેમ નથી પડતો ? એમના માર્ગમાં આવતાં વિઘ્નો અંગે એઓ શી મથામણ કરે છે ? કેવોક સંઘર્ષ વેઠે છે ? દૂરદર્શનમાં જોડાયેલી અને જોડાતી વ્યકિતઓની લાયકાતો તપાસો, એમનાં બેકગ્રાઉન્ડ પર નજર કરો, અનુભવ અને પૂર્વ-કારકિર્દી જુઓ, એટલે, તરત જ સમજાઈ જશે કે આ કે આવા પ્રશ્નો પૂછવાનો કોઈ અર્થ નથી ! મોટાભાગનાં કાર્યકર્તાઓ જ્યાં મીડિઓકર હોય, ત્યાં કશાં પણ ધોરણની, ચિન્તા કે ચીવટની વાત ફલતુ લાગવાની ! શું સાહિત્યમાં કે શું દૂરદર્શનમાં મીડિઓક્રિટી જેવો કોઈ મહારોગ નથી !

આપણું હજી સદ્ભાગ્ય છે કે આપણું સ્થાનિક, અમદાવાદ દૂરદર્શન આટલા બધા વેપારીકરણમાં સપડાયું નથી. એને સ્પૉન્સર-પ્રોગ્રામો જોઈએ એટલા મળતા નથી, અને પાયચા-કૅડિયાં કે ફરાકો પહેરેલા જાડા-જાડા 'ગુજરાતી' હીરો ને ગટ્ટી-ગટ્ટી જાડી-જાડી ગુજરાતી હીરોઈનોને ગરબે ઘુમાવતી 'ગુજરાતી' ફિલ્મો એ કશી સ્પૃહા વગર નિર્મમ ભાવે બતાવ્યે રાખે છે ! વેપારીઓ વિચારે છે કે જાહેરાતોનો કવરેજ-એરિયા મળીમળીને સ્થાનિક દૂરદર્શન પરથી કેટલો મળે ? ને જાહેરાત ટીવી પરથી જ કરવાની હોય તો નેશનલ હૂક પરથી શું કામ નહીં ! છતાં લાગવગો અને ખાયકીની અફવા અમદાવાદ દૂરદર્શન માટેય સંભળાય છે. ફિલ્મ, રંગભૂમિ અને દૂરદર્શન સાથે સંકળાયેલા કલાકારોમાં જ એ અંગેની કશી ચોક્કસ કાનાફૂસી ચાલે છે. ચણભણ ચાલે છે કે એકનાં એક અભિનેતા-અભિનેત્રીઓને કામો મળે છે, એકનાં એક નિર્માતા-દિગ્દર્શકો જ બધું ખાટે છે. સાહિત્યકારોમાં કર્ણોપકર્ણ વાયકા ચાલે છે કે અમદાવાદ દૂરદર્શન પરથી અમુકને અમુક કવિઓ કે સાહિત્યકારો જ કેમ આવે છે ? સાહિત્યકારોની આ નગરીમાં શું કંઈ કાળ પડયો છે ?

મારી દષ્ટિએ સાહિત્ય અંગે તો અમદાવાદ દૂરદર્શને હજી કશી પ્રશસ્ત પરિપાટી ઊભી જ નથી કરી. સાહિત્યનું પ્રજાજોગું નિયમિત ટૅલિકાસ્ટ આપણે ત્યાં હજી શરૂ જ નથી થયું, અને એટલે એ માટે વાર લાગવાની છે. એવી પરિપાટી રાતોરાત નથી ઊભી થતી. એટલે જ રાષ્ટ્રીય કક્ષાના સાહિત્યકાર મુનશીને નેશનલ હૂક પરથી શતાબ્દીઅંજલિ અર્પવામાં આપણે રેઢિયાળ પુરવાર થયા. તો રાષ્ટ્રીય સ્તરના કવિ ઉમાશંકરને એમના નિધન પર નેશનલ હૂક પરથી હજી આપણે નિવાપાંજલિ સરખી અપાવી શકયા

નથી ! લોકલ ટીવીસેન્ટરો નેશનલ ટીવીનું કેવું તો સુન્દર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બની શકે, કેવો તો ફીડબેક પૂરો પાડી શકે, એની ચર્ચા વળી ક્યારેક કરીશ. હાલ તો બધું ઉપરથી નીચે ઊતરે છે.

સામાન્યપણે અમદાવાદ દૂરદર્શનની સમીક્ષા હું કરતો નથી, કેમ કે મારે એ અંગે કડવું કહેવાનું વધારે આવે છે. આ ધોવાણના દિવસોમાં કડવું કોઈને ગમતું નથી. અને કડવું સહીને સુધરવાનું ખમીર તો જવલ્લે જ કોઈમાં જણાય છે. છતાં, 'ભલા ભૂંસાના ભેદ-ભરમ' સીરિઅલને હું નવાજી શકેલો, 'રાઈનો દર્પણરાય' નાટકને વધાવી શકેલો. ગયા જૂનમાં વિક્રમ હૉલ ખાતે દર્શાવેલી ત્રણ ટૅલિફિલ્મો-'સોદો', 'હેલન' અને 'અંતિમ અધ્યાય'ને મેં પોંખી હતી. હમણાં ચાલતી સીરિઅલોમાં 'હરસુખને દુઃખ ભારે' ઉત્તમ હતી. 'હુતો-હુતી', 'કોને હતી એવી ખબર...' અને 'તણખા' કોઈ કોઈ હપતાઓમાં જામે છે. પરન્તુ 'બહેરું આયખું મૂંગી વ્યથા' ટૅલિફિલ્મ થોડી સુન્દર ગુજરાતી ફિલ્મોમાં માગ  મૂકાવે એવી હતી.

ઈસરો કે શૈક્ષણિક સંચાર યુનિટના કાર્યક્રમો હવે પિજ પરથી રજૂ થાય છે, પણ તેથી મળેલ મોકળાશનો કોઈ સદુપયોગ અમદાવાદ દૂરદર્શને કરી બતાવ્યો નથી. આ બધી વીગતો હું એટલા માટે આપી રહ્યો છું કે પ્રજા ટીવીને માત્ર જુએ નહીં, એની ટીકાટિપ્પણી પણ કરે. ગ્રામજગત, શ્રમિકજગત, ઘરઆંગણ, વગેરે શીર્ષકોથી ખેતી અને સ્વાસ્થ્ય અંગે આજકાલ રજૂ થતી માહિતી મોટે ભાગે ડૉક્ટરો વચ્ચેની વાતચીત રૂપે કે અધિકારીઓ સાથેની પ્રશ્નોત્તરી રૂપે હોય છે, એટલે કે વર્બલ વધારે હોય છે, વિઝ્યુઅલ ઘણી ઓછી. એને રેડિયોને બદલે ટીવી પરથી રજૂ કરવાનો વિશિષ્ટ હેતુ શો તે ઘણીયેવાર સમજાતું નથી. બલકે એવું સમજાય છે કે આ તો ફલાણા અધિકારીને ટીવીપરદે રજૂ કરવાનો નુસખો હતો ! દીઠે ન ગમે તેવા અને ભાષાનાં ઠેકાણાં વગરના લોકોને, બાકી, આપણી સામે બોલતા ધરી રાખવાનો શૉ મતલબ ? મને વિચાર આવે છે, એ મિનિટોમાં બિચારા કૅમેરામૅનને કેટલો અજંપો થતો હશે ! મુદ્દો જો કે એ છે કે નેશનલ કે લોકલ કોઈપણ દૂરદર્શન અંગેના આપણા અજંપાને આપણે વાચા આપીએ...

૧૭-૧-૧૯૮૯

૨૪-૧-૧૯૮૯

૧૮

# 'અર્ધસત્ય' : પ્રત્યક્ષ શૈલીની પારદર્શક ફિલ્મ

અનન્ત વેલણકર(ઓમ પુરી)નું સત્ય સરવાળે અર્ધસત્ય જ છે. પોતાના વૈયક્તિક સત્યને ખાતર પોલીસ સબ-ઈન્સ્પેક્ટર તરીકે આખી કારકિર્દી દરમ્યાન, પ્રાપ્ત સિસ્ટમ -ચક્રવ્યૂહ- સામે એ પૂરી પ્રામાણિકતા અને સખ્તાઈથી ઝઝૂમે છે. રામા શેટ્ટી(સદાશિવ અમરાપુરકર)એ ભલે વ્યંગમાં પણ એની સાચી ઓળખ આપી છે : નેક ઔર કડક. પોલીસ-તન્ત્ર અને એ જે ભારતીય લોકશાસનનો ભાગ છે તેમાં અનિષ્ટો અને દુરિતોનો જ જય છે. જેના હાથમાં સુરક્ષાનાં સૂત્રો છે તેઓ જ ભ્રષ્ટ છે– બધે ગુંડા લૂંટારા અને અનીતિમાનો જ ફાવે એવું જ બધું ચોપાસ વિસ્તરેલું છે. રામા શેટ્ટી એ સડેલી સિસ્ટમનું એક હાથવગું પણ મૂર્તિમન્ત સ્વરૂપ છે. અનન્તનો સંઘર્ષ એનાથી પ્રારમ્ભાય છે ને અન્તે એના નાશથી વિરમે છે. આ અન્તિમ બિન્દુ લગી પહોંચતાં અનન્ત પ્રત્યેક પ્રસંગે એના વ્યક્તિત્વની આપણી સમક્ષ પ્રભાવક એવી અધિકૃતતા સિદ્ધ કરતો રહે છે. બદલામાં એને મળે છે નામોશી, હીણપત, આક્ષેપો, કદરનો અભાવ, પૂરો અન્યાય, અવમાનના અને નૈરાશ્ય. દુરિત સામેની એની ટક્કર ક્રમશઃ એની અંગત કરુણતામાં ફેરવાતી રહે છે અને એને અપરાધ લગી ઢસળી જાય છે. આખા ચલચિત્રની અમોઘ અસરકારકતાનું કારણ નાયકની આ સ્વપ્રમાણિત ઝિંદાદિલ કર્મણ્યતામાં તેમ જ એ કર્મણ્યતાના કલાત્મક ચિત્રીકરણમાં

પડેલું છે.

આમ તો અનન્તને પ્રોફેસર થવું હતું, પણ ફોજદાર-પિતા(અમરીષ પુરી)ને લીધે પોલીસ થવું પડયું. પ્રોફેસર થયો હોત તો જ્યોત્સના (સ્મિતા પાટીલ)ની કૉલેજના પ્રોફેસરો જેવું અભિવ્યકિત-સ્વાતન્ત્ર્ય ભોગવતો હોત. અનન્ત એની આખી કારકિર્દી દરમ્યાન પોતાને મળેલા કાર્યનું સ્વાતન્ત્ર્ય અમલી બનાવે છે. પોતાને પ્રતીત થયેલા સત્યને વિશેની એની અતિશયિત શ્રદ્ધાને એની સબ-ઈન્સ્પેકટર તરીકેની કામગીરીથી બરાબરનો પુટ ચડયો છે. સિસ્ટમ અવશ્ય દૂષિત છે, પરન્તુ એની આ અતિશયત શ્રદ્ધા એની કારકિર્દીમાં ઊઠતા ઝંઝાવાતનું એક અકાટય પરિબળ છે, એની કરુણતાનું એક સ્વકીય કારણ છે : એ અતિશય ઍકસેસ એના જીવનની સમતુલાને છેવટે સર્વથા તોડે છે.

આપણે જોઈએ છીએ કે અનન્ત કોઈપણ પોલીસ ઈન્સ્પેકટરે ન કરવાનું જ કરી બેસે છે. હત્યા એ પોલીસનું કરણીય નથી, જ્યારે અનન્ત બે-બે હત્યા કરે છે !

પોતાના જ માણસને જીવતો સળગાવી દેવા બદલ અનન્ત રામા શેટ્ટીને પકડવા જાય છે અને ભારે નામોશી વહોરી હતાશ થઈ ઘેર પાછો ફરે છે. શેટ્ટીના હાથ લાંબા હતા અને ઉપરી અમલદારે એના કર્તવ્યને જરીયે પ્રમાણ્યું નહિ, બલકે ખાસ્સો ઠપકો આપ્યો. મિત્ર અને સાથી કર્મચારી હૈદરઅલી (શફી ઈમાનદાર)ની પ્રેરણાથી અનન્ત દિલ્હીના એમ.એલ. એ.ની વગ વાપરવા જેટલી બાંધછોડ સ્વીકારી લે છે અને પરિણામે, સસ્પેન્ડ થતો બચે છે. તો પણ, આ પછી, ઉત્તરોત્તર અનન્ત સમતુલા ગુમાવતો જાય છે, પૌરુષ હણાતું અનુભવે છે, દારૂ વધુ પીતો રહે છે.

એક ખૂંખાર લૂંટારાની ધરપકડ આમ તો અનન્તની બહાદુરીને આભારી હતી, છતાં ચન્દ્રક ક્રાઈમ બ્રાન્ચના અમલદારને મળે છે એ અન્યાય એનાથી વેઠાતો નથી. દરમ્યાન એક કાચા કેદીને 'બીજાનો હક્ક' છીનવી લેવાને નામે અનન્ત ખૂબ માર મારે છે, એટલો બધો કે પેલાનું મોત નીપજે છે. અનન્ત વડે થયેલી આ પહેલી હત્યામાં તરતના માનસિક દબાવનું જોશ જરૂર હતું, છતાં એને 'અકસ્માત' જ કહેવાશે. અનન્તની આંખ ખૂલવા માટે આ હત્યા પૂરતી નીવડવી જોઈતી હતી. જ્યોત્સના પાસે પોતાના આ કૃત્યનું અનન્ત પ્રાયશ્ચિત કરે છે, બલકે પોતે હવેથી બદલાઈ જશે એવી

પ્રતીતિ પણ કરાવે છે. હૈદરને પણ જણાવે છે કે પોતે પેલાને સલુકાઈથી માર્યો હતો, જવાબદારીના ભાનથી માર્યો હતો. પણ ખોટી જગ્યાએ વાગવાથી મરી ગયો હશે. અનન્તના અતિશય-નિવારણ માટે કે માનસપરિવર્તન માટે હત્યાનો આ એક અકસ્માત પર્યાપ્ત હતો. જ્યોત્સના સાથેના પ્રેમસમ્બન્ધને પણ એ પછી વધુ વિકસાવી દૃઢ કરી શકાયો હોત. કદાચ હવે પછીની વધુ સારી કારકિર્દી પણ ઘડી શકાઈ હોત.

પરન્તુ અનન્ત પોતાને પ્રાપ્ત ચક્રવ્યૂહમાં ફસાઈ ચૂક્યો છે. કેદીની હત્યાને અકસ્માત તરીકે સ્વીકારવાની તન્ત્રની તો તૈયારી જ ક્યાંથી હોય? ઊલટું હવે અનન્તને સસ્પેન્ડ જ થવું પડે અને પૂરી ઈન્કવાયરી માટે સજ્જ રહેવું પડે. કદાચ પોતાની દશા માઈક લોબો (નસીરુદ્દીન શાહ) જેવી થાય. જો કે લોબોની સરખામણીએ અનન્ત માટે જ્યોત્સના વધુ અસરકારક એવું 'રિફ્લેક્ટિવ કેરેક્ટર' (પ્રકાશક ચરિત્ર) છે, પણ ચિત્ર અનન્ત વડે થયેલી બીજી હત્યાની દિશામાં અણધાર્યા વેગથી ધસી જાય છે.

હૈદરઅલી હવે, દિલ્હીના એમ. એલ.એ.નો નહીં પણ રામા શેટ્ટીનો જ રાહ સૂચવે છે. હૈદરની આ વ્યવહારુ વાત લાચારીથી ગળે ઉતારી શકેલો અનન્ત સ્વબચાવ માટે શેટ્ટી પાસે જાય છે ત્યાં ચિત્રની વાસ્તવદર્શી, નહિ કે રોમેન્ટીસિસ્ટ, તરેહને પૂરી ધાર મળે છે. પણ અનન્તને હંમેશનો ગુલામ બનાવનારી શેટ્ટીની સોદાબાજીને પોતે સાવ જ નિષ્ફળ બનાવે છે અને પૂરા આક્રોશ અને આવેશથી રામા શેટ્ટીનું ગળું દબાવી, એ મરી રહે ત્યાં લગી દબાવી, એનું ખૂન કરે છે. અનન્તે કરેલી આ બીજી હત્યાને કોઈપણ રીતે અકસ્માત લેખી શકાય એવી અહીં કશી ભૂમિકા જ નથી. અનન્તની નામોશીની કે તેના આત્મહ્રાસની આ ચરમ ક્ષણ હતી એમ સ્વીકારીએ તો પણ, ચિત્રમાં આ ઘટના એક નાયકવેડા 'હીરોઈક વૅન્ચર'થી વિશેષ પુરવાર થતી નથી. રામા શેટ્ટી જેવા દુરિતનો નહીં પણ એ રામા શેટ્ટી વ્યકિતનો માત્ર સ્થૂળ નાશ બની રહે છે. ઘટનાની આ સ્થૂળતાને આ સિવાયની કોઈ અંગત કે સામાજિક આચારસંહિતાથી અથવા તો નીતિમિત્તાથી સમર્થિત કરી શકાય એવી કશી જગા જ નથી અહીં.

શેટ્ટીની હત્યાની ઘટનામાંથી અનન્તની કરુણતા અવશ્ય ઘેરી બને છે પણ સાથે જ તન્ત્રની જડબેસલાક સરસાઈ પણ પ્રસરે છે, કહો કે સમગ્ર સિસ્ટમની એડી હેઠળ અનન્તનું સત્ય કચડાઈ મરે છે. બીજા શબ્દોમાં એમ

કહી શકાય કે અનન્તની પ્રકૃતિમાં પડેલી સ્વપ્રમાણિત સત્યને વિશેની પેલી અતિશયિત શ્રદ્ધા એના સમગ્ર ચરિત્રને આ ક્ષણે એક ધૂંધળાશમાં પલટી નાખે છે; એટલું જ નહીં, પોલીસને અપરાધીમાં પલટી નાખે છે. શુભનો દુરિત પાસેનો આ ઘોર પરાભવ ચિત્રની સાંકેતિકતાને ઠીંગરાવી મારે છે, એક મૂઢતાભરી અગતિકતા પાસે ચિત્રને અટકવું પડે છે. અહીં અનન્ત વેડફાઈ જતું દ્રવ્ય -એક વ્યર્થતા -ભાસે છે.

દિગ્દર્શક ગોવિન્દ નિહાલાનીનો દાવો છે કે અનન્તના આ કૃત્યથી જ સમાજમાં ક્રાન્તિ કે હલચલ જાગે, સામાજિક કે જાહેર મૂલ્યોની પુનઃચકાસણી થઈ શકે. પરન્તુ, સચ્ચરિત્રને લાચાર અપરાધી રૂપે એ જ સિસ્ટમને હવાલે કરવાથી શી રીતે અને કેવી ક્રાન્તિ થઈ શકે ? ક્રાન્તિના સંભવને માટેની સંઘર્ષ-પ્રક્રિયા આટલી ટૂંકી અને સ્થૂળ હોય, તો ક્રાન્તિ વિશેની સમજમાં જ કંઈક ખૂટે છે એમ કહેવું પડશે. આ પ્રકારની પ્રાથમિકતાઓ વડે આપણે ક્રાન્તિનો ખરો ઉપાય ચીંધી શકીએ નહીં. પ્રવર્તમાન સિસ્ટમમાં દુરિત ઉચ્ચાવચતાના ક્રમે વધુ ને વધુ દૃઢ થતું આવે છે અને આપણામાંના તમામ અનન્તો માટે હજી વધુ ધૈર્યભરી, તિતિક્ષાયુકત, કર્મઠ અને નૈષ્ઠિક સક્રિયતા માગી લે છે. સત્યને શહાદતથી જય મળે છે --અપરાધ, હિંસા કે કશી પણ હત્યાથી એને ધારી શકાતું નથી. સત્ય-અહિંસાનું ગાંધીકલ્પ્યું અદ્વૈત જ ક્રાન્તિમાર્ગ કોરી શકે...શેટ્ટી પર માત્ર આક્રમણ કરી, નાસી છૂટી, જ્યોત્સનાને હવાલે જો અનન્તને બીજી વાર ભાંગી પડતો બતાવ્યો હોત, તો ચિત્રની આખી દિશા જ બદલાઈ ગઈ હોત...અનન્તનું એવું વૈફલ્ય આપણી અનુકમ્પાનું મોટું કારણ બનત અને એટલે જ મૂલ્ય-સમીક્ષાનો કે મૂલ્યપરિવર્તનનો કશોક સાચો માર્ગ ઊઘડી આવત. અહીં તો ખરે જ અર્ધ સત્ય હાથ આવ્યું છે. સંશુદ્ધ થયું નથી માટે પૂર્ણ ભાસતું નથી.

વાસ્તવિકતાને રોમેન્ટિસિસ્ટ અને હ્યુમેનિસ્ટિક રંગરોગાનોથી પોતાને માપે ન્યૂન કરી ફૉર્મ્યુલાબદ્ધ કૃતક ચિત્રોનો વરસોવરસ ઢગ ખડકનારા લબ્ધપ્રતિષ્ઠ હિન્દી ચિત્રસર્જકોને સમાન્તર સિનેમાએ મૂલેકુઠાર કર્યો છે, તેઓને અવશ્ય પાછા પાડી દીધા છે. એક કલાની ભૂમિકાની સમીક્ષા રજૂ કરવા સમાજના સળગતા સવાલોનું નર્યું વાસ્તવિક નિરૂપણ કરવાના સત્યજિત રે, શ્યામ બૅનેગલ, મણિ કૌલ, કુમાર શહાણી કે ગોવિન્દ નિહાલાનીની મનીષા અવશ્ય ફળી છે. આટલી પ્રત્યક્ષ શૈલીની આટલી

પારદર્શક ભારતીય ફિલ્મ આ લખનારે પૂર્વે કદી જોઈ નથી. ફિલ્મના માધ્યમનો કશાં 'ફૉર્માલિસ્ટિક ગીમિક્સ' વિનાનો -ચતુરાઈ વિનાનો- આટલો શુદ્ધ વિનિયોગ આવી પ્રભાવકતાથી કરવા બદલ નિહાલાનીને અનેક અભિનન્દનો ઘટે છે.

ઓમ પુરીની અભિનયકલા અહીં બરાબર નીખરી આવી છે, સૂક્ષ્મ સ્પન્દનોની અભિવ્યક્તિમાં એ ઘણા આગળ નીકળી ગયેલા કલાકાર છે એ આ ચિત્રના કેટલાક અદ્‌ભુત 'કલોઝ અપ્સ'થી દર્શાવી શકાય એમ છે. છતાં, 'આક્રોશ' કાળથી 'ઍન એકટર એમિટિન્ગ વાયોલન્સ' તરીકેની એમની અલબત્ત સાફ પણ જે ઈમેજ બંધાવા માંડી છે તે એમની કારકિર્દીમાં વિઘ્ન પણ બની શકે છે. એ જ રીતે, આજના ભારતીય કલાકારનું વાસ્તવવર્શી છતાં 'સિનેમા ઑવ વાયોલન્સ' ની દિશા પકડયા કરતું મનોવલણ સમાન્તર સિનેમાના પ્રસંગમાં પણ વાચાળ અને સનસનાટીભર્યા મસાલાઓનો ભોગ બને તે પહેલાં સમીક્ષા માગે છે. પાણવલકરની કથાનો તેંડૂલકરની પટકથામાં અને નિહાલાનીની દિગ્દર્શનશકિત તેમજ ઓમ પુરીની અભિનયકલા વડે કાયાકલ્પ ન થયો હોત તો ?

કલા જ્યારે જ્યારે વાસ્તવને સંકલ્પપૂર્વક ભેટવા જાય છે ત્યારે ત્યારે આવું અનિવાર્ય પરિણામ આવે છે. હવે 'અર્ધસત્ય' જેવાં ચિત્રો પણ સૅન્સરમાંથી છૂટી શકે છે, અથવા તો 'આજકા એમ.એલ.એ.' જેવું ચિત્ર સરજી શકાય છે એ એક તરફથી આપણી બૌદ્ધિક કે સાંસ્કૃતિક પ્રગતિ સૂચવે છે, પણ જેની એ વાત કરે છે તે સિસ્ટમ વધુ ને વધુ વકરતી જાય છે એ બીજી તરફથી ઘણું શોચનીય છે...કલા પણ માત્ર કલા બનીને રહી જાય અને કયારેક તો સિદ્ધ સ્વરૂપે પણ પછાડ ખાય...

આપણા ભાગ્યમાં પણ 'અર્ધસત્ય'ની કલાપ્રશંસા ગાવાનું જ નથી રહેતું ?

૨૦-૨-૧૯૮૪
૧-૪-૧૯૮૪

## ૧૯

# 'તમસ' : ઝળહળતા મૅસેજની કલાફિલ્મ

તમસ જોઈને હું ૪૦ વર્ષ પહેલાંના મારા વતનમાં, ડભોઈમાં મુકાઈ ગયેલો. ૭-૮ વર્ષની નાની વયે જોયેલા હિન્દુ-મુસલમાન હુલ્લડો વખતનું વતન ચોમેરથી બેઠું થઈ ગયેલું. તે વર્ષોમાં હું પહેલી વાર કોમવાદ, હુલ્લડ, રમખાણ, ૧૪૪મી કલમ, કરફ્યુ, આર એસ એસ વગેરે શબ્દોની મોંઢામોંઢ થયેલો. મારા કોઈ દેશ-દાઝીલા શિક્ષકની સલાહથી મેં પણ પહોળી-પહોળી ખાખી ચડ્ડી પહેરેલી ને મહીં સફેદ ખમીસ ખોસેલું. મારા તે વખતના સૂકલકડી શરીર સાથે મેં પણ મારા વતનના કિલ્લા પાસે 'નમસ્તે સદા વત્સલે માતૃભૂમિ' -કરીને લાઠી ને લેજિમના દાવ માટે ખરાંખોટાં તરફડિયાં મારી જોયેલાં... તમસ જોતાં પથ્થરમારામાં ઊડતી વતનની શેરીઓ મને ફરીથી દેખાઈ...છરાભોંક, ખંજરબાજી, તલવાર, પટા ને નળા, સોડાબૉટલના કાચ, હૉકીઓ બધું ફરી દેખાયું. લુંટાયેલી દુકાનોમાં આગનાં દૃશ્યો મારામાં ફરીથી ભડભડવા લાગ્યાં. કડિયાવાડમાંથી ખેડાવાળમાં દોડાવાયેલી બ્હાવરી ગાયો નજર સામે કશા ફ્રીઝ શૉટની જેમ એકત્ર થંભી ગઈ. બંધ ઘરો બંધ ફળિયાં ને અધખૂલી બારીઓમાંથી ડોકાતા ભયવ્યાકુળ ચહેરાઓ...નીચે આ ગલીથી પેલી ગલીમાં ઘડબડાટ ઘસી જતાં આતંકિત માનવશરીરો...છજામાંથી નીચે કોઈ દુષ્ટ ઝમેલા પર નખાતું ગરમ ઊકળતું પાણી...ફરી એક વાર ફેંકાયું...બધું ફરી ભજવાયું...બારણાં પાછળ છુપાવાયેલી

કડિયાળી ડાંગો મારામાં ફરી એક વાર ખખડી ઊઠી...ઘરની ભોગળ ફરી એકવાર હાથમાં રવરવવા લાગી...બધું...ફરી, ફરી ભજવાયું...

તમસનું જલાલાબાદ મારા એ વતનથી જરાય જુદું નહોતું. આગથી કાળાં પડી ગયેલાં એ વિજન ભીંતડાં હજી ય નજરને અખરે છે. અને અહા, ત્યારે દેશનાં કેટલાં બધાં જલાલાબાદોમાં આ-ની-આ ઘટનાઓનું ધીંગું પુનરાવર્તન થયેલું ! કૅમેરાની હાલકડોલકમાં સરતું આખું એ ઉજ્જડ, ઉધ્વસ્ત ગામ હજી એવા જ દયામણા ચહેરે મૂંગું-મૂંગું રુવે છે. ખરે જ, યાદ માત્રથી કમકમાટી છૂટે એવો એ ભદ્દો ભયાનક ભૂતકાળ હતો...!

એ ભૂત-કાળનું બે મોટા બનાવોથી જાણે શમન ગયેલું : એક તો ૧૫મી ઑગસ્ટ '૪૭. આઝાદી મળી એથી ઘડીભર સૌને જાણે હાશકારો થયેલો. અમે ઝૂમીને ગાયું હતું : ઝંડા ઊંચા રહે હમારા. અને બીજો બનાવ તો ઘોર પાપનો હતો, ગાંધીહત્યાનો. ત્યારે સૌને રડતા ગાતા સાંભળ્યા હતા : દીવડો બુઝાયો આજે દીવડો બુઝાયો, ભારત દેશનો દીવડો બુઝાયો...અને સાચે જ, દીપક એ દિવસથી બુઝાયો છે. એ દિવસથી દેશમાં અંધકાર અંધકાર વિસ્તર્યો છે, તમસ તમસ વીંટળાતું રહ્યું છે. આઝાદીનાં ૪૦-૪૦ વર્ષ પછી પણ આ ધરતી પર એ-નાં-એ જ લોહીભીનાં દૃશ્યો ચકરાતાં રહ્યાં છે. વરસોવરસ એ જ વતનમાં, એ જ વડોદરામાં, એ જ વાડી, પાણીગેટ કે લાડવાડામાં, એ જ અમદાવાદમાં એ-નું-એ જ ઘાતકી, લોહિયાળ અને આગઝરતું સર્વનાશી નાટક ભજવાતું જોયું છે. ભીવંડી, મેરઠ કે મોરાદાબાદમાં એ-નો-એ જ નરસંહાર વારંવાર ગાજ્યા કર્યો છે. હિન્દુ રાષ્ટ્ર ખાલિસ્તાન અને મુસ્લિમ અલગતાવાદનાં એ જ સ્ટાઈલનાં કાવતરાંઓએ દેશને ખોખરો ને ખોખરો કર્યો છે. રોજે રોજે પંજાબના ખપ્પરમાં નિર્દોષ મનુષ્યજીવો હોમાયા જ કરે છે, હોમાયા જ કરે છે...!

નિહાલાનીએ ખરું જ કહ્યું છે : ધોઝ હુ ડુ નૉટ લર્ન ફ્રૉર્મ હિસ્ટરી આર કન્ડેમ્ન્ડ્ ટુ રીપીટ ઈટ... પૂછ્યા વિના રહેવાતું નથી : શું આપણે એ જ શાપિત પ્રજા નથી ? ભૂતકાળમાંથી નહીં શીખવાનું પાપ કશા ભુરાંટા જનાવરની જેમ વારે વારે શું આપણા પગોમાં નથી અટવાયા કર્યું ?

## ૧

તમસ એના છયે છ ભાગ પૂરા કરે એ પહેલાં જ એનો અનિવાર્ય વિરોધ થયો એમાં ખરેખર તો એની પ્રભાવક કલાનો જ ઈશારો છે. આવો

અધીર અને અસહિષ્ણુતાભર્યો વિરોધ હકીકતે તમસના વસ્તુવિચારમાં રહેલી નગદ વાસ્તવિકતાનું સમર્થન કરે છે. આવું કંઈ ના બન્યું હોત તો જ નવાઈ ! બલકે દિગ્દર્શક ગોવિન્દ નિહાલાની, તમસની કલાકાર ટીમ, બ્લેઝ ઍન્ટરટેઈન્મેન્ટ અને દેશના શાણા કલાવિવેચકોને ગળા લગીની ખાતરી હતી કે આ ફિલ્મ પાર ઊતરવાની નથી, વિરોધના વંટોળમાં ફસાવાની છે. ખબર હતી કે એને બંધ કરાવવાને દેશમાં ઘણાં પરિબળો ઊમટી પડશે, અનેક તત્ત્વો મહેનતપૂર્વક કામે લાગી જશે. મુંબઈ હાઈકોર્ટનાં, જસ્ટિસ ભકતવર લેન્ટિન અને જસ્ટિસ મિસિસ સુજાતા મનોહરને હાર્દિક અભિનન્દન ઘટે છે કે એમણે તમસના બાકીના ત્રણેય ભાગ દર્શાવવા માટેનું આવકાર્ય રુલિન્ગ આપ્યું. એમના ન્યાયપૂર્ણ શાણપણને ધન્યવાદ ઘટે છે.

તમસનો સૌ પહેલો વિરોધ શિવસેના અને ભાજપે કર્યો એમ કહેવાય છે, જો કે અમૃતસરમાં પણ વિરોધ પહેલા બે ભાગ દરમ્યાન જાગ્યો હતો. એ પછી મુંબઈના વેપારી જાવેદ સિદ્દીકીએ રિટ પીટિશન કરી અને એનો ચુકાદો જસ્ટિસ એસ. સી. પ્રતાપે એવો આપેલો કે ૨૩ જાન્યુઆરીથી તમસને આગળ દર્શાવી શકાશે નહીં. ખરેખર તો પ્રતાપે પહેલે જ ધડાકે રિટને રદ કરી નાખવાની'તી, પણ એ ન થયું. રિટ હાઈકૉર્ટમાં પડેલી હતી અને વિરોધ કરનારાઓએ સુપ્રિમમાં દાદ માગેલી. પણ નિષ્ફળ ગયેલા. સંભવ છે કે તમસ સામે આંદોલનની નવેસરની ધમકી ઉચ્ચારનાર ભાજપનો પ્રયાસ કારગત નીવડે. અમૃતસરનો વિરોધ, બનવાજોગ છે કે વધુ સંગઠિત સ્વરૂપે બહાર આવે. તમસના બધા ભાગ પૂરા થયે એના વિરોધે દેશમાં ખાસ્સો ઊહાપોહ જાગે, ઊહાપોહ ઉપરાન્તનું પણ બને- તમસમાં જુદા જુદા પ્રજાસમૂહોને સ્પર્શતાં, અડતાંનડતાં, ઘણાં સ્ફોટક સ્થાનો છે. પરિણામે આમાંનું ઘણું ઘણું બન્યું હતું.

હું આવી તમામ પ્રતિક્રિયાને તમસની સીધી સફળતા ગણું છું. એનું કામ જ આપણામાં વૈચારિક ક્રાન્તિનો આરમ્ભ કરવાનું છે. છતાં પૂરી દહેશત હતી કે ફિલ્મનો એવો ઉપકારક પ્રભાવ વિસ્તરે તે પહેલાં જ એને હંમેશને માટે ડબ્બામાં પૂરી દેવાનું ઈચ્છનારા જ સફળ થાય. સમજદાર નાગરિકોએ એ ભય સામે ઝઝૂમવાનું હતું. દેશપ્રેમી બૌદ્ધિકોએ અને કલાપ્રેમી સારસ્વતોએ તમસના સત્યને તંદુરસ્ત ચર્ચાનું બળ પૂરું પાડયું અને એક ફિલ્મ તરીકે નિમિત્ત બનીને તમસે પોતાના બિલ્ટ-ઈન કૉઝને માટેનું ઍકશન

જગવ્યું એ ઍકશનની જેટલી પ્રશંસા કરીએ એટલી ઓછી છે.

૨

પ્રતિબદ્ધ (કમિટેડ) કલા હમેશાં ઍકશનમાં પરિણમે છે. અને ત્યાં જ કલાતરફી મનુષ્યોની કસોટી છે. શુભ અને સત્યની હિફાઝત ઝંખતી પ્રજાની પરીક્ષા પણ આવે ટાણે જ થતી હોય છે. તમસે એ રીતે પ્રવર્તમાન ભારતને બહુ અણીના વખતનું દર્પણ ધર્યું છે. એ એક ઝળહળતા મૅસેજની કલાફિલ્મ છે, એક જાગ્રત અને પ્રતિબદ્ધ કલાકારનું ગમ્ભીર સર્જન છે. રિચર્ડ ઍટનબરોની જગવિખ્યાત ફિલ્મ 'ગાંધી' પછી નેશનલ ઈથોસને એની મહાકાવ્યસદૃશ ગરિમા અર્પનારી ફિલ્મ તમસ છે. કલંકિત ઈતિહાસોની મહાન ગાથાઓ કલાનું ચિરંજીવી જીવન પામે, નરવા સત્યરૂપે પ્રકાશે એવું વારંવાર નથી બનતું. તમસ એક એવી જ વિરલ કલાવસ્તુ છે.

જો કે એનએફડીસીએ ગોવિન્દને પહેલે જ કોળિયે માંખ બતાડેલી ને ગાઢા પાડી દીધેલા : 'દાટયાં મુડદાં ઉખાડીને શું કાઢવાનું ?' પરન્તુ એમ ડગી કે ડરી જાય તો ગોવિન્દ શાના ? 'આક્રોશ' પછી 'અર્ધસત્ય' અને 'પાર્ટી'થી એક દુઃસાહસિક સિનેસર્જક રૂપે છવાઈ ગયેલા ગોવિન્દને બ્લેઝ ઍન્ટરટેઈન્મેન્ટવાળા મળી ગયા. બ્લેઝે એમના આ ૧૫ વર્ષ જૂના સ્વપ્નને સાકાર કર્યું. એ માટે ૭૫ લાખ ખર્ચ્યા અને જોડે બહુ મોંઘી એવી સ્વતન્ત્રતા ય આપી. ભાગલા જેવા જલદ ઉત્તેજક વિષય પરની ફિલ્મનું જોખમ ખુશીથી ઉપાડવા બદલ બ્લેઝ ઍન્ટરટેઈન્મેન્ટને પણ અભિનન્દન ઘટે છે.

સારી કલાફિલ્મોને રૂંધવાનું, કાપવાનું કે કાયમને માટે અભરાઈએ ચડાવી દેવાનું અત્યાર સુધી કાં તો સૅન્સરે કર્યું છે, અથવા તો દૂરદર્શને. સત્તાના આડતિયા-મળતિયાઓ એ બધા પ્રસંગોએ ઘાંઘા થઈને ફરી વળ્યા છે ને ગંદું-ભદ્દું છાવરવામાં સફળ રહ્યા છે. 'ન્યૂ ડેલી ટાઈમ્સ' અને 'રાજીવ્ઝ ઈન્ડીઆ' આ વાતનાં જાણીતાં દૃષ્ટાન્તો છે. પણ સુખની વાત એ છે કે તમસના દાખલામાં સરકાર આડી નથી પડી. દૂરદર્શનને, એના ડાયરેકટર જનરલ ભાસ્કર ઘોષને તેમજ સમગ્ર માહિતી ખાતાને તમસના ટૅલિકાસ્ટ માટે અભિનન્દન ઘટે છે. ખરેખર તો આવું પુણ્યનું કામ કરીને દૂરદર્શને પોતાનાં રોજિંદા 'પાપો'નું પ્રાયશ્ચિત કર્યું છે. તમસ રજૂ થાય તે પૂર્વે માહિતી ખાતાએ નેશનલ ઈન્ટીગ્રેશન કાઉન્સિલને ફિલ્મ રીફર કરી છે અને કાઉન્સિલે

એને સર્વાનુમતે પાસ કરી છે. દેશકાળને માટે અનિવાર્ય એવી નિર્ભીકતા દર્શાવીને દૂરદર્શને ગજું કાઢ્યું છે, બલકે સ્વાયત્ત બની રહેવા માટેની પોતાની લાયકાત અને પુખ્તતા સિદ્ધ કરી છે. કશી પણ કાટછાંટ વિના તમસ રજૂ કરાયું એ દૂરદર્શનના ઈતિહાસમાં એક પૉઈન્ટ ઓવ ડિપાર્ચર છે, નવપ્રસ્થાન છે.

તમસની આડે આવ્યાં હતાં સંકુચિત હિતો. ત્યારે તો ફિલ્મ દૂરદર્શન પર પણ પૂરી નહોતી થઈ. થયા પછી પણ ૮૦ કરોડની જનતામાંથી માત્ર ટીવી જોનારાના નાના પ્રજાસમૂહ લગી જ પહોંચી છે. તમસ જેની વેદનાવ્યથાને વાચા આપે છે એવા વિશાળ લોકટોળાંઓ લગી તો કયારે પહોંચશે ? અને પહોંચશે ત્યારે એમનો પ્રતિભાવ શો હશે ? પ્રતિક્રિયા કેવી હશે ? કદાચ તમસ એના નાયક એકલા નથ્થુ ચમારની કથા છે અને દેશના કરોડો નથ્થુઓ માટે છે. સંભવ છે કે ત્યારે નકરો પ્રતિસાદ પડે, મોટો પડઘો પડે. તમસના વિરોધકારોને એ પ્રતિસાદની બીક છે. લોકડિયાં જાગે એ આજે કોઈને પરવડતું નથી...

પ્રભાવક કલાથી હમેશાં શાસકો અને શોષકો ડરે છે. અને જો એનો પ્રભાવ લોકોના વિશાળ સમુદાયો લગી પ્રસરવાનો હોય તો વધારે ડરે છે. એ સંજોગોમાં એ તત્ત્વો પૂરાં સંગઠિત થઈ જાય છે. સામ, દામ, દણ્ડ, ભેદ કે શકિત, ધન, લાલચ, વગ, સત્તા વગેરે અનેક હથિયારો એકઠાં કરીને મેદાને પડે છે. ઘણી વાર તો આવો વિરોધ ધર્મ, રાષ્ટ્ર, સદાચાર, નીતિ વગેરે મોટા મોટા શબ્દોની ઢાલ ધરીને ચગાવાતો હોય છે. આ તો ચોરોનું સરઘસ નીકળ્યું હોય અને નારા બોલાવાતા હોય કે 'ચોરી કરવી પાપ છે' એ પ્રકારની વાત છે. ત્યારે હાસ્યાસ્પદ સ્થિતિ સરજાય છે. તમસના વિરોધકારોએ શી ખબર કેવી સ્થિતિનું શરણ લીધું હતું. એમણે કહેલું કે અમે 'દેશની એકતા અને અખણ્ડતા'ને ખાતર સુપ્રિમ કૉર્ટમાં જઈને ન્યાય માગીશું. લોકશાહીમાં ભાષાને સૌથી વધુ ભ્રષ્ટ કરનારા નેતાઓ હોય છે. વારે વારે વાપરીને શબ્દોને એઓ નિષ્પ્રાણ કરી નાખે છે. 'દેશકી એકતા ઔર અખણ્ડતા કે લિયે' નામના શબ્દગુચ્છની એ જ અવદશા થઈ છે. એ ચવાઈ ચૂકેલા કૂચડા વડે હવે કોઈપણ રેંજીપેંજી પોતાને દેશપ્રેમી તરીકે ચીતરી શકે છે !

## ૩

તમસ કોઈ પક્ષકારની જેમ વન-ડાયમેન્શનલ હિસ્ટરી રજૂ કરતી સામાન્ય ડૉક્યુમૅન્ટરી હોત, તો સંભવ છે કે એને અંગે આટલું બધું ધ્યાન ન ખેંચાયું હોત. વાસ્તવમાં એ એક ગમ્ભીર ફિલ્મ છે અને બળકટ કલાફિલ્મ છે. એનો હેતુ કોઈપણ ધોરણે ચાલુ મનોરંજનનો નથી, સાથે સાથે એ કશો ઉપરચોટિયો કટાક્ષ પણ નથી. તમસનો ઍસ્થેટિક ઈમ્પરેટિવ આપણામાં દૂરગામી ક્રાન્તિ જગવવાનો છે.

તમસને દર્શક ખુલ્લા મને જુએ એ પહેલી જરૂરિયાત છે. તો ફિલ્મનો કલાનુભવ શકય બને અને તમારામાં ફિલ્મનું સત્ય ઊપસવા માંડે. જો આટલું થઈ શકે તો તમે આ બીભત્સ અને ભયાનક તવારીખની ભર્ત્સના કરવા માંડો. તમને ઊંડે ઊંડેથી સમજાય કે પ્રજાના ખરેખરા દુશ્મનો કોણ છે અને ધર્મ કે કોમની ખરેખરી હિફાઝત કરનારા કોણ છે. છેલ્લે બધું બરાબર સમજાઈ જાય કે કુટીલ સ્વાર્થાન્ધ રાજકારણીઓની સત્તાલાલસા સર્વે પાપનું મૂળ છે, સર્વનાશની પહેલી ધ્રૂજારી મૂળે તો ત્યાંથી ફૂટી છે. અંતરતમમાં આટલું જો ઊગે, તો તમારામાં વૈચારિક ક્રાન્તિ શરૂ થાય ને તમે દુષ્ટ શાસકો અને અશ્લીલ શોષકોની સામે પડવાનું માનસિક બળ મેળવો. તમસ એ વીતી ચૂકેલા કાળા સમયની રસિક નોંધ લેનારી ફિલ્મ નથી, એને એટલા જ ઈતિહાસને નથી વખોડવો. એને આપણા સમય લગી વિસ્તરવું છે. દેશમાં હિંસ્ર રાજકારણની જે ડિઝાઈન સૅટ થઈ છે તે પ્રત્યે આપણને સભાન કરવા છે, બલકે આપણને હંમેશને માટે ચેતવવા છે. એક કલાકૃતિ સતનો જે નાનો શો કણ આપણામાં મૂકી જાય તે જ તમસનું પ્રદાન છે. મૅસેજ અહીં સત્યનો છે અને એની પદ્ધતિ કલાની છે એ કદી ભુલાવું ન જોઈએ.

ન જાણતાં હોય તે સૌને જાણી આનન્દ થશે કે જે પરથી ફિલ્મ બની છે તે તમસ નવલકથાના લેખક ભીષ્મ સાહની જાણીતા અભિનેતા સદ્‌ગત બલરાજ સાહનીના ભાઈ થાય છે, અને નવલકથાને ૧૯૭૫માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો અવૉર્ડ મળેલો છે. ભીષ્મની તમસમાં નાની ભૂમિકા પણ છે. પણ ખાસ તો તેઓ પોતે એક નિર્ભ્રાન્ત અને સમ્પ્રજ્ઞ સાહિત્યકાર છે. હવે પાકિસ્તાનમાં મુકાયેલા જલાલાબાદમાં તમસની કથા શરૂ

થાય છે અને તેનો સમય આઝાદી અને ભાગલા પહેલાંના થોડા માસને આવરી લે છે. ફિલ્મમાં એમ દર્શાવાયું છે કે ઑગસ્ટ ૧૯૪૭ પહેલાંનાં થોડાં અઠવાડિયાંની આ વાત છે.

ફિલ્મનું પહેલું જ દૃશ્ય અત્યન્ત બળવાન છે. અભણ અને ગરીબ નથ્થુ ચમાર (ઓમ પુરી) કોઈના હુકમથી ડુક્કરની હત્યા કરે છે. આ થોડા ઘુંટાયેલા પ્રસંગની, ફિલ્મમાં પ્રતીકાત્મક મહત્તા પણ છે. ડુક્કર ચીસો પાડે છે, દર્દથી આરડે છે. નથ્થુ કશું પણ બોલ્યા વિના પોતાનામાં હોય તેટલું જોર લાવીને ડુક્કરને રહેંસી નાખવાનો રીતસરનો ઉદ્યમ કરે છે. એટલે કે આ કામ એ ટેવવશ કરી રહ્યો છે, એક ગરજાળ ધંધાદારીની રીતે કરી રહ્યો છે, કશી સ્વેચ્છાથી નહીં. નથ્થુના એ કૃત્યમાં એના આત્માની સમ્મતિ નથી. નથ્થુનું લાગતું આ દુષ્કૃત્ય ફિલ્મમાં પછી અનેક ઘટના-દુર્ઘટનાઓનું કારણ બને છે. દુષ્કૃત્ય બીજાનું છે, પણ કર્તા નથ્થુ હતો તેથી ક્રમે ક્રમે નથ્થુ ગિલ્ટનો અનુભવ કરવા લાગે છે, એને ધીમે ધીમે સમજાય છે કે ચોપાસ શું ચાલી રહ્યું છે અને પોતે કેવી હીન કારવાઈનું નિમિત્ત બન્યો છે.

જોવા જઈએ તો નથ્થુએ તમસમાં આખી પ્રજા વતી ગિલ્ટનો અનુભવ કર્યો છે અને પોતાના કૃત્યની તીવ્ર મનોવેદના વેઠી છે. એ અર્થમાં એ તમસનો નાયક છે. અલબત્ત, રાજકારણના આટાપાટા સમજવા જેટલી બુદ્ધિ એનામાં નથી -નથી જ. જો કે એ ભોળપણ તો એની ગુણસમ્પત્તિ છે ! છતાં એનું માનવમન ધીમે ધીમે આખી વાતનો મર્મ પકડવા માગે છે. સમસ્ત ફિલ્મમાં આ અદના આદમીનો અંતરાત્મા સૌથી વધુ જાગૃત છે. ફિલ્મ તમસ તવારીખના એ સમગ્ર દુષ્ચક્રને નથ્થુના વિરોધે જોવાનો આદેશ આપે છે. નથ્થુ ઈઝ ધ રીઅલ સફરર. તમસનું એ કેન્દ્રબિન્દુ છે. જો કે છેવટે નથ્થુને મોત મળે છે. જરા જુદી રીતે પણ નથ્થુ ડુક્કરના અન્તરને જ પામે છે. ડુક્કર અને નથ્થુ જેવાં નિર્દોષ ભોળુડાંઓની કરપીણ પ્રાણહત્યા માટે જવાબદાર તો સિસ્ટમ છે. આપણે જોયું છે કે સિસ્ટમ ઉત્તરોત્તર વકરી છે. એમાં એમનો ઉપયોગ જરૂર છે, એમાં એમનું કશું સ્થાન નથી.

દેશના ભાગલા અગાઉનું પ્રજા સમસ્તનું તંગ માનસ, બંને કોમનું પાગલપન અને ભાગલાની સાથે જ શરૂ થઈ ગયેલી કરુણ હિજરતો, વગેરે

ભૂતકાળના જેઓ સાક્ષી છે તેઓ આજે પણ કહેશે કે એ દિવસો તમસમાં છે એથી પણ વધારે અંધારિયા હતા. ધર્માન્ધ, સ્વાર્થી, અલગતાવાદી અને ક્રૂર રાજકીય કાવાદાવાની ત્યારે ચરમ સીમા જોવા મળેલી. કલા કરતાં વાસ્તવિકતા હમેશાં ભૂંડી, પ્રગાઢ અને વરવી હોય છે. વિરોધકારો કહે છે કે તમસમાં કોમી સંવાદિતાનો નાશ કરનારી અસરો છે અને કૉર્ટે તેને નજરઅંદાજ કરી છે- જાણે દેશમાં કોમી સંવાદિતા કોઈ અકબંધ, ટકાઉ અને ચિરંજીવી વસ્તુ હોય ! ખરેખર તો, પ્રવર્તમાન ભારતમાં એની ઠીકઠીક અછત છે, એટલું જ નહીં, દેશની ઘણી બધી યાતનાઓનાં બીજ ભાગલામાં પડેલાં છે અને આજે તો તેમાંથી ઘણી બધી વિષવેલો પાંગરી ચૂકી છે. તે વાચાનું દેશમાં કહેવાતી બિનસામ્પ્રદાયિકતાને નામે, ઉપલા વર્ગનું કોમવાદી રાજકારણ ચાલુ થઈ ગયું છે. અલગ થવું એ એનું ધ્યેય છે અને હિંસા એનું શસ્ત્ર છે. ત્યારે એ અંગ્રેજ શાસનની છત્રછાયામાં ઊગ્યું હતું, આજે એ અનેક દેશીવિદેશી હિતોના પડછાયા હેઠળ ખાસ્સું ઊછરી આવ્યું છે.

તમસમાં ગાંધીના સત્યાગ્રહને કે અહિંસાને જગ્યા નથી. અહીં હિંસા જ હિંસા છે. બંને પક્ષે શત્રુવટ છે અને સ્વમતાગ્રહી કટ્ટરતા છે. ભ્રાન્ત અને કહેવાતો દેશપ્રેમ છે. સહિષ્ણુતા, ઉદારતા, માનવદયા કે ભાઈચારો નથી. છતાં લોક બધાં ક્ષમાનાં અધિકારી છે, કેમ કે એ નિર્દોષ હતાં અને એમને ભડકાવવામાં આવ્યા હતા. એમની સારપોનું જતન કરવાને બદલે એમના અમુક અંશોને બહેકાવવામાં આવ્યા હતા. સ્વતન્ત્ર થયાનો ઉન્નત મસ્તકે ઉત્સવ મનાવવાની ઘડીએ જ આ ભૂખણ્ડના મનુષ્યો માંહોમાંહે લડયા એ આપણી ઈતિહાસપ્રસિદ્ધ કરુણતા છે. પણ તમસ એ કરુણતાનું આકરું સંશોધન બની રહેવા માગે છે.

તમસના વિરોધમાં એક અવાજ એવો સંભળાય છે કે ફિલ્મ હિન્દુઓના હાથે થતી મુસ્લિમોની હત્યા બતાવે છે, એમાં હિન્દુ-વિરોધી વલણ છે. માનો કે આ સાચું છે, પણ મુસ્લિમોને આ પરત્વે પૂછીએ તો ? તેઓ શું કહેશે? દોષની સરવાળે તો આક્ષેપોભરી ફેંકાફેંકી જ થવાની ને ? અને આ તો ફિલ્મ છે, કથા છે. એને વાસ્તવનું કૂતરું તાણવા માંડે તો કયાંથી કયાં લઈ જાય તે સમજાય એવું છે. બંને કોમોની કડવી સ્મૃતિ નવેસરથી જાગશે અને આજની પેઢીને ભંભેરણી થશે વગેરે દલીલમાં પણ કશો જ દમ નથી.

વિરોધકારો એવું કેમ નથી વિચારતા કે આવો હિંસ્ર ઈતિહાસ કલાની પદ્ધતિએ બેઠો થશે તેમાંથી આજના દર્શકો જરૂરી બોધપાઠ લેશે ? લોકો તો એવા જ હોય, અબુધ, એમ કહીને લોકને નામે પોતાની ખીચડી પકાવી ખાનારા એ ભૂલી જાય છે કે આગ, હિંસા, લૂંટ ભડકવા માંડે છે ત્યારે રાંક-ગરીબ લોકટોળાં જ એનો ભોગ બને છે. ત્યારે એમનાં જ ઝૂંપડાં બળે છે, એમનાં જ હાંલ્લાં ઊછળે છે. શહેરના પોશ-એરિયામાં કદી રમખાણો થયાં છે ? ઊજળા લોકો મરાયા છે કદી ? હમેશાં ગીચ ગંદી બસ્તીઓ જ છુંદાઈ છે.

૪

તમસે કોઈ એક કોમનો અથવા તો કોઈ એક વિચારસરણીનો પક્ષ નથી લીધો. તમસ એના દર્શકને આખું સત્ય બતાવવા માગે છે : એ એ છે કે બંને પક્ષો ખોટા છે ! કેમ કે બંને લડે છે, બંને એકમેકને હણે છે, બંને સામાવાળાનો વાંક કાઢે છે. હું મારું સમર્થન તમારી નિન્દા કરીને જ કરી શકું, તો સંભવ છે કે હું સત્યનું સમર્થન તો ન જ કરતો હોઉં. એ જ રીતે બીજાને મારીને કદી કોઈ ધાર્મિક બની શક્યું નથી. કોઈ ધર્મ માનવ-હત્યાની રજા નથી આપતો. આપે તો પછી એને ધર્મ ન કહેવાય.

તમસના વિરોધકારોએ ફિલ્મમાં રજૂ થયેલા રાજકીય જંતરડાને સમજવા તેનું વિશ્લેષણ કરવું જોઈએ. તો સમજાય કે ભીષ્મે અને ગોવિન્દે વાસ્તવિકતાની સમતુલા પૂરા ખંતથી જાળવી છે. શરૂઆતમાં જ આપણે જલાલાબાદમાં બંને કોમના સ્થાનિક નેતાઓને તેમજ સાથી કાર્યકરોને જોઈએ છીએ. આ તરફ પેલી ગતકાલીન ઈતિહાસપ્રશસ્ત કૉન્ગ્રેસ છે, બક્ષીજી (હંગલ) એના નેતા છે. તો બીજી તરફ મુસ્લિમ લીગ છે, હકીમ હયાત બક્ષ (મનોહર સિંહ) એના નેતા છે. બક્ષીજી સ્વચ્છ ગાંધીવાદી અને બધી કોમોની સંવાદિતાના હિમાયતી છે. પરન્તુ એમના બધા જ સાથીઓ એવા નથી. તેઓ એમના જેટલા નિઃસ્વાર્થી અને બિનસામ્પ્રદાયિક નથી. કૉન્ગ્રેસની ગરીબોનો પક્ષ કરતી બિનસામ્પ્રદાયિકતામાં એમને શ્રદ્ધા નથી. કદાચ એ નીતિઓ એમને બહુ ફાવે કે ભાવે એવી પણ નથી. એઓ બધા મૂળે ઉપલા વર્ગમાંથી આવે છે. જ્યારે હયાત બક્ષ 'કિસી ભી કીમત પર પાકિસ્તાન'નો આગ્રહ લઈ બેઠા છે. કૉન્ગ્રેસ એમને માત્ર હિન્દુઓની લાગે છે. કૉન્ગ્રેસને તેઓ મુસ્લિમો તેમજ શીખોની હિતરક્ષાને માટે લાયક

કે હક્કદાર નથી ગણતા. તમસના વિરોધકારો સત્યના ચહેરા પરની આ આંટી ઉકેલે તો એમને ઘણું ચોખ્ખું થઈ જાય.

એટલી જ પરીક્ષક નજરે એમણે જંતરડાની ત્રીજી બાજુને પણ તપાસવી જોઈએ. ત્રીજી બાજુ તે હિન્દુ સભા. હિન્દુ સભાને મુસ્લિમ લીગની સામેની તુલ્યબળ છાવણી બનવું છે. 'અલ્લા હો અકબર' સામે એમણે 'હર હર મહાદેવ'નો મન્ત્ર મૂક્યો છે. મુરઘી મરાવીને રણવીર(રિજ્જો)ને અપાયેલી હિંસાની દીક્ષા એમનું કારગત શસ્ત્ર છે. ફેરિયાની કરપીણ હત્યાથી રણવીરને એનો પુરાવો મળે છે અને એનામાં હીરોઈઝમ જાગે છે. આ પૅટર્ન હિન્દુ પરિબળને સમજવા માટે પૂરતી છે. સત્યના ચહેરાનો એણે ઘણો ભાગ રોકેલો છે. ચોથી બાજુએ સ્થાનિક કમ્યુનિસ્ટ પાર્ટી છે. પાર્ટી કોમવાદને ડામવા ઝંખે છે. એની પાસે જોઈએ એટલા કાર્યકરો નથી. બાકી એમાં હિન્દુઓ છે, મુસ્લિમો છે, શીખો પણ છે. આ દેશને આજ દિન લગી સામ્યવાદીઓ આછા ને ઓછા નથી પડ્યા ? એ વિશિષ્ટ તાકાતનો દેશને કશો લાભ મળવાને બદલે, પછી તો ગેરલાભ જ મળ્યો છે.

આ સૌની ઉપર ચતુર, દમનશીલ બ્રિટીશ રાજ છે. સ્વાતન્ત્ર્ય-સંગ્રામ શરૂ થયો ત્યારથી એણે દેશપ્રેમીઓને નચવ્યા છે, પૂમડે પાણી પાયાં છે. ભેદનીતિથી કાયમ અંદર-અંદર લડાવ્યા છે. અહીં એનો પ્રતિનિધિ રિચર્ડ હૅમિલ્ટન (બેરી જ્હૉન) છે. આતંકના સમયે એ ટાઢોબોળ અને તટસ્થ, સુસ્ત છે. થોડા જ વખતમાં બ્રિટીશરો દેશને આઝાદી આપવાના છે, પણ કરમની કઠણાઈ એ છે કે દેશના બે ટુકડા પણ આઝાદીની જોડે જ થવાના છે. આ દુઃખદાયી ભવિષ્યને સમજે એ પહેલાં જ પ્રજા લડી મરી ! દેશના એ મહા દુર્ભાગ્યને તમસે આંગળી ચીંધીને બતાવ્યું છે. આપણને એ દેખાવું જોઈએ, કહો કે એ તો દેખાવું જ જોઈએ.

આમાંનો દરેક પક્ષ એવું માને છે કે પોતે જ સાચો છે. સત્ય પોતાની જ છાબમાં છે અને જે છે તે સત્ય જ છે. લડાયકતા, ઝનૂન અને હિંસા સત્યને વિશેની આ ભ્રાન્તિમાંથી ઊગે છે. ખરેખર તો આ બધું ભેગું કરીએ ને દૂર ઊભા રહીએ ત્યારે સત્ય દેખાય. કેમકે એ અખિલ અને બહુહસ્તપાદ છે. તમસે કોઈ એક કોમનો અથવા તો કોઈ એક વિચારસરણીનો પ્રશ્ન નથી લીધો. તમસ એના દર્શકને આખું સત્ય બતાવવા ચાહે છે : એ, એ છે કે બંને પક્ષો ખોટા છે ! કેમ કે બંને લડે છે, બંને એકમેકની હત્યા

કરે છે અને બંને સામાવાળાનો જ વાંક કાઢે છે. બીજાની નિન્દા કરીને જ પોતાનું સમર્થન કરી શકાતું હોય તો સંભવ છે કે એ સત્યનું સમર્થન ન હોય. એ જ રીતે, બીજાને હણીને કદી કોઈ ધાર્મિક બની શક્યું નથી. કોઈ ધર્મ માનવહત્યાની રજા નથી આપતો અને જો આપે, તો પછી એને ધર્મ ન કહેવાય.

ખરી ધાર્મિકતા હમેશાં માનવીય વ્યક્તિઓ વડે ખીલી છે. રાજનેતાઓ, કોમનેતાઓ કે ધર્મનેતાઓ પાસેથી ત્યારે પણ ભાગી છૂટી છે. તમસના એ નીચલા થરના વૈયક્તિક જીવનમાં વાર્તાનો પ્રાણ ઢબુરાયેલો છે. શીખદમ્પતીને આશરો આપતી મુસ્લિમ મહિલા કે ઝનૂની ટોળાની સામે તલવાર કાઢીને મુસ્લિમ શિક્ષકની પ્રાણરક્ષા કરતી શીખ મહિલાને સંભારો, તમસ એમ દર્શાવે છે કે દેશમાં ત્યારે આવી સેંકડો વ્યક્તિઓ હતી ને બિચારી માનવતા એમને આધારે ટકી હતી. નથ્થુ જો તમસનો નાયક છે, તો એની સગર્ભા પત્ની કરમો (દીપા સાહી) કરુણ માનવતાનું પ્રતીક છે. જો કે બધા ઉલ્કાપાત વચ્ચે એ હમેશાં સંસારના ભવિષ્યને પોતાની ગોદમાં ધારી રાખે છે. ઉખડેલા મગજનો, ગાંડો, પણ ખરા સ્વભાવનો ક્રાન્તિવીર જરનૈલ સિંહ (વીરેન્દ્ર સકસેના) દેશના લાખો વિદ્રોહશીલોનો પ્રતિનિધિ છે. એની અંતિમ ઉક્તિ અને એમાંની એની હૃદયવિદારક ચીસ તમસની પચાસેક ઉત્તમ ક્ષણોમાંની એક છે. એ ક્ષણોએ તમસને ગુડ સિનેમાનું ગૌરવ આપ્યું છે.

## ૫

જો કે એ ક્ષણોની, તમસના કલારૂપની, ફિલ્મટેક્નિકની, સિનેમેટોગ્રાફીની કે એના અફલાતૂન અભિનયની ચર્ચાઓ કરીને આનન્દમંગલમાં રાચવાની ઘડી આ ઝંઝાવાતમાં નજીક પણ ફરકે ખરી ? વો દિન કહાં... એ જ રીતે તમસ જ્યાં જ્યાં સ્થૂળ ઈતિહાસ બની ગયું છે એ ફિલ્મસમીક્ષાની વેળા પણ આ વિરોધના વાયરામાં ક્યારે આવે ? વિકાસશીલ દેશોમાં કલાની કોરી ચર્ચાઓ કે સમીક્ષાત્મક વાતોને માટેની તક હમેશાં વલ્નરેબલ હોય છે, કેમ કે કલાપ્રવૃત્તિ પોતેજ સતત ધ્રૂજતી હોય છે. નજર આગળનાં ગાઢ અંધારા ખસતાં નથી ત્યાં કલાની કિંકિણી કેટલી બજાવાય ? તમસ આપણને પોતાના પુનરાવર્તનથી બચવા તો કહે છે, પણ એ એમ પણ કહે છે કે હજી ઘણાં તમસ ઉલેચવાં બાકી છે...

૫-૫-૧૯૮૮
૭-૬-૧૯૮૮

# ૨૦

# 'પાર્ટી' :
# પ્રશ્ન પ્રવર્તમાન ભારતીય કલાકારની પ્રતિબદ્ધતાનો

'દામુલ', 'સુખા', 'જનમ' અને 'પાર્ટી' બતાવીને ટીવીએ પોતાની સાહસિકતાનો ઠીક ઠીક પરિચય આપ્યો છે. ચાલુ હિન્દી સિનેમાની ચૂડમાંથી છૂટવાની એની આ છટપટાહટ પ્રશસ્ય છે. મહેશ એલકુંચવારના પ્લેમાંથી સરજાયેલી 'પાર્ટી' એક ઑફ્ફ-બિટ ફિલ્મ લેખે મોટો પડકાર હતી. 'આક્રોશ' અને 'અર્ધ સત્ય' પછી, ગોવિન્દ નિહાલાનીએ પણ ભારે સાહસપૂર્વક પોતાની પ્રેરક કલાનો અહીં એક જુદો જ ઉન્મેષ દાખવ્યો છે.

ચિત્રનું વસ્તુ સંકુલ છે. સામાન્યપણે એમાં ભારતીય બૌદ્ધિકોના સામાજિક વર્ગનું આલેખન છે, પણ વિશિષ્ટપણે એ લેખકો, પત્રકારો, કવિઓ, નાટયકારો, અભિનેતાઓ અને વિચારકોને વિષય બનાવે છે. સ્પષ્ટપણે અહીં દીવાકર બર્વે (મનોહર સિંહ) નામના, ૨૦ વર્ષથી સાહિત્યક્ષેત્રે ટોચનું સ્થાન ધરાવતા સમ્પ્રજ્ઞ ભાસતા કવિ અને નાટયસર્જકના જીવનપુરુષાર્થની વાત છે. બર્વેને સાહિત્યનો મોટો અવૉર્ડ મળ્યો છે. એના માનમાં એની મિત્ર દમયન્તી(વિજયા મહેતા)એ પાર્ટી યોજી છે. નિહાલાનીની ફિલ્મ પાર્ટીથી શરૂ થાય છે અને પાર્ટી પૂરી થયે પૂરી થાય છે. ૧૨ રીલની આ બે કલાકની ફિલ્મ, પ્રવર્તમાન રાજકીય-સાંસ્કૃતિક સંદર્ભમાં ભરાયેલું મોટું કલાસાહસ છે,

જીવનસાહસ પણ છે. 'પાર્ટી' સરજીને ગોવિન્દે સૌ સર્જક કલાકારોની સમીક્ષા કરી છે, પણ તે સાથે જ આત્મસમીક્ષા પણ કરી છે. એક સિને-દિગ્દર્શક લેખે એમણે સત્યજિત, મૃણાલ કે શ્યામની પંક્તિમાં પોતાની આગવી મુદ્રા ઉપસાવી લીધી છે : એ મુદ્રા એક પ્રતિબદ્ધ ભારતીય કલાકારની મુદ્રા છે. 'પાર્ટી' સાથે મારો તાર અહીં મળ્યો છે, અને એટલે એ વિશે વિસ્તારથી લખવું છે :

પાર્ટીમાં દમયન્તીએ અનેકોને બોલાવ્યાં છે. લેખકો, પત્રકારો, અભિનેતાઓ અને ઍલાઈડ ફીલ્ડનાં ઘણાં અહીં શોખથી અને બર્વે-દમયન્તી માટેના ચાહથી દોડી આવ્યાં છે. એમાં વિકાસવાંછુ કવિ ભરત છે, સફળ લેખક આગાશે છે. એને 'મીડિઓકર રાઈટર' ગણતી અને સામ્યવાદી ભાસતી વૃન્દા પણ અહીં છે. પત્રકાર અવિનાશ (ઓમપુરી) અહીં મોડેથી આવે છે. અને આદિવાસી ઈલાકામાં બરાબર ખૂંપી ગયેલો પત્રકાર અમ્રિત (નસીરુદ્દીન શાહ) પ્રત્યક્ષરૂપે ચિત્રમાં કદીયે દેખાતો નથી- એ છેક છેલ્લે, બર્વેની કલ્પનામાં, એના દુઃસ્વપ્નરૂપે આવે છે. ત્યાં ફિલ્મ પૂરી થાય છે.

અમ્રિત આશાસ્પદ કવિ હતો. એની સમ્પ્રજ્ઞતા (અવૅરનેસ) એને પ્રેસ લગી લઈ ગઈ. પત્રકાર થઈને એ અવિનાશ જોડે આદિવાસીઓની વચ્ચે જઈ જીવવા લાગ્યો. આદિવાસીઓની જમીનનો પ્રશ્ન ઊભો થયેલો. સરકારને, ત્યાં મોટો ઈન્ડસ્ટ્રીઅલ પ્રોજેક્ટ નાખવો હતો. અમ્રિતે આદિવાસીઓનો પક્ષ લઈને સંઘર્ષને પોતાનો કરેલો. પરિણામ કરુણ હતું : રાજકારણીઓએ બહુ બકબક કરતા અમ્રિતની જીભ કપાવી નાખી અને પથરાથી એનું મોઢું છૂંદાવીને એને હણી નાખ્યો. ખૂનની આ કરપીણ ઘટનાનું પાર્ટીમાં અવિનાશ કથન કરે છે. ચિત્રમાંથી આ કથાભાગને પ્રત્યક્ષરૂપે બાકાત રાખીને દિગ્દર્શકે મોટો સંયમ દાખવ્યો છે. પણ અમ્રિતનું મોત દમયન્તીને ગિલ્ટનો અનુભવ કરાવે છે. એની દીકરી સોના(દીપા શાહી)ને બહાવરી બનાવી મૂકે છે. આ ત્રણેય પાત્રો અમ્રિતની ઘટનાથી અંગતપણે વલોવાઈ જાય છે. તો બર્વે, ભરત કે આગાશે જેવા સાહિત્યસર્જકો માટે અમ્રિતનું ખૂન એક નવો જ પડકાર છે- એ ઓછામાં ઓછું એમનું દર્પણ તો છે જ. તો, પ્રવર્તમાન ભારતીય બૌદ્ધિકનું, અમ્રિત એક કરુણ પરિણામ પણ છે.

દમયન્તીને ત્યાંની પાર્ટીમાં બર્વેની પત્ની મોહિની (રોહિણી હતંગડી)

તો હોય જ ને ? મોહિનીને ખબર છે કે પાર્ટી બર્વે ખાતર છે, પોતાને ખાતર નહીં. દમયન્તી 'ના' પાડે છે. છતાં બર્વેને 'યુ આર ધ સ્ટાર ધિસ ઈવનિન્ગ' કહીને હસી લે છે. બર્વેની કારકિર્દીમાં મોહિનીનો હાથ છે. મોહિનીએ એને માટે પુસ્તકો, લોકો, પાર્ટીઓ બધું વહાલું કર્યું છે- એની ગુલામ થઈ રહી છે. એણે ગીત-સંગીતની પોતાની આરાધના જતી કરી છે. જો કે એવું બધું મોંઘું મૂલ્ય ચૂકવ્યા પછી પણ એને કંઈ જ નથી મળ્યું- સખત પીવાની આદત પડી છે ખરી. પાર્ટીમાં મોહિની ઊલટી થવાની હદે પીએ છે અને ત્યાં જ માંદી પડી જાય છે. પોતાના ખાલીપાની તેમ જ વધતા જતા બુઢાપાની આ દરમ્યાન એને તીવ્ર અનુભૂતિ થાય છે. એનું કરુણ હ્યુમિલિએશન એને વેરવિખેર કરી નાખે છે. સોનાને એ કહે છે : મારી જિન્દગીનું હું હવે કરું શું ? મારે આ ભંવરમાંથી બહાર નીકળવું છે. જો કે લિપસ્ટીકના લપેડા કર્યા પછી ને વાળ ઠીકઠાક કર્યા પછી પણ એ સૌની વચમાં રજૂ થતાં શરમાય છે. બૌધ્ધિકોના પ્રવૃત્તિ-સંસારમાં અમ્રિત એક કેન્દ્ર છે, તો એમાં બીજું કેન્દ્ર મોહિની છે. એ સર્જકના જીવનની એક નોંધપાત્ર ઘરી પણ છે. દીવાકર બર્વે પોતાના સન્માનની રાત્રિએ જુએ છે કે એ ઘરી ખોટકાઈ ગઈ છે. અમ્રિત-મોહિનીનાં પાત્રો બર્વેની કલાસૃષ્ટિને છેક ઊંડેથી આંતરે છે, એના સમગ્ર અસ્તિત્વને મૂળમાંથી હચમચાવી મૂકે છે.

અમ્રિતની હત્યા અને મોહિનીની નિર્ભ્રાન્તિ જેવી ઘટનાઓ સિવાય અહીં કોઈ મોટી ઘટના નથી. પાર્ટી પોતે જ એક મોટી ઘટના છે એમ કહી શકાય ખરું. પાર્ટીમાં હોય તે બધું જ અહીં છે : ડ્રિન્કસ પછી ડાન્સ ને ડિનર; શારીરિક અને માનસિક બંને રીતનું ખોવાઈ જવાનું; ફ્લર્ટિન્ગ ને સિડકશન; વૉમિટ્સ ને હૅન્ગઓવરમાં લઈ જનારી બેહોશીઓ; વિહ્વળતાઓ ને માથાંફાડ ઝગડાઓ; ખાલી બૉટલો અને ખાલી હૉલની ગમગીનીઓ; સભરતાઓમાંથી જન્મેલી વાચાળ શૂન્યતા...બૌદ્ધિકોની પાર્ટીને દિગ્દર્શકે એની બધી જ રેખાઓમાં બરાબર ઉપસાવી છે. દમ્ભ, જૂઠાણાં અને મજાક-મશ્કરીઓથી અહીં એકમેક પર સરસાઈ ભોગવનારી ચાલુ ટ્રિકો અને કુટેવો છે; તો છેક ઊંડેથી સ્પર્શવાની હિકમતો અને દુઃસાહસિકતાઓ પણ છે. સમ્બન્ધોની અદલાબદલી થઈ જવાની દહેશતો વચ્ચે અહીં સૌનાં અસ્તિત્વની ગૂંચો ક્ષણેક ઉકલતી લાગે છે, તો પળભરમાં વધુ ગૂંચવાતી

લાગે છે. સમાજનું ક્રીમ ગણાતા લોકોની ખોખલી જિન્દગીનું પાર્ટીમાં હૂબહૂ પ્રતિબિમ્બ ઝિલાયું છે. આવા રસપ્રદ આલેખને આખા ચિત્રને એક જાતની પ્રતીકાત્મક ઘનતા અર્પી છે.

અમ્રિત અને મોહિનીની જેમ દમયન્તી-સોના પણ આ દૃશ્યાવલિમાં નોંધપાત્ર એવાં કેન્દ્રો છે. સોના દમયન્તીની દીકરી છે. પણ દમયન્તીના બૉયફ્રૅન્ડ સહિત કોઈની પણ સાથે સોશ્યાલાઈઝ થવા ઈચ્છતી નથી. પોતાના સન્તાન સાથે એકલા જીવી લેવાની એની પાસે હામ છે. એ કહે છે તેમ, એના જીવનની સમસ્યા દમયન્તીએ, એના ભાઈ રાહુલે કે આગાશેએ ઊભી કરેલી છે. એ કશા પણ સ્ટેટસ સિમ્બલને પરણવા રાજી નથી. એ નથી ઈચ્છતી કે દમયન્તીની જીવનશૈલીનું એના દાખલામાં પુનરાવર્તન થાય. બર્વે આદિ પ્રતિભાશાળી લોકોનો સોનાએ સ્વીકાર કર્યો છે, પણ પોતાની માને એ માફ કરી શકી નથી. દમયન્તીને એ 'પૅરેસાઈટ' લેખે છે - પ્રતિભાશાળી કલાકારોની છાયામાં જીવનારી ગણીને એને સોના જોશપૂર્વક ધિક્કારે છે. એના વ્યક્તિત્વમાં સ્વાસ્થ્ય હજી બચ્યું છે એટલે તો એણે મોહિનીને પણ સલાહ આપી હતી : દીવાકર સાથે તું શું કામ રહે છે ? કંઈ પણ કરી લેજે, છોડી દેતી કેમ નથી ? મોહિનીને ખબર નહીં, એટલે સોનાને એણે જાતને પૂછતી હોય એમ પૂછ્યું હતું : તું કોઈને પ્રેમ કરે છે ? ઈટ ઈઝ પેઈનફૂલ. સોના એ પેઈનને જીરવીને જીવી જાણનારી સ્ત્રી છે. મોહિની અને દમયન્તીની તુલનાએ સોનાની કરુણતા, એટલે જ ઉદાત્ત લાગે છે.

સોનાના આક્રોશથી દમયન્તી ડઘાઈ જાય છે. 'પૅરેસાઈટ'નો ટૉણો એને બરાબર ડંખે છે. દરમ્યાનમાં અમ્રિતની દુર્ઘટનાના સમાચાર આવે છે. દીવાકર પોતાની જાતને કહેતો હોય એમ દમયન્તીને આશ્વાસન આપવા જાય છે : વિચારોના આધારે જીવવા માગીએ તો આ જ મૂલ્ય ચૂકવવું પડે... દમયન્તી એની કીર્તિ અને સફળતાની ઈર્ષા કરતાં કહે છે : તમે લોકો કદી બુઢ્ઢા થવાના નથી. તમે મારા જેવા ખાલી-હાથ નથી. મેં શું મેળવ્યું છે ? શું છોડી જવાની છું ? એણે પૂછ્યું છે : કીર્તિ અને સફળતાના શિખરે હવા કેવી લાગે છે ? વ્યથિત દમયન્તીના આધારે દીવાકર બર્વે, આ સ્થાને ફિલ્મમાં, બરાબર પોતાનાં ઍલિમેન્ટ્સમાં અભિવ્યક્ત થયો છે. એની વાણીમાં મોહિની-અમ્રિત-સોના અને દમયન્તીની વ્યથાઓનો તેમજ પોતાની આગવી કરુણતાનો પુટ ભળ્યો છે. એ કહે છે : દમયન્તી, ઉપર

હવા જ નથી. આગળ શું હશે ? લાગે છે કે નીચે ઊતરવું પડશે. પછી ઉમેરે છે : આત્મસન્તોષ એક શબ્દ છે, એને કોઈ અર્થ નથી. સત્યની શોધ એક જાતનો ફરેબ છે, ઢકોસલો છે. સત્યનો આપણે સાક્ષાત્કાર કરી શકતાં નથી. અમે લોકો જીવનથી દૂર ભાગવાવાળા છીએ. દીવાકર બર્વેની આત્મસાક્ષાત્કારની આ ક્ષણો કોઈપણ સર્જક-કલાકારના મનોમયને વ્યકત કરનારી છે. એ કહે છે : મેં સફળતા માટે સંઘર્ષ નથી વેઠ્યો. મને સફળતા સહજ મળી છે. હું બહુ હોશિયાર માણસ છું. આટલું સત્ય હું કદી નથી બોલતો. ૨૦ વર્ષથી સાહિત્યના શિખરે માત્ર હોશિયારીથી છું. મેં કયા અમૂલ્ય અનુભવની અભિવ્યકિત કરી છે ? જટિલ વાતો કરીને ભારે શબ્દોનું મારી રચનાઓમાં બધું ભૂસું ભર્યું છે. નવું લાગતું મારું સાહિત્ય જૂનાની જ આવૃત્તિ હોય છે - હોશિયારીથી કરીએ છીએ, એટલે મૌલિક લાગે છે.

બર્વે વાત વાતમાં કહી દે છે કે પોતે અવૉર્ડ લેવા જતો હતો તે દિવસે વરસાદ હતો. પોતાની ગાડીની બહાર એક આદિવાસી-યુગલ ભીંજાઈને ટાઢે થથરતું હતું. બર્વેને તે દિવસે પ્રતીતિ થઈ હતી કે પોતાના સાહિત્યનો આ લોકોનાં દુ:ખો સાથે કોઈ સમ્બન્ધ નથી. પોતાની પાંચ હજાર વર્ષ પુરાણી સંસ્કૃતિને પણ આ દુ:ખો જોડે કોઈ લેવાદેવા નથી. બર્વેની આ ગવાહીને પત્રકાર અવિનાશની પડછે મૂકીએ એટલે 'પાર્ટી'ના મર્મને સહેલાઈથી પામી શકીએ છીએ.

'પાર્ટી'ના ટીવી-પ્રીમિઅર પહેલાં શ્રીમતી ગોખલેએ ગોવિન્દ નિહાલાનીની મુલાકાત લીધી હતી. મુલાકાતમાં ફિલ્મ-વિવેચક ઈકબાલ મસૂદ પણ હાજર હતા. નિહાલાનીએ કહ્યું કે 'પાર્ટી' વડે પોતે એક પ્રકારની જાગૃતિ ઊભી કરવા ચાહે છે. સાહિત્ય-સર્જકો અને બૌદ્ધિકોના આ વર્ગનું પરીક્ષણ થવું જોઈએ. કલાકારોમાં મોટાભાગના પલાયનવાદી છે, મીડિઓકર છે એ ખરું છે, પણ એમાં 'નવી બારી ખોલનારા' પણ છે. બૌદ્ધિકોના આ જૂથની ઉપેક્ષા થઈ શકે નહીં- પ્રવર્તમાન સંદર્ભમાં એમને એક ચોક્કસ ભૂમિકા મળેલી છે. એ ભૂમિકાનું એઓ શું કરે છે તે જાણવું અને જણાવવું એ આ ફિલ્મ પાછળનો ઉદ્દેશ છે.

આ ઉદ્દેશની દૃષ્ટિએ કહેવું જોઈએ કે 'પાર્ટી' ભારતીય બૌદ્ધિકોના પ્રવર્તમાન સર્જક-પુરુષાર્થની એક સફળ કલા-સમીક્ષા છે. નિહાલાનીએ એને

'ફિલ્મ ઑવ ચૉઈસિસ' કહી છે. પણ એવું વ્યાપક લેબલ ન આપતાં, એમ કહેવું જોઈએ કે 'પાર્ટી'માં ભારતીય સાહિત્યકારની વરણીના સંકુલ પ્રશ્નનું ધીંગું ફિલ્મીકરણ છે. મસૂદે આને અર્બન કલ્ચર પરનો કટાક્ષ કહી છે. પણ મસૂદની વાત સુધારીને એમ કહેવું યોગ્ય લેખાય કે 'પાર્ટી'માં પ્રશ્નની વાસ્તવિકતાનું ચિત્રણ આગળ કરાયું છે, કટાક્ષનો આશય ભાગ્યે જ રખાયો છે. નિહાલાનીએ પૂરી હમદર્દીથી દીવાકર બર્વે અને એની આખી ગીલ્ડની પરિસ્થિતિ દર્શાવી છે.

આ પરિસ્થિતિ કલાકારના બાહ્ય અને આન્તર જીવનને આવરી લેતી પૂર્ણ પરિસ્થિતિ છે. બહાર નીતિમત્તા અને કશાં મૂલ્ય વિનાનું ભ્રષ્ટ, પતનશીલ (ડિટીરિએબલ) રાજશાસન છે. ઝૂંટાઝૂંટને વરેલું લાચાર પ્રજામાનસ છે. આમાં, એક દાઝવાળો અને સંવેદનપટુ સર્જક શું કરી શકે? કવિતા લખવાનું એને અપ્રસ્તુત લાગે અને અમ્રિતની જેમ' એ ભડભડતા વર્તમાનમાં હોમાઈ જાય. તમે પલાયનવાદી મીડિઓકર આગાશે હો, તો કોઈ પ્રશ્ન નથી. પલાયન કલાકારના આન્તર-જીવનમાં પણ છે. નાનીમોટી ચતુરાઈઓ અને હોશિયારીપૂર્વકનું લેખન કરી, શિખરે પહોંચી સર્વેસર્વા થનારા દીવાકરો આજે ભારતની કઈ ભાખામાં નથી ? એમની સંગીન ભાસતી કારકિર્દીમાં સફળતા છે, સાર્થકતા નહીં.

એમની કલાને બાહ્ય સાથે કશો જ સમ્બન્ધ નથી, તો એમનું અંગત જીવન પોલું છે. એમાં વ્યથાઓ અને અંગત દુઃખોની ભૂતાવળ છે. પત્ની, પ્રિયા કે મિત્ર સાથેના નીતિનિરપેક્ષ સમ્બન્ધોનું એમા જાળું બાઝ્યું છે. એમની જીવન-ભૂમિકા બધી જ વખતે અધિકૃત નથી હોતી. એમાં દમ્ભ, જૂઠાણાં...વંચના, સત્યનો સાક્ષાત્કાર કરવાની હામનો અભાવ અને 'બૅડ ફેઈથ'ની પૅટર્ન સૅટ થઈ હોય છે. આવા સર્જકોએ હમેશાં સ્વલક્ષી વૈયક્તિક સુખોની જ તમા રાખી હોય છે. બર્વે, એટલે જ અવિનાશને પૂછે છે : પણ વ્યક્તિગત સુખદુઃખનું શું ? પ્રેમ કીર્તિ એને ખોખલાં લાગે છે. પણ મોહિની કહે છે તેમ, કહેવું તે 'બકવાસ' છે. દીવાકરે પ્રેમ કે કીર્તિ એકેયને માટેનું મૂલ્ય ચૂકવ્યું નથી. દમયન્તીનો પતિ (ઓમ શિવપુરી) જો એના દીવાનખાનાનો 'શો પીસ' હોય, 'પાર્ટ ઑવ ધી ફર્નિચર' હોય, તો દીવાકર બર્વે પ્રવર્તમાન ભારતની કહેવાતી સંસ્કૃતિનો મૅનિક્યૂર છે, શૃંગાર છે.

આવા અવૉર્ડ-વિજેતાઓ પુરસ્કારની રકમ દીવાકરની જેમ કોઢિયાઓની

હૉસ્પિટલમાં આપી દે છે. પણ પાછા આવી પાર્ટીઓમાં તો જાય છે ! વૃન્દા પૂછે છે : તમે આવી પાર્ટીઓમાં કેમ આવો છો ? ત્યારે બર્વે, 'નથી ચાહતા તે કરીએ છીએ'- જેવો ઉડાઉ અને દમ્ભી જવાબ આપે છે. એ મોહિનીને આધ્યાત્મિક યાત્રાની વાતો કરે છે, પણ એના જીવનમાં એવું કશું પ્રસ્થાન જણાતું નથી. પણ એમની તિરાડનું બૌદ્ધિક સમર્થન એણે શોધી રાખ્યું છે. દમયન્તીને એ કહે છે : એ મીડિઓકર ઍક્ટ્રેસ હતી. હમેશાં પ્રેમનું બહાનું બનાવીને પડકારોથી ભાગતી રહી છે. એણે કદી જોખમ ઉઠાવ્યું નથી, જીવનભર મને જ દોષી ઠરાવ્યા કરવાની છે. સચ્ચાઈને એ ટાળે છે ને બસ પીએ છે ! મોહિનીએ બર્વે જેવાને ચાહવાની જે વરણી કરી છે અને વરણીનું જે જોખમ ઉઠાવ્યું છે, જે દાયિત્વ નિભાવ્યું છે, એની આ મહાપુરુષને ખબર જ પડતી નથી. દમયન્તી એને કહે છે : 'શી લવ્ઝ યુ ટુ ડિસ્ટ્રક્શન ! ' પણ બર્વેનો જવાબ એ છે, કે પોતે એને પ્રેમ કરતો નથી !

અવિનાશ પત્રકાર છે અને કોઈની તરફદારીમાં માનતો નથી. એ કહે છે તેમ અસ્તિત્વનો અર્થ કે જીવનનો અનુભવ એ નથી શોધતો. એ નર્યા વર્તમાનમાં જીવનારો સાચદિલ બૌદ્ધિક છે. અમ્રિતની ઘટનાથી એનો આક્રોશ અંદરખાને ભભૂક્યો છે, પણ સાથે જ એની આસ્થા થોડી ડગી પણ છે. એ દરેક કલાકૃતિને હથિયાર લેખે છે. કલા વડે સામાજિક-રાજકીય સંઘર્ષ શકય બનવો જોઈએ એ એની અપેક્ષા છે. પોલિટિકલી કમિટેડ ન હોય તેવી કોઈ કલાને એ પ્રસ્તુત નથી ગણતો. કલા હમેશાં સંઘર્ષમાંથી આકાર લે છે અને એણે અન્યાય કે દમન સામે કદમ ઉઠાવવાં જોઈએ. આ એની દૃઢ માન્યતા છે. બર્વેએ એની સામે વ્યકિતગત સુખદુઃખનો પ્રશ્ન મૂકયો અને ભરતે કમિટમૅન્ટથી કલા નીચી પડે એ હકીકત રજૂ કરી, પણ અવિનાશે અન્યાય સામેના, કલાકારના મૉરલ કમિટમૅન્ટને જરાપણ અશકય નથી લેખ્યું. ભરતની જેમ એ નથી માની શકતો કે વરણી આપણા હાથની વાત નથી. અવિનાશની વિચારસરણી પાછળ માર્ક્સ અને લુકાચ દર્શકોને ડોકિયાં કરતા દેખાય એ સ્વાભાવિક છે. અહીં છે તેવા કલાકારો કહી શકે કે એ સર્જક નથી એટલે પણ એને આમ વિચારવું પાલવે છે.

કલાકાર બે સ્તરો પર જીવી શકતો નથી એ સાચું છે. કલાકાર અને અંદરનો માણસ સામસામે આવી જાય એમ પણ બને. કલાકારે જીવન કઈ

રીતે જીવવું અને લખવું કઈ રીતે, એમ પણ બને. છતાં, એક જ સ્તર વિસ્તરીને બીજાને પોતામાં સમાવી લે- જીવન-કલાનો ભેદ ભૂંસી નાખે- એ બનવું અશકય નથી. અઘરું જરૂર છે. સુવાલ આખરે સર્જકના ટોટલ કમિટમૅન્ટનો છે, પાર્શલ કમિટમૅન્ટ કલા અને જીવનનાં બંને ક્ષેત્રે જોખમી અને નિષ્ફળ છે. બલકે પ્રોફેશનલ જૅલસી, રોમૅન્ટિસિઝમ, ડિસ્ટોર્શન, ડિકેડન્સ, સ્નૉબરી, મીડિઓક્રિટી, ક્રિએટિવ મૅનોપોઝ, ક્રિટીકલ મેનૂવરિન્ગ્સ, વગેરે વગેરે સાહિત્યિક રોગોને એ જન્માવે છે. રાજકારણને વિષય બનાવી લખવાનું તો ઘોયરું, માંહ્યોમાંહ્યનું જ રાજકારણ જન્મે છે ! લિટરરી પોલિટિક્સ પ્રવર્તમાન ભારતના પોલિટિકલ પોલિટિક્સથી જરાય ઊતરતું નથી, કેટલાક દાખલાઓમાં તો એને આંટી જાય એવું રહ્યું છે...

નિહાલાનીની કલાસમીક્ષાનો સૂર આ છે : કે સાહિત્યકારો આટલી બધી જાગૃતિથી લખે છે ખરા ? એમની પ્રતિબદ્ધતાનું સ્વરૂપ શું છે ? અને જે સમાજ કે સંસ્કૃતિની તેઓ પેદાશ છે, તેના લોકોને એમના કલાકારોની આવીતેવી કશી ખબર છે ખરી ? એક દિગ્દર્શક તરીકે ગોવિન્દે આખા પ્રશ્નની નુકતેચીની થાય તેવી અપેક્ષા રાખી છે તે અસ્થાને નથી. ભારતીય સાહિત્યકારો, પત્રકારો, અને સંલગ્ન ક્ષેત્રનાં સૌ 'પાર્ટી'ની જીવન્ત ચર્ચા ચગવશે ? એક સિનેદિગ્દર્શક તરીકે આવો સંકુલ પ્લૅ પસંદ કરીને નિહાલાનીએ ભારે સાહસ ઉઠાવ્યું છે. શ્રીમતી ગોખલેને એમણે કહ્યું કે આ રચનાનો નૉન-પ્લૉટ પોતાને ગમ્યો છે, કશું ડ્રામેટિકલી સ્ટ્રકચર્ડ નથી એ વિગતને એમણે ચાહી છે. પાત્રોના આન્તરસમ્બન્ધો અને તેમના જીવનપ્રશ્નો પણ એમને ગમ્યા છે. પણ આ ત્રણેય પસંદગી-કારણો ફિલ્મને સામાન્ય દર્શકો માટે અઘરી બનાવે છે, ઑફફ-બિટથી ઑફફ-ઑફફબિટ બનાવે છે, એટલે નિહાલાનીનું આ કલાસાહસ એમની પ્રતિબદ્ધ કલાભૂમિકાનું જીવનસાહસ ઠરે છે. એમણે પોતાની પ્રેરક અને એટલી જ સમીક્ષક કલાનો દોર 'પાર્ટી'થી એક કદમ આગળ ચલાવ્યો છે. સમાન્તર ફિલ્મની ચેષ્ટા કરી, ગૃહપ્રવેશ (ઍન્ટ્રી) મેળવી, કોઈ ન જાણે એમ કમર્સિઅલ પ્રોડયુસર બની જવાની ચાલ એ નથી ચાલ્યા. એ પ્રલોભનને એમણે ટાળ્યું છે, અને એમ પોતાની પ્રતિબદ્ધતાને વિકાસશીલ રાખી છે.

આવી અઘરી ફિલ્મ ભલભલાને બે વાર જોવી પડે. ટીવી આવી કલાકૃતિઓને બોટી લે એ આનન્દની વાત છે, પણ ફરી કયારે બતાવશે

એ પ્રશ્ન ઊભો થવાનો. વિતરકો એને સિનેમા પર લઈ જશે ખરા ? કે અહીંથી જ નિર્ણય લઈ લેશે ? આમ, ટીવી-પ્રીમિઅર બેધારી તલવાર પુરવાર થાય તો નવાઈ નહીં. ડબ્બામાં પુરાયેલી આર્ટ-ફિલ્મોનો ઉદ્ધાર કરવાની એની વૃત્તિ વખણાય, કેમકે એ ફિલ્મો વખણાઈ ચૂકી હોય. પણ જેનું આવશ્યક પ્રસરણ હજી બાકી છે તેવી ફિલ્મોને એ હંમેશને માટે ડબ્બામાં પૂરી દેવાનું નિમિત્ત પણ બને. 'પાર્ટી'માં 'આક્રોશ' અને 'અર્ધસત્ય'ની જેમ શાસનની ટીકા છે. ટીવી દ્વારા ફિલ્મ-શો કરીને સરકાર એવી ટીકાને સહી લેવાની લોકશાહીય વૃત્તિ દાખવે છે એમ જરૂર કહી શકાય. પણ સાથે જ, એવી ટીકાને કબજે કરી, પોતાની એ જ રફ્તારે દોડયે જાય છે એમ પણ કહી શકાય. રાજસત્તા સામેનો કલાકારનો સંઘર્ષ અવિરામ છે એમ સમજીને જ ચાલવું ઘટે છે- તમે કશું ફાઈનલ કદી સરજી શકતા નથી. પ્રતિબદ્ધતાને છેડો નથી, તમે પ્રત્યેક ક્ષણે એને કેટલો વળ આપી સંકોરી શકો છો તે જ મોટો પ્રશ્ન છે.

'પાર્ટી' કેટલા ગુજરાતી સાહિત્યકારોએ જોઈ ? કેટલા એની ચર્ચા કરવા આગળ આવવાના ? એમણે સાહિત્યકાર શું અને કેવી રીતે લખે છે એની ચર્ચાઓ બહુ કરી છે. કન્ટેન્ટ-ફૉર્મની એ ચર્ચાઓ આજે પ્રસ્તુત નથી રહી. આજનો તીવ્ર સવાલ એ છે કે ગુજરાતી સર્જકો કોના માટે લખે છે અને શા માટે લખે છે ? આપણે ત્યાં જોઈએ તેટલા આગાશે છે, ભરતો છે. દીવાકરો પણ કયાં નથી ? પરન્તુ અમ્રિત નથી. જીવનજંગમાં ઝંપલાવવાને કવિતાનો સુખાળવો કક્કો છોડવા રાજી હોય એવા આધુનિકો ક્ષિતિજ પર પણ દેખાતા નથી. જે કંઈ થોડા છે તેમને તો યેનકેન પ્રકારેણ ટોચે પહોંચવું છે...

૬-૬-૧૯૮૫
૭-૭-૧૯૮૫

# ૨૧

# એન. આર. આઈ. ફિલ્મો- !

## અથવા

# પૉર્નો કે આર્ટ ?

તમે કોણ છો ? તમારો પરિચય ? નામ ? ભલે. ના કહેશો. પણ તમારે ફિલ્મવિતરક બનવું છે ? રાતોરાત પૈસાદાર થવાનો એ એક જાણીતો રસ્તો છે. આજકાલ એમાં એક ટૂંકો રસ્તો પણ નીકળ્યો છે. એન. આર. આઈ. ફિલ્મોનો. એન. આર. આઈ. ફિલ્મો એટલે નૉન-રૅસિડેન્ટ ઈન્ડીઅન ફિલ્મો. આ જો કે સગવડિયું નામ છે, પણ સાચી વસ્તુનું નામ છે. સરકારે થોડા વખત પર વિદેશી ફિલ્મોની આયાત વધુ વ્યાપક બને એ હેતુથી એક ચોંકાવનારો સુધારો કર્યો. આમ તો આ કામ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કૉર્પોરેશન કે મોશન પિકચર ઍસોસીએશન ઑવ અમેરિકા જેવી જાણીતી સંસ્થાઓનું છે. પણ અમેરિકામાં વસતા ભારતીયો દેશના 'શુભ' કાર્યમાં ત્યાં બેઠા-બેઠા જ મદદગાર થઈ શકે એ માટે સરકારે એમને પરમિટો આપવા માંડી છે, વિદેશ વસતા ભારતીયો પાસે આ જાતની દેશસેવા કરાવવાનો આ નવો નુસખો સમજવા જેવો છે. કારણ એ કે મોટા ભાગની એન. આર. આઈ. ફિલ્મો સનસનીખેજ, ઘટિયા અને બીભત્સ હોય છે.

એન. આર. આઈ. ફિલ્મો- ! અથવા પૉર્નો કે આર્ટ ?

અમેરિકામાં તમારો કોઈ સાળો છે ? સાળી પણ ચાલે. બનેવી છે ? ભાઈ ? કઝીન (સિસ્ટર) ? ગમે તે એન. આર. આઈ. ચાલે. તમે ભારત ખાતે ફિલ્મવિતરક હોવા જોઈએ. ધારો કે તમે એમ નથી, તો બની જવાનું. અરે એય ન ફાવે તો કોઈ ચાલુ વિતરકને પકડી લેવાનો. પછી તમારો ન્યૂયૉર્ક, ડાલાસ, હ્યુસ્ટન કે લોસ એન્જલસમાં વસતો સાળો કાળજીથી ચૂંટી કાઢેલી ચટાકેદાર અમેરિકન ફિલ્મો તમને ખરીદીને મોકલી આપે. ઈન્ડિયામાં એનું વિતરણ તમારે જાતે કરવાનું- બસ ! કમાણી જ કમાણી ! જોનારા તો ટૉકિઝો પર લાઈનબંધ ઊભા છે. 'રૂપેરી પરદે નગ્ન ચિતાર' જોવાની એમને જવાનીમાં આવ્યા ત્યારની આદત છે. આ એન. આર. આઈ. ફિલ્મોનું દેશમાં આજકાલ એક જબરું રૅકેટ ચાલ્યું છે. દેશી ફિલ્મોમાં ચુમ્બન પણ સરખું બતાવતા નથી, ને નવા સિનેસર્જકો તો આર્ટફિલ્મનું 'ધતિંગ' લઈ બેઠા છે ! એ સંજોગોમાં એન. આર. આઈ. ફિલ્મોવાળા ફાવી ગયા છે, ધંધામાં એથી ગરમી આવી ગઈ છે. ટીવીએ હિન્દી સિનેમાનું સત્યાનાશ ભલે વાળ્યું, આ વિદેશી ફિલ્મોનું 'સત' હજી નાશ નથી પામ્યું. હિન્દી સિનેમાના જોરે જીવતાં થિએટરો ભલે ટપોટપ બંધ થયાં, આ નાગી ફિલ્મો માટે તો જોઈએ એટલાં મળે છે. દિલ્હી, કલકત્તા, મદ્રાસ, મુંબઈ જેવા મહાનગરોમાં, બૅન્ગ્લોર, હૈદરાબાદ, નાગપુર કે પૂનાની શહેરી વસતીમાં, સિસકારા બોલાવી દેનારી આ રસ ઝરતી ફિલ્મો ચિક્કાર ચાલે છે. જોનારાઓને એની અંગ્રેજી ભાષામાં ભલે પછી કક્કાની કે ઢક્ષાની ય ખબર ન પડતી હોય ! આ ફિલ્મો ફાટી આંખે જોવા માટે હોય છે, સાંભળવા નહીં !

રસ ઝરતી એટલે સૅક્સી જ નહીં. લગભગ બધી વિદેશી ફિલ્મો સૅક્સી તો હોય જ. દર પંદર-વીસ મિનિટની ભાગદોડ કે મારામારી પછી એમાં એક મિનિટનાં કોમળ દ્રશ્યો આવે જ. પેલી ધીરીધીરી મૂંગે મોંએ તેજસ્વી આંખે પેલાની કને જાય એટલે ખરા અર્થનું એક સજ્જડ આલિંગન અને લાંબા અર્થનું એક સાવ ભીનું ચુમ્બન આવે જ આવે. ત્રણ ચાર મિનિટ ચાલનારા બાથરૂમ કે બેડરૂમ-દશ્યોની આમાં હમેશાં ગૅરન્ટી હોય છે. આવી ફૉર્મ્યુલાને લીધે તો આ ફિલ્મો પરભાષીઓમાં ય ધમાકાથી ચાલે છે ! પણ એન. આર. આઈ. ફિલ્મો તો લગભગ ઉઘાડી છે. પોર્નો ! અશ્લીલ! બ્લ્યુ ફિલ્મની માસી ! ઓકટોબર-૮૭ સુધીમાં એન. એફ. ડી. સી. એ આવી ૪૨-૪૫ ફિલ્મોને લીલી ઝંડી બતાવીને આંધળિયાં કર્યાં છે. ૧૨-૧૫ ફિલ્મોને



૮

તો કેન્દ્રના માહિતી અને પ્રસારણ ખાતાએ પોતે બહાલી આપી છે. તમારે એનાં નામો જાણવાં છે ? જાણો. આ રહ્યાં કેટલાંક : સૅક્સ એન્ડ ધ ઍનિમલ્સ. બાર્બેરિયન કવીન. માઉન્ટેન ઓવ ધ કૅનિબાલ્સ. ડૉટર ઓવ ધ જંગલ. રૂટ્સ ઑવ ઈવિલ. રામ્બો. બ્લેમ ઈટ ઓન રિઓ. કૅરી-ઓન ઈમાન્યુએલ. ધ બિગ સ્કોર. ધ લોન્લી લેડી, વગેરે વગેરે. નામો જ કેવાં સૂચક-ઉત્તેજક છે ! હા, એક ફિલ્મ વિશ્વના પહેલા 'પાપી'ને નામે પણ છેઃ આદમ ઍન્ડ ઈવ. એ ઓરિજિનલ સિનની ફિલ્મો માનવજાતને સ્વાભાવિકપણે જ બહુ ભાવે છે. સવાલ જો કે ઓરિજિનાલિટીનો છે.

આવી કોઈ પણ એન. આર. આઈ. ફિલ્મ દીઠ એન. એફ. ડી. સી.ને ખાલી ૧૫ હજાર ડૉલરનું હૂંડિયામણ મળે છે ! પણ પૈસા માટે આપણી સરકાર કયો ધંધો નથી કરતી ? રેડિયો, ટી.વી. જેવાં સમૂહ માધ્યમોમાં જાહેરખબરોથી કમાય તે તો જાણે સમજ્યા, પણ આવી ગંદી ફિલ્મોનો કચરો દેશના થીએટરોમાં વાળી આપીને એન. એફ. ડી. સી. એટલે કે રાષ્ટ્રીય ફિલ્મ વિકાસ નિગમ સાચે જ પ્રજાની કુસેવા કરે છે. જો કે આ ફિલ્મોને સૅન્સર બૉર્ડ પણ જોઈને જ પાસ કરે છે. ઘણું કટ કરાવે છે, પણ હોય છે જ આખું ખરડાયેલું ત્યાં ! કેટલું કાપવું ? હો-હા થઈ, એટલે એક અલગ કમિટિનો બંદોબસ્ત કરાયો. સૅન્સર જુએ તે પહેલાં કમિટિ આ ફિલ્મોનો પરામર્શ કરે. જો કે બધા જોઈ કરીને શરમ-સંકોચ બાજુ પર રાખીને અંગની પાકી ખાતરી કરીને જ બધું ઓકે કરે છે ને ! હૈદરાબાદ, બૅન્ગલોર, મદ્રાસ વગેરે સ્થળોએ થીએટરો પર પોલીસોએ રેડો પાડયાના સમાચાર છે. રેડ ને તેય આપણી પોલીસની ! જોવા એ બિચારા જ બેસી પડયા નહીં હોય તેની શી ખાતરી ! આ વિતરકો સૅન્સરને ઉઘાડેછોગ કહે છે : નગ્ન દ્રશ્યો કાપો તો અમને વિતરણમાં રસ નથી. પછી ધંધો જ શાનો કરવાનો ? મદ્રાસવાળા તો આવા કટ્સ કે બિટ્સના વેપારમાં જ દિલચસ્પી રાખે છે. તમે જાણો છો ? ગામડાંમાં એકલા આવા કટબિટ્સ બતાડનારી કમ્પનીઓ ભમતી હોય છે ને માંડવા બાંધીને એ લોકો બે રૂપિયાની ટિકિટમાં બસો અઢીસોનો શો કરતી હોય છે. ૨૦-૨૫ મિનિટના એવા શો રોજના ૮-૧૦ તો સહેલાઈથી થઈ શકે છે.

આમાં ચોંકાવનારી વીગત એવી છે કે જાતીય જ્ઞાન આપતી વિદેશી ઍકેડેમિક ફિલ્મોને પણ આ લોકોએ પોતાનામાં વળોટી લીધી છે ! ઍકેડેમિક

ભાગને જ એઓ કાઢી નાખે છે ! સૅન્સર સૅકસી કે ઑબ્સિન કાઢી નાખે, તો આ લોકો ઍકેડેમિક કાઢી નાખે ! એનાં જાતીય ડૉક્યુમેન્ટરી દ્રશ્યોને દેશી વાર્તા સાથે જોડીને ઘણા તો નવી જ ફિલ્મ કાંતી કાઢે છે ! આવી 'મૈં ઔર તુમ' નામની ફિલ્મને તમિળનાડુમાં કરમુકત કરાવવા સુધી આ વેપારીઓ સફળ થયા છે ! બિનરહેવાસી ભારતીયોની બુદ્ધિમત્તાનો લાભ અમેરિકાને મળે, ને ત્યાંના ગંદવાડનો ગેરલાભ આપણને મળે ! આમાં એ આડતિયા બને ! નસીબની બલિહારી તો જુઓ !

હું માનું છું કે એન. આર. આઈ. ફિલ્મોના વિતરક થવાનું તમને નહીં ગમે. વળી બહારથી રૂઢિચુસ્ત રહેનારા ગુજરાતમાં તો એનું ખુલ્લું બજાર પણ નથી. ભલે. તમે કશીક આર્ટફિલ્મ બનાવો તો ? ખોટું નહીં. જો ફલૉપ ના ગઈ તો કલાની કલા ને કલદારના કલદાર બેય રળી શકશો. તમારા આ કામમાં નિગમ તમને નાણાં આપશે, ઉપરાન્ત વિતરણમાં કે રજૂઆતમાં પણ મદદ કરશે. એ જ એનું કામ છે. એને સ્વનામધન્ય સંસ્થા બનવું છે. ફિલ્મોનો ભારતમાં ગુણવત્તાભર્યો વિકાસ થાય એ માટે તો એણે મથવાનું છે. પણ મેં કહ્યું એમ એન. આર. આઈ. ને લીધે હાલ એ ગંધાઈ ઊઠયું છે. ગયા દાયકામાં સમાન્તર સિનેમા ધારા શરૂ થઈ તે સાથે નિગમની પણ આબરૂ જામેલી. વચમાં તો ઑફફબિટ ફિલ્મ = એનએફડીસી જેવું થઈ ગયેલું. પરન્તુ સરકારી છાયા-પડછાયા કલા નામની જે કોઈ વસ્તુ પર પડે તેનો આ દેશમાં ઝડપી ઘડોલાડવો થઈ જાય છે. ગુજરાતી ફિલ્મોનું તો હજી ચર્ચાપાત્ર કશું કાઠું જ કયાં બંધાયું છે ? એ નધણિયાતા ખેતરમાં હજી તો જંતરવાળો જુવાન ઠેકડા લે છે. ફિલ્મના તંતરની કે કલાના મંતરની આ પ્રદેશમાં કોઈને ઝાઝી ખબર નથી!

દેખીતી રીતે જ આર્ટફિલ્મો બૉક્સ-ઑફિસ માટે નથી હોતી. એટલે ચાલુ નિર્માતા કે વિતરકને એમાં રસ ન પડે તે ન પડે. છતાં આ ફિલ્મોનો પ્રજાના વિશાળ વર્ગો પર સમાન્તર પ્રભાવ પડે એવું તો બધા ઈચ્છે છે. પણ નિગમ એ કર્તવ્યમાં સુસ્તી દાખવે છે, ને બિનધંધાદારી બની રહેવાની શેખી કરે છે. સિને-સર્જકોને નાણાં આપી દેવાથી વાત પતી જતી નથી, શરૂ થાય છે. જોકે નિગમ નાણાં આપવામાં ય ઘણાને પૂમડે પાણી પાય છે. ફિલ્મ-વિકાસ નિગમ પોતે ધંધાદારી વિતરકો પર મીટ માંડે એ કેમ ચાલે ? હવે એણે બધાને દૂરદર્શન દેખાડયું છે ! 'ગોદામ' અને

'અત્યાચાર'- જેવી એની પોતાની ફિલ્મો પણ ખાસ વિતરણ નથી પામી. બાકી આર્ટફિલ્મોને 'ઍડવાન્સ' જેવાં બૉક્સ કે 'આકાશવાણી' પ્રકારનાં નાનાં થીએટરોમાં કે કલબહાઉસોમાં રજૂ કરાવવામાં નિગમ એક અસરકારક મધ્યસ્થી બની શકે છે. પણ સરકારી આટાપાટામાં એ ઝડપથી કથળી રહ્યું છે.

પરિણામે આર્ટફિલ્મોની દશા બગડી છે, એની કલાત્મક સફળતા પ્રજામાં પ્રસરી નથી. જો કે તરણોપાય તરીકે આ લોકો હવે ટીવી-પ્રીમિયર-શોની દિશામાં મચી પડયા છે. પોતાની ફિલ્મનો કંઈ નહીં તો ટીવી-શો તો થાય. ભલે માત્ર આઠ લાખ મળે, પણ એક રાષ્ટ્રવ્યાપી શો તો થઈ જાય. જો કે એ પછી કશું થતું નથી. ટીવી પછી કોઈ આર્ટફિલ્મ થીએટરમાં ભાગ્યે જ આવે છે. આવે તો આ ટીવી પર આવી ગઈ છે કરીને કોઈ જોતું નથી. એટલે કે ટીવી-શોથી પ્રસારણમાં મદદ નથી મળતી, બલકે ઊંધું બને છે- હંમેશને માટે ડબ્બામાં પુરાઈ જવાનો કરુણ અંજામ વહેલો આવે છે. ટીવી-પ્રીમિઅર વખતે આ ફિલ્મોને ટીવીવાળા પણ કાપે છે. કોને ખબર છે 'આઘાત' 'તરંગ' કે 'મેસી સાહિબ' માં કેટલી કાતર ચાલેલી ? 'યહ વો મંઝિલ તો નહીં' વખતે સુધીર મિશ્રને જાણ પણ નહીં કરાયેલી ! વળી ટીવીનો ટચુકડો સ્ક્રીન આ ફુલ્લસ્ક્રીન ફિલ્મોનો એકદમ નજરમાં ના આવે એવો ભોગ લે, એ તો વધારાનું !

'અર્ધ સત્ય' વખતે લાગેલું કે સમાન્તર સિનેમાધારા કશુંક ખરેખર કરી દેખાડશે, પણ હવે એ આશા નથી રહી. 'ત્રિકાલ' 'આઘાત' કે 'હોલી'ની રજૂઆતોમાં ખાસ્સી વાર થઈ હતી. નફાતોટાની પરવા વગર ગાંડા કલાપ્રેમથી આ ધંધામાં તો કોણ ટકી શકે ? જો કે રાજશ્રીએ થોડા અઠવાડિયામાં 'સારાંશ' કે 'મોહન જોષી હાઝિર હો' એવી જ બેફિકરાઈથી દર્શાવેલી. ખરેખર તો આર્ટફિલ્મના સર્જકોએ પોતાની સામું જોવાની ઘડી પાકી ગઈ છે. આ ફિલ્મો જોઈએ તેવી નથી પ્રસરી તેનું એક કારણ એ પોતે પણ છે. કેતન મહેતા, બૅનેગલ, નિહાલાની, પાલેકર કે ઓમપુરી જેવા લોકો દેશની પ્રમુખ સિનેમાધારાની સફળતાનું રહસ્ય ધ્યાનમાં લેવા માંડયા છે. જેમકે, તમને સંડોવીને પકડી-જકડી રાખતી કથા. એવી કથાથી આર્ટફિલ્મ તૂટી નથી પડતી કે અભડાઈ નથી જતી, કહો કે કલાકારને માટે નવી ચૅલેન્જ ઊભી કરે છે. પાંખી વાર્તાનું નડતર મોટું છે. એટલે 'ચક્ર' કે 'અર્ધ

સત્ય' સિવાય ભાગ્યે જ કોઈ આર્ટફિલ્મે નફો કરાવ્યો છે. 'પાર્ટી'થી દાઝેલાઓએ 'આઘાત' માટે પહેલેથી જ ના ભણેલી ! આર્ટને નામે કોઈ વાર આ ફિલ્મોમાં બધું બહુ જ અંધારિયું અને અદ્ધરિયું કરી દેવાય છે. ટૅક્નિકના ગૂંચવાડાથી જ આખી ફિલ્મ પૂરી થાય છે. આર્ટફિલ્મની પણ શોષણ વિરુદ્ધ વિદ્રોહ -જેવી ફૉર્મ્યુલા બની ગઈ છે. એમાં પણ વાસ્તવિકતાને નામે જુલ્મ, હિંસા, અત્યાચાર, બળાત્કાર, ખૂન, આપઘાત વગેરે બધું ભારે કાળજીથી બતાવાય છે. ફર્ક એટલો કે આ લોકોનો કૅમેરા ત્યારે કળાની સુંવાળપથી ફરતો હોય. બાકી બધી આર્ટફિલ્મોમાં વર્ગવિગ્રહ હોય, જુલ્મનું શાસન હોય, શાસકો શોષકો જ હોય, ભલે પછી જમીનદારો હોય કે રાજકારણીઓ. ખુદ્દાર નાયક આખો વખત પરિસ્થિતિ સામે ઝઝૂમતો હોય ને છેલ્લે કરુણ અન્તને પામતો હોય. દેશની પ્રવર્તમાન વાસ્તવિકતા આ અને આટલી જ નથી. ચોપાસની ભીંસમાં સમાન્તર ફિલ્મો પણ સામાન્ય બની ગઈ છે. એની સમાન્તરતા ઝડપથી ભૂંસાઈ રહી છે.

મને ખાતરી છે કે આ જાણ્યા પછી તમે આર્ટફિલ્મમાં તો નહીં જ પડો, એ તમને નહીં ફાવે. ટૂંકમાં, પૉર્નો કે આર્ટ એકેયની તમે પસંદગી કરી શકવાના નથી. સારું, તમે છો એ જ રહો, વાંધો નહીં, તમારા નસીબમાં મૂક પ્રેક્ષક કે ઠાવકા ટીવીદર્શક બની રહેવાનું લખાયું હોય ત્યાં કોઈ શું કરે ? રવિવારની સાંજે દૌલતમંદ બાપ કી ઈકલૌતી બેટીવાળી ચાલુ હિન્દી ફિલ્મો જોયે રાખો. આખું અઠવાડિયું 'શકિત' 'સ્ત્રી' અને 'ઔર ભી હૈ રાહેં' જેવી મૅસેજ સીરિઅલો જુઓ. બબ્બે 'ચિત્રહાર' જોયે રાખો. સોમવારે 'ચિત્રમાલા' પણ છે. એથી ય ના ધરાઓ તો, કહે છે હવે ગુજુ 'ચિત્રહાર' પણ ચાલુ થઈ ગયું છે, ને હા, ગુજુ પ્રાયોજિત કાર્યક્રમો પણ આવી રહ્યા છે.

૩૧-૧૨-૧૯૮૭
૫-૧-૧૯૮૮

# ૨૨

# વિન્સેન્ટ પ્રાઈસ

વિન્સેન્ટ પ્રાઈસ ! બીક લાગે એવું નામ. કેમકે નરપિશાચો, ભૂતપલીતો, ખલનાયકો, ગાંડા વિજ્ઞાનીઓ કે દુષ્ટ પ્રતિભાઓ જોડે સંકળાયેલું આ એક ભયાવહ નામ છે. જોકે વિદેશી ફિલ્મો જોનારા માટે વિન્સેન્ટ પ્રાઈસ નવું નામ નથી. હકીકતે હાંજા ગગડાવી દે તેવી અનેક ભૂમિકાઓમાં પ્રેક્ષકોએ અભિનેતા પ્રાઈસને ડૉક્ટર ફાઈબ્સ કે ડૉક્ટર ડેથ રૂપે અનુભવ્યા છે. 'ગેસ લાઈટ' એમની જાણીતી ફિલ્મ હતી. પરન્તુ સવિશેષ જાણીતી થયેલી 'હાઉસ ઑવ અશર'માં પ્રાઈસે રૉડરિક અશરની સુન્દર ભૂમિકા કરેલી. અશરના કુટુમ્બીજનો પર પાગલ બની જવાનો અભિશાપ હતો. કુટુમ્બીજનોને પાગલ બનતાં અટકાવવાનો ઈલાજ શો ? રોડરિક એ માટે પોતાની બહેનને જીવતી દાટી દે છે ! પ્રાઈસે એ પાગલપન એવું સરસ દાખવેલું કે ફિલ્મ હોરરની સાથે એટલી જ પૅથેટિક બની ગયેલી. વિન્સેન્ટ પ્રાઈસ હૉલિવૂડનું એક મોટું માથું છે. ૫૦થી પણ વધુ વર્ષની કારકિર્દીને આજે પણ એટલી જ સક્રિયતાથી દેઢાવતા-બઢાવતા પ્રાઈસ ૭૬ વર્ષના પણ જાણે નવજુવાન છે. 'ધ વ્હેલ્સ્ ઑવ ઑગસ્ટ' નામની એક તાજેતરની ફિલ્મે અમેરિકામાં વળી પાછી સનસનાટી મચાવી છે.

જીવનમાં પ્રાઈસ કોઈ હોરર કે વિલન કે મૉનસ્ટર નથી, બલકે હૂંફાળા હૈયાનો વૃદ્ધ ગૃહસ્થ છે. એમની છેલ્લી વર્તમાન પત્ની કોરલ બ્રાઉન પણ અભિનેત્રી છે ને હાલ બંને લોસ એન્જલ્સમાં રહે છે. ફિલ્મો ઉપરાન્ત પ્રાઈસનું નામ અમેરિકન ટીવી અને રેડિયો જેવાં સમૂહ-માધ્યમો સાથે પણ એવું જ જોડાયેલું છે. મૂળે જોકે એઓ રંગભૂમિના કલાકાર છે ને હજી પણ રંગભૂમિ-પ્રવૃત્તિથી વિખૂટા નથી પડયા. વધુમાં પ્રાઈસ વ્યાખ્યાતા અને લેખક પણ છે. એમણે પાકશાસ્ત્રમાં પુસ્તકો લખ્યાં છે. તો વિન્સેન્ટ પ્રાઈસે રાજકીય

વિદ્રોહીરૂપે કેટલીક ચળવળો પણ ચલાવી છે, ખાસ તો નેટિવ અમેરિકનોના પ્રશ્નો લઈને થોડો વખત તેઓએ ખાસ્સી લડત આપેલી.

પોતાની ઝળહળતી કારકિર્દીનું રહસ્ય પ્રાઈસે બે જગવિખ્યાત ચીજોમાં બતાવ્યું છે : ભારે શ્રમ અને આકરી શિસ્ત. પ્રાઈસ રમૂજી વૃત્તિના કલામર્મજ્ઞ છે. ખાસ તો એમની પાસે કલાની ઊંડી સમજ છે, એ સમજ હવે તો એમની જીવન ફિલસૂફી બની છે. પ્રાઈસ કહે છે : મારા જીવનમાં મોટો વિરોધાભાસ છે : અભિનયો મેં ભયાનક ખોપરીફાડ માણસોના કર્યા છે, પણ જીવ્યો છું એક સજ્જન વિચારકની માફક. અભિનેતા તરીકેની શરૂની તાલીમ એમણે લન્ડનમાં લીધેલી, પછી યૅલ યુનિવર્સિટીમાં રીતસરનો અભ્યાસ કર્યો. કારકિર્દીના તોતિંગ અનુભવનો પ્રારમ્ભ બ્રૉડવે-ન્યૂયૉર્કથી કર્યો- હૅલન હેઈસ જેવી સુખ્યાત અભિનેત્રીની રાહબરી હેઠળ. છેલ્લે, રંગભૂમિની સફળતા પ્રાઈસને હોલિવૂડ લઈ ગઈ, ફિલ્મોના મહારાજ્યમાં.

પ્રાઈસ જણાવે છે કે મોટાભાગની ફિલ્મોમાં પોતે મનુષ્યની કાળી બાજુ વ્યકત કરી છે. પ્રાઈસ એ રીતે મનુષ્યની આસુરી સમ્પત્તિના કલાકાર મનાયા છે. પણ એમને તો એવી અદાકારીનો સતત આનન્દ જ મળ્યો છે. કલાકાર તરીકેના એવા જીવનમાંથી પ્રાઈસ ઘણું શીખ્યા છે- ખાસ તો ભાવિને વિશે તેઓએ સતત વિચાર્યું છે. તેઓ કહે છે, આપણી આ રૂપાળી દુનિયાને નર્કમાં ફેરવી નાખનારી કેટલીક માનવસરજિત બાબતોથી હું સદા ચિન્તિત રહ્યો છું. અમેરિકાના પોલ્યૂશનથી પ્રાઈસ દુઃખી છે, એનાં શહેરોની અંધાર ગલીઓથી પણ એટલા જ વ્યથિત છે. તેઓ પૂછે છે, અમેરિકન ખેડૂતોનું ભાવિ શું છે? માણસને અણુયુદ્ધથી શું મળવાનું છે ? કહે છે, આ જ બાબતોએ ધરતીને ઉજાડી મૂકી છે, ને નર્ક અવતાર્યું છે.

જો કે પ્રાઈસ ઉમેરે છે કે આ બધાંમાંથી મને મારી કલાએ તેમજ સર્જકતાએ ઉગારી લીધો છે. દરેક નિરાશામાંથી પોતે પોતાની કલાને લીધે બેઠા થઈ શકયા છે. જીવન એમને મંન એક સકંજો છે, ને તેઓ માને છે કે કલા વડે વ્યકિત કે સમાજ કોઈકનો તો ઉદ્ધાર થવો જોઈએ ; સાર્થકય વિનાનું કલાજીવન એક જાતનો વિલાસ છે. વાન ગોઘ અને ગોયા પ્રાઈસના માનીતા ચિત્રકારો છે. પ્રાઈસ જણાવે છે કે આ બંને ચિત્રકારો પણ જીવનમાંના દુરિતથી ઠીક ઠીક ઘવાયેલા હતા, પરન્તુ પોતાની સર્જકતાથી એમણે દુરિતને શુભસુન્દરમાં પલટી નાખ્યું. કલાના મૂળગામી પ્રભાવને ઓળખનારા પ્રાઈસને મન કલાકાર અને ઈશ્વર સરખે સરખા સર્જકો છે.

માઈકેલેન્જેલો કે મોઝાર્ત મહાન કલાકારો હતા, પણ એમનો ય સર્જક તો ઈશ્વર હતો ! ઈશ્વરની ગેરહાજરીમાં એ કલાકારોને કેવી રીતે પ્રમાણી શકાત ?

પ્રાઈસની હવે તો માન્યતા બંધાઈ છે કે ઈશ્વર જેવું કંઈક છે. એને કારણે નવાં નવાં સર્જનની તકો જન્મે છે. કલાકારો એવા ઈશ્વરના આભારી છે. એમણે એનો પાડ તો માનવાનો જ, પણ સાથે, પોતાના કલાસર્જન વડે ઈશ્વરની કૃપાનો બદલો વાળી આપવાનો. આ બધાં ... હોહર ફિલ્મોનો આ મૉન્સ્ટર હવે પ્રાર્થનાઓમાં શ્રદ્ધા ધરાવતો થઈ ગયા છે ! કંઈ નહીં તો, સિનેમાની દુનિયાના આ અતિ સફળ માણસનું કલાએ આ રીતે કિંચિત્ પણ કલ્યાણ કર્યું છે. આ ઉમ્મરે પણ પ્રાઈસ ફિલ્મો બનાવે છે, ટીવી-સીરિઅલોમાં યજમાન કલાકાર તરીકે આવે છે, વ્યાખ્યાનો કરે છે, ફિલ્મકલા વિશે લખે છે. હાલ તેઓ અનેક યુનિવર્સિટીઓની આર્ટ કાઉન્સિલો પર છે, વ્હાઈટ હાઉસની ફાઈન આર્ટ્સ કમિટિના મૅમ્બર છે. એટલું જ નહીં, પ્રાઈસ, ઈન્ટીરીઅર ઈન્ડીઅન આર્ટ્સ ઍન્ડ ક્રાફ્ટ્સ બોર્ડ, યુએસ ડિપાર્ટમેન્ટના પણ સભ્ય છે. લોસ એન્જલ્સમાં એમણે અભિનય, સિનેમા, થીએટર વગેરેની વ્યાપક સમજને માટેની એક આગવી સંસ્થા રચી છે. લોકોમાં તેઓ કલાને ખરા અર્થમાં પ્રસરાવવા માગે છે. અને એ માટે જીવનની એક પણ ક્ષણ બગાડવા માગતા નથી. કહે છે, વિચાર્યા વિના તો સમયની ક્ષણ પણ નથી મળતી, તો પછી એને વેડફી મારવાનું તો પાલવે જ શી રીતે ?

ફિલ્મ, રંગભૂમિ, સાહિત્ય કે કલાના કોઈપણ ક્ષેત્રમાં કલાકારે પૂરી લગનથી જોડાવાનું હોય છે. જોડાયા પછી પોતાની સમજ વિકસે એવી સઘન સક્રિયતા દાખવવાની હોય છે. દરેક કલાક્ષેત્રમાં ધંધાદારી લોકોની ભીડ હોય છે. એ ભીડથી સાચા કલાકારે બચવાનું હોય છે. કલાનું પ્રસરણ સમજના ધોરણે થાય અને સસ્તી લોકપ્રિયતાના ધોરણે થાય તેમાં બહુ મોટો ફર્ક હોય છે. સમૂહ માધ્યમોના આ યુગમાં સૂંઠના ગાંગડે ય ગાંધી થઈ જવાય, પણ એવી સફળતા તણખલું છે- એ ગમે ત્યારે કરમાઈ-સૂકાઈને ખરી પડે છે. આપણે ત્યાં હોહર ફિલ્મો જવલ્લે જ બને છે. બને તો તેમાં વિદેશી ફિલ્મોમાંથી ઉઠાન્તરીઓ કરી હોય છે. દુરિતની અભિવ્યકિત કરતા આપણા ખલનાયકો કઠપૂતળાં હોય છે, ઢીસૂમ ઢીસૂમ કરી ખાય છે. જોકે આપણા નાયકો ય કયાં ઓછા તકલાદી છે ? - એમની વાત બીજી કોઈ વાર... !

૨૨-૭-૧૯૮૮
૨૯-૭-૧૯૮૮

## ૨૩

# માસ્ટર ઍન્ટર્ટેઈનર રાજકપૂર...

ગઈ ત્રીજી જૂને 'શ્રી ૪૨૦' બતાવીને દૂરદર્શને રાજકપૂરને ઉચિત અંજલિ આપી. રસિક જનો કલાકૃતિને માણે એથી ઉત્તમ અંજલિ કલાકાર માટે શી હોઈ શકે ? વળી આ માટે દૂરદર્શને તે દિવસે ગીનીસ બૂકવાળી જાણીતી સીરિઅલનો હપતો કાપ્યો તે ફેરફાર પણ અભિનન્દનીય હતો. સારી વસ્તુ માટે શેડયૂલ તોડવાની રસમ પાડે તેમાં દૂરદર્શનનો એક મહિમા છે.

'શ્રી ૪૨૦' જોઈને રાજકપૂરના લાખો ચાહકોને વધુ એક વારનો રોમાંચ થયો હશે. ચારથી પણ વધુ દાયકા લગી રાજકપૂરે ભારતીય જનતા પર પોતાની કલાનો જાદુ ફેલાવ્યો હતો. આજે હિન્દી સિનેમા સાધનો અને ટૅકનિક પરત્વે ઘણો સજ્જ છે, પણ લોકહૈયાં પર લાંબા ગાળા લગી કાબૂ જમાવે તેવી ફિલ્મો ભાગ્યે જ સરજી શકે છે. દેશના પ્રવર્તમાન જીવનનો ધબકાર ઝીલવામાં અને એ રીતે વાસ્તવની કલા બની રહેવામાં એને ધરાર નિષ્ફળતા મળી છે. ઊલટું, કપટી, ક્રૂર અને વરવી વાસ્તવિકતાથી એ દૂરને દૂર ભાગે છે. વચમાં ઊઠેલું 'સમાન્તર સિનેમા'નું મોજું પણ હવે ઓછું આછું થઈને કમજોર પડી રહ્યું છે. વધારામાં, લોકરુચિ પર ટીવીનું આક્રમણ થયું છે. લોકો બોર થયા વિના થર્ડ કે સૅકન્ડ ગ્રેડની ફિલ્મો જોતા થઈ ગયા છે. સોપ ઓપેરાના સ્તરથી ય નીચે ઊતરી ગયેલી સસ્તી, ભદ્દી

'મનોરંજનાત્મક' સીરિઅલો જોઈને ઊંઘી જવાનું શીખી ગયા છે. ટીવીને કારણે કલાના નામના કાર્યક્રમો વધ્યા છે, કલાભોગની તકો રોજિંદી બની છે. પણ કલાને માણવાની પ્રજાની શકિત ઝડપથી ઓસરી રહી છે. નવી અને તે આગળની એમ છેલ્લી બંને પેઢીઓનું પ્રેક્ષકમાંથી સામાન્ય ગ્રાહકમાં રૂપાન્તર થઈ રહ્યું છે. પાંચ-છ વર્ષના જડબેસલાક સૅટિન્ગ પછી કલાએ નહીં, પણ ઈડિયટ બૉકસે રીતસરનું પોતાનું કામ શરૂ કરી દીધું છે... જાદુ હવે કલાનો નથી, ટીવીનો છે...

પોતાની એ ગાળાની ફિલ્મોમાં રાજકપૂરે સ્વતન્ત્ર થયેલા ભારતની દુખતી રગો પર આંગળી મૂકી હતી : ગરીબી, ભૂખમરો, બેકારી, શહેરોની ગંદકી, ગંદી બસ્તીઓ, ફૂટપાથનાં સૂનારાં, તેમની હાલાકીઓ.... બીજી બાજુ કાળાબજાર સંઘરાખોરી ભેળસેળ...નવા ધનિકો... અને તેમને કારણે ઊભી થયેલી નવી વર્ગવિષમતા.... વગેરે હતાં. દેખીતી રીતે જ રાજકપૂરે આ નવાં દલિત-પીડિતોનો અને શોષિતોનો પક્ષ લીધેલો. એક કલાકારને છાજે તે રીતે તેની એમણે વકીલાત કરેલી. એમની લોકપ્રિયતાનું મોટું કારણ એમની એવી વિષયપસંદગીમાં હતું.

છતાં, ઘણા કહે છે તેમ, રાજકપૂરને હું કમ્યુનિસ્ટ કહેવા તૈયાર નથી. પરન્તુ 'આવારા' 'શ્રી ૪૨૦' 'બૂટ પૉલિશ' કે 'જાગતે રહો'માં એઓ મને એક કમિટેડ આર્ટિસ્ટ જરૂર લાગ્યા છે. એમની આ બધી ફિલ્મોના કેટલાક બોલકા અતિરંજિત મૅસેજ-લોડેડ ભાગોને માફ કરી દઈએ, તો કહી શકાય કે ગરીબોને વિશેના પોતાના કમિટમેન્ટને એમણે પ્યૉર ઍન્ટરટેઈનમેન્ટમાં ઓગાળી નાખેલું. એમનું ઍન્ટરટેઈનમેન્ટ કદી કારણ વગરનું નહોતું. એમાં ગલીપચી કરે કે લાળ પડાવે તેવાં હલકાં તત્ત્વો નહોતાં, બલકે એમાં ટ્રેજિક છતાં સતત કોમિક લાગે તે પ્રકારની ચૅપ્લીન-શૈલી હતી. એમનો હીરો, એટલે કે એઓ પોતે, હમેશાં મસ્કરો -કલાઉન- બનીને પરદા પર આગવી દુનિયા ખડી કરી દેતો. એમની 'શ્રી ૪૨૦' જેવી કોઈપણ સફળ ફિલ્મ કદી માત્ર વારતાને આધારે નથી ચાલી. વાર્તાના માળખે રાજકપૂર હમેશાં એક સિનેમા સરજી લેતા.

જેમ હલકું મનોરંજન નહીં તેમ 'ઊંચી' કલા પણ નહીં એવો એમણે મધ્યમ માર્ગ અપનાવેલો. એ ભૂમિકાએ એ માસ્ટર ઍન્ટરટેઈનર હતા. એમની તુલના જેમ સત્યજિત રે સાથે ન થાય તેમ સત્યજિતની તુલના

એમની સાથે પણ ન થાય. બંનેમાં ચલચિત્રના માધ્યમનો નોંખો નોંખો સફળ ઉપયોગ છે. સત્યજિતની સફળતા કલાસિધ્ધિની સફળતા છે, તો રાજકપૂર થીએટ્રીકાલિટી, ગીતસંગીતનું લિરિસિઝમ, ડાયલોગનું રેહટરિક સ્પર્શક્ષમ મૅસેજ જેવી જોખમી બાબતો પણ ખુશીપૂર્વક સામેલ કરે છે. અને કહેવું પડે કે એ જોખમોને એક સશકત અને દિલચસ્પ ઍન્ટર્ટેઈનમેન્ટના હિતમાં વાપરી, આરામથી વટી જઈ શકે છે. હિન્દી સિનેમાની ઐતિહાસિક સ્વરૂપની વિકાસશીલતામાં રાજકપૂરનું પ્રદાન નાનુંસૂનું નથી. એમની માસ્ટરીનો એ વિકાસમાં ખાસ્સો હાથ છે.

ઘડીભર રાજકપૂરની તમામ ભૂરકી ભૂલી જઈએ, તો કહી શકાય કે 'શ્રી ૪૨૦'માં, કામ શોધતા એક શિક્ષિત બેકારની વાત છે. એ રાજની હાલત 'જપાની' છે, એ આવારા છે, બદતમીજ છે, બેઘર છે, પણ અનપઢ નથી. શરૂઆતમાં જ એ પોતાનો મૅડલ વેચે છે, એટલે કે ઈમાન વેચે છે -કેમકે એને સમજાઈ ગયું છે કે 'ઈમાન બેચો તો સારા બમ્બઈ ખરીદ શકો.' આમ તો, એ સાચદિલ અને નિર્દોષ ગ્રામવાસી યુવકને મુંબઈમાં રોજીરોટી મેળવવી હતી, સદ્‌ગૃહસ્થ બનવું હતું. પત્ની હોય બાળકો હોય ઘર હોય... પણ ઈમાનદારીથી એવું અને એટલું સામાન્ય જીવન પણ ત્યાં અસંભવ છે એમ સમજાતાં રાજને ૪૨૦ થવું પડે છે. દુનિયા ઊંધી છે, નરી બેઈમાનીથી ચાલે છે, એને સીધી જોવી હોય તો ઊંધા માથે ઊભા રહેતાં શીખવું પડે. જોકે ઈમાન વેચાઈ ચૂકયા પછી અને સંકલ્પપૂર્વક ૪૨૦ બન્યા પછી પુરવાર કરવું મુશ્કેલ હોય છે, કે 'મૈં ૪૨૦ નહીં હૂં...' 'મૈં ગરીબ આદમી હૂં...' 'શરીફ આદમી હૂં...'

જો કે રાજકપૂરે ફિલ્મને પછી ૪૨૦ અને શ્રી ૪૨૦ વચ્ચેનો ભેદ દાખવવાને વિકસાવી છે. રાજકપૂરના દિગ્દર્શનમાં ફિલ્મનો એવો ધ્યેયલક્ષી પ્લૉટ સામાન્યપણે આંખે નથી ચડતો, પ્રેક્ષકને હમેશાં એઓ પેલા મસ્કરાપણામાં, દર્દનાક ગીતોમાં અને હા, નરગીસની ભૂમિકાવાળી સ્ત્રી સાથેના લવઅફેરમાં રોકી રાખે છે. લોકો એ બધું ઘણું માણે છે. એટલે જેમાં હીરો રાજકપૂર ન હોય તેવી ડાયરેકટર રાજકપૂરની ફિલ્મ જોવાનું ઘણાને ઓછું પસંદ પડે. હકીકતે તેઓ મોટા ગજાના અભિનેતા પહેલા હતા. દુનિયાના પ્રથમ પંકિતના થોડા અભિનેતાઓમાં રાજકપૂરને જરૂર મૂકવા પડે એવી એમની સિધ્ધ ક્ષમતા હતી. અભિનય પરત્વે એઓ બધા કપૂરોમાં,

ને પછીના નકલી કપૂરોથી હમેશાં શ્રેષ્ઠ અને અજોડ પુરવાર થયા છે.

'શ્રી ૪૨૦' નો પ્લૉટ અને એ જ સ્ટ્રકચરવાળી કેટલી બધી હિન્દી ફિલ્મો સરજાઈ છે ! છતાં એકેયમાં આવી ચિરસ્મરણીયતા નથી. દેશમાં આજે ચારસોવીસીના બીજા અનેક ધંધા ખીલ્યા છે - જેમકે ધંધાદારી રાજકારણ, સત્તાની દલાલી, કટકી, ભ્રષ્ટાચાર, દાણચોરી, કરચોરી, આતંક માટેનાં કે ડ્રગ્સ માટેનાં ભૂગર્ભ આયોજનો, સિક્રેટ ઍજન્સીઓ, વગેરે વગેરે. કદાચ ધંધા માત્રમાં હવે ચારસો વીસી છે. ફિલ્મનો રાજ નામનો જ નહીં, કોઈપણ એવો યુવાન આજે પણ શિક્ષિત છતાં બેકાર છે, આજે પણ ફૂટપાથનાં સૂનારથી આપણાં શહેરો ભરાતાં-ઉભરાતાં છે. સોનાચંદ ધરમાનંદો વધ્યા છે, પણ એથી અનેકગણાં ભીખ, ભૂખ અને દુઃખ પણ વધ્યાં છે. પરન્તુ ફિલ્મો વધુને વધુ ધીંગામસ્તી-છાપ, તકલાદી અને ભાગેડુ બની રહી છે.

રાજકપૂર નહોતા ઈચ્છતા કે આર. કે. બૅનરની ફિલ્મો દૂરદર્શન પર આવે. હવે આવી શકે તેવું થયું છે. ત્યારે આશા રાખીએ કે દૂરદર્શન એને વેડફી નહીં નાખે, બલકે કંજૂસના ઘરેણાની જેમ કદીમદી અને સાચવી-સાચવીને જ વાપરશે....

૪-૬-૧૯૯૦
૧૨-૬-૧૯૯૦

## ૨૪

# ટીવીમાં 'રાજીવ્ઝ ઈન્ડીઆ' અને રાજીવ્ઝ ઈન્ડીઆમાં ટીવી

ટીવીની સર્વાંગ સમીક્ષા કે તેના કાર્યક્રમોની વ્યાપક પસંદગી માટેની સમિતિઓ રચવાના સરકારના પ્રામાણિક ધમપછાડા પ્રશસ્ય છે. છતાં દૂરદર્શન-કાર્યક્રમો વધુ ને વધુ ઢાંચાઢાળ બની રહ્યા છે. 'રાજીવ્ઝ ઈન્ડીઆ' અને 'ન્યૂ ડેલી ટાઈમ્સ' જેવી ફિલ્મોને રાતોરાત જાકારો આપવાની દૂરદર્શનની તાજેતરની હિમ્મતો સર્વથા ચિન્ત્ય છે. સમૂહમાધ્યમોને સ્વાયત્ત બનાવવા જેવું ધરખમ પગલું ભરવાનું તો દૂર રહ્યું -વર્ગીઝ કમિશનની એ અંગેની ભલામણો કે સ્વાયત્તતાની દિશાનો એનો તમામ તપાસ-કાર્યક્રમ જનતા સરકારની સાથે જ કાળમાં ધરબાઈ ગયો છે. આજે મોટું કામ ટીવીને અમલદારશાહીના જડબામાંથી છોડાવીને સમજદાર કલાકારોના હાથમાં સોંપવાનું છે. આજે તો ટીવીનું સરકારીકરણ નિવારવાનો પુરુષાર્થ પોતે જ સરકારીકરણને દૃઢ કરી રહ્યો છે. એના અમલદારો રોકટોકના અભાવે જડ ને જડ થતા આવે છે. ટીવીમાં ચમકવાની લોકઘેલછા અને સિકર્યૉર્ડ જૉબનાં તત્ત્વોએ એમને બહેકાવી મૂક્યા છે. એમને જાણે કોઈ પૂછનાર જ નથી. કલાપરક અને આર્થિક ભ્રષ્ટાચારથી હવે ટીવી મુક્ત નથી.

વડાપ્રધાને ગયે વર્ષે એમને ઠીક ઠીક તતડાવ્યા હતા. આજે પણ ટીવી-સમાચારના ચાલુ સ્વરૂપથી વડાપ્રધાનને સંતોષ નથી. પણ પી.એમ.-ન્યૂસ કવરેજને નામે દૂરદર્શનવાળાઓએ એમની પ્રશસ્તિ ચાલુ રાખી છે. ઈન્દરાજીના વખતમાં દેવીદર્શનને નામે વગોવાયેલું દૂરદર્શન હવે રાજીવદર્શનને નામે વીફર્યું છે. આપણે મન મનાવી શકીએ છીએ કે

ખુશામત ખુદાનેય પ્યારી હોય છે, ત્યાં શું થઈ શકે. 'રાજીવ્ઝ ઈન્ડીઆ' નહીં દર્શાવીને એક તરફ દૂરદર્શને એમને વહાલા થવાનું કર્યું હતું અને દર્શકો જોડે ખંધાઈ કરી હતી. તો બીજી તરફ, પોતાથી ચિત્રની પૂરી સ્ક્રુટિની નહોતી થઈ એમ જૂઠું બોલીને શાસકોના હાથનું પોતે પ્યાદું છે એમ પણ જચાવ્યું હતું.

'રાજીવ્ઝ ઈન્ડીઆ' અમેરિકન પત્રકાર જેક ઍન્ડરસનની દસ્તાવેજી ફિલ્મ છે. દેખીતી રીતે જ એમાં રાજીવના ભારતનું દર્શન-પ્રદર્શન છે, કહો કે રાજીવને મળેલા ભારતની એમાં વાસ્તવિક ટીકા છે. શુક્રવારે બતાવવાની આ ફિલ્મ અંગે દૂરદર્શનની ઍનાઉન્સર-બહેનોએ ચાર પાંચ દિવસ અગાઉથી પૂરા જોરશોરથી જાહેરાતો કરી હતી. દૂરદર્શન અને દેશના બૌદ્ધિકો મનોમન પોરસાતાં હતાં કે પોતે કેટલાં બધાં લોકશાહીપૂર્ણ અને ઓપન છે. પણ છેલ્લી ઘડીએ 'રાજીવ્ઝ ઈન્ડીઆ' ન દર્શાવાયું. ટૅક્નિકલ કારણોસર, અણધાર્યા કારણોસર, પૂરી સ્ક્રુટિની નહોતી થઈ શકી એ કારણસર, વગેરે વગેરે સરકારીછાપ બહાનાં બતાવીને દૂરદર્શન આખી વાતમાંથી ખસી ગયું. આવું બન્યું તેનાં પૃથક્કરણો દેશનાં છાપાંઓમાં ફેબ્રુઆરી-માર્ચમાં ઠીક ઠીક વહેતાં થયેલાં, આખી દુર્ઘટના જે રીતે સરજાઈ તે અક્ષમ્ય છે, બલકે ટીવીની કે કશીપણ અભિવ્યક્તિની સ્વતન્ત્રતા માટે ખતરારૂપ છે.

'રાજીવ્ઝ ઈન્ડીઆ' પીટીઆઈએ દૂરદર્શનને ટૅલિકાસ્ટ અર્થે ભેટ આપેલું. પીટીઆઈના અધ્યક્ષ રામનાથ ગોએન્કાએ દિલ્હીની એક ફાઈવ સ્ટાર હૉટેલમાં આ ચિત્રનો પ્રી-વ્યૂ ગોઠવ્યો હતો. એમાં તત્કાલીન માહિતીપ્રધાન ગાડગીલ, વડાપ્રધાનના પ્રેસ-સૅક્રેટરી શારદાપ્રસાદ તેમજ ઈન્દિરાજીના હિતૈષી સાથી યશપાલ કપૂર હાજર હતા. અન્ય પ્રધાનો તેમજ આનુષંગિક રસાલો તો હોય જ - જેવી રીતે દૂરદર્શનના સમ્બન્ધકર્તા અમલદારો પણ હોય. સૌએ પ્રી-વ્યૂ માણ્યો હતો, કોઈને કશું વાંધાજનક ત્યારે નહોતું : કહે છે કે ગાડગીલે ચિત્રની ઍક્ઝિક્યુટિવ ડિરેક્ટર બાર્બરા ન્યૂમેનને ચિત્ર 'ગ્રેટ' છે એવો ઉમળકાભર્યો અભિનન્દન-શબ્દ પણ કહ્યો હતો. વાંધો પડ્યો પેલા ઈન્દિરાજીના હિતૈષી યશપાલ કપૂરને. એમણે આકાશપાતાળ એક કરીને ફિલ્મનું ટૅલિકાસ્ટ સફળતાપૂર્વક અટકાવ્યું. 'આકાશ પાતાળ એક કરીને' એમ કહેવાનો આશય અતિશયોક્તિનો નથી, વાસ્તવિકતા દર્શાવવાનો છે : તે દિવસે રાજીવજી દેશાવર હતા, માલેની વિદેશ-યાત્રાએ હતા. પરન્તુ યશપાલે એમના પર્સનલ સૅક્રેટરી જ્યૉર્જને માલે ટ્રંકકૉલ કરીને ટૅલિકાસ્ટ રદ

કરાવવાનું ઝડપેલું બીડું પાર પાડેલું- એમની સ્ટાઈલમાં કહીએ તો, યૂં... ચપટીમાં !

ચિત્ર-નિર્માણ માટે જેક ઍન્ડરસન સ્વાભાવિકપણે જ ભારત આવેલા અને અનિવાર્યપણે એમણે કેટલાકોની મુલાકાતો લીધી હતી. ચિત્રમાં કેટલીક મુલાકાતો દર્શાવવાનું પણ એવું જ અનિવાર્ય હતું. બીબીસીએ બીજી જ રાતે દુનિયાને આ સમાચાર આપતાં કહ્યું, કે આ ડૉક્યુમેન્ટરીમાં ઈન્દિરા ગાંધીની ટીકા છે, સળગતા પંજાબની કથા છે તેમજ જાતે સળગી મરતી કે બાળી નંખાતી દુ:ખી સ્ત્રીઓવાળા ભારતીય સમાજની વાત છે. મુલાકાતોમાં એક મુલાકાત રામનાથ ગોએન્કાની છે. કહે છે કે એમાં ગોએન્કાએ ઈન્દિરાજીના કટોકટી નાખવાના પગલાને વખોડી કાઢ્યું છે. બીજી મુલાકાત ખુશવન્તસિંહની છે. કહે છે કે એમાં ખુશવન્તસિંહે ભારતમાં ચાલતા નેહરુ-ગાંધી વંશની શાસનપરમ્પરા પ્રત્યે અણગમો વ્યકત કર્યો છે. ચિત્રમાં દેશની હિંસાખોરી, ગરીબી તેમજ પછાત આદિવાસી વિસ્તારોની વાસ્તવિકતા દર્શાવાઈ છે-એટલેકે આખું ચિત્ર સર્વાંશે માનોને કે રાજીવ્ઝ ઈન્ડીઆ છે ! યશપાલ કપૂર તો આ મામલામાં એક પ્રતિનિધિરૂપ અને સૂચક નામ છે. એમના નામે આ ચડયું તેનું દુ:ખ નથી. દુ:ખ એ વાતનું છે કે રાજીવના ભારતમાં માહિતીપ્રધાન કે એમના ખાતા નીચેનું દૂરદર્શન કોઈ એક વ્યકિતની પક્ષિલ ઈચ્છાથી રમકડું બની શકે છે. ટીકાઓ સહેવાની કે ઉઘાડેછોગ દર્શાવવા-સ્વીકારવાની ગુંજાઈશ વિના એકવીસમી સદીમાં કેવી રીતે જવાશે ? આ સામન્તયુગીન ભાસતી દુર્ઘટનાએ દૂરદર્શનની સિદ્ધિઓને કલંકિત કરી છે અને ઍન્ડરસનને લપડાક મારીને બતાવી આપ્યું છે, કે હા, આ રાજીવ્ઝ ઈન્ડીઆ જ છે !

આ દુ:ખદ ઘટનાથી ઍન્ડરસનને શું થયેલું તે ખાસ જાણવા નથી મળ્યું. પરન્તુ બીજે જ મહિને 'ન્યૂ ડેલી ટાઈમ્સ' જેવી ઑફફ-બિટ ફિલ્મ પણ પડતી મુકાઈ હતી. એના દિગ્દર્શક રમેશ શર્માએ પોતાની ફિલ્મ 'ન્યૂ ડેલી ટાઈમ્સ' રદ થયાનું જાણ્યું, ત્યારે એમની વ્યથાનો પાર નહોતો. એમણે કહેલું કે 'એ ક્ષણોમાં હું જાણે મારી પોતાની ઑબિચ્યુઅરી વાંચતો હતો !' કલાકાર, સાહિત્યકાર કે પત્રકાર જેવા બૌદ્ધિકોને અપમાનિત કરવાની એક ગંદી રમત રાજકારણીઓ આપણે ત્યાં ખેલીને જ રહેતા હોય છે. મીડિઆ એક એવી સંકુલ જાળ છે કે એને તમે નર્યા આક્રોશથી ફગાવી દઈ શકતા નથી. અપમાનિત થયા પછી પણ તમારે એ જાળની પ્રત્યેક

ગાંઠ સામે સંઘર્ષપૂર્વક લડયા જ કરવું રહે છે. એમાં બૌદ્ધિકોના ધૈર્યની કસોટી છે કે શકિતની તાવણી છે તેનું પૃથક્કરણ કરવું મુશ્કેલ છે. મીડિઆમાં પ્રેસ, ફિલ્મ કે ટીવી ખૂબ જ ખરચાળ માધ્યમો છે. તમે અહર્નિશ પરસેવો પાડીને તૈયાર કરેલું ચિત્ર લોકોને બતાવવા માટે જ હોય ને ? કલાકારના હૈયે અન્તે તો દેશદાઝ, પરિવર્તનઝંખના કે મનુષ્યપ્રેમ સિવાય શું હોઈ શકે? એનાં આક્રોશ-વિદ્રોહનાં ચાલક બળ પણ એવાં જ, ભીતરનાં હોય છે. રમેશ શર્માને આઠ લાખ મળવાના હતા અને મળવા જરૂરી પણ હતા. એટલે અંદરની ઈચ્છા નહોતી, છતાં એમણે ટીવી-શો માટે હા ભણેલી. ટીવીએ પ્રસારિત કરવા એમનો ઈન્ટરવ્યૂ પણ આગલે દિવસે રાખેલો. પોતે કલાત્મક ફિલ્મો બતાવવાની નીતિના ભાગરૂપે, આવતી કાલે 'ન્યૂ ડેલી ટાઈમ્સ' બતાવનાર છે એમ ખુશીથી બધું જાહેર પણ કરેલું. ને એક પણ કારણ આપ્યા વિના છેલ્લી ઘડીએ ન બતાવવાનો નિર્ણય કરી લીધો ! રમેશ શર્માએ સ્ટેશન-ડિરેક્ટરને પૂછ્યું ત્યારે એમણે કહ્યું કે એમને પોતાને આની કંઈ જ ખબર નથી ! તો આ બધી ખબર કોને હોય છે ? ભગવાનને ?

હજીલગી 'ન્યૂ ડેલી ટાઈમ્સ' નહીં દર્શાવવાનું કોઈ સંગીન કારણ આપવાની પ્રામાણિકતા દૂરદર્શને આચરી નથી. જડ સરકારીકરણની આ ચરમ સીમા છે. રમેશ શર્માએ ફિલ્મ ઘસી-ઘૂંટીને બનાવી છે. રાજકારણીઓ અને સમાજના ગુંડાઓની નીચ જુગલબંધીને ચિત્રમાં પર્દાફાશ કરાઈ છે. રમેશ માને છે કે પ્રેસ અને પોલિટિક્સના પારસ્પરિક સમ્બન્ધો પણ દેશના ભાવિ માટે ખતરનાક નીવડવાના છે. ચિત્રમાં લઠ્ઠો, દાણચોરી, આયારામ-ગયારામની લે-વેચ વગેરે પ્રવર્તમાન અવસ્થાનું નિરૂપણ છે. રમેશ સમજી ગયા છે કે ફિલ્મમાં પૂરું સત્ય મૂકવાની એમણે ભૂલ કરી છે અને તેની તેમને મોટી કિમ્મત ચૂકવવી પડી છે. છતાં શશિકપૂર, શર્મિલા ટાગોર, ઓમપુરી કે કુલભૂષણ ખરબન્દા જેવા ટોચના કલાકારોથી ઓપતી આ એક આર્ટ-ફિલ્મ છે, ફીચર ફિલ્મ છે -'રાજીવ્ઝ ઈન્ડીઆ' જેવી ડૉકયુમેન્ટરી નથી.

ટૂંકમાં, દૂરદર્શને પહેલી દુર્ઘટનામાં ને બીજી દુર્ઘટનામાં સરખે સરખું માનસ જ વ્યક્ત કર્યું છે. એમને મન દસ્તાવેજીકરણ કે સર્જકતા વચ્ચે કશો ભેદ નથી. એમને તો રાજકારણી નેતાનો 'ર' કે 'ન' આવે તેનો જ વાંધો છે ! 'રાજીવ્ઝ ઈન્ડીઆ'ને રદ કરાવનાર જો રાજકારણી નેતા હતા, તો 'ન્યૂ ડેલી ટાઈમ્સ'ને તો ટીવી-અમલદારોએ જ રદ કરી નાખ્યું ! આમ

તો હલકાં પણ ધોરણો બનીને બધું આમ નીચે ઝમતું રહે છે. રાજકીય નેતાઓને અકબંધ રાખવાનો આ ખુશામતખોર કીમિયો માત્ર દૂરદર્શનક્ષેત્રે જ નહીં, પ્રત્યેક ખાતામાં દેશ આખામાં જામેલો છે. દેશની વર્તમાન ક્ષણે એનો મૉરલ ફાઈબર આમ કમજોર પડી ગયો છે. મજબૂત હૈયાની જગ્યાએ જ્યાં ત્યાં અંદર માટીનું કાળું કલેડું જ જોવા મળે છે.

આ બધું સરકારીકરણ રાજીવ્ઝ ઈન્ડીઆમાં ટીવી-સીરિઅલો ને ચાલુ હિન્દી ચલચિત્રો કે બે 'ચિત્રહાર'ની ઓથે લોકોને પરખાતું નથી. લોકો સીરિઅલોની વાતો કરે છે, પણ સમીક્ષા કરવાની ટેવ નથી પાડતા. રાજીવ્ઝ ઈન્ડીઆમાં ટીવી આજે લકઝરી છે. ટીવી જેવી મોંઘી જણસ લોકો એવી બધી માથાફોડ કરવા થોડા લાવે છે ? છતાં, ચીલાચાલુમાં સારી ફિલ્મોને તેઓ વખાણે છે. શરૂમાં ન ગમતું 'બુનિયાદ' હવે લોકોના ગળે ઊતરવા માંડ્યું છે. 'શ્રીકાન્ત'ની તાનમાં ઘણા 'પૂર્ણિમા'ને તકલાદી કહી શકયા છે. કલા-ફિલ્મો જોનારો શરૂઆતનો નાનો વર્ગ પણ વિસ્તરવા લાગ્યો છે. જોઈએ તો ખરા, કરીને ટીવી સામે બેઠેલા દર્શકોને 'એક રુકા હુઆ ફૈસલા'એ છેક સુધી જકડી રાખેલા. ઘણાએ 'સૂખા' કરતાં 'પાર'ને સારું કહેલું. ઘણાએ 'અનન્તયાત્રા'ને વખાણ્યું હતું ને 'હોલી'ને કન્ડમ કહેલું -જો કે 'તરંગ' જોયા પછી એને જ શ્રેષ્ઠ, છેલ્લી ટૅલિ-ફિલ્મ ગણનારાની સંખ્યા મોટી છે.

આ પછી, ટીવીનો સમાચાર-સંવિભાગ થોડી તપાસ માગે એમ ઠીકઠીક કથળેલો છે. લોકો ટીવીના સમાચારો જોવા ખાતર જુએ છે -ઘણીવાર નથી જોતા, આ તો સમાચાર આવ્યા ગણીને સ્વિચ ઑફફ કરી દે છે. સમાચારો હજી છાપાં અને રેડિયો તરફથી જ તાજા મળી શકે છે. લોકોની એ ટેવ બદલવામાં ટીવી હજી સફળ નથી થયું. મૉર્નિન્ગ ન્યૂસ શરૂ થયેથી એવું પરિવર્તન પ્રેરી શકાશે. ટીવી પરથી રજૂ થતા હિન્દી, અંગ્રેજી અને સ્થાનિક સમાચારો વિશે કે એ સમાચારદાતાઓના પરફૉર્મન્સ વિશે હજી આપણે ત્યાં કશી નોંધપાત્ર ટીકા-ટિપ્પણી શરૂ થઈ નથી.

સમાચારદાતા બાનુઓની સાડીઓ ને તેમના દેખાવની ગ્લેમરસ વારતાઓ આછરી ગઈ છે. તોતડું બોલતાં સલમા સુલ્તાન ઘણાને એમના ઠસ્સાને કારણે ગમે છે. લોકો એમને સાંભળતા નથી, એમના સાજશણગાર જુએ છે. એક અભિપ્રાય પ્રમાણે એમણે પોતાની જવલ્લે જ કોઈ સાડી રીપીટ કરી હશે. આ અતિશયોકિતભર્યું છે, છતાં સાચું છે. સલમા સુલ્તાન

ગુલાબનું ફૂલ આપણને આખે આખું દેખાય તેમ એમના વાળમાં ડોકી ઉપર લગભગ લટકાવી રાખે છે. આ કેટલું કૃત્રિમ, બેહૂદું અને બિનજરૂરી છે તે કોઈ વિચારતું નથી. હિન્દીનાં એક બીજાં સમાચારદાતા વાની મિશ્ર સલમા સુલ્તાનની સરખામણીએ ઘણાને વધારે જૈફ અને બેજાન લાગે છે. સમાચારોને એ લગભગ ઉકેલી જાય છે, અર્થ-ભાવની જરૂરત પ્રમાણે 'મૂવ' નથી થતાં -જાણે એમને દેશમાં ગમે એ બને તે અડતું જ નથી. ભાઈઓમાં વેદ પ્રકાશ એવા છે. એ જ રીતે, કવચિત આવે તો પણ ચમન ગુપ્તા ખૂબ જ ગમ્ભીર લાગે છે- કહો કે ત્રસ્ત લાગે છે- જાણે એમનું માથું દુખતું હોય ને વાંચવા એમને કોઈએ પરાણે બેસાડયા હોય. હિન્દી સમાચારદાતાઓમાં શમ્મી નારંગ, અવિનાશ કૌર સરીન, જે. વી. રમણ કે મંજરી જોશી જેવાં આશ્વાસનો જરૂર છે. છતાં હિન્દી સમાચારો આકર્ષક નથી બની શકતા. અવિનાશ ફિલ્મકિલપને અંતે સહેજ હસે છે. તે દર વખતે નથી શોભતું, બધી વખતે જરૂરી નથી કે તમે ઈન્વૉલ્વ છો એમ દર્શાવવું જ પડે. જો કે રમણ સરખે સરખી ઠાવકાઈથી-તટસ્થપણે વર્તી શકે છે તે પણ એટલું જ ખૂંચનારું છે. અંગ્રેજી સમાચારદાતાઓમાં હવે રામુ દામોદરન ગાયબ છે - જેમ હિન્દીનાં ઍનાઉન્સર જ્યોત્સ્ના ગાયબ છે. ગયા ફેબ્રુઆરીમાં દૂરદર્શને અંગ્રેજીના પીટરને તગેડી મૂક્યા. કાળા-જાડા પીટરનો દેખાવ દૂરદર્શનથી સહેવાયો નહીં, ને એમના પરફોર્મન્સનું વૈવિધ્ય કે એમનો આકાશવાણીનો બહોળો અનુભવ એમણે લક્ષમાં ન લીધો. જો કે દૂરદર્શન એમ કહે છે કે એમના ઉચ્ચારો ખરાબ હતા અને ચહેરો ભાવહીન રહેતો હતો. ભાઈઓમાં અંગ્રેજીના શ્રેષ્ઠ સમાચારદાતા પંકજ-મોહન છે. ઍક્સૅન્ટ, ટૅમ્પો, ટોન, પિચ, બધું જ સમુચિતપણે રજૂ કરનારો એમનો સુઘટ્ટ અવાજ મોહક છે. દાઢીવાળાઓમાં પ્રીત બેદી અને તેજેશ્વરસિંહ સરેરાશ સારું વાંચે છે. બાનુઓમાં મૃણાલિની પહેલેથી માંદલા અવાજવાળાં લાગ્યાં છે. મીનુ રીની સાયમનના પ્રવેશ પૂર્વે શ્રેષ્ઠ હતાં. જો કે હજી ય લોકો કોમલ જી.બી. સિંહને જ ઉત્તમ ગણે છે. કોમલ અને રીની પાસે છટાદાર અંગ્રેજીની આગવી શૈલી છે, બંનેને પોતાના વિલક્ષણ અવાજની પણ ખાસ્સી મદદ છે. મીનુ તડતડ તડતડ ધાણી જેમ ફૂટયા કરે છે, ઘણીયે વાર અસ્વસ્થ હોય છે. નીતિ રવીન્દ્રન કે ગીતાંજલિ ઐયર યોગ્ય છે, છતાં એમનામાં કશુંક ખૂટતું લાગે છે. 'ખાનદાન'માં ટૂંકો રોલ કર્યા પછી ગીતાંજલિ ઘણાને 'સોપ'-સ્ટાર થવાને યોગ્ય લાગે છે, તો ઘણાને એ જ કારણે એ હવે

ન્યૂસ-રીડર તરીકે નથી ગમતાં.

આ બધાં હકીકતે આપણે ત્યાં સમાચારવાચકો છે, સમાચારદાતાઓ નહીં. ટીવી પરથી સમાચારો શી રીતે રજૂ કરવા ? આ કોઈ ખાસ તાલીમનો વિષય છે કે પછી સાદા ભાષાપ્રભુત્વથી અહીં ચાલી જાય એમ છે ? સમાચારોનું જીવંત પ્રસારણ, શું રેડિયો-પરથી કે શું ટીવી પરથી, એક કસોટી છે. ટીવીમાં એ કસોટી તીવ્ર બની જાય છે, કેમકે તમારે સમાચારો આપી રહ્યા છો એ રીતે સ્ક્રીન પર રજૂ થવાનું છે- લોકો અહીં તમને બોલતા સાંભળતા જ નથી, જુએ પણ છે. તમે અહીં કોઈના દીવાનખાનામાં સમાચાર આપવા પહોંચી જાઓ છો. આ વાત ઓછી નોંધપાત્ર નથી. તમારે સીધું કૅમેરામાં એટલે કે દર્શકો સામે જોવું એ પાયાની વાત છે. પણ તો તો પ્રશ્ન થાય કે વાંચવું કેવી રીતે. સમાચારદાતાઓ એટલું તો સમજે છે કે ઊંધું ઘાલીને વાંચી જઈશું તો વરવાં લાગીશું. એટલે આપણે ત્યાં બધાં સમાચારદાતાઓએ વચલો રસ્તો અપનાવેલો છે, વાંચતા રહેવું ને જોતા રહેવું. આ પદ્ધતિમાં સહજતા અને હળવાશ દરેક ક્ષણે નથી જળવાતાં, બલકે ટૅન્શન ઊભું થાય છે : હવે તો... ઊંચું જુઓ, કે હવે તો.... નીચું જોઈને લાઈન પકડો ! ડોકી અને આંખોની કસરત જોતાં જોતાં દર્શકોએ સમાચારો પામવાના હોય છે.

ટૅન્શન બીજાં કારણોએ પણ હોય છે. બંને સમાચારદાતાઓએ બધા જ સમાચારો ૨૦ મિનિટમાં આપણા લગી પહોંચાડી દેવાના હોય છે. સ્થાનિક સમાચારોની સમયમર્યાદા ૧૦ મિનિટની છે. સમાચારોની ટૅક્સ્ટમાં સમયની સંગતનો ખયાલ રખાયો હોય છે ખરો, પણ એમાં ઍક્ઝેક્ટ્નેસ નથી હોતી. એટલે ચાલુ વાચને ટેબલ પર જ સમાચારોને ક્યારેક ટૂંકાવી લેવાના બનાવો બનતા હોય છે. એ જ રીતે, હેડલાઈન્સ ફરીથી વાંચીને લંબાવી લેવાના પ્રસંગો પણ આવે છે. ન્યૂસપીસ સમાચારદાતાઓને આપણે ત્યાં શીટ પર અપાય છે. એક શીટ પૂરું થયે, અવાજ ન થાય એમ કાળજીથી બાજુ પર મૂકવાનું હોય છે, ને હળવેથી બીજું ઉપાડવાનું હોય છે. વચમાં ધારો કે અવાજ ચોંટી જાય, ગળફો આવે, ખાંસી આવે કે થૂંક ભરાઈ ગયું હોય તો પણ એવી જ હાલતે સમાચાર અવિરતભાવે રજૂ કરી દેવાના હોય છે. એવી 'ગલેમેં ખીચખીચ' મર્યાદા ગણાય છે. ગલેમેં ખીચખીચ ?-વાળાઓએ એવી દશામાં કોઈ ટીવી ન્યૂસરીડરને હજી કેમ ઝડપી નથી ? અતિશય સંવેદનશીલ એવું માઈક્રોફોન શ્વાસોચ્છ્વાસને પણ

પકડે છે, તો ખૂંખારો કેવી રીતે છૂપો રહે ? ગાયન વખતે સંગીતકારને ખૂંખારો ખાવાની છૂટ હવે સહજ ગણાઈ છે. એ જ પ્રમાણે ટીવી-સમાચાર-દાતાઓને પણ આવા શારીરિક અકસ્માતો અંગે સહ્ય લેખવાં જોઈએ. આટલી બધી જડબેસલાક શિસ્ત જરૂરી નથી. સમાચારો મનુષ્ય વાંચે છે એવું લાગે તો કંઈ બગડી જતું નથી, ઔપચારિકતામાં નિષ્ઠા શોધવાથી કૃત્રિમતા વિસ્તરે છે. ન્યૂસરીડરનાં બસ્ટને સ્થાને પ્રોફાઈલ દેખાય, તેઓ જરૂર પડયે સામેના ગ્લાસમાંથી પાણી પી શકે, સ્વચ્છ કટ ગ્લાસમાં પાણી રખાયું હોય, ખાંસી આવતાં હસીને અટકી પડાય, ને પછી સમાચાર આગળ ચલાવાય તો એવી બધી સાહજિકતામાં ખોટું શું છે ? જરૂરે પડયે સમાચારદાતાને કશું પણ ઈમ્પ્રવાઈઝ કરી લેવાની પણ છૂટ હોવી જોઈએ.

પશ્ચિમમાં સમાચારદાતાની સામે ઑટો કયૂ હોય છે. ટીવી-કેન્દ્ર થોડું જામે કે સમૃદ્ધ થાય એટલે ઑટો કયૂ અનિવાર્ય બની જાય છે. એવી સાદી મશીની સગવડને સ્થાને આપણે ત્યાં બીજી હરકતો હોય છે. જેમકે સામે જ ન્યૂસ-પ્રોડયુસર હોય છે, ફલોર મૅનેજર પણ હોય છે. આ લોકો જાતભાતના ઈશારા કરતા રહે છે. એમને હકીકતે બધું સમયમાં પતાવવું હોય છે. આ ઉપરાન્ત, સમાચારદાતાઓને મૉનિટરમાં જોવું રહે છે-ફિલ્મ-કિલપ માટે તેમજ પોતાના ખુદના દેખાવને સારું. મૉનિટરમાં સાડીનો છેડો પડેલો દેખાતાં, ખૂબીપૂર્વક સાચવી લેવાનો હોય છે. પોતાનો વારો પૂરો થયો હોય છતાં કૅમેરા પોતા પરથી ખસતો ન હોય, તો કાં તો આગળ વાંચવાનું હોય છે અથવા તો 'અગલે સમાચાર રમણસે' એમ બોલ્ડ્રલિ બોલી નાખવાનું હોય છે.

સમાચારદાતાએ ગળું સાફ કરીને જ ફલોર પર આવવું જોઈએ તેમ દૂરદર્શને સ્ટુડિયોને બધી જ રીતે સ્વચ્છ-સુન્દર રાખવો જોઈએ. આપણા સમાચારદાતાઓ અવાર-નવાર જાતભાતની ફરિયાદો કરતાં હોય છે એમાં ખાસ્સું વજૂદ છે. ફલોર પર મચ્છરો કે માંખો ભમતી હોય છે, ભમતી ભમતી ચાલુ સમાચારે હોઠ કે નાક લગી ઊડી આવે છે. હજી લગી કોઈ કાચબાછાપ અગરબત્તીવાળાએ આવો નાજુક શૉટ નથી ઝડપ્યો. માંખને, પોતાના હિતમાં ઉડાડવી કે સમાચારના હિતમાં એ સમાચારદાતા માટે પ્રાણપ્રશ્ન હોય છે. ટૅબલકલૉથ ગંદાં હોય છે. જ્યાં હાથ પછડાય ત્યાંથી ધૂળ ઊડવાની દહેશત રહે છે. સ્થાનિક સમાચાર વખતે પૂંઠાં કે પડદા તો દર્શકોને દૂરથી પણ ધૂળિયાં દેખાતાં હોય છે. ઝળહળતા અતિ પ્રકાશમાં

આમે ય પરસેવો ઝમતો હોય છે, પણ ઍરકન્ડિશનિન્ગ ક્યારેક સાવ જ બંધ હોય છે. કહે છે કે એક વાર સ્ટુડિયોમાં બૉમ્બ મુકાયાની અફવામાં બધું ઊંધુ છતું કરી નખાયેલું. બૉમ્બ તો નહોતો મળ્યો, પણ દૂરદર્શને સમાચારદાતાઓ પાસે અધ્ધર જીવે સમાચાર અચૂક વંચાવેલા ! ગીતાંજલિ ઐયરે તાજેતરમાં જ કહ્યું કે એક વાર પોતે સમાચાર રજૂ કરતી હતી, ત્યારે નીચે પગ પાસે કશુંક હૂંફાળું-હૂંફાળું લાગવા માંડયું. પોતાથી ચીસ પડાઈ ગઈ હોત, પણ સંયમ જાળવીને ભાગે આવેલો ન્યૂસપીસ માંડ પૂરો કર્યો. વારો બદલાતાં કૅમેરા સાથી સમાચારદાતા પર મંડાયો, એટલે પોતે પગ પાસે જોયું -જોયું તો બિલ્લી હતી ! સારું છે કે ફલોર પરના ટેબલ નીચે બિલ્લી હતી, અને કોઈ સાહસિક ઉંદર નહોતો ! બાકી આવા મામલામાં આ સાડીપરસ્ત સમાચારદાત્રીઓના રંજાડનો કોઈ પાર ન રહે !

આપણા સમાચારોમાં દૃશ્યસામગ્રી, નામની અને ઢાંચાઢાળ હોય છે. ટીવીસમાચાર-લેખન એક જુદી જ ચીજ છે. એમાં વાતચીતનો અનૌપચારિક લહેજો હોવો ઘટે અને વીગતો બને તેટલી કમ. વીગતોનું તો દૃશ્ય જ હોય. એક જીવતી જાગતી વ્યકિત, બધું બનેલું તમને 'કહેવા' આવી છે. સન્નિકટતાનો એવો આભાસ, એવો એ ટીવી-વિશેષ જળવાવો જોઈએ. નહીં તો રેડિયોમાં અપાતા સમાચારોથી ટીવીના સમાચારો કઈ રીતે જુદા પડવાના? આજે તો આ ટાઢના દિવસોમાં તમે મોંઢે-માથે ઓઢીને પણ ટીવી-સમાચારો સાંભળી શકો એવી જડતાપ્રેરક સ્થિતિ છે. ટીવીનાં મોટાભાગનાં સમાચારદાતાઓ રેડિયોમાંથી આવેલાં છે, પણ એમનો એ વારસો વિપરીત રીતે ફળ્યો છે. અલબત્ત, સમાચારદાતાઓને સમાચારોના લેખનમાં પ્રવેશ નથી- એઓ થોડું ભાષાપરક ઍડિટિન્ગ કરી શકે ખરા. આ કારણે સમાચારોને બધી વાતે સુન્દર બનાવવાની તમામ જવાબદારી સમાચારદાતા પર જ આવી જાય છે. ટીવીના નેપથ્યમાં કે એનાં ઑફિસ-ટૅબલો પર પ્રવર્તતા સરકારીકરણને સમાચારદાતાઓ ટાળી નથી શકતાં. બલકે પરોક્ષપણે એનો સામનો કરી રહ્યાં છે. ઘાસફૂસ જેવી બાબતો -પુઅર કન્ટેન્ટ- માટે ઘણી વાર તો તેઓ પોતાની શકિતનો નાહકનો વ્યય કરતાં દીસે છે. એમની ઉચ્ચાર-શુદ્ધિ, એમની પ્રિયમાંની અધિકૃતતા, એમનો આત્મવિશ્વાસ, એમને લીધેલા પૉઝ, એમણે સાચવેલાં સ્વરભાર ને અર્થભાર બધું નાહકનું લાગે છે. ટીવીના સમાચારોની આ શુષ્ક ઔપચારિકતાથી અને વિદેશી ઉપલકિયાવેડાથી લગભગ બધાંજ સમાચારદાતાઓ વાજ આવી

ગયેલાં છે. અમસ્તી દૃશ્યાવલી ભભરાવવાથી સમાચારો ટીવીના નથી બની જતા એ એના લેખકોને કે અફસરોને સમજાવવાનું બાકી છે.

દૃશ્યસામગ્રીમાં કેટલી બધી એકવિધતા છે ? રોજ પીએમ આવે એ તો લોકોએ સ્વીકારી લીધેલું છે, પણ ઘટનાઓ પણ ઉદ્‌ઘાટનો અને વિદેશી મહેમાનોના સ્વાગત પૂરતી સીમિત છે. વૈવિધ્ય ખાતર પુસ્તકોનાં ઉદ્‌ઘાટનો પિરસાય છે. એનો તરીકો પણ ઊબ આવી જાય એટલો બધો રેઢિયાળ છે, એકમાર્ગી છે. જેમકે આવી ફિલ્મ-ક્લિપ આવે ત્યારે ઉદ્‌ઘાટકો પુસ્તકોનાં મુખપૃષ્ઠ અને પોતાનાં મોઢાં ધરી રહે છે. પુસ્તકના લેખકનું નામ તો ક્યારેક જ બોલે છે, ને પુસ્તકનું તો કોઈક જ વાર. પુસ્તકનો લેખક ત્યાં હાજર હોય તો ય કદી ધ્યાનમાં નથી આવતો. મોટાભાગના ઉદ્‌ઘાટકો પ્રધાનો હોય છે. વડાપ્રધાન અને રાષ્ટ્રપતિને સહ્ય ગણવા માંડો પછી દૂરદર્શનવાળા તમને નીચે ઊતરવાની ફરજ પાડે છે-

ગંદી પરમ્પરાઓ કોઈપણ માધ્યમમાં ગંદાં ધોરણોને ચલાવી લેવામાંથી વિકસતી હોય છે. જેમકે, કોઈ દૈનિક છાપામાં બે-ચાર 'સફળ' પણ વ્હેંતિયા લેખકો ભરાઈ જાય, પછી જાણ્યે-અજાણ્યે થોડા જ દિવસોમાં છાપું એવાં અળસિયાંથી ખદબદતું થઈ જતું હોય છે. નકલ-સંખ્યાના વધારા નામની ભ્રાન્તિમાં સપડાયેલા તન્ત્રીઓને કે માલિકોને એ કદી દેખાતું નથી. ટીવી પરની દૃશ્ય-સામગ્રી ઉત્તરોત્તર પણ આવી પદ્ધતિએ હીન થતી આવી છે. ઉદ્‌ઘાટકો પુસ્તકો વિશે કંઈ કહેતા નથી. જો કે મોટા ભાગનાં પુસ્તકો ઈન્દિરાજી જેવા રાજકીય નેતાઓને વિશેનાં હોય છે. એટલે એ નિમિત્તે ઉદ્‌ઘાટકો એકતા-અખણ્ડતાના એમના ચાલુ નારા કશી શરમ વિના ઝીંકયે રાખે છે. કવચિત પુસ્તકના વિષયમાં બોલવા બેસે, તો ક્લિપ પૂરી થતા સુધીમાં એમની ચાલુ વેઈનમાં આસાનીથી પ્રવેશી ગયા હોય છે. લોકશાહીમાં એટલા બધા બકૂનો ઉદ્‌ઘાટનો કરે કે પ્રજાને એ જ બધા સંસ્કારધન લાગવા માંડે ! સમૂહ-માધ્યમોના ભ્રષ્ટ ઉપયોગની વારતાઓ હજી આપણે માંડીને કરી જ ક્યાં છે વારુ ?

ટૂંકમાં, આજના સમાચારોની દરિદ્રતા અંગે સમાચારદાતાઓ ઓછાં જવાબદાર છે. સૌ જાણે અપાયેલી આચારસંહિતાઓને વિશે ચુસ્ત હોય છે. એ તો બરાબર છે, પણ પોતાના તાબા હેઠળની આચારસંહિતાનો યથેચ્છ દુરુપયોગ કરવાની કુનેહને પણ તેઓ સેવા-નિષ્ઠામાં ખપાવતા હોય છે. દૂરદર્શનમાં આવું સરકારીકરણ વ્યવસ્થિત સ્વરૂપે જામેલું છે એમ પુનરાર્તનનો

દોષ વહોરીને પણ કહેવું જોઈએ. એમાં ઉપરી રાજકર્તાઓને ખુશ કરવા અને પોતાનો સત્તાપંજો વિકસાવવો એ જ દ્રષ્ટિબિન્દુ સર્વેસર્વા હોય છે. 'રાજીવ્ઝ ઈન્ડીઆ', 'ન્યૂ ડેલી ટાઈમ્સ' કે એમ. જે. અકબરની 'ન્યૂસ-લાઈન' જેવી સમાચારસીરિઅલના ખાતમા બોલાવનારા આ દૂષિત અમલદારો જ છે. 'સચ કી પરછાંઈ' અને 'રોવિન્ગ આઈ' જેવી શ્રેણીઓ ડાહી-ડાહી વાતો કરનારી બનતી આવે છે. એમાંનું સમીક્ષા-તત્ત્વ પાતળું પડી ગયું છે, બલકે સરકારના પ્રચાર ભણી ઢળતું રહ્યું છે. આ 'અંદરની' ભાતો રોજિંદા સમાચારોમાં પકડવાનું તો આ માધ્યમ સંદર્ભે હમેશાં મુશ્કેલ હોય છે- ફિઝિકલી ડિફિકલ્ટ.

દૂરદર્શને સમાચારદાતાઓનાં કપડાંના કોડ્સ રચ્યા છે ખરા, પણ એમને જરૂરી સોઈ પૂરી પાડવાની દાનત જવલ્લે જ બતાવી છે. જેમકે, વિદેશી કે પરભાષી નામોનાં ઉચ્ચારણો સાચાં કેવી રીતે કરવાં ? હમણાં જ ગોર્બાચેવ, ગોર્બાચોવ, ગોર્બાચોફ, ગર્બાચેવ ચાલેલું. સમાચારદાતાઓ આવાં નામોનાં સાચાં ઉચ્ચારણો મેળવવા ઍમ્બસીઓ પર ફાંફાં મારે એ કયાંનો ન્યાય ? અને જ્યાં ઍમ્બસીની સગવડ જ નથી ત્યાં, સ્થાનિક સમાચારોમાં, શું કરે? દૂરદર્શને કહ્યું નથી માટે કે સરકારે કહ્યું છે એટલે, પણ ગુજરાતી સમાચારદાતાઓ હવે 'વડાપ્રધાન'ને 'પ્રધાનમન્ત્રી' કહે છે, નાણાપ્રધાનને 'નાણામન્ત્રી' કહે છે. દૂરદર્શને સમાચારદાતાઓનાં કપડાં સુરુચિપૂર્ણ હોવાં જોઈએ એવું ઠરાવ્યું છે. પણ ટાઈ પહેરાવવામાં કઈ સુરુચિ સચવાય છે ? એ બાબુ-કલ્ચર આપણે ટીવી-સ્ક્રીન પર રોજ સાંજે કયો આદર્શ સાચવવા રજૂ કરીએ છીએ ? કહે છે કે તેજેશ્વરસિંહ એક વાર કુર્તા-પાયજામામાં ગયા, તો એમને કશી જ ઢીલ વિના વરિષ્ટ અધિકારી તરફથી ફોન પર ઠપકો મળેલો ! - જો કે કોમલ જી. બી. સિંહ એક વાર સલવાર-કમીસમાં ગયેલાં તો પણ એમને કોઈએ કંઈ જ કહેલું નહીં ! એમાં, ગભરાતાં-ગભરાતાં ગયેલાં એ સ્ત્રી-ચાતુર્યનો પ્રભાવ હશે ? કે કંઈ બીજું ? બાનુઓ માટે સ્લીવલેસ બ્લાઉઝની મનાઈ છે, જો કે સાડીના છેડાથી ટૅલિકાસ્ટ ટાણે ઢાંકી રાખે તો ચાલે છે. ભડકદાર આભૂષણોની મનાઈ છે, પણ વિવિધ હૅરસ્ટાઈલનો વાંધો નથી. રામુ દામોદરન એકાંતરે હૅરસ્ટાઈલ બદલતા હતા. એટલે કે એક વાર વાળનો સેંથો જમણી સાઈડે હોય, તો બીજી વાર ડાબી સાઈડે.

માત્ર મીનુ સિવાય જવલ્લે જ કોઈ સમાચારદાતા પરમેનન્ટ સ્ટાફ મૅમ્બર છે. લગભગ બધાં જ ફ્રી લાન્સર છે. એટલે એમને દોઢસોથી બસો રૂપિયાની સીમામાં, સમાચારો અપાઈ જાય પછી તુર્ત જ, ચૅકથી ચૂકવણી કરાય છે.

એટલે એમનાં શેડ્યુઅલ પણ લૂઝ હોય છે. ઘણાંને છેલ્લી ઘડીએ બોલાવાય છે. રીની કે કોમલને આ જ કારણે મહિને છ-સાત વાર આવવા મળે, પણ મીનુને અઠવાડિયામાં ત્રણ વાર ઓછામાં ઓછું ફરજના ભાગરૂપે જ આવવું રહે. આ પરિસ્થિતિ વિષમ છે. ન્યૂસરીડરોની સંખ્યામાં વધારો થતો રહે, તો આ વિષમતામાંથી ભ્રષ્ટાચાર પણ જન્મે, કંઈ નહીં તો, કવૉલિટેટિવ ન્યૂસરીડરોથી દર્શકોને ધીમે ધીમે વંચિત થવાનો વારો આવે. લાગવગિયાં અળસિયાંથી અન્ય કાર્યક્રમો આજે દૂષિત છે જ, કાલે સમાચારોમાં પણ એ બદી વિસ્તરી હશે.

કોમલે તાજેતરમાં ઉચિત ફરિયાદ કરી છે કે એક પણ સમાચારદાતાને તાલીમ નથી અપાઈ, સરકારે એવી તાલીમ માટે હજી કશું વિચાર્યું જ નથી. સારા સમાચારદાતાના બેચાર દિવસ માટે સાક્ષી બનવામાં નવાને કશી તાલીમ મળતી નથી. આજે તો મોટા ભાગનાં સમાચારદાતાઓ પોતાની પ્રતિભાએ કરીને જ દૂરદર્શનના આ સંવિભાગને ઘાટ આપી રહ્યાં છે. બીજી તરફ ન્યૂસ-પરફૉર્મન્સની કશી જાહેર સમીક્ષા થતી નથી, કશું વસ્તુલક્ષી મૂલ્યાંકન ઉપસાવાતું નથી. એટલે જ, કોમલનો વ્યથિત ઉદ્ગાર છે : 'ડૂબો કે તરો ! '-કશો જ ફર્ક પડતો નથી.

જો કે બધાં સમાચારદાતાઓ પોતાની ટીકા સહી શકે કે કેમ તે પ્રશ્ન છે. એ વેઠવા તો ગજું વિકસેલું હોવું જોઈએ. રાજીવ્ઝ ઈન્ડીઆમાં પ્રેસ અને ટીવી જેવાં ભંગુર માધ્યમો ટીકાનિરપેક્ષ રહી શકે છે. એમાં કામ કરતા તન્ત્રીઓ, પત્રકારો, અમલદારો કે કલાકારોને પોતાની ટીકા પરત્વે જડ થવાનો લાભ છે, એમને એનું પોસાણ છે. કેમકે તમારી ટીકાની કિમ્મત શી છે ? છાપું સવારે દસ વાગે તો એના તન્ત્રી માટે પણ વાસી થઈ જાય છે ! ટીવી બીજી જ ક્ષણે બધું ભૂંસીને તમને એક મજાની સીરિઅલમાં લઈ જાય છે. સમીક્ષા કરવાની બધી પળોજણનો મતલબ શો છે ? સ્થાનિક સમાચારદાતાઓ તો આ વાતને ગમ્ભીરતાથી લેતાં હોય એવું લાગતું જ નથી. એ લોકો અને એમના અમલદારો આવી કશી વાત-ટીકાથી માહિતગાર પણ રહેતાં હશે કે કેમ તે પ્રશ્ન છે. જે પોતાના કામને વિશે સભાન નથી, જેને મન આખી વાતનો કશો ઊંડો લગાવ નથી, જેને મન આ બધી બાબતો ડાબા હાથનો ખેલ છે, તેની આગળ કશી પણ ટીકા-ટિપ્પણી ભેંશ આગળ ભાગવત બરાબર છે.

૭-૬-૧૯૮૯
૮-૭-૧૯૮૯

# ૨૫

## સાંભળ બબલા, સાંભળ બબલુ ...૧

**આ**જે ૨૫ માર્ચે અમદાવાર દૂરદર્શનની ચૅનલ-૫-ના સ્થાનિક કાર્યક્રમો શરૂ થયાને પૂરા આઠ મહિના થયા. પણ હજી આ બાળકનું મોં-માથું હાથ આવતું નથી. ટીવીની એકલી લિજ્જત લેનારો વર્ગ આ કાર્યક્રમો જોતો નથી. એમને બધું ગામડિયું લાગે છે. કેટલાંક કુટુમ્બોમાં તો રાતના ૮-૪૦ પહેલાં સ્વીચ ઑન કરવી જ નહીં એવો નિયમ કરાયો છે. તો બીજી તરફ, કંઈક શીખવા-જાણવાની તમન્ના રાખતા લોકો આ કાર્યક્રમોથી ચિડાતા રહે છે. એમને ઘરવે એવી કોઈ વાત હજી ચૅનલ-૫ પર સ્થિર થઈ નથી. આ કાર્યક્રમો કયા સ્થાનિક લોકો જુએ છે ? ગ્રામવિકાસ અને ગ્રામોદ્ધારલક્ષી શ્રેણીઓ આ ચૅનલનું એક વિશિષ્ટ પાસું છે. 'ગામ અમારાં કામ અમારાં' કે 'ગામડું જાગે છે' ની સામગ્રી રૂરલ સૅક્ટરમાંથી આવે છે. પણ ગુજરાતનાં કેટલ[illegible]જનો આ બધું જોતાં-સાંભળતાં હશે ? એ બાપડાં પોતાની [illegible]ાતની હાડમારીઓમાં ડૂબેલાં છે. એમાંથી ડોકું તાણીને ટૅમસર ટીવી સામે બેસવાનો ઉત્સાહ તો ક્યાંથી લાવવાનાં ? શીખીને શું શીખવાનાં ? ટાંચાં સાધનોમાં એમનું જીવન સાવ અભાવગ્રસ્ત છે. સરકાર પૂરી પ્રામાણિકતાથી એમની બાંય ઘરવા ચાહે છે એ ખરું, પણ વચ્ચેની ઍજન્સીઓ બધી મદદ હડપ કરી જાય છે. સ્ટેટસ્કો મેન્ટેન કરનારા આ વિકાસશત્રુઓ પર ટીવી-કૅમેરા હજી પૂરી

તાકાતથી ઘૂમતો નથી થયો.

છતાં, દૂરદર્શનના સત્તાવાળાઓને પોતાના કામનો ખાસ્સો સંતોષ હોય એવું સતત લાગ્યા કરે છે. જાતતપાસ કરી આ માધ્યમને સાર્થક બનાવી દેવાની એમની ખાસ કશી તત્પરતા વરતાતી નથી. આ ચૅનલ-પને તો જાણે લગીરેય સુધરવું જ નથી. આઠ મહિના પછી પણ એમાં કશું આકર્ષક પરિવર્તન નથી આવ્યું, બલકે એણે પોતાના બોથડવેડાને પંપાળ્યા કર્યા છે. એના અધિકારીઓ 'જવાબમાં જણાવવાનું કે' કાર્યક્રમમાં પ્રજાના પત્રોના ઉત્તર આપે છે. એ ઉત્તરો ગોળ અને પોલા હોવાને લીધે મનોરંજક બને છે ખરા. પોતાના પર લોકોના કયે ગામથી કેટલા પત્રો આવ્યા છે તેનો આંકડો મેળવવામાં ને તેનો હિસાબ કાઢવામાં એ લોકો ટીવીની મોંઘી બેથી ત્રણ મિનિટ નિરાંતવે ખરચે છે. પ્રશ્ન ગમે એવો ધારદાર હોય તો પણ એમના પેટનું પાણીય હાલતું નથી. એમની આ સ્વસ્થતા ચિન્ત્ય છે. એ ભૂમિકાએ સ્થાનિક કાર્યક્રમોને પડકારવાનો સમય પાકી ગયો છે.

પણ પડકારે કોણ ? લોકો કાગળો લખે, જવાબો સાંભળે ને પછી ફેરફારો માટે ટાંપીને બેઠા રહે. છાપાં ટીવીની ઈધર-ઉધર વાતચર્ચા કરે છે ખરાં, પણ ટીવીની ખાનાખરાબીની રીતસરની સમીક્ષા કરવાની જવાબદારી તો કલાસમીક્ષકોની, શિક્ષકોની તેમજ સાહિત્યકારોની છે. મનોરંજન, આનન્દ અને જ્ઞાન સાથે સંકળાયેલા આ સમૂહ-માધ્યમને બરાબર પડકારનારો વર્ગ હજી આપણે ત્યાં ઊપસ્યો નથી. 'ના ગમે તો ના જુઓ' કહીને બધું નભાવી લેનારાઓની સંખ્યા મોટી છે. ગુજરાતી સાહિત્યકારો સ્થાનિક કાર્યક્રમોની વિરુદ્ધ શાના બોલે ? એમને તો એમના જ કાર્યક્રમો ક્યાં ઓછા છે ? ઊલટું, એઓ તો એમ ઝંખે છે કે ચૅનલ-પ નો અમુક હિસ્સો એમનું જ કવરેજ કરવામાં વપરાય ! નેશનલ ટૅલિની કોઈ ગુજરાતી સાહિત્યકાર-મોભીએ જવલ્લે જ કશી ટીકા કરી છે. એમને ઊંડે ઊંડે ટીવી પર ચમકવાના ઑરતા છે. લોકપ્રિયતાના લલ્લુઓ છાપાં, રેડિયો, રંગભૂમિ, સાહિત્ય વગેરે ક્ષેત્રોને અભડાવ્યા પછી, હવે ટીવીનાં બારણાં ખટખટાવે છે. એમનું જીવનકાર્ય જાતજાતની 'ચૅનલો' ઊભી કરવાનું છે. કોઈ ચૅનલની ટિપ્પણી કરવાનું એમના વ્યાકરણમાં નથી આવતું. ટૂંકમાં, ટીવી-સમીક્ષાની કોઈ પ્રશસ્ત પરમ્પરા નજીકના ભવિષ્યમાં ઊભી થવાનાં કોઈ ચિહ્નો નથી.

સરકાર ટીવીના માધ્યમનું શું કરવા તાકે છે, માધ્યમ તરીકે ટીવીની

કેવીક ક્ષમતાઓ છે, કાર્યક્રમો કેવા છે અને કેવા હોવા જોઈએ, કાર્યક્રમોનો છેલ્લો અંકુશ નિષ્ણાતો અને કલાકારોના હાથમાં હોય કે સરકારી અધિકારીઓના હાથમાં વગેરે પ્રશ્નોની ગમ્ભીર ચર્ચાઓ આવનારાં વર્ષોમાં પૂરી નિસબતથી થવી જોઈશે. પરન્તુ એવી આશામાં હાથ જોડીને બેસી ન રહેવાય. આપણે આપણાં નિરીક્ષણો જાહેર ચર્ચા માટે નિરન્તર ખુલ્લાં મૂકવાં જોઈએ. 'નામીડિઆ' જેવાં છત્રો હેઠળ આજકાલ આ અંગે પરિસંવાદો ચાલે છે. એ રૂપાળી ઝાકઝમઝોળમાં કડવી હકીકતો વીગતે બહાર આવવાનો સંભવ ઓછો છે. એ સંભવને આપણે છેક નીચલા વર્ગના દર્શકોના સ્તરેથી ઉભારવો પડશે.

આ ચૅનલ-૫ આવું આવું કરીને ગ્રામ્ય, બોથડ, પછાત અને નિરર્થક ભાસે છે : ભાષાશુદ્ધિ અને સુરુચિભરી સફાઈનો અહીં લગભગ અભાવ છે. ભાષાને વિશેની લાપરવાહી ચૅનલ-૫-ના કલાકારો, અમલદારો- બધાં જ વ્યકત કરતાં હોય છે. શિક્ષણનું સાધન બનતું ટીવી આમ પોતાના પાયામાં જ માટોડાં પૂરે છે. ગુજરાતી ભાષાની અનુસ્વાર-વ્યવસ્થા અહીં ભાગ્યે જ જળવાય છે. એક ન્યૂઝરીડર તો હમેશાં 'ઔધ્યોગિક', 'વિધ્યાર્થી', જેવા ખોટા ઉચ્ચારો કરે છે. 'આપણે' - 'આપણા' - 'આપણી' ને બદલે બધાં જ 'આપડે' - 'આપડા' - 'આપડી' બોલે છે. 'પ્રશ્નવ્યૂહ', 'અન્તાક્ષરી' અને દમ્પતીને સીલી સવાલો પૂછી મનોરંજન કરાવનારા કાર્યક્રમોમાં પચાસ ટકા અંગ્રેજી શબ્દો હોય છે તે દરમ્યાન તેમના શબ્દોનાં લિંગ બદલાઈ જાય છે. 'ટૉકિ ફિલ્મ'નું ગુજરાતી 'બોલકું ચિત્રપટ' કરનારા આ લોકો જ 'યુ આર લૂક સો બ્યૂટિફૂલ' બોલી શકે ! અહીં અવારનવાર દેખાતા એક જાણીતા ગુજરાતી કવિ 'કૃષ્ણ'ને હમેશાં 'ક્રશન' કહે છે.

ચૅનલ-૫ પરનું ઍનાઉન્સમેન્ટ મણિબેનોને છાજે તેવું લોચાટિયું ગુજરાતી વાપરતું જોવા મળ્યું છે. 'ચાલો હવે રાષ્ટ્રીય કાર્યક્રમો જોઈએ' કહ્યા પછી 'ચાલો જોઈએ' નો બીજો લહેકો શા માટે ? આવી ફાલતુગીરીને લીધે અહીં, 'સૂચના પૂરી થઈ', 'આપની સેવામાં રજૂ કરીએ છીએ,' 'અમારા પ્રેક્ષકમિત્રોને જણાવવાનું' વગેરે લટકણિયાં આવે છે. અહીં બધી જ વખતે નિર્માતાઓનાં નામો આગળ કરાય છે. 'તમારા માટે જ' જેવો, સાપ્તાહિક રૂપરેખાનો નિઃસામાન્ય કાર્યક્રમ પણ 'નિર્માતા ફલાણા' - થી આગળ કરાય છે. એવું કેમ ? આ કશી ટૅકનિકલ અનિવાર્યતાથી છે ? 'દેવલ આર્ટ્સ

દ્વારા પ્રસ્તુત' કે 'બામ્બી ગ્રુપના સહકારથી' - એમ જણાવાય ત્યારે કશી કાયદાકીય જરૂરતથી જણાવાય છે ? ચૅનલ-પને એનાં આ બધાં જ કર્તાહર્તાઓ પોતાની આગવી, અંગત વસ્તુ સમજતાં લાગે છે. 'હમણાં જ તમે "અમારા" કાર્યક્રમો જોયા', 'હવે જોઈએ "અમારા" આવતીકાલના કાર્યક્રમો' - વગેરેમાં આ 'અમારા' પર ભાર શા માટે ? આ બધું તમારું તો છે ! ક્લિષ્ટ ભાષામાં બોગસ ઍનાઉન્સમેન્ટનો ઉત્તમ નમૂનો ખોવાયેલી વ્યક્તિઓ વિશેની જાહેરાતોમાં હોય છે : 'આ ફોટો જેમનો દેખાય છે' થી શરૂ થતી જાહેરાતોમાં 'જેમને પણ એમની જાણ થાય એમણે' જેવા લોચા વાળતા વાક્યથી પૂરી થાય છે. કયારેક તો એમાં, 'અગત્યની ખોવાયેલી વ્યક્તિઓ અંગેની જાહેરાત' એમ ગોટાળા હોય છે. લીટીવાળું ખમીસ 'પહેરેલ' છે, પગમાં ભૂરી પટ્ટીનાં સ્લીપર 'પહેરેલ' છે – 'નીકળેલ' છે, 'ગયેલ' છે, જેવાં 'કપાયેલ' ભૂત કૃદન્તોમાં ભાષા જ અહીં સતત 'ખોવાયેલ' હોય છે ! આ ઍનાઉન્સરો 'દેસાઈસાહેબ' કે 'ભાટિયાસાહેબ' જેવાં અંગત સમ્બોધનો વાપરીને, એમને આપણા પણ 'સાહેબો' બનાવી દે છે !

ચૅનલ-પ નો ઉત્તમ કાર્યક્રમ સરૂપ ધ્રુવલિખિત 'કાકાની ડેલી' હતો. એમાં લોકશિક્ષણનો હેતુ સિદ્ધ થયો છે. મનીષી જાનીલિખિત 'ન્યાય-અન્યાય' શ્રેણીએ પણ લોકજાગૃતિનો હેતુ સર કરેલો. ભરત દવેનિર્મિત 'ભલા ભૂંસાના ભેદભરમ' ની નાટયશ્રેણી આ બધાંમાં આશ્વાસક લાગે છે. 'કલાદર્શન' અને 'મુલાકાત' ના કાર્યક્રમોમાં મોટે ભાગે ચિત્રકારોની જ મુલાકાતો કેમ ? સાહિત્યકારો 'કલાદર્શન'માં ન આવે ? સુરેશ જોષી, નિરંજન ભગત, લાભશંકર ઠાકર વગેરે બુલંદ વ્યક્તિઓની સિદ્ધિને પ્રમાણવા એમને ટીવી પર ક્યારે બતાવવાના છો ? ગુલામ શેખ કે ભૂપેન ખખ્ખર જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિને વરેલા ચિત્રકારો ગુજરાતી છે, સ્થાનિક છે. એમને ક્યારે માણશો-પ્રમાણશો ? મુલાકાતો તો નીવડેલા ડૉક્ટરોની, વકીલોની, ન્યાયાધીશોની તેમજ સમાજસેવકોની પણ લઈ શકાય ને ? અને મુલાકાત લેનાર વ્યક્તિ એકની એક જ શા માટે રખાય છે ? લોકો ઑચાઈ જાય ત્યાં લગી એકના એક ચહેરા ફટકારતા રહેવાનું વલણ બરાબર નથી. 'અન્તાક્ષરી', 'પ્રશ્નવ્યૂહ' અને દમ્પતીને પ્રશ્નો પૂછી આપણને હસાવવાના કાર્યક્રમો ભ્રાન્ત અને વાહિયાત છે. એમને આ ચૅનલ પરથી રાતોરાત દૂર કરવા જોઈએ. એમાં રાષ્ટ્રીય સમ્પત્તિનો અત્યન્ત વ્યય છે.

આ મોંઘું માધ્યમ એક સૅકન્ડે રાષ્ટ્રના કેટલા રૂપિયા વાપરે છે તેની,

તેની સાથે સંકળાયેલાંઓને તો ખબર રહેવી જ જોઈએ. 'સંભાળ બબલા, સાંભળ બબલી'નું બચતનો ઉપદેશ બાળકોને આપતું ફિલર છાશવારે રજૂ કરનારાઓએ જાણવું જોઈએ, કે એમ કરીને પોતે જ જાહેર નાણાંનો કેવો તો અપવ્યય કરે છે. ચૅનલ-૫ વાળાઓ લોકોને પણ બબલુ સમજે છે કે શું ?

હકીકતમાં, સ્થાનિક કાર્યક્રમ રાષ્ટ્રીય કાર્યક્રમનું જ એક મોટું ફિલર છે! એ દિલ્હીવાળા પાસેથી પણ કંઈક શીખીએ તો મોડું નથી થઈ ગયું. પણ એમની સાથે આ લોકોનું સન્ધાન નથી. 'થોડી ક્ષણોમાં' લખ્યા પછી એકથી વધુ મિનિટનો દુર્વ્યય થતો હોય છે. ગુજરાતના ગરબાને દુનિયા આખી એની સંસ્કૃતિનું પ્રતીક માને છે, પણ આ લોકો એનો ફિલરો લેખે ઉપયોગ કરે છે ! ટાઈમિન્ગ્સનાં ઠેકાણાં નથી જ હોતાં, એમાં કશી આળપંપાળને અવકાશ જ નથી. ગુજરાત પધારેલા રાષ્ટ્રપતિની સ્પીચ અડધેથી કપાઈ જાય ને 'ચિત્રહાર' પૂર્વેની જાહેરખબરનાં જિન્ગલ્સ આવે એ ક્યાંની વાત ? આજે હોળીના સરસ તહેવારને દિવસે ચૅનલ-૫ પર 'રંગ હોલી' શીર્ષક હેઠળ છોકરીઓનો કશો ઢંગધડા વગરનો રાસડો ફિલર તરીકે મુકાયો ને તેય 'બ્લૅક ઍન્ડ વ્હાઈટ'માં. આ બધા ફિયાસ્કા માટે સરકારે ચૅનલ-૫ની આકરી તપાસ કરવી જોઈએ અને જનતાએ સરકાર તેમ કરે છે કે નહીં તેની છાનબીન કરવી જોઈએ. નહીં તો, ચૅનલ-૫ ગુજરાતનું મોટું સાંસ્કૃતિક દૂષણ બનવાની દિશામાં ગમે ત્યારે દોડી જવાનું છે...

૨૫-૩-૧૯૮૬
૬-૪-૧૯૮૬

## ૨૬

# સાંભળ બબલા સાંભળ બબલુ ...૨

ટીવીની સર્વાંગ સમીક્ષા કે એના કાર્યક્રમોની વ્યાપક પસંદગી માટેની સમિતિઓ રચવાના સરકારના પ્રામાણિક ધમપછાડા પ્રશસ્ય છે. છતાં દૂરદર્શન-કાર્યક્રમો વધુ ને વધુ ઢાંચાઢાળ બની રહ્યા છે. આજે મોટું કામ ટીવીને અમલદારશાહીના જડબામાંથી છોડાવીને સમજદાર કલાકારોના હાથમાં સોંપવાનું છે. આજે તો ટીવીનું સરકારીકરણ નિવારવાનો પુરુષાર્થ પોતે જે સરકારીકરણને દૃઢ કરી રહ્યો છે. એના અમલદારો રોકટોકના અભાવે જડ ને જડ થતા આવે છે. ટીવીમાં ચમકવાની લોકઘેલછા અને જૉબ-સિક્યોરિટીનાં તત્ત્વોએ એમને બહેકાવી મૂક્યા છે. એમને જાણે કોઈ પૂછનાર જ નથી.

વડાપ્રધાને એમને ગયે વર્ષે ઠીક ઠીક તતડાવ્યા હતા. આજે પણ ટીવી-સમાચારોના ચાલુ સ્વરૂપથી વડાપ્રધાનને સંતોષ નથી. પણ પીએમ-ન્યૂસ-કરવેજને નામે દૂરદર્શનવાળાઓએ એમની પ્રશસ્તિ ચાલુ રાખી છે. આપણે મન મનાવી શકીએ કે ખુશામત ખુદાને ય પ્યારી હોય છે, ત્યાં શું થઈ શકે. 'રાજીવ્ઝ ઈન્ડીઆ' નહીં દર્શાવીને એક તરફ દૂરદર્શને એમને વહાલા થવાનું કર્યું હતું અને દર્શકો જોડે ખંધાઈ કરી હતી તો બીજી તરફ, પોતાથી પૂરી સ્ક્રુટિની નહોતી થઈ એમ જૂઠું બોલીને પોતે શાસકોના હાથનું પ્યાદું છે એમ પણ જચાવ્યું હતું, 'ન્યુ ડેલી ટાઈમ્સ'ને

ટીવી પરથી ઉડાવી દઈને દૂરદર્શને હીન સરકારીકરણનો જ પરચો આપ્યો હતો. પણ એના આડા પરિણામરૂપે પ્રતિબન્ધિત વીડિયોશોમાં એની કૅસેટની માંગ વધતી રહી છે. ફિલ્મની જોડે કારલોવી વૅરી પહોંચી ગયેલા પ્રસારણ-મન્ત્રીએ ઘરઆંગણાની આ અવળચંડાઈ વિશે કોઈ વિદેશીને કશું કાનમાં કહ્યું નથી. કહ્યું હોય તો જાણમાં નથી. હમણાં કલકત્તા ખાતે રાજીવ ગાંધીએ કહ્યું -આવા મતલબનું- કે યે માધ્યમકા સહી ઔર ગલત દોનોં ઢંગકા પ્રયોગ હો સકતા હૈ. લાગ્યું કે વડાપ્રધાનને બધી ખબર છે. એમ પણ લાગ્યું કે જાણે આપણને જ આની ખબર નથી ! સવાલ એટલો જ છે કે ટીવીના ઉપયોગને કયારે સહી ગણવો ને કયારે ગલત ગણવો. દૂરદર્શન એમ કહેવા માંગે છે કે અમે ટીવીનો સહી ઉપયોગ જ કરીએ છીએ, લોકોને કદર નથી. પત્રકારો ટીવી અંગે એમને બેતમીજ લાગે છે, હમેશાં.

અમદાવાદ દૂરદર્શન ચૅનલ-૫-ના એક અગ્રણી અમલદારે હમણાં, 'જવાબમાં જણાવવાનું કે' વિભાગમાં, પ્રશ્ન પૂછનારાને કંઈક આવો જવાબ આપ્યો હતો : અમે અમિતાભ બચ્ચન નાઈટ, બહુ ઈચ્છા હતી છતાં ના બતાવી શકયા, દિલગીર છીએ. પણ પછી એમણે ઉમેર્યું તે ચોંકાવનારું હતું. એમણે કહ્યું : બધું છેવટે તો ઈશ્વરની ઈચ્છા પર આધાર રાખે છે ! આ જ ચૅનલ પરથી એક પીઢ ઍનાઉન્સરબેન હમેશાં 'અમારા આજના કાર્યક્રમો 'અમારા આવતીકાલના કાર્યક્રમો' એમ 'અમારા-અમારા' કર્યા કરે છે, પણ એક નવીસવી ઍનાઉન્સરે એમ કહ્યું હતું કે પ્રેક્ષકમિત્રો, 'તમે આપણા કાર્યક્રમો જોયા' ! આ જ ચૅનલ પરથી સમાચાર વાંચતી એક બીજી બેન કદાચ ઈશ્વરેચ્છાથી નવી કે સિફારશી- ભરતી છે. પણ એ જબરદસ્ત ભૂલો કરે છે તે કોની ઈચ્છાથી ? હું ખાતરીથી કહું છું કે દસ મિનિટના સમાચારમાં એક વાર એણે અઢાર વખત ડચકાં ખાધાં હતાં, શબ્દો બેવડાવ્યા હતા અથવા ભૂલો કરી હતી. 'અભિનયનાં ઉખાણાં' નામનો અતિ બોગસ કાર્યક્રમ ચલાવતી એક ઑર બેન હમેશાં 'ઈન્ટરપ્રેટેશન' બોલે છે. અહીં અક્કલ વગરના ચાળાને કે પ્રાથમિક કક્ષાના ઈશારાને 'અભિનય' કહેવાય છે. એવું કરીને ગન્ધાતી હિન્દી-ગુજરાતી ફિલ્મોનાં નામો ગોતી કાઢવાનાં હોય છે ! મને પ્રશ્ન થાય છે કે દૂરદર્શનમાં કામ કરતા અને અભિનય જોડે જીવથી સંકળાયેલા ભરત દવે, અરવિન્દ વૈદ્ય, હસમુખ ભાવસાર, ઈન્દુ

પુવાર કે સુભાષ શાહ જેવા કલાકારોને અભિનયનાં આ ઉખાણાંથી શું કંઈ થતું જ નથી ? કે પછી એમને માટે પણ આ એક લાજવાબ ઉખાણું છે ?

આવો જ એક બીજો બાલિશ કાર્યક્રમ ચૅનલ-૫ ઉપર ચાલુ છે. કદાચ એનું નામ 'મિનિટોની મારામારી' છે. એમાં બહેન કે ભાઈને નામ દઈ ક્હેવામાં આવે છે, દાખલા તરીકે, કે રક્ષાબેન હવે પોતાને આવેલા સ્વપ્ન વિશે ૨૫ સૅકન્ડમાં બોલશે. તો શરૂ કરો- અને રક્ષાબેન જે સૂઝે તે બોલવા માંડે. બાજુનાં બેન કે ભાઈ તરત વાંધો લે કે એમણે સ્વપ્ન શબ્દ ગયા વાક્યમાં બેવડાવ્યો હતો, એ અમુક જગ્યાએ અટકી પડયાં'તાં, ખચકાયાં'તાં, વગેરે. આવી બધી ભૂલો કઢાય ને રક્ષાબેનનો દાવ જાય. એમને માર્ક ન મળે અથવા એમના માર્ક કપાય.

મને પૂછ્વાનું મન થાય છે કે આ કાર્યક્રમના આયોજકોને ભાષાની પ્રકૃતિની કંઈ ખબર છે ખરી ? અભિવ્યકિત અને સુન્દર અભિવ્યકિત વચ્ચેનો ભેદ એમણે કઈ રીતે પ્રમાણ્યો છે ? અમુક સૅકન્ડોમાં પૂરી કરવાની આ વાત વિશે અનેક સૅકન્ડો સુધી નિર્ણાયક અને સંચાલક સહિતનાં બધાં જ ઝગડે છે ! ને ત્યારે એમની જ અભિવ્યકિત એવાં જ દૂષણોથી ખદબદતી હોય છે ! એમને ખબર નથી કે આજનું ભાષાવિજ્ઞાન બોલાતી ભાષાને જ શ્રદ્ધેય ગણે છે. આજે ભાષાની જીવન્તતાનો મહિમા છે. એ રીતે બોલાય તેમાં કશું દોષ કે સ્ખલનરૂપ નથી મનાતું. આ કશી ભાષાકીય રમત હોય તો પણ એમાં કયો આનન્દ છે ? અને દર્શકોના આનન્દનું શું ? આયોજકો જાણે સડસડાટ બોલી જવાની કશી પરીક્ષા લઈ રહ્યા હોય એવું બધું એકદમ વરવું લાગે છે. એક-નો-એક શબ્દ બીજી વાર આવે એને એઓ ભૂલ ગણીને માર્ક કાપે છે ! એમને અભિવ્યકિતનાં સહજ અને દૂષિત લેખી શકાતાં ખરાં ધોરણોની ખબર નથી. પુનરાવર્તન માત્રને દોષ ગણનારા ઈરાદાપૂર્વકના સાભિપ્રાય પુનરાવર્તનની ખૂબીને તો ઓળખે જ કેવી રીતે ? સમજાતું નથી કે એઓ યુવક-યુવતીની કેવી પરીક્ષા કરવા માગે છે, એમની પાસેથી કેવું બોલાવવા માગે છે. દૂરદર્શન પર મિનિટો લગી ચાલતી આ ખરચાળ મગજમારી છે. એ જલ્દીથી સમજાય તો સારું.

આવી બધી વાતોથી નિરાશ મારા જેવાને રોજે રોજ જાતભાતના ટીવી-છબરડા સાચે જ ઉશ્કેરતા હશે. કટક દૂરદર્શને 'રથયાત્રા'નું અંગ્રેજી કર્યું,

'કાર ફૅસ્ટિવલ' ! એયે બહેન હતાં. એમણે રથયાત્રા તો નાનપણથી જોઈ હશે પણ કાર ફૅસ્ટિવલ નહીં જોયો હોય- નહીં તો આવો દુષ્ટ તરજૂમો ધરતાં ખચકાય. એમઆરએએસ જેવાં નેશનલ વ્યૂઅરશિપ ઑડિટ પ્રકારનાં સંગઠનો એકથી વધુ હોવાં જોઈએ. ગુજરાત ખાતે એવું એક દર્શક-મંડળ તાકીદે ઊભું કરવાની જરૂર છે. આજે તો સ્થાનિક કાર્યક્રમોને જાહેરમાં પડકારનારું કોઈ છે જ નહીં. એ સંજોગોમાં આશ્વાસનો અંકે કરવાં એ જ રસ્તો છે :

અમદાવાદ દૂરદર્શનનો એક માત્ર આશ્વાસક કાર્યક્રમ હવે તો 'ભલા ભૂંસાના ભેદ ભરમ' જ રહ્યો છે. સમાજજીવનના જુદા જુદા પ્રશ્નોને નાટયાત્મક વાચા આપવામાં એના લેખક રજની શાસ્ત્રી અને નિર્માતા ભરત દવેને સારી એવી સ્વીકૃતિ સાંપડી છે. ભલાકાકા, ભૂંસાલાલ અને ભલાકાકાનાં પત્નીની ભૂમિકામાં બધાં એકદમ આકર્ષક બની ગયાં છે. નેશનલ ટૅલિ પર હાલ માત્ર 'બુનિયાદ'નું આશ્વાસન છે. એના વિશાળ પટ દરમ્યાન એ લચકાઈ નહીં જાય તો એને 'હમલોગ' થી પણ વધુ સફળતા મળવાની છે. 'છોટે બડે' મોડું મોડું પણ જામવા લાગ્યું છે. ઘરનાં વડીલોની લાડકી મિઠ્ઠુ હવે દર્શકોને પણ ગમવા માંડી છે. શનિવારની બપોરે હસને-હસાને આવેલા 'ચિમણરાવ'ને હવે ડીડીના નૉન-સ્ટૉપ નૉન્સેન્સે ભગાડી મૂકયા છે. સીરિઅલો કશી પણ પૂર્વસૂચના વિના બંધ કરી દેવાની અમલદારશાહી દૂરદર્શન પર હજી ચાલુ જ છે. પ્રજાને એમાં પોતાનું અપમાન નહીં લાગે ત્યાં સુધી એ લોકો એવી ગુસ્તાખી કર્યા જ કરવાના છે. 'ફેમસ ફાઈવે' બતાવી આપ્યું છે કે 'એક દો તીન ચાર' કેટલું મૌલિક હતું. ચિલ્ડ્રન્સ ફિલ્મ અંગેની અધ્યક્ષીય જવાબદારી ખરેખર સંભાળતા અમોલ પાલેકરે 'કચ્ચી ધૂપ' જેવી બાળકો માટેની એક જેન્યુઈન સીરિઅલ આપી છે. આવાં ને આવાં ગીત-સંગીતથી ઓપતાં એનાં ઍપિસોડ્સ આવતાં રહેશે તો પાલેકરનો શ્રમ સાર્થક નીવડવાનો છે.

જયુ અને નચિકેત પટવર્ધનની 'અનન્તયાત્રા' ફિલ્મના તાજેતરના પ્રીમિઅર ટૅલિકાસ્ટથી કલાપ્રેમીઓને આનન્દ જ થયો છે. અનન્ત અને નિર્મળા ગોડબોલે જેવું આધુનિક અને પ્રગતિશીલ કપલ ભાગદોડની આપણી આ સભ્યતાનું આબાદ પ્રતિનિધિત્વ કરે છે. નચિકેતે ઈન્ટરવ્યૂમાં કહ્યું હતું તેમ આપણી વર્ક-સિચ્યુએશનમાં કે હોમ-સિચ્યુએશનમાં કશુંક બિઝાર જરૂર

છે. આપણા સૌનું ક્યાંકથી જરી ખસી ગયેલું છે અને એની આપણને ખબર નથી. પારસી જાદુવાલા પાસેથી ગોડબોલે કાલિદાસની શકુન્તલાને પોતાનાં દુઃખદર્દની દુનિયામાં ખેંચી લઈ જાય છે અને ખરચાળ સમાધાન મેળવે છે. છતાં ફિલ્મ પતિ, પત્ની ઔર વોની સ્કીમમાં ધોવાઈ જતી નથી. શકુન્તલા બ્યુટિફૂલ અને નેચરલનો પર્યાય બનીને પ્રકૃતિથી દૂર દૂર ચાલી ગયેલા અનન્ત ગોડબોલેને છેવટે એના કેન્દ્રમાં રોપી આપે છે. પોતાની જ પૂંછડી શોધતા કૂતરા જેવો આજનો માણસ કશેક અટકે, પાછો ફરે તો ખાસ કશું બગડી ગયું નથી. આવા મૂળભૂત પ્રશ્નની વાત કરતી 'અનન્ત યાત્રા'એ સમાન્તર સિનેમામાં નવો બુટ્ટો ઉપસાવ્યો છે.

ગોડબોલે શકુન્તલાને ટીવીનું ઘેલું લગાડી શકે તે પહેલાં એને કહે છેઃ પ્રજાની સેવામાં લાગેલી સરકાર અમારું મૂળભૂત પ્રશ્નો તરફથી ધ્યાન હઠાવવા એમને ટીવી બતાવે છે, અને એક વાર નજર ફસાઈ જાય પછી કશું જ દેખાતું નથી. ફિલ્મમાં છેવટે શકુન્તલા ગુસ્સાથી ટીવી તોડી નાખે છે. આપણે આપણો ટીવી તોડી નાખવાનો નથી. કેમકે એવું આપણું સાચકલું જિગર બચ્યું જ નથી. પણ નજર ફસાઈ ના જાય એટલું તો કરી શકીએ છીએ. કેમકે જોવા-સરખું બીજું ચોતરફ ઘણુંબધું પડ્યું છે...

૧૪-૭-૧૯૮૯
૨-૮-૧૯૮૯

## ૨૭

# દૂરદર્શનનાં ત્રણ પ્રશંસનીય સાહસો

### ૧ : 'રાઈનો દર્પણરાય' : એક વધુ આશ્વાસના

અમદાવાદ દૂરદર્શનના સ્થાનિક કાર્યક્રમો જનતા જોવાનું પણ પસંદ નથી કરતી, તો એને વિશે લખવાનું તો કોણ પસંદ કરે ? મારા જેવો માણસ સમીક્ષાના આશયથી જુએ-લખે ત્યારે એના પ્રતિભાવમાં લગભગ શૂન્ય જોવા મળે. સમીક્ષા ખમવાની સહિષ્ણુતાનો અભાવ વરતાય. એવા સંજોગોમાં, આ માધ્યમને વેડફાતું રોકવાની વાત કડવી ઝેર જેવી લાગે એ સ્વાભાવિક છે. પરન્તુ કશી નોંધપાત્ર સમીક્ષાની ગેરહાજરીમાં કોઈપણ કલા ખીલી શકતી નથી. મૂરખાઓની તાળીઓ અને જાણકારોના મૌન વચ્ચે ઘણીવાર તો એ નિન્દ્ય અને મિથ્યા પ્રવૃત્તિ બની રહે છે. આજને તબક્કે દૂરદર્શનને જડ સરકારીકરણથી તેમજ એમાં છવાઈ રહેલી અકલાથી બચાવી લેવાની જરૂર છે. મને ખબર છે કે આ માધ્યમનું સરકાર દ્વારા જ વેપારીકરણ થઈ રહ્યું છે. એના ઉપરી અધિકારીઓને ધોરણોની ચિન્તા જવલ્લે જ હોય છે. કેટલાંક કેન્દ્રોને તો ભ્રષ્ટાચાર પણ આભડી ગયો છે.

છતાં બધાં કેન્દ્રોમાં કેટલાક પ્રતિબદ્ધ કલાકારો અવશ્ય છે. અમદાવાદ દૂરદર્શનનું સદ્‌ભાગ્ય છે કે એના સ્ટાફ ઉપર જ ખંતીલા-તંતીલા કલાકારોની સંખ્યા ઠીક ઠીક મોટી છે. એમના વડે અવારનવાર આશ્વાસક કાર્યક્રમો અને આઈટમો મળે છે ને આપણી ટીવી-સુધારને માટેની રહી-સહી આશા ઝબકે

છે. તાજેતરમાં અમદાવાદ દૂરદર્શને આવું જ એક આશ્વાસક નાટક 'રાઈનો દર્પણરાય' રજૂ કર્યું. એના લેખક-નિર્માતા છે હસમુખ બારાડી અને દિગ્દર્શક છે અદિતિ દવે. અદિતિ દવેએ નાટકમાં માલણ જાલકાની પ્રમુખ ભૂમિકા પણ કરેલી.

'રાઈનો દર્પણરાય'ને હું 'કાકાની ડેલી' અને 'ભલા ભૂંસાના ભેદભરમ' પછીની એક વધારાની સશકત આશ્વાસના લેખું છું. એવી શકિતનાં અનેક કારણો હોઈ શકે છે, પણ પ્લે-સ્કિપ્ટ બધી શકિતઓનો મૂળાધાર હોય છે. રંગભૂમિ, ફિલ્મ કે ટીવી-શોની સર્વાધિક સફળતાનો આધાર દિગ્દર્શક પર રહે છે. એ સત્યની પડછે આ પણ સત્ય છે કે સ્કિપ્ટ એવા આધારનો પણ આધાર છે. ખૂંટા વિના કશી લીલા થઈ શકે નહીં એ આપણે ભૂલવું જોઈએ નહીં.

નેશનલ કે લોકલ બંને લેવલે ટીવી-રાઈટિન્ગ આપણે ત્યાં હજી ખાડે પડેલું છે. એના લેખકોમાં માધ્યમની સૂઝ ભાગ્યેજ હોય છે. ઘણીવાર તો એ બિચારા કોરા કાગળ પર કાચાપાકા ડ્રાફ્ટ આપી દે છે ને પછી ભજવનારાં એનો યથેચ્છ ઘડો-લાડવો કરી નાખે છે. વીસ-પચીસ મિનિટના ખેલ માટે કોઈ ઝાઝી તમા નથી રાખતું. મૂળાધાર સમી સ્કિપ્ટની ચુસ્તાતામાંથી જન્મેલી કલાકૃતિ અને આવી ધાંધલધમાલ વચ્ચનો ભેદ તરત જ પરખાઈ આવે એવો હોય છે. એ ભેદ ડાયલોગો ગગડાવી જતા અમિતાભ બચ્ચનો અને શબ્દે શબ્દને અભિનયની ભારે ખાંચખૂંચોથી સિદ્ધ કરતા અમોલ પાલેકરો વચ્ચેના ભેદ જેવો માતબર હોય છે. સત્યજિત રે, મૃણાલ સેન, ગોવિન્દ નિહાલાની કે આપણા કેતન મહેતા એમની સ્કિપ્ટ-વફાદારીને કારણે જ કોઈપણ ચાલુ દિગ્દર્શકથી જુદા પડી આવે છે. ઘણીવાર તો તેઓ જાતે જ રચનાનો સમગ્ર શબ્દબન્ધ લખે છે, રચે છે.

ટીવી-રાઈટિન્ગનાં આ શરૂ-શરૂનાં વરસો છે ત્યારે આ મુદ્દો આપણી ચિન્તાનો વિષય બનવો ઘટે છે. આ માધ્યમમાં જોવા મળતી અનેક અછતોમાં ટીવી-રાઈટર એક મોટી અછત છે એ પર આપણું ધ્યાન જવું જોઈએ. ઘણાંઓને હવે ભાવવા માંડેલી 'રથચક્ર' સીરિઅલ કે બહુપ્રશસ્ત 'હમલોગ' 'બુનિયાદ' 'ખાનદાન' કે 'શ્રીકાન્ત'ની લોકપ્રિયતા કે કલાપ્રિયતાનો એક પ્રમુખ કીમિયો એમના લેખકોની પ્રતિભામાં છે, એમાં આ મુદ્દાનું સમર્થન મળી આવશે.

## દૂરદર્શનનાં ત્રણ પ્રશંસનીય સાહસો

વર્ષો પર રમણભાઈ નીલકંઠે 'રાઈનો પર્વત' નાટક લખેલું. ગુજરાતી સાહિત્યના ઈતિહાસમાં શિષ્ટ-પ્રશિષ્ટ મનાયેલું આ નાટક મૂળ ભવાઈવેશ પરથી લખાયું છે. રમણભાઈને ભવાઈના લોકનાટ્યમાંથી સાહિત્યિક ભૂમિકાનું નાટક રચવું હતું. એમની સામે ત્યારે સંસ્કૃત અને અંગ્રેજી નાટકોની પરમ્પરાઓ હતી. પોતાની ભાષામાંનો એ અભાવ પૂરવા એમણે 'રાઈનો પર્વત' વડે એક સમર્થ પ્રયાસ કર્યો. ભવાઈમાંથી સાહિત્યિકની દિશાનો એ શિફ્ટ ગુજરાતી નાટયસાહિત્યમાં એ કારણે સીમાચિહ્નરૂપ મનાયો છે. 'રાઈનો પર્વત' આજદિન લગી એના સાચાખોટા સ્વરૂપે શાળા-કૉલેજોમાં ભજવાતું આવ્યું છે. રાઈનો પર્વત કેમ થયો એ કથાવસ્તુ આમ મૂળના ભવાઈવેશ વખતથી જાણીતું બનેલું છે. હસમુખને એ રીતે 'રાઈનો દર્પણરાય' માટેની પૂર્વભૂમિકા સાંપડેલી છે, લોકખ્યાત વસ્તુનો લાભ મળેલો છે છતાં એમણે રાઈનો દર્પણરાય કરીને મોટો ફેરફાર કર્યો છે, કહો કે વસ્તુના હાર્દમાં પડેલા લોકઆંદોલન તત્ત્વને સવિશેષ ઉપસાવ્યું છે. મૂળના મર્મને સહેજ મરડીને તીવ્ર બનાવ્યો છે.

રાઈનો દર્પણરાય, પર્વત નહીં. આમાં પ્રયોગની સમયપ્રસ્તુતતા પ્રગટી છે. શિક્ષણ, સાહિત્ય, રંગભૂમિ, ફિલ્મ, ટીવી, પ્રેસ તેમજ બીજાં કલા-સંસ્કાર ક્ષેત્રોમાં આપણે ત્યાં આજે રાઈના પર્વતો ઘણા છે. કોઈનો હક્ક કપટથી ડુબાડીને ખુરશીઓ પર ચડી બેસનારા જ્યાં ત્યાં જોવા મળે છે. હક્કો ડુબાડી આપનારા ચૅરમેકરો ને કિન્ગમેકરોની પણ ખોટ નથી. ન્યાય નામની વસ્તુ ભૂંસાવા માંડી છે. આ ભ્રષ્ટતાઓ સામે લોકો શું કરે છે ? લગભગ કશું નહીં. લોકશાહીમાં લોકઆંદોલન મોટી પવિત્ર ચીજ છે. પણ હવે તો આંદોલનોનું પણ રાજકારણ સ્થપાઈ ચૂક્યું છે. એ પણ હિંસ્ર ધંધાદારી ધાર પકડી બેઠું છે.

સર્વહારા રાજકારણના આ દિવસોમાં તમામ ક્ષેત્રે પડકારો છે. એ સૂત્રધારો, એ ધુરીણો, એ સ્વામીઓ, એ પાલખીપકડુઓ ને એ મેકરોએ દર્પણમાં જોવા જેવું છે જ, પણ દર્પણો જ ક્યાં છે ? હસમુખે રાઈનો દર્પણરાય બનાવીને એ તીવ્ર અછત તરફ આંગળી ચીંધી છે. ખરેખર તો સૌ ક્ષેત્રના શાસકોએ દર્પણમાં પોતાનાં મોઢાં જોવા જોઈએ.. તો એમને સમજાય કે જીવનભર એમણે કેવા કેવા વેશ કાઢ્યા છે. 'રાઈનો દર્પણરાય'ની હસમુખની વિરચનાએ રાજશાસકોને આત્મનિરીક્ષણનો ટૉણો મારીને મૂળ

કથાવસ્તુની માર્મિકતા જાળવી છે અને એ રીતે બધી ભ્રષ્ટતાઓની ગંગોત્રી સત્તા-શાસનમાં જોઈ છે. છતાં એ સામેના લોકઆંદોલનનામી વસ્તુકરણને એ જહેમતથી આગળ કરવા માગે છે. 'અમે તો દર્પણપંથી...'નો મસ્તીભર્યો લલકાર દપર્ણવાળાંઓનો તો છે જ, હસમુખનો પણ છે. કૃતિના લેખક તરીકે એમને આ સ્પિરિટ ભજવનારાંમાં અને જોનારાંમાં પ્રસરાવવો છે. ભવાઈની પરફૉર્મિન્ગ પ્લૅફુલનેસને હમેશાં સ્પિરિટની જરૂર રહે છે. એ અપેક્ષા સૌ પહેલી તો એમણે પોતાની સ્ક્રિપ્ટથી જ સંતોષી છે.

આખા પ્રયોગની કલાસમીક્ષા કરવાનો આ લેખમાં આશય નથી. છતાં બેએક વાતની નોંધ લઉં 'રાઈનો દર્પણરાય' ભવાઈ પદ્ધતિનું નાટક છે, રમણભાઈ આદિ પ્રણીત સાહિત્યિક પદ્ધતિનું કે પ્રોસીનિઅમથી જુદા પડતા મંચ અને પેક્ષાગારની જાણીતી ચોકઠાંબદ્ધ પદ્ધતિનું પણ નથી. હસમુખે એ રીતે રમણભાઈથી અવળા ક્રમનો શિફ્ટ લીધો છે. એ મૂળ ભવાઈવેશમાં પાછા ગયા છે. ટીવીપ્લેનો મૂળાધાર વળી પાછો ભવાઈમાં શોધીને એમણે એક આવશ્યક શિફ્ટનો અનુભવ કરાવ્યો છે. એ શિફ્ટ તે નાટકને સાહિત્યિકતામાંથી છોડાવીને લોકનાટ્ય-સ્વરૂપમાં નવેસરથી રોપી આપનારો શિફ્ટ, નાટકને માટે અનિવાર્ય એવી સમરસતા ઊભી કરનારો શિફ્ટ. આ શિફ્ટ મિત્ર હસમુખની કલાકાર-વ્યક્તિતાને, એમના બૅકગ્રાઉન્ડને જોતાં ખાસ્સો અનુકૂળ છે. બર્ટોલ્ટ બ્રેખ્ત અહીં યાદ આવે જ, કેમ કે ધીંગા ફલક પર એમણે એમની કારકિર્દી દરમ્યાન આ જ સમરસતા ઝંખી હતી. અભિનેતા અને પ્રેક્ષક વગેરે ભેદો ભૂંસીને એલિયેનેશન ઈફેક્ટથી શરૂ કરીને એ પ્રેક્ષક પાસે કશા વિદ્રોહશીલ કાર્યની અપેક્ષા રાખતા હતા. 'રાઈનો દર્પણ રાય'ની રજૂઆત પૂર્વે જશવન્ત ઠાકર એવી જ કશી ફરવરથી બોલતા હતા. એમણે કલ્પેલી આ નાટકને અંગેની એ થોડી અતિશયોક્તિપૂર્ણ વાંછના હતી, છતાં એ વાંછના નિરાધાર નહોતી.

આ સમરસતાને અર્થે અહીં જોનારાં, નગરવાસીઓ, નટો, પાત્રો, રંગભૂમિ, પ્રેક્ષાગાર બધાંને એક-રૂપ કરી દેવાયાં છે. કૅમેરા પણ આ જ હેતુથી સુપરઈમ્પોઝ થયા કરતો'તો. વધુમાં ગીતોની તૂકબંધીથી ને તાલબદ્ધ અભિનેયતાથી બધું જોડાયા કરતું'તું. 'અમે તો દર્પણપંથી...'ની ધૂન એક રિકરિન્ગ ઈમેજની જેમ આખી રચનાનું એટલે જ રસાયન બની છે. એણે સમગ્ર પુરુષાર્થ પાછળના કલામર્મને એ રીતે સુસ્થિર કરીને પ્રસરાવ્યો છે.

પાત્રોનાં વસ્ત્રાભૂષણો ઝીંથરિયાં નહોતાં, આંખને ગમે એવાં હતાં. ભવાઈમાં રંગલી હોય, પણ દર્પણપંથીઓની વચમાં એક જ યુવતી હતી. એમાં પણ લોકનાટ્યની વફાદારી જ જોઈ શકાય. ભવાયાઓને સ્ત્રી-અભિનેત્રીઓ જ કાં મળતી'તી ?

માલણ, જગદીપ, લીલાવતી એમ અભિનય કરનારાંઓની સફળતાનો ક્રમ ગોઠવી શકાય. પર્વતરાયની હત્યાનો કેન્દ્રવર્તી પ્રસંગ ટીવી-પ્લેમાં અપ્રત્યક્ષ ન ચાલે, બલકે એને પ્રત્યક્ષ બનાવીને કથાની અસરકારતા વધારી શકાઈ હોત. લોકઆંદોલન-તરફી મૂળ ઝોક દાખવવામાં થોડી ઉતાવળ થઈ છે. માઈમમાં કચાશો હતી. જગદીપ-રાઈ-પર્વતરાયનું મંથન હજી ઓછા લાઉડ અને વધારે સટલ અભિનયથી સિદ્ધ કરી શકાત. જગદીપના મંથનની જેમ જ દર્પણપંથીઓ થોડા સંઘેડાઉતાર લાગ્યા. એમના ગીત-અભિનયોમાં સમતુલા ઓછી હતી. છતાં, 'તું પ્રગટ થશે પ્રાગટ્યના પરાક્રમ વિના ?' જેવા તીવ્ર પ્રશ્નને નાટકના ઉત્તરાર્ધમાં પ્રભાવક રીતે પડઘાવી શકાયો છે. પ્રારમ્ભમાં એક વાર કહેવરાવ્યું છે : 'અમારા વિચારને બહેલાવવા વેશ કાઢ્યો છે;' એ સાચું છે. હસમુખ આદિ સૌએ એ કામ ઠીક ઠીક સફળતાથી પાર પાડ્યું છે. સ્પિરિટનું આવું રસળતું પરફૉર્મન્સ આ નાટકની ખેલ-પરમ્પરામાં હમેશાં નોંધપાત્ર રહેશે.

પણ લોકનાટ્યનો ટીવીપ્લે ? એવો પ્રશ્ન થશે. ઉક્ત સમરસતામાં ટીવીનો આ શો જોનારાં તો હમેશાં કપાયેલાં જ રહેવાનાં. હકીકતે ભવાઈ શેરીઓનું નાટક છે. સાહિત્યિકમાંથી ભવાઈમાં થયેલો શિફ્ટ માધ્યમની આ મર્યાદા પાસે આમ તૂટી પડતો લાગશે. દર્શકોની સંડોવણી કે તેમની પાસેથી રહેતી કશાક ઍક્શનને માટેની વાત ટીવી સંદર્ભે વધારે પડતી લાગશે. ટીવીના ડબ્બામાંથી ગમે તે નીકળે એ તો ખરું જ, પણ એમાં ગમે તેટલું પુરાઈ પણ જાય. ભવાઈ શેરીઓમાંથી સાહિત્યિક ચોપડીઓમાં ને તૈયાર રંગમંચ ઉપર ગઈ ત્યારથી જોનારાને છેટું પડવા માંડ્યું છે. એ જ રીતે ભવાઈ કે નાટકો રંગમંચ પરથી ટીવીના મીની મંચ પર ગયાં ને વીસ ઈંચના સ્ક્રીન પર આવી ગયાં એ કરુણ વ્યુત્ક્રમ આપણી આજની વિમાસણ છે. લોકઆંદોલન કાજેનું નાટક કે ભારે આક્રોશ જનરેટ કરતી ફિલ્મ પૂરી થયે ટીવીને પળભર પણ અટકવાની નિરાંત કે નવરાશ નથી- કલાઅભિનેત્રી રોહિણી હટ્ટંગડી પલકારામાં એની સફેદ સાડીમાં આપણી સમક્ષ થઈ જાય

છે, ને આંખને આંજી નાખે છે : કયા આપને બેસ્ટો ઈસ્તેમાલ કિયા હૈ ?.... આપણને એ સીધો સવાલ કરે છે.

માધ્યમની આ બિલ્ટઈન ભ્રષ્ટાચારી ચાલ સામે કલાએ પોતાનો રસ્તો કરવાનો છે, કહો કે સર્વથા સામે વ્હેણ તરવાનું છે. ધુલાઈનો પાવડર બધું ધોઈ નાખે ને હટ્ટંગડી જેવી ટોચની અભિનેત્રી એવો મૉડેલવેશ ધારણ કરી દર્શકોનું સફળ ઈન્વૉલ્વમેન્ટ સાધે એ આ જગતની ક્રૂર વાસ્તવિકતા છે, બલકે કલાઓની પ્રવર્તમાન સમયમાં થઈ રહેલી કફોડી સ્થિતિનું એમાં આકર્ષક બયાન છે. પરન્તુ એટલે જ નવા નવા કલાકીમિયા માટે, રાઈનો દર્પણરાય જેવા અવનવા શિફ્ટસ માટે, પરિવર્તનો, પ્રયોગો ને ટેક્નિકોને માટે આ, પડકારોનો અને ઉત્તેજનાઓનો સમય છે. કલાકાર માત્રને માટે આ સાહસભર્યા ઉધામાના દા'ડા છે. એવી કશી દિશામાં સાહસિક ડગ ભરવા બદલ હસમુખ બારાડીને અને અમદાવાદ દૂરદર્શનને અભિનન્દન આપી શકાય.

**૨ : દેર રાત કી ફિલ્મ : કલાપ્રેમીઓના સંતોષનો સમય**

નેશનલ ટીવીએ નીતિ-નીતિ કરીને રાતના સાડા અગિયાર પછી બતાવાતી 'દેર રાત કી ફિલ્મો'ને ઠીક ઠીક સમય લગી અમુક કેન્દ્રો પૂરતી ગોંધી રાખી. એમની દલીલ એ હતી કે આ ફિલ્મો કલા-ફિલ્મો છે અને ઍડલ્ટ્સ માટેની છે. જાણે એટલાં કેન્દ્રો નીચે જ ઍડલ્ટ્સ વસતાં હોય ! જાણે એટલાં કેન્દ્રોનાં જ માબાપો શાણાં હોય અને એમનાં જ છોકરાં કહ્યાગરાં હોય ! ખરેખર તો એ અનીતિ હતી.

રાજકારણીઓ એવું કહે છે કે આમેય અમે સરકારમાં બેઠેલા લોકો પ્રજાને માગ્યા વિના કશું જ આપતા નથી. લાંબા ગાળા લગી નન્નો ભણ્યા પછી હવે કઈ નીતિ હેઠળ એમાં અનેક કેન્દ્રો સામેલ કર્યાં ? એમ પૂછીએ તો સરકાર શો જવાબ આપે ? વ્યાપક પ્રસારણ માટેની પ્રજામાંગમાં પણ ફિલ્મરસ સિવાય જવલ્લે જ કશું જોઈ શકાય. આર્ટ ફિલ્મ માટે હિન્દી-સિને-ગોઅર્સ જનતા કંઈ ઉજાગરા કરવા તૈયાર ન હોય. ફિલમ-રસિયાઓને તો કોઈ પણ ટાઈમે કોઈ પણ ફિલમ ચાલે. ફિલ્મો વિદેશી પણ હશે અને ઍડલ્ટ્સ હશે તેથી મજાની હશે એવું જાણીતું લોલુપ લોકમાનસ પણ આ માંગમાં ખરું જ. માંગનાં આ મિશ્ર કારણો પછી પણ દેર રાત કી ફિલ્મોને આવકાર્ય લેખવી પડે. દૂરદર્શનની મથરાવટી ફિલ્મોના

એના બેફામ ઉપ-યોગને લીધે મૅલી છે એટલે એણે તો આ સાહસ જ કર્યું કહેવાય. રવિવારની બે ફિલ્મો, ઑલ્ટરનેટ સેટરડેની એક ને હવે આ શુક્રવારની એક ઉમેરાતાં અઠવાડિયે ફિલ્મોનો આંકડો લગભગ ચારનો થવા જાય છે.

રવિવારની પ્રાદેશિક ફિલ્મો પ્રમાણમાં કલાત્મક હોય છે. નેશનલ-એવોર્ડવિનર્સ હોય છે. ગયા રવિવારની જ કન્નડ ફિલ્મ 'પલ્લવી' એની પ્રવાહી સિનેમેટોગ્રાફીને કારણે ખરેખર સુન્દર હતી. ફિલ્મના માધ્યમથી કેવી અનુભૂતિ સરજી શકાય તેનું 'પલ્લવી' એક અચ્છું બ્લૅક-ઍન્ડ-વ્હાઈટ નિદર્શન છે. ગ્લૅાસી અને ભદ્દી રંગીન હિન્દી ફિલ્મોના ગ્લેમર વિના પણ કલાત્મકતા સિદ્ધ થઈ શકે છે એવું આવી ફિલ્મોથી પુરવાર થાય છે. 'પલ્લવી'ની હીરોઈન વિમલા નાયડુને, બાકી કોઈ કામવાળીની ભૂમિકા ય ન આપે. એટલી બધી એ રૂપકંગાલ છે. કહો કે વિરૂપ છે. પણ એના સંયત અભિનયની સુન્દરતાએ એના શારીરિક અપાકર્ષણને ક્યાંય ભુલાવી દીધેલું. આવી સરસ પ્રાદેશિક ફિલ્મ હમેશાં એક નિસાસો નખાવે છે : રે ગુજરાત, તું ક્યાં છે ? રવિવારે સાંજે હવે ઘરાર સૅકન્ડરેટ અને મૅસેજથી વિકૃત હિન્દી ફિલ્મો બતાવાય છે. શનિવાર રાતનું તો કંઈ કહેવાય નહીં. સીરિઅલો બધી હવે ભારતીય છે, એક પણ ઍક્ઝોટિક ટેસ્ટ માટેની વિદેશી નથી. આ સંજોગોમાં દેર રાત કી ફિલ્મ કલાપ્રેમીઓના સંતોષનો સમય બની રહેશે.

અલબત્ત, વ્યાપક પ્રસારણ હેઠળ પહેલી બતાવાયેલી 'ઍમિ' સૅકન્ડરેટ હતી. સ્ત્રીઓ પણ બહાદુર હોય છે, બની શકે છે એવો એમાં થોડો મૅસેજ હતો. થીમ, અભિનય કે સિનેમેટોગ્રાફી વગેરે કોઈ સ્તરે એમાં કલા-ઉન્મેષ હતો નહીં. ગયા શુક્રવારની બીજી જપાની ફિલ્મ 'મેરી ક્રિસમસ મિસ્ટર લૉરેન્સ' ખરેખર અદ્‌ભુત હતી. આપણે તો વૉર ફિલ્મ બનાવી શકતા નથી. આપણા ઢિંસૂમિયા હીરો ખાલી ખાલી લડે છે. વિલનોનો ખોટો ખોટો માર ખાય છે. સિનેમા ઑવ વૉર કે વાયોલન્સનું આપણને લગીરેય ભાન નથી. પંજાબમાં આંતકવાદ ચાલે છે. પરન્તુ યુદ્ધ અને યુદ્ધકેદીઓની છાવણીનું જીવન શું તે આપણા સિને-સર્જકો જાણતા નથી. બીજા વિશ્વયુદ્ધની પશ્ચાદ્‌ભૂમાં નીખરી ઊઠેલો આ જપાની ફિલ્મનો ગ્રીન ટોન પેલા યુદ્ધ કેદીના ખુલ્લા રંગોમાં દર્શાવાયેલા ભૂતકાળની પડછે આસ્વાદ્ય હતો.

દેર રાત કી ફિલ્મો મર્યાદિત કેન્દ્રો પરથી રજૂ થતી હતી ત્યારે દૂરદર્શને આપણી 'ભૂમિકા' કે વિશ્વની ઉત્તમોમાંની 'ઓતમ સોન્નાટા' દર્શાવી હતી. એણે એવો સિલસિલો જારી રાખવો પડશે. બાકી બાયલેટરલ રિલેશન્સ જાળવવા કે કલ્ચરલ ઍક્ષચેન્જ કાજે બીજા દેશોની જીર્ણ અને ગંદી કૅસેટોનું નેશનલ હૂક પરથી પ્રસારણ કરવાનો આ કામિયો ઠરશે, તો સાડા અગિયાર પછી કોઈ જાગીને જોવાનું નથી. કલાફિલ્મોની પસંદગી આ કાર્યક્રમમાં સર્વથા નિર્ણાયક બનશે, તો ફિલ્મોને કારણે બગડેલી દૂરદર્શનની આબરૂ થોડીક સુધરશે.

### ૩ : અમૃતા : પરથમ પ્હેલ્લી મ્યુઝિક ટીવી સીરિઅલ

આપણાં અજિત-નિરૂપમા શેઠને ખોબો ભરીને અભિનન્દન આપવાં જોઈએ. આ સંગીતજીવ દમ્પતીએ નેશનલ હૂક પરથી પ્રાઈમ ટાઈમે 'અમૃતા' સીરિઅલ શકય બનાવી દૂરદર્શનની આબરૂમાં સાચે જ વધારો કર્યો છે. બંને સંગીતને વરેલાં એટલે સીરિઅલ સંગીતની જ બનાવે એ અસ્વાભાવિક નહોતું. પણ ચિત્રહાર, ચિત્રમાલા અને છાયાગીતની પ્રચણ્ડ લોકપ્રિયતા વચ્ચે આને અવશ્ય એક સાહસ જ લેખવું પડે. દમ્પતીએ તો ઠીક, પણ દૂરદર્શને તો આ પ્રશંસનીય સાહસ જ કર્યું છે, કેમકે 'અમૃતા' દેશના જાણીતા કવિઓની કાવ્ય કે ગીતરચનાઓનું એક મહત્ત્વાકાંક્ષી ટીવીકરણ છે.

ભારતીય કવિતા સંગીતનો યોગ પામે એમાં કશું નવું નથી. એ શ્રાવ્યસંપદા દૃશ્ય બને અને ટીવીના માધ્યમથી પ્રજાના વ્યાપક સમૂહો લગી પહોંચે ને સીરિઅલાઈઝ્ડ થાય એમાં અવશ્ય નવું છે. જિગર અને જહેમત માગી લે એટલું નવું છે. 'અમૃતા' આજે અરધેથી આગળ પહોંચી ગઈ છે અને પ્રતિભાવ સાવ પ્રતિકૂળ નથી.

સંગીતી-દમ્પતી કાવ્યપઠનને પર્યાપ્ત ન લેખે તે સમજાય એવું છે. કાવ્ય-સંગીતના યોગને એમણે આમાં સુન્દર દૃશ્યો સાથે સાંકળીને કે દૃશ્યાવલીઓમાં રૂપાન્તરી નાખીને પ્રભાવક બનવા તાકયું છે. રચનાઓના મૂળ કવિઓને તો આથી જયજયકાર થયાનું જ લાગશે. જયા બચ્ચન જેવી લોકપ્રિય છતાં સમજુ અભિનેત્રીને કે આશા ભોંસલેને 'અમૃતા'માં પ્રસ્તુતકર્તા તરીકે રાખવા પાછળ બીજું ગણિત ન જોવું ઘટે. એવું ગણિત અલોકનાથ કે રાજકિરણ જેવા ટીવી કે ફિલ્મસ્ટારને જોતરવામાં આવ્યા છે એમાં જોઈ શકાય. છતાં સંગીત જયદેવના હાથમાં હતું, એમના મૃત્યુએ એ લાભને

ટૂંપાવી દીધો એ જુદી વાત છે. ગાયકો બધાં જ સિદ્ધ છે : આશા ભોંસલે, ઉષા મંગેશકર, ભૂપેન્દર, મિતાલી મુખરજી, સુરેશ વાડકર, હરિહરન, કવિતા કૃષ્ણમૂર્તિ, ચન્દ્રાણિ મુખરજી, શોભા જોષી ઍન્ડ, અફકોર્સ નિરૂપમા શેઠ. ગીતો અલોકનાથ, રાજકિરણ ઉપરાન્ત સુપ્રિયા પાઠક, દીપિકા અને નટાશા પર ચિત્રિત થયાં છે. અહીં પસંદગી પામેલા ડઝનેક કવિઓમાં મોટા ભાગના હિન્દીના ટોચના કવિઓ છે- નિરાલા, હરિવંશરાય બચ્ચન, જયશંકર પ્રસાદ, મૈથિલીશરણ ગુપ્ત, સુમિત્રનંદન પંત, માખણલાલ ચતુર્વેદી અને નરેન્દ્ર શર્મા. બાકીના ઉર્દૂમાંથી છે- ફિરાક, જિગર, જાં-નિસ્સાર અખ્તર, વગેરે ,

અમૃતા' ભારતીય દૂરદર્શનની પરથમ પ્હેલ્લી મ્યુઝિક ટીવી સીરિઅલ છે ને પુરુષાર્થપૂર્ણ છે. પરન્તુ બેચાર પ્રશ્નો ઊભા કરે છે :

અજિત-નિરુપમા ટાગોર અને પંકજ મલ્લિકની પ્રેરણાથી ઉછરેલાં કલાકારો છે. આ સીરિઅલનું દિગ્દર્શન એમણે સુપુત્ર અભિજિત શેઠને સોંપ્યું છે. અભિજિત સ્લાઈડ ઍન્ડ સાઉન્ડનાં ઑડિયો-વિઝયુઅલ પ્રોડકશન્સની શેઠ-દમ્પતીની સફળતાના ભાગીદાર રહ્યા છે. હવે એઓ વીડિઓ-ઑડિઓ ઈલેકટ્રૉનિક ઍડવાન્સમેન્ટથી પણ ઠીક ઠીક સજ્જ થયેલા છે. છતાં આ ત્રણેયની પસંદગી ટાગોરની રચનાઓ પર કેમ ન ઊતરી ? નેશનલ હૂક પર ભાષાનું માધ્યમ હિન્દી અનિવાર્યપણે હોય, છતાં ટાગોરને જરી પણ અડીનડી શકે નહીં ? એ જ વાત કવિ કાલિદાસ પરત્વે પણ સાચી ઠરે. માધ્યમોના રૂપાન્તરણોની આ લીલામાં ભાષન્તર પણ એક સ્થિત્યન્તર છે. એ હોય તો હોય, એથી કશું બગડી ન જાય. એવું જ પ્રાદેશિક ભાષાઓના કવિઓ વિશે કહી શકાશે. અજિત-નિરૂપમા-અભિજિત પાસે ગુજરાત ગુજરાતી કવિતાના ટીવીકરણની આ પછી લાગલી જ આશા સેવશે, તો તેમાં અનૌચિત્ય નહીં હોય.

હિન્દી કવિઓ ક્યારેક જેટલા મોટા હોય છે એટલી મોટી કવિતા લખનારા પણ હોય છે. અહીં 'મોટી' એટલે લાંબી અને જડબું ભરાઈ જાય એવી ભારે સંસ્કૃતપ્રચુર એમ સમજવાનું છે. એમની એ કાવ્યસૃષ્ટિને પામવાનું વાંચતાં યે વાર કરે તેવું દુર્ગમ હોય છે. આ દૃષ્ટિએ મહાદેવી વર્મા, માખણલાલ ચતુર્વેદીની રચનાઓ 'અમૃતા'માં વધારે સુગમ લાગી હતી. ફિરાક, જિગર કે જાં-નિસ્સારની રચનાઓ જેટલી કઠિન ઉર્દૂથી મુકત હશે તેટલી જામશે. સવાલ મૂળ રચનાની ટીવીસીરિઅલ પરત્વેની પસંદગીનો છે.

કાવ્યત્વ ? કે કાવ્યત્વની દૃશ્યશ્રાવ્ય રજૂઆત ? ધ્યેયને વિશેની એ મૂંઝવણ હમેશાં સતાવવાની. અને તેથી પસંદગી નિર્ણાયક અને જવાબદાર ઠરવાની.

'અમૃતા'ના સર્જકોનું ધ્યાન મુખ્યત્વે દેખીતી રીતે જ દૃશ્ય પર છે. કાવ્ય છે કે ગીત છે, સંગીતમય તો છે જ. પણ દૃશ્ય કે દૃશ્યાવલીઓ એ પર છવાઈ જાય અથવા માત્ર પોતાને જ આગળ કરે તો મુશ્કેલી કરે. હમણાં જ 'અમૃતા'ના એક ગીતમાં મેદસ્વી નર્તકીનું લચકતું નૃત્ય હતું- જોકે એ ઝાઝું ટક્યું નહોતું. 'અમૃતા' કાવ્યાર્થની મોહિનીથી ખેંચાયા પછીનું સર્જન છે એમ જ પુરવાર થવું જોઈએ. એટલે જ કાવ્ય, સંગીત, ભાવનાઓ, લાગણીઓ વગેરે સુકુમાર એરિયાઓમાં આસાનીથી અવરજવર કરી શકે એવાં સંવેદનપટુ કલાકારો જ આમાં વિશેષ કામ આવે. અલોકનાથ હજી હવેલીરામ લાગે અને રાજકિરણ હિન્દી સિનેમાનાં પકડદાવ ગીતોનો નાયક લાગે છે. આ સંદર્ભમાં નટાશા અત્યન્ત સફળ અને સમુચિત નીવડી છે. ભજવનારાંની આમ ખોજ કરવાથી વધુ લાભ થાય. છપાયેલાં કાટલાંથી વજન જરૂર વધે, પણ સરવાળે એ ધ્યેયને ક્વચિત્ ડુબાડે પણ ખરાં. અને એક પણ રચનાનો કાવ્યપાઠ ન થાય તે ન ચાલે. કાવ્યપાઠ કવિ અને તેની સૃષ્ટિના હાર્દમાં પ્રવેશવાની ગુરુચાવી છે. 'અમૃતા'ના સર્જકો એથી અજાણ નથી, કેમકે આ પરત્વેની બધી બાબતોથી તેઓ સુજાણ છે.

૭-૭--૧૯૮૭
૧૪-૭-૧૯૮૭

# ૨૮

# ઈસરોની ત્રણ ટૅલિફિલ્મો

ફિલ્મ, રંગભૂમિ કે ટૅલિવિઝનના બારામાં અમદાવાદમાં ક્યારેક ચમત્કાર સરજાય છે. તમે તે વખતે આ શહેરની બધી જ કલાવિષયક મર્યાદાઓ, અશ્લીલતાઓ, ખામીઓ કે ખોડખાંપણોને માફ કરી શકો, ને અમદાવાદના કલાપુરુષાર્થ માટે વળી પાછા આશાવાદી બની શકો. ૨૫મી જૂને ઈસરોએ પોતાના વિક્રમ હૉલ ખાતે ત્રણ ટૅલિફિલ્મો દર્શાવીને આવો જ એક નાનકડો ચમત્કાર સરજ્યો. ત્રણ ટૅલિફિલ્મો તે 'સોદો' (૪૫ મિનિટ), 'હેલન' (૪૫ મિનિટ) અને 'અંતિમ અધ્યાય' (૮૭ મિનિટ). જો કે મર્યાદિત સ્થળકાળમાં રજૂ થયેલી, કશા કાર્યવેગ વિનાની આ ઓન-ધ-સ્ટેજ ઘટનાઓને ટૅલિફિલ્મ કહેવા કરતાં ટૅલિપ્લે કહેવી વધારે ઉચિત ગણાય. છતાં પૂરા ત્રણ કલાક લગી આ ત્રણેય કલાકૃતિઓમાં વિક્રમ હૉલનું બસોએક સમજદાર પ્રેક્ષકોનું ઑડિઅન્સ જકડાઈ રહ્યું. સાંજે ચાર વાગે ભેગાં થયેલાં બધાં રાત્રે આઠના શુમારે છૂટાં પડયાં ત્યારે, જાણે બીજા વિશ્વયુદ્ધ વખતના જર્મનીમાંથી નીકળતાં હોય એવું એમના ચહેરા પર સહેજ ઘાટી અસરનું પોતું ફરી વળેલું.

ત્રણેયના લેખક છે સુખ્યાત નવલકથાકાર 'દર્શક'. ત્રણેયનું દિગ્દર્શન અને નિર્માણ સંભાળ્યું છે ભરત દવેએ. 'સપ્તસિન્ધુ'થી જાણીતા બનેલા ભરત દવે અમદાવાદના થોડાક સાહસિક દિગ્દર્શકોમાં જુદા પડી આવે છે. એમની પાસે ખાસ્સી સાહિત્ય-સમજ, કલાની પરખ અને સૂઝપૂર્વકના નિર્માણની ત્રેવડ છે. 'બરી ધ ડેડ' અને 'માનવીની ભવાઈ'ના તાજેતરના એમના તોતિંગ સફળ નાટ્યપ્રયોગો પછી આ ત્રણ ટૅલિફિલ્મોએ ભરત દવેની યશકલગીમાં

એક ઑર પીછું ખોસ્યું છે. નારી-ઉદ્ધાર અને કુટુમ્બ-નિયોજન જેવાં ચાલુ નિમિત્તો લઈને પ્રોપેગેન્ડિટ્સ તેમજ કમર્સિઅલ બનતા જતા આજનાં ટૅલિ-શો-પ્રોડકશન્સ વચ્ચે એમનું આ પીછું વિરલ છે.

'સોદો'માં આઈકમેનના એક કહેવાતા માનવતાવાદી કાર્યક્રમની વાર્તા છે. યુદ્ધને અંતે હિટલરે યુરોપના ૧/૩ યહૂદીઓનો નાશ કરેલો, એટલે કે લગભગ ૪૫ લાખ મનુષ્યોનો ! એમાંનાં ૯ લાખ તો બાળકો હતાં ! જો કે 'સોદો'માં હજ્જારો યહૂદીઓને ગૅસચૅમ્બરોમાં ફૂંકી મારનારા આઈકમેનનો સંદર્ભ આગળ કરાયો છે. એ આઈકમેને છેલ્લે છેલ્લે હિટલરની જાણ બહાર દસ લાખ યહૂદીઓને છોડી મૂકવાનો એક 'સોદો' વિચારેલો. કર્નલ હૉસ (વિનોદ નાયક) સમક્ષ રજૂ કરાતો આ સોદો ફિલ્મનો કેન્દ્રવર્તી પ્રસંગ છે. દસ લાખ યહૂદીઓના બદલામાં ચા, ટ્રકો, રેઝર્સ વગેરે કંઈ કેટલીય જીવન-ઉપયોગી ચીજો અને પ્રકાર પ્રકારનો સાજસરંજામ માગવામાં આવે છે. 'સોદો' હકીકતે અમાનુષી હતો, એમાં નાઝીઓની છેલ્લે છેલ્લે સારા દેખાવોની કુચેષ્ટા હતી, અંગત બચાવનો બદ ઈરાદો હતો, તો પોતાની પાશવી લીલાને આડકતરી રીતે ટકાવી રાખવાની કુદાનત હતી. ફિલ્મનો સૂર માનવતાવાદી છે. યહૂદી અમેરિકન વેલનબર્ગ (રાજુ બારોટ) તેમજ યહૂદી કેદીઓ એરિક (સુભાષ બ્રહ્મભટ્ટ) અને ઉર્સુલા (દીપ્તિ જોશી) ભેગાં મળીને પોત પોતાની રીતે કર્નલ હૉસના અંતરાત્માને જગાડે છે, ને ફિલ્મ એવી માનવતાપૂર્ણ ભાવનાને રણઝણાવતી પૂરી થાય છે.

બીજી ફિલ્મ 'હેલન' પણ નાઝી જુલ્મની દાસ્તાન છે. હેલન માર્ગારેટ (અન્નપૂર્ણા શુકલ) નામની સ્ત્રી યુદ્ધ દરમ્યાન નાઝી કર્નલ હમ્બોલ્ટની વાસનાનો શિકાર બનેલી, ને હવે એના પરિણામ સમા દીકરા બૉબ (મકરન્દ શુકલ) સાથે એકલતામાં જીવન ગુજારતી હોય છે. આ દિવસોમાં રૂબેન્સ (રાજુ બારોટ) હેલન પાસે એવો પ્રસ્તાવ લઈ આવે છે કે હેલન કર્નલ હમ્બોલ્ટ વિરુદ્ધ કૉર્ટમાં સાક્ષી આપે. દેશદાઝ દાખવવાના આવા પ્રસ્તાવથી હેલન હચીમચી ઊઠે છે ને સંટકમાં આવી પડે છે કે શું કરવું. દરમ્યાનમાં એનો ભૂતકાલીન પ્રેમી ડૉક્ટર સોલોમન (અનંગ દેસાઈ) આવે છે. સોલોમનને જોઈ હેલનને આન્દાશ્ચર્ય થાય છે, કેમકે એણે માની લીધેલું કે યુદ્ધમાં સોલોમન કે દિ'નો મરી ચૂકયો છે. જો કે હેલનને પુત્ર સમેત જોઈને તેમજ એ હમ્બોલ્ટ સાથે જોડાઈ હતી એ જાણીને સોલોમન ભારે દુભાય છે ને ક્રોધે ભરાય છે. પરિણામે હેલનની ડાયલેમા વધારે પેચીદી

બને છે : પોતે હમ્બોલ્ટ વિરુદ્ધ સાક્ષી આપવી કે કેમ ? આપે તો બોબના ભવિષ્યનું શું થાય ? હવે સોલોમનની પ્રીતિ પાછી મેળવવી કેવી રીતે ? ખરેખર તો હેલન અને સોલોમન બંને યુદ્ધજન્ય પરિસ્થિતિનાં શિકાર બન્યાં છે. છતાં બંનેને જીવવું છે, કંઈ નહીં તો નિર્દોષ બોબને બચાવી લેવો છે. છેવટે હેલન સાક્ષી આપવાની ના ભણે છે, ને છેલ્લે સોલોમન બોબ અને હેલનને નવા જીવનની ભરી ભરી આશા સાથે ફ્રાન્સ લઈ જાય છે. હેલનની જીવનગૂંચને લેખકે જિજીવિષા અને માતૃત્વ પાસે ઉકલી જતી દર્શાવી છે. 'હેલન' પણ, એ રીતે માનવતાની સરસાઈ બતાવતી ફિલ્મ છે.

બંને ફિલ્મોની સ્ક્રિપ્ટ દૂર દૂરના વાર્તાતન્તુઓથી થોડી લદાયેલી છે. 'સોદો'માં ઉર્સુલાની એક ઉકિત તો એટલી બધી લાંબી હતી, કે ચિત્ત તો ઠીક, પણ આપણા કાન લગીય પહોંચે તે પહેલાં જ તૂટી પડેલી. જ્યારે ત્રીજી ફિલ્મ 'અંતિમ અધ્યાય'ની સ્ક્રિપ્ટ વધારે સાફ અને ચુસ્ત છે. વળી એમાં હિટલરના અંતિમ દિવસોની વાત છે. જર્મન હિત માટે સાથીઓએ પોકારેલા વિદ્રોહની આ ફિલ્મમાં હિટલર સતત કેન્દ્રમાં રહે છે. ક્રમે ક્રમે હિટલરને જનરલ ડાયેટ્રિશ (કિરણ જોશી), બિશપ પેસ્ટર ન્યૂમૂલર (અનંગ દેસાઈ) અને સલાહકાર ટૅકનોક્રેટ આલ્બર્ટ સ્પીઅર (પ્રભાકર શુકલ) છોડી જાય છે. હિટલરની ભૂમિકામાં અરવિન્દ વૈદ્ય ખૂબ શોભતા હતા. બાકી મને ડર હતો કે આ ગુજરાતી કાસ્ટમાંથી હિટલર વળી કેવોક નીકળશે ! હિટલરનાં મેકઅપ અને પોશાકમાં લેવાયેલો અભ્યાસપૂર્ણ શ્રમ સાર્થક રહ્યો એ તો ખરું જ, પણ અરવિન્દ હિટલરની પછાડ ખાતી રહેતી અહંમન્ય દેશદાઝને વ્યકત કરવામાં તથા એની અંગત વેદનાને પ્રગટાવવામાં ખૂબ સફળ રહ્યા. મીરા લાખિયાનું સૅટિન્ગ્સ પહેલી બે ફિલ્મો કરતાં આમાં વધારે ઉપકારક નીવડયું છે. હિટલરના સમગ્ર મિલ્યૂને પ્રગટાવતો બ્લડ રેડ કલર પહેલી બે રચનામાં ઊપટી ગયો છે, જ્યારે અહીં હિટલરના બર્લિનમાંના નિવાસસ્થાનનું એ બન્કર પ્રતીતિપૂર્વક ઊપસ્યું છે, સાથીઓ નિર્ભ્રાન્ત થઈ રહેલા એ આખી પ્રક્રિયા ફિલ્મમાં બરાબર પ્રગટી અને પાત્રોનાં વૈયકિતક વિચારમંથનોમાં, લાગણીઓ અને મૂલ્યોના ચડાવઉતારમાં, આબાદ રીતે આકાર પામી. જોકે બધું અન્તે તો વિવશ અને હતાશ હિટલરને જ નિર્ભ્રાન્ત કરે છે. જીવનનો અંતિમ તબક્કો પ્રિયા ઈવા (વિજયા દેસાઈ) સાથે એકાન્તમાં ગુજારવાની હિટલરની મનીષામાં એ નર્યો માણસ લાગે છે. પણ એ સુખ એક હત્યારા સરમુખત્યારના ભાગ્યમાં તો કયાંથી

હોય ? રાષ્ટ્રનું ભાગ્યવિધાન કરવા નીકળેલા હિટલરનો અંતિમ અધ્યાય અનિવાર્યપણે કરુણ હતો. ખરેખર તો જર્મનીના નવોદયનો એ પ્રથમોધ્યાય હતો.

ત્રણેય ફિલ્મોમાં અભિનયની સફળતાના ક્રમે અરવિન્દ વૈદ્ય (હિટલર) પછી આવે અનંગ દેસાઈ (પેસ્ટર), અન્નપૂર્ણા શુકલ (હેલન), સુભાષ બ્રહ્મભટ્ટ (એરિક), કિરણ જોશી (જનરલ ડાયેટ્રિશ) અને વિનોદ નાયક (કર્નલ હૉસ). રાજુ બારોટ વૅલનબર્ગરૂપે જેટલા પ્રભાવક હતા તેટલા રૂબેન્સરૂપે નહોતા. હેલન સિવાયનાં બધાં સ્ત્રીપાત્રો સામાન્ય રહ્યાં, કેમકે એમને ફાળે આવેલી ભૂમિકાઓ પણ સામાન્ય છે. ત્રણેયમાં સિનેમેટિક કોમ્પોઝિશન્સને બહુ ઓછો અવકાશ હતો, છતાં 'અંતિમ અધ્યાય'નું કૅમેરા-વર્ક ઉત્તમ હતું. ભડભડ બળતી મીણબત્તીઓ સાથેના શોટ્સ વધારે અસરકારક હતા. આ ત્રણેય ફિલ્મોને તાબડતોબ અમદાવાદ દૂરદર્શન પરથી પ્રજા સમક્ષ રજૂ કરવી જોઈએ. 'અંતિમ અધ્યાય' તો એટલી કક્ષાની બની છે, કે એનું હિન્દી વર્ઝન કરીને એને નેશનલ હૂક પરથી રજૂ કરી શકાય. 'લાલ ઘાસ પે નીલે ઘોડે'ના લેનિનને (ઈરફાનને) માણ્યા પછી, દેશવાસીઓ એટલા જ સશક્ત આપણા હિટલરને (અરવિન્દ વૈદ્યને) પણ ભલે માણે...

આ સદીના પૂર્વાર્ધમાં બે વિશ્વયુદ્ધો લડાયાં છે. યુદ્ધની વાર્તા મોટેભાગે રમણીય હોય છે, પણ એની વાસ્તવિકતા હમેશાં ભયાનક-કરુણ હોય છે. આપણે આજે યુદ્ધોત્તર વાસ્તવિકતામાં જીવીએ છીએ. દુનિયાને યુદ્ધ હવે પરવડે એમ નથી, આપણે શાન્તિપૂર્ણ સહઅસ્તિત્વ ઝંખીએ છીએ. આપણી વચ્ચે હવે સરમુખત્યારો નથી, લોકશાહો છે. છતાં- ? છતાં આપણે સરખાવી જોઈએ કે આજના લોકશાહો ભૂતકાલીન હિટલરોથી કઈ રીતે જુદા છે. દુષ્ટતાનો સામનો કરવાનું પૂર્વાર્ધમાં હતું, તેટલું સરળ હવે નથી રહ્યું. દુરિત હવે ઘણું જ ઘણું સંકુલ બનીને આપણી ચોપાસ છવાઈ ગયું છે. પ્રશ્ન હિટલર કે જર્મની- જેવો સાદો નથી રહ્યો, વિનાશ કે વ્યકિત જેવો વ્યાપક અને જટિલ બની ગયો છે. આપણે યુદ્ધ કે શાન્તિ, જીવન કે મરણ જેવાં દ્વન્દ્વો વચ્ચે ફસાયેલા જ માત્ર નથી. હકીકતે કયારના આપણે યુદ્ધ અને મરણને આપણી જાણ બહાર જીવતા થઈ ગયા છીએ. ત્યારે આવી અનેક ટૅલિફિલ્મોની અને એના નિર્માતા અનેક ભરતોની આપણને તીવ્ર જરૂર છે.

૨૬-૬-૧૯૮૮
૫-૭-૧૯૮૮

# ૨૯

# મિલે સૂર મેરા તુમ્હારા, તો સૂર બને હમારા...

**આ**પણો ઈલેક્ટ્રૉનિક કમ્યુનિકેશનનો જમાનો છે. ઈલેક્ટ્રૉનિકસે એટલે કે ઋણ-વિદ્યુત્-વીજાણુ-વિજ્ઞાને અન્ય ક્ષેત્રોમાં કરી છે તેવી જ ક્રાન્તિ સંદેશાવ્યવહારજગતમાં પણ કરી છે. માનવસભ્યતામાં સંદેશાવ્યવહાર આટલો ઝડપી અને વ્યાપક આ પહેલાં કદી નહોતો. એમાં ઉમેરાઈ ઉપગ્રહ-સેવાઓ. પરિણામે પૃથ્વી આજે નાનકડા ગામડા જેવી બની ગઈ છે. ઉપખણ્ડો હવે પોળ કે ફળિયાં જેવાં દીસે છે. જપાન, જબલપુર કે જંબુસરમાં બનેલી ઘટનાનો સંદેશો થોડાક જ સમયમાં દુનિયાભરમાં પ્રસરાવી શકાય છે. પૃથ્વીને હવે કોઈ ખાનગી ખૂણો રહ્યો નથી. હકીકતે આપણે ગ્લોબલ કમ્યુનિકેશનના જમાનામાં પ્રવેશી ચૂક્યા છીએ.

ઈલેક્ટ્રૉનિક કમ્યુનિકેશનના સંદર્ભે કહીએ તો, એણે માસ કમ્યુનિકેશનને એકદમ આસાન બનાવી આપ્યું. તેને લીધે કમ્યુનિકેશનની આખી વાતનો કાયાકલ્પ થઈ ગયો છે. એવું ઉત્તમોત્તમ સમૂહ માધ્યમ ટીવી છે. સૌ સમૂહ માધ્યમોમાં એ વધારે ઝડપી, વધારે વ્યાપક અને વધારે અસરકારક છે. એટલે જ ટીવીને ઈન્સ્ટન્ટ મીડિઅમ કહેવાય છે. તાજેતરના એક જાણીતા દાખલાથી આ વાતને વધારે સ્પષ્ટ કરી શકાશે :

આજકાલ આપણે એક ગીતપંક્તિ ગુંજી ઊઠીએ છીએ : 'મિલે સૂર મેરા તુમ્હારા, તો સૂર બને હમારા...' ટીવી પરની લઘુફિલ્મમાં આ પંક્તિ

ઉપાડી છે ભીમસેન જોષીએ. પછી ફિલ્મમાં દેશના જાણીતા કલાકારો વડે આ પંક્તિ દેશની જુદી જુદી ભાષામાં ગવાતી દર્શાવાઈ છે. કલાકારોમાં ઓમપુરી, શબાના, તનુજા, વહીદા, શર્મિલા વગેરે છે, તો કમલ હસન, જિતેન્દ્ર ને 'સુખ્યાત' અમિતાભ વગેરે પણ છે, દેશનાં બીજાં જાણીતાં ગાયક-ગાયિકા પણ છે. 'મળે સૂર જો તારો મારો, બને આપણો સૂર નિરાળો...' એમ ગુજરાતીમાં આ પંક્તિ મલ્લિકા સારાભાઈ દ્વારા આપણા લગી પહોંચે છે.

ભીમસેનના જેવી જ લગનથી લતાએ આ નાના ગીતને સમ્પૂર્તિ આપી છે. ટીવી પર રજૂ થયેલી બધી લઘુફિલ્મોમાં હું આ ફિલ્મને શ્રેષ્ઠ ગણું છું. એમાં ટીવીનાં દૃશ્ય-શ્રાવ્ય તત્ત્વોનો પૂરો લાભ લેવાયો છે. સંગીત અને કવિતાના સમન્વય વડે રાષ્ટ્રીય એકતાના સંદેશને કલાત્મક બનાવી શકાયો છે. એક સમૂહ માધ્યમ લેખે ટીવીનો આટલો બધો પ્રભાવક વિનિયોગ અગાઉ જવલ્લે જ થયો છે. કોઈ નેતા પોતાની બોગસ ભાષામાં એકતા-અખણ્ડતા વિશે ગમે એટલી ભાષણબાજી કરે, હકીકતમાં ફીફાં ખાંડે છે. ટીવી આવા દાખલામાં એક જાદુની જેમ પ્રસરી જાય છે. દર્શકો સ્વભાષી રહીને અન્ય ભાષીને અજાણતાં જ પ્રેમ કરવા માંડે છે. અને એમ, એક રાષ્ટ્ર છીએ-નો સંદેશ સૌના અંતરમાં ઠરે છે. દેશના જાણીતા રમતવીરોવાળી, ટીવી પરની, આ જ સંસ્થાની નિરન્તર મશાલકૂચની લઘુફિલ્મ સરખામણીએ ફિક્કી લાગશે. કેમકે એમાં ગાવસ્કર કે પી. ટી. ઉષા વગેરે દૃશ્ય તત્ત્વો છે, સંગીતનું શ્રાવ્ય તત્ત્વ પણ છે, તો ય એ અધૂરી છે. એ એટલા માટે અધૂરી છે કે એમાં કવિતા નથી. સરવાળે એની અસર એક મૂક દ્રશ્યાવલિની બની રહે છે.

પ્રેસ, ઈલેકટ્રૉનિક કમ્યુનિકેશનના જમાનામાં, એટલા માટે જ બીજા નમ્બરે છે. પોતાની સંદેશ-સામગ્રીનું ઉપગ્રહીય આદાન-પ્રદાન છાપાં થોડી જ મિનિટોમાં કરી શકે છે અને વહેલી સવારે વાચક-વાચકના ઊમરે જઈ પહોંચે છે. એટલે કે એ ય હવે ખાસ્સાં ઝડપી અને વ્યાપક છે, પણ ટીવી જેવાં નહીં. એની પાસે ટીવીની દૃશ્યાત્મકતાની ભરપૂર સગવડ નથી. કમ્પ્યૂટરાઈઝ્ડ નૂતન પ્રિન્ટિન્ગ ટૅકનોલૉજીના આ દિવસોમાં છાપાં રંગીન ચિત્રો હૂબહૂ રજૂ કરી શકે છે, પણ એની પાસે ફિલ્મ કે ટીવીની ચલચિત્રાત્મકતા નથી. પ્રેસ મુખ્યત્વે વર્બલ છે- એટલે કે શબ્દ પાસેથી,

ભાષા પાસેથી કામ લેનારું સમૂહ માધ્યમ છે.

વિદેશોમાં છાપાં ૫૦-૬૦ પાનનું તોતિંગ કદ ધરાવતાં હોય છે. આ તોતિંગતા એટલે કે ઈનોર્મિટીની બાબતમાં એ ટીવીને પણ પાછળ પાડી દે છે. એટલું જ નહીં, નાનામાં નાના માણસ લગી પહોંચી જવાની છાપાંની લાયકાત ટીવી પાસે નથી. વળી છાપું ટીવીની સરખામણીએ ઘણું પુરાણું અને વ્યકિતના અંગત જીવન સાથે ઓતપ્રોત થઈ ગયેલું માધ્યમ છે. સવારની ચા અને છાપું એ આ સદીની કોઈપણ વ્યકિતની અનિવાર્ય જરૂરિયાત છે. પૃથ્વી પર કે પછી બહ્માણ્ડમાં, છાપાં વિનાનો દેશ-પ્રદેશ મનુષ્ય કદી કલ્પી શકશે નહીં. ટીવીની તુલનાએ પ્રેસ સસ્તું છે એ મોટો લાભ છે. એ ચલચિત્રાત્મક નથી એ મર્યાદા લાગે છે, પણ એ જ એની ખૂબી છે. એ રીતે, કે છાપાંની સામગ્રીનો કશી કડાકૂટ વિના વારંવારનો ઉપયોગ થઈ શકે છે. ફિલ્મ, ટીવી કે રેડિયોમાં, આવ્યું તે ગયું એમ હોય છે, જ્યારે છાપામાં છપાયેલું નજરની સામે પડયું હોય છે, એ ગમે ત્યારે બોલે છે, જવાબ દે છે. છાપાં પસ્તી બને તો પણ હાથવગો દસ્તાવેજ બની રહેવાની પોતાની ગુંજાઈશ ગુમાવતાં નથી. છપાયેલી કે છાપવા માટેની સામગ્રીનો વીડિયોગ્રાફિક કે કમ્પ્યૂટરાઈઝ્ડ સ્ટોરેજ હવે શકય બન્યો છે એ ખરું, છતાં એમાં છાપાંની સરળતા કે સુલભતા ઓછી છે.... સ્પષ્ટ છે કે નર્મદના જમાનાના શિલાછાપજન્ત્રથી આપણે ઘણે ઘણે દૂર નીકળી ગયા છીએ...

સમૂહમાધ્યમો વચ્ચેની આવી બધી જાતભાતની ચડસાચડસી બે બાબતો માગી લે છે : એક તો એમનો રીતસરનો શાસ્ત્રપૂત અભ્યાસ અને બીજી બાબત તે સમૂહ માધ્યમોની વૈયકિતક તેમજ સામાજિક-રાષ્ટ્રીય ભૂમિકાનો વારંવારનો વિમર્શ-પરામર્શ. તાજેતરમાં ગુજરાત યુનિવર્સિટીએ પહેલી બાબતમાં મોડા મોડા પણ ડગ માંડયું એ શુભ ચિહ્ન છે. એણે કમ્યુનિકેશન, જર્નાલિઝમ અને સમૂહ માધ્યમોનો એક નૂતન ડિપ્લોમા કોર્સ ભણાવવાની આ સાલથી પહેલ કરી છે. આશા રાખીએ એ અભ્યાસક્રમ અને એ અધ્યાપન અદ્યતન સજ્જતા ધરાવતાં હોય, અને બધું તમામ ઉપલબ્ધ સાધન-સામગ્રીથી સમ્પન્ન હોય.

બીજી બાબત તે સમૂહ માધ્યમોની ભૂમિકા અંગેની. જેમકે, આપણા વિકાસશીલ દેશમાં અને પરમ્પરાગત સમાજમાં પ્રેસની શી ભૂમિકા છે તે

આપણે બરાબર જાણતા નથી. દુનિયાની એક મોટી લોકશાહીમાં છાપાં શું કરી શકે છે અને એણે શું કરવું જોઈએ તેનો, જેટલો વિચાર કરીએ એટલો ઓછો છે. એ પરત્વે આપણે ત્યાં ઘોર અજ્ઞાન પ્રવર્તે છે એવું જો કહીએ, તો અતિશયોક્તિ લાગે. બાકી, ડીફમેશન બિલ એવા અજ્ઞાનનું ફરજંદ છે. એમાં એક તરફ છાપાંની રાષ્ટ્રગત ભૂમિકાના નાશની યોજના છે, તો બીજી તરફ એમાં ટીકા-ટિપ્પણી સાંભળવા-ઝીલવાને વિશેની ભારોભાર કાયરતા છે. આ બેવડી ભાત સમૂહ માધ્યમોને વિશેની અબુધતા સૂચવે છે. એકવીસમી સદીમાં પહોંચવાનો નારો લઈ નીકળેલા વડાપ્રધાન રાજીવજી અને તેમની સરકારે બદનક્ષી ખરડો લાવીને પોતાના પછાતપણાનો તેમજ પોતાના ખરેખરા બુધાનો દેશને પરિચય અને પરચો આપી દીધો છે ! ગ્લોબલ કમ્યુનિકેશનના જમાનામાં રાષ્ટ્રનાં તમામ છાપાં એક દિવસ માટે બંધ રહે એથી મોટી નાલેશી શી હોઈ શકે ? છાપાં સાથે સંકળાયેલા પ્રત્યેક લેખકે અને વાચકે જોવું જોઈશે કે ડીફમેશન બિલનો સમ્પૂર્ણપણે નાશ થાય. -આવો કાળો કાયદો આ ઈલેક્ટ્રૉનિક કમ્યુનિકેશનના દિવસોમાં કશું દેશી અને રજવાડી ઓજાર લાગે છે... એથી, રાજા કે પ્રજા એકેયનો એકે ય સૂર મળશે નહીં...

૯-૯-૧૯૮૮
૧૩-૯-૧૯૮૮

## ૩૦

# રવિવાર-બપોરની ટીવી-ફિલ્મો જુઓ છો તમે ?

ટીવી-સીરિઅલોમાં હાલ હું માત્ર 'જીવનરેખા'ને ઓકે કરું છું. 'રિટર્ન ઓવ શૅરલોક હોમ્સ' દેખીતી રીતે જ ઉત્તમ વિદેશી સીરિઅલ છે. કૅનેડી અને ચૅપ્લીન પરની સીરિઅલો જુદા સ્વાદની હતી. રવિવારની સીરિઅલોમાં 'ભારત એક ખોજ' સિવાય મને કશું જોવા જેવું લાગતું નથી. ટીવી-ફિલ્મોમાં હાલ 'દેર રાત કી ફિલ્મો' બંધ છે, હવે ચાલુ થશે. રવિવાર-સાંજની હિન્દી ફિલ્મો હમણાંની ઠીક હોય છે. પણ મને રવિવારે બપોરે રજૂ થતી પ્રાદેશિક ભાષાની અવૉર્ડ-વિનર્સ ફિલ્મો પહેલેથી વધારે ગમે છે. કાનમાં કહી દઉં ? હજી લગી એક પણ ગુજરાતી ફિલ્મ આ કાર્યક્રમમાં પ્રવેશી શકી નથી ! મારી ભૂલ થતી હોય તો અગાઉથી કબૂલી લેવા, તૈયાર છું. ફિલ્મોના મામલામાં દૂરદર્શનનું દૃષ્ટિબિન્દુ મુખ્યત્વે એક વેપારીનું દૃષ્ટિબિન્દુ છે, પણ રવિવાર-બપોરની ટીવી-ફિલ્મો માટે એને ધન્યવાદ આપવા પડે -એમાંની ૭૫ ટકા ફિલ્મો ગુડ સિનેમા પ્રકારની ઘણુંખરું સુન્દર હોય છે. તમે આ ફિલ્મો જુઓ છો ?

મને ખાતરી છે કે નથી જોતા. દર્શકો આ ફિલ્મો જોવાને આકર્ષાય નહીં તેનાં કેટલાંક નક્કર કારણો છે. પહેલું અને મોટું કારણ તો ભાષાનું. બંગાળી, અસમિયા, ઓડિયા, મલયાલમ, તમિળ, કન્નડ કે મરાઠી સિનેમામાં ભાષાની મુશ્કેલીને લીધે દર્શકો પહેલેથી જ નાસીપાસ થઈ ગયા હોય છે.

બીજું કારણ એના ટૅલિકાસ્ટનો ઑકવર્ડ સમય છે. સવારના 'મહાભારત' વગેરે લોકપ્રિય તમાશા જોઈ થાકેલા લોકો જમી પરવારીને બપોરે ઊંઘી ગયા હોય છે. એમને સાંજની હિન્દી ફિલ્મ માટે પણ તાજામાજા થવાનું હોય છે. ત્રીજું કારણ, આ ફિલ્મો મોટે ભાગે બ્લૅક ઍન્ડ વ્હાઈટ હોય છે. રંગીન ટીવી લાવેલાઓને કાળા-ધોળા કાર્યક્રમો તો મોસ્ટ બોરિન્ગ અને અત્યાચાર જેવા લાગતા હોય છે. એમને કેવી રીતે સમજાવી શકાય કે બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફિલ્મોની મૂળ મજા શી છે...? પ્રગતિના નામે આપણી રુચિ પર આવું કશુંક સ્ટીમરોલર એક વાર ફરી જાય, પછી અસલ વસ્તુઓનો મહિમા સમજવાનું અને સમજાવવાનું બહુ જ મુશ્કેલ બની જાય છે.

જેઓ આ બધું છતાં હિમ્મત એકઠી કરીને રવિવાર-બપોરની ટીવી-ફિલ્મો જુએ છે તેમને એક વધારાની અને મોટી અડચણનો સામનો કરવો પડે છે. આ ફિલ્મોનાં સબ-ટાઈટલ્સ અંગ્રેજીમાં હોય છે. સરકાર એવું સમજતી લાગે છે કે ભારતના નાગરિકોને અસમિયા કે કન્નડ જેવી ભગિની ભાષાઓ ન આવડે, પણ અંગ્રેજી તો આવડે જ ! અંગ્રેજી અંગેના આપણા બેહૂદા મોહનું તેમજ કઢંગી સમજનું આ એક વધારાનું દૃષ્ટાન્ત છે. પ્રાદેશિક ભાષાની આ ફિલ્મોનાં સબટાઈટલ્સ હિન્દી જેવી રાષ્ટ્રભાષામાં હોય તો ઘણો ફેર પડે. પણ એ વ્યવસ્થા આપણે હજી કરી શકયા નથી. એટલે એવા ડબિન્ગની વ્યવસ્થા સુધી પહોંચવાનું તો સ્વાભાવિક રીતે જ અશકય જેવું લાગે છે. ગુજરાતી દર્શક તમિળ ફિલ્મ જુએ અંગ્રેજી સબટાઈટલ્સની મદદથી, ને એમાંથી ભારતીય સંસ્કૃતિનું ધાવણ ધાવે ! કેવું વિચિત્ર ! એવું હજાર ટકાનું વૈચિત્ર્ય સંસારમાં માત્ર આ દેશમાં જ હોઈ શકે છે. એના કરતાં તો સાદી ફ્રૅન્ચ ફિલ્મ ફ્રૅન્ચમાં જ જોઈ નાખવી વધારે સરળ પડે ! મનુષ્યના જીવનની સમાનતાને આધારે ઘણું જોઈ શકાય.

આ સબટાઈટલ્સ પાછાં ડિફેક્ટિવ હોય છે. અક્ષરો નાના, ઝાંખા ને ઝમઝમતા હોય છે. ઘણીવાર અક્ષરોનું કેસિન્ગ નથી હોતું, હોય તો બરાબર નથી હોતું. સૌથી મોટી મુશ્કેલી એ હોય છે કે આ સબટાઈટલ્સ બહુ જ ઝડપથી બદલાતાં હોય છે. તમે જુઓ-સમજો તે પહેલાં બીજાં આવી જતાં હોય છે. એટલે ઘણી વાર તો ફિલ્મ જોવાનું બાજુએ રહી જાય, ને તમે એ ફાલતુ આંટીઘૂંટીમાં ફસાઈ જાઓ. પ્રૉપર ટાઈમિન્ગ અને

સિન્ક્રોનાઈઝિન્ગના અભાવે આ સગવડ અગવડ બની રહે છે.

આમાં જો ટ્રાન્સમિશનની ખામીઓ ભળે તો તો આવી જ બન્યું સમજવાનું ! આટલી બધી મુશ્કેલીઓ હોય પછી કયો શાણો દર્શક પોતાનો સમય બગાડે ? છતાં મારી વિનંતી છે કે આ ફિલ્મો આટઆટલાં કષ્ટો વચ્ચે પણ જોવી. ટીવીનું સાધન, તરત અને તૈયાર રૂપે, આકર્ષક ઢબે, આખો માનવસંસાર આપણને આપણા ડ્રૉઈન્ગ-રૂમમાં લાવી આપે છે એનો લાભ લેવાનું કોઈપણ ભોગે ગુમાવવું ન જોઈએ. જેટલું અપરિચિત એ આપણને ધરે, એટલો આપણો લાભ મોટો.

જેમ કે હમણાંજ સત્યજિત રેની 'સીમાબદ્ધ' આવી હતી. તમે ટૉકિઝમાં કે વીડિઓમાં એને કયારે જોવા પામવાના ? જો કે ટ્રાન્સમિશન અતિ ખામીઓવાળું હતું. -સત્યજિતની મશ્કરી કરનારું. છતાં સાળીના અભિનયમાં શર્મિલા ટાગોર જુદી જ શર્મિલા હતી. પોતાની ઝડપી પ્રગતિની કથા, 'આમાર દ્રુત ઉન્નતિર કથા', રજૂ કરતો શ્યામલેન્દુ ધીરે ધીરે કેવો ધીર આસિસ્ટન્ટ ડિરેકટર બની ગયો તે ફિલ્મમાં બહુ આકર્ષક સિનેમા વડે સિદ્ધ થયું છે. એ પહેલાંના એક રવિવારે ધીરુ ભૂયનની અસમિયા ફિલ્મ 'પ્રથમ રાગિણી' આવેલી. અજાણતાં, પરિણીત યુવકના પ્રેમમાં પડી જતી ક્રિશ્ચયન છોકરીની એમાં કરુણ કથા છે. પ્રેમ-સમાગમ પછી મીની ઍન્ડ્રુઝ નિર્ભ્રાન્ત થાય છે. ચર્ચમાં જઈ કન્ફેશન કરે છે. પણ એનું સમાધાન થતું નથી. પ્રેમ અને લગ્ન જુદી વસ્તુઓ છે. એ ખરું, પણ પ્રેમ કરવો તે પાપ છે ? આ પ્રશ્નનો જવાબ મીનીને નથી મળતો ને એ ગામડામાં નર્સ બની એકલ જીવન ગાળવાનો નિર્ણય લે છે. પૂર્વી શર્મા અને પ્રીતમ ગોસ્વામીનો અભિનય આકર્ષક હતો. જનક ઘોષનો કૅમેરા પણ બહુ ટૅલિન્ગ હતો. આકર્ષક રંગીન ફિલ્મ લેખે પણ ફિલ્મમાંથી અનેક સારાં વાનાં ચીંધી શકાય- દશ્યો, લોકાલ, સૅટિન્ગ, કમ્પોઝિશન વગેરે.

આ સુન્દર ફિલ્મોનાં અહીં હાલ બીજાં માત્ર નામો જ ગણાવી દઉં : થોડા વખત પર બુદ્ધદેવ દાસગુપ્તાની બંગાળી ફિલ્મ 'નીમ અન્નપૂર્ણા' આવી હતી. આસાનસોલથી કલકત્તા આવેલા ગરીબ કુટુમ્બની કરુણ કથા હતી. એવી જ હતી જાહનુ બરુઆની અસમિયા ફિલ્મ 'હાલોદિયા ચોરાયે બાઉધાન ખાય'. રાજા મિત્રાની બંગાળી ફિલ્મ 'એકટિ જીવન' એકલે હાથે ડિક્ષનેરી રચતા સંનિષ્ઠ શિક્ષકની કથા હતી. કેટલીક કન્નડ ફિલ્મો પણ

સારી હોય છે - હાલ એનાં નામો ભૂલી ગયો છું. દશ્યો, કથા, ગીત સંગીત વગેરે યાદ છે. ટૂંકમાં, આ એવી ફિલ્મો હોય છે જે તમારામાં પોતાની ઊંડી ને ટકાઉ છાપ મૂકી જાય છે... કંઈ નહીં તો, પ્રયોગ ખાતર પણ રવિવાર-બપોરની ટીવી-ફિલ્મ જોજો... દુઃખ પડશે, પણ ધીરે ધીરે ટેવાઈ જવાશે... પ્રજાને આવી નવી ટેવોની આજે બહુ જરૂર છે...

૨૦-૪-૧૯૮૯
૨૫-૪-૧૯૮૯

૩૧

# 'કંક્કાજી કહીન્' મિષે

આપણાં ગામડાંઓમાં ગાય-ભેંસને દવરાવવા સારી ઓલાદના આખલા ને પાડા અનામત રખાય છે. દેખીતી રીતે જ એમને ખસી નથી કરી હોતી. પ્રાચીન ગ્રીસમાં આ રીતે ઘોડાઓ રાખતા. ઘોડાઓને ખસી કર્યા વિના ખવરાવી-પિવરાવી ઉછેરી માવજત આપી તગડા બનાવાતા. પછી એમનો ઉપયોગ નવી જાતો ઉપજાવવામાં થતો. રાજાશાહીમાં આવા ઘોડાઓ પર રાજાઓ, રાજકુમારો, અમીર-ઉમરાવો બધા સવારી કરતા. એમને આભૂષણો ને ઘરેણાંથી શણગારતા. એમના માટે ઉત્તમ અશ્વશાળાઓ, સુસજ્જ ઘોડારો ને તબેલા રાખતા. ટૂંકમાં કહીએ તો ત્યારે એમની ઘણી ખાતર બરદાસ્ત થતી.

એક વાર આવો એક માતેલો પ્રજનનકાર ઘોડો ઘમંડથી એક ખેડુના રાંક બળદને પૂછે છે : 'બોલ, કોણ ચડે આપણા બેમાં ? હું કે તું ?' એને તો એમ જ કે પોતે જ ચડિયાતો છે...! પણ બળદે એને સરસ જવાબ આપેલો : 'જો ભાઈ, આપણા આખા દેશની સુખાકારીનો મૂળ આધાર તો હું જ છું. હું હળે જોતરાઉં, પરસેવો પાડું, ટાઢ-તડકો વેઠું, તો અનાજ પાકે, ને તો, તું ને તારા માલિકો ખાવા પામો. હું જો બેસી પડું, તો તારા રાજાઓ, રાજકુમારો, અમીર-ઉમરાવો ને ખુદ તું -બધા ભૂખથી મરી જાઓ. સમજ્યો-?' કહે છે પેલો પછી જતો રહેલો...

દરેક જમાનામાં આ રાજા મહારાજા જેવા શોષકો હોય છે. લોકશાહીમાં પ્રધાનો ને રાજકારણીઓ શોષકો હોય છે, એટલે કે પ્રજાએ ચૂંટી મોકલેલા પ્રતિનિધિઓ પ્રજાનું જ શોષણ કરે છે. શાસકો જ શોષણ કરે છે. દરેક જમાનામાં આ શોષકવર્ગ આખલા, પાડા કે આ ઘોડા જેવા આશ્રિતો તૈયાર કરે છે. એ આશ્રિતો પાછા પોતાના આશ્રિતો તૈયાર કરે છે. એટલે કે દરેક મોટા શોષક પાસે અનેક નાના શોષકો હોય છે. પ્રાચીનકાળમાં ગુલામો કે દાસની લેવેચ થતી હતી. અર્વાચીનકાળમાં એવી લે-વેચ અર્વાચીન લેબાસમાં થતી હોય છે. ખાસ તો આજના રાજકારણમાં સુગઠિત સ્વરૂપનો આશ્રય-આશ્રિત માહોલ જોવા મળે છે- પરોપજીવીઓની એક આખી સિસ્ટમ તે આજનું રાજકારણ. ફર્સ્ટમેન, હાઈકમાન્ડ કે સર્વોચ્ચની નીચે દાસાનુદાસોની એક હાયરાર્કિ ગોઠવાઈ ગઈ હોય છે. તન્ત્રમાં પડી રહીને તન્ત્ર નીચેની સમગ્ર પ્રજાનું જાતભાતની રીતે શોષણ કરવું એ એનો મુખ્ય આશય હોય છે.

આ બધાઓની વચ્ચે એક જાતનું 'હોલિ ઍલાયન્સ' હોય છે. એટલે કે એક જાતનો રખરખાવ, તારામારાવાળી, એકમેકનું જાળવવા-સાચવવાપણું, ઢાંકવા-સંતાડવાપણું. એઓ આખો વખત સળવળ્યા કરે છે. એમનાં લટિયાં એકબીજામાં ગૂંચવાઈ ગયાં હોય છે.

એઓ ભેગા થઈને પ્રજાને ચૉતરફથી ચૂસે છે. પ્રજા બિચારી પેલા બળદની જેમ દિનરાત વૈતરું કરે છે. જ્યારે એની મહેનત પર પેલા આખલાઓ, પાડાઓ, ઘોડાઓ, ને સરવાળે એમના માલિકો તાગડધિન્ના કરે છે. શોષણની આ ડિઝાઈન સ્વતન્ત્ર ભારતમાં હવે સ્થિર થઈ ગઈ છે ને ઘાટી બની ગઈ છે. લોકશાહીને નામે જડ ઘાલી ગયેલું એક શોષણખોર રાજકારણ આજના ભારતની વાસ્તવિકતા છે.

ટીવી-સીરિઅલ 'કક્કાજી કહીન્'ના કક્કાજી એ રાજકારણનું એક જીવતું-જાગતું પ્રતીક છે. પ્રવર્તમાન શાસક-શોષક વર્ગનો કક્કાજી એક મજબૂત પ્રતિનિધિ છે. એની સફળતા જોઈને ઘણા દર્શકોને કક્કાજી થઈ જવાનું મન થયું છે. સીરિઅલની હાસ્યકટાક્ષની વિલક્ષણ રીતનું એવું વિપરીત પરિણામ સાહિત્યકલાના વિવેચકોને ચર્ચા માટે સોંપી દઈએ. બાકી કક્કાજી એક પાત્ર નથી, તમારી બિલકુલ નિકટમાં રહેનારી જીવતી જાગતી ચમચાગીરી છે, સાક્ષાત્ ખુશામત છે.

આપણી આજુબાજુ નજર કરો, ચૉપાસ નાની-મોટી સાઈઝના કક્કાજીઓ મળી આવશે. તમે જે ક્ષેત્રમાં કામ કરતા હો ત્યાં જુઓ, તરત દેખાઈ આવશે. કંઈ નહીં તો તમારા સ્ટાફમાં જુઓ, અચૂક મળી આવશે. ખરેખર તો આખો દેશ ઉભરાય છે આ શોષણખોરોની જમાતથી. આ એવો માણસ છે જે કોઈની પણ ભરપેટ સ્તુતિ કરી શકે છે. ગુણની સ્તુતિ નથી કરતો, અવગુણની કરે છે. બલકે અવગુણને જ ગુણ કહે છે ! બુદ્ધિનો એ ભ્રષ્ટાચાર માટે ઉપયોગ કરી જાણે છે, બાકી એને હૃદય, અન્તરાત્મા કે કરોડરજ્જુ જેવું કંઈ છે જ નહીં ! જેને તેને 'સસૂર' જેવી ગાળ ચપોડતાં, પાન ખાતાં-ખાતાં વાત કરતાં કે જોરથી હસવામાં એને કશો અવિવેક નથી લાગતો. એ ઉપરી અને ઉપયોગી નેતાના પગ પકડવાની ટેવવાળો છે. પગચમ્પી કરવી એ એનું ઓજાર છે. કોઈપણ જાતનું ધોરણ નહીં એ એનું ધોરણ છે. કોઈ સિધ્ધાન્ત નહીં એ એનો સિદ્ધાન્ત છે. 'સબ હો જાયેગા, સબ મૈં કર દૂંગા' એ એની સહજ પદ્ધતિ છે.

એ કક્કાજી હમેશાં બૌદ્ધિકોને બુદ્ધુ બનાવે છે, બુદ્ધુ ગણે છે. એ હમેશાં આદર્શવાદીઓને ભાંડે છે. સિદ્ધાન્તપ્રિયોનો કાયમ ઠઠ્ઠો કરે છે. ધોરણોની ચિન્તા કરનારાઓને એ સીધા કરે છે. ગજાનનબાબુ વગેરે સત્તાલોલુપ રાજકારણીઓને એ આરામથી છેતરી શકે છે, મૂર્ખ બનાવી શકે છે. એ બળ નથી વાપરતો, કેમકે મૂળ આત્મબળ એની પાસે નથી. એ હમેશાં કળ વાપરે છે. એ કાયમ હસીને બોલે છે. કદી ગુસ્સે નથી થતો. બધા કક્કાજીઓનો જાતને અને પ્રજાને ઉપદેશ એ છે કે ઍટમોસ્ફીઅર સદા ફ્રેન્ડલી બનાવી રાખો. કેમકે એમને ડર રહે છે કે વિરોધની નાનીશી ચિનાગરી પણ બધું ભસમ કરી દેશે. કક્કાજી આખો દિવસ બધું કોઑર્ડિનેટ કર્યા કરે છે. જરા વિચારી તો જુઓ, કક્કાજી કેટલો મોટો કોઑર્ડિનેટર છે...! ફોનનો વધુમાં વધુ ને ભ્રષ્ટમાં ભ્રષ્ટ ઉપયોગ એને આવડે છે. આજે તો આખો દેશ કક્કાજી-સ્ટાઈલ કોઑર્ડિનેશનથી ને ટૅલિફોનનાં દોરડાંથી ચાલે છે- ના ચાલે તો વાંધો નહીં, તળે-ઉપર તો થાય જ છે!... એ મોટામાં મોટો વચેટિયો છે, મિડલ મૅન છે, પાવર બ્રોકર છે, કિક-બૅકર છે.

કક્કાજી હમેશાં ખાદી પહેરે છે. પણ ખાદીવાદી કે ગાંધીવાદીનું એમનામાં એકેય લખ્ખણ નથી. ઝભ્ભો-લેંઘો-બંડી બગલથેલો એમ લોકસેવકનો સ્વાંગ સજે છે. પણ જાતસેવા સિવાયનું એકેય કરતો નથી.

અરે એ તમારી સેવા કરતો હોય, મદદ કરતો હોય ત્યારે પણ પોતાની જ મદદ કરતો હોય છે ! એના દરેક કામમાં એના જ હિસ્સાની ગણતરી હોય છે. એણે ગોઠવેલો કોઈપણ કાર્યક્રમ ગણતરીના ઊંડા પ્રભાવ હેઠળ હોય છે. ઊંડો પ્રભાવ એટલા માટે, કે ગણતરીને એ દેખાવા દેતો નથી. સોદાબાજી કરવી, મલાઈ હમેશાં પોતે લઈ લેવી, હિસ્સો હમેશાં લેવો ને મોટો લેવો -લાયન્સ શૅર- એ કક્કાજીનો રોજિંદો વ્યવસાય છે.

કક્કાજી પ્રધાન નથી પણ પ્રધાનકર્તા છે, કિન્ગ નથી, પણ કિન્ગમેકર છે. એ આપણા જમાનાનો ડાહ્યામાં ડાહ્યો માણસ છે, કેમકે એ હમેશાં ફાવ્યો છે - ફાવ્યો તે ડાહ્યો ! ઓમ પુરીનો આ વિલક્ષણ અભિનય મને ગમે છે, છતાં એમાં અતિશયતા અને ચાડી ખાવાપણું છે. જ્યારે ગજાનનબાબુ તો અઠંગ રાજનેતા લાગે છે -યાદ પણ આવે છે કે એ શૈલ ચતુર્વેદી છે ? હું સફળ ઓમ પુરીને ચાહું છું. પણ સફળ કક્કાજીને તો ધિક્કારું છું... તમે ?

૨૯-૩-૧૯૮૯
૫-૪-૧૯૮૯

૩૨

# 'યક્ષપ્રશ્ન' અને 'હાથતાળી' વિશે

સસ્તા મૅસેજ આપીને સરકારને પટાવી લેનારી તેમજ લોકોના દિવસનો ઉત્તમોત્તમ સમય બગાડનારી છેતરામણી ટીવી-સીરિઅલો હવે વધવા માંડી છે. છતાં, કયાંક તો આશા પડે છે. અને તેથી એની નોંધ લેવી જ જોઈએ. હું આજે કેટલીક એવી સીરિઅલોનો ઉલ્લેખ કરવા માગું છું. કે જેથી કંઈ નહીં તો ગૉળ-ખૉળનો ભેદ પાડવામાં કે એવો ભેદ જોવામાં થોડીક મદદ મળે.

ગમે તેટલા રસપ્રદ ગોટલાને અમુક હદ પછી નથી ચૂસી શકાતો. 'માલગુડી ડેઝ' બાબતે એવું જ થયું. આર.કે.નારાયણ, અનન્ત નાગ કે શંકર નાગ જેવાં મોટાં નામો હોય તો પણ શું ? 'મિઠાઈવાલા' એમાંના પિતા-પુત્ર વચ્ચેના સંઘર્ષને કારણે જેટલું જામ્યું, એટલું મદારીવાળું ન જામ્યું, જંબૂરિયો મંજુ નાથ હતો તો પણ. નીવડેલાં નામો વડે બધી વખતે ચરી ખાવાનું સફળ નથી નીવડતું. જવાહરલાલના આ જન્મ-શતાબ્દી વર્ષમાં ભારતને નામે જવાહરલાલની બિનજરૂરી પ્રશસ્તિ ગાનારા ઘણા ભાટચારણો મેદાનમાં છે. છતાં એક પણ કાર્યક્રમમાં 'ભારત એક ખોજ'ની સચ્ચાઈ, પ્રામાણિકતા કે પરિશ્રમ નથી. 'ભારત એક છાપ' જોકે એવી જ આવકાર્ય સીરિઅલ છે. પુખ્ત વયના તમામ દર્શકોએ તેમજ વિદ્યાર્થીઓએ આ બંને સીરિઅલો અચૂક જોવી જોઈએ. એ બેની વચમાં આવતી સઈદ નકવીની 'મેરા ભારત'

ન જોઈ હોય તો ચાલે, કેમ કે એમાં એકતા-બન્ધુતાનો મૅસેજ સાવ જ ગોઠવી કાઢેલો હોય છે.

'મહાનગર'ની શરૂઆત સારી હતી, પણ પછી એ એક એવી મૅલોડ્રામેટિક વારતામાં ફસાઈ કે ન પૂછો વાત. એક ઍપિસોડમાં વિનોદ નાગપાલ રડતો રડતો ગાતો હતો ત્યારે મને તો સાચે જ ઉબકા આવતા હતા. પણ એ જ 'મહાનગર'માં ત્રણ મંગળવાર લગી 'યક્ષપ્રશ્ન' આવતાં ખૂબ જ સુખનો અનુભવ થયો. એનો નાયક સતીશ (શેખર કપૂર) કાર્યશક્તિ અને ધનલાલસાને વિશે લોલુપ યુવાન છે. પણ એ જ કારણોથી એના જીવનનો લય તૂટી જાય છે. દસ લાખ ડૉલરની સૂટકેસ માટેનાં એનાં ઝાંવાં છેવટે એને યક્ષપ્રશ્ન લગી લઈ જાય છે : ધન કે જિન્દગી ? પોતે બટન દબાવે એટલે દુનિયાના કોઈ ખૂણે કોઈ વ્યક્તિનું એક તરફ મોત થાય, પણ બીજી તરફ, યક્ષ (એ જ વિનોદ નાગપાલ) એને દસ લાખ ડૉલર મફતમાં આપી દે. સતીશ બટન દબાવે છે ને ડૉલર લઈ લે છે. પણ ચિત્તમાં સાથે, હલબલાવી મૂકતો ઝંઝાવાત નોંતરી બેસે છે. યક્ષનું કામ તો અનેક સતીશોને ડૉલર આપવાનું છે અને અનેક સતીશો બટન દબાવવાને તૈયાર થવાના છે. સંભવ છે કે કોઈ સતીશના બટન દબાવ્યાથી, આ ડૉલર મેળવી ચૂકેલા સતીશનું જ મોત થાય ! શેખર કપૂરે પોતાની અભિનય-પરમ્પરાથી નોંખા પડીને અભિનયનું એક અનોખું સ્તર દાખવ્યું, રિમા લાગુના સહ-અભિનયનો પણ મહિમા જણાયો. જો કે 'યક્ષપ્રશ્ન'ની સમગ્ર સફળતાનું રહસ્ય તો જયશ્રી થત્તે ભટની સ્ક્રિપ્ટમાં છે. મહાનગરના આવા સંકુલ પ્રાણપ્રશ્નો વિશે લખવું તે નવું નથી, એને ટીવી માટે વાયેબલ બનાવવું તે નવું છે.

પોતાની અનેક આઈટેમો માટે વખોડાતું રહેતું અમદાવાદ-દૂરદર્શન છેલ્લાં કેટલાંક અઠવાડિયાંથી 'હાથતાળી' રજૂ કરી રહ્યું છે. 'હાથતાળી'નો મુખ્ય આશય, અલબત્ત મનોરંજનનો જ છે, પણ મનોરંજનની પદ્ધતિ અને કક્ષા એમાં અપ-ટુ-ધ-માર્ક રહ્યાં છે. ટીવી-સીરિઅલ આટલી આછી પણ ઓછી નહીં એવી ગમ્ભીરતા દાખવે, આટલાં સફાઈ, ખંત અને પ્રામાણિકતા દાખવે, તો હું માનું છું કે નભી શકે, ને વખત જતાં આવકાર્ય પણ નીવડે.

આઈ એમ સકસેના- વી આર સકસેનાવાળો ઍપિસોડ, મહેશ ચોરને પડકારવા મોનાના ઘરમાં ઘૂસી જાય છે તે ઍપિસોડ કે મોનાના

સ્વયંવરવાળો ઍપિસોડ ખરેખર સુન્દર હતો. 'હાથતાળી'નાં મોટાભાગનાં કૉમ્પોઝિશન્સ સાફ છે, ગતિશીલ છે. કૅમેરા પણ શાર્પ રહીને ટૅલિન્ગ બન્યો છે કયાંક કયાંક. જો કે અરવિન્દ વૈદ્યના દિગ્દર્શનમાં કશી નવીનતા નથી, જેટલી એમના અભિનયમાં છે. છતાં સૌથી ઉત્તમ અભિનય કર્યો છે ચેતન રાવલે નાયક મહેશના રોલમાં. મહેશ બનવા ચેતનને પોતાની સર્જકતાને ઢંઢોળવી પડી છે અને તેમાં એમને સફળતા મળી છે. જ્યારે એ જ ચેતન કે એ જ અરવિન્દ 'હુતોહુતી'માં ફિક્કા અને સપાટ લાગ્યા છે. એકના એક જ કલાકારોમાં રહેલી શકિત-મર્યાદાઓ આ સમાન્તર ચાલતી બે સીરિઅલોમાં સ્પષ્ટ જોઈ શકાય છે. 'હુતોહુતી'માં નાની અમથી વાત માટે મોટો ફુલારો કરાય છે, જ્યારે 'હાથતાળી'માં દરેક નાની વાતથી સમગ્ર મોટી વાત સૌની અજાણતામાં બની આવે છે. 'હુતોહુતી'વાળાં પાત્રો કરાંજી-કરાંજીને, ચીતળી ચડે તેમ ગાંગરી-ગાંગરીને કે ઘાંટા પાડીને જે સિદ્ધ નથી કરી શકતાં, તે અહીં સ્થિર અને ધીર શૈલીના શૉટ્સ કે સંવાદોથી થાય છે. છતાં 'હુતોહુતી'માં એક આશ્વાસન જરૂર છે, અને તે રૂપા દીવેટિયાનો અભિનય.. રૂપા કેટલી મોટી કલાકાર નીવડી શકે એમ છે તેની તો જાણતલોને જ ખબર પડે એમ છે. આપણે ઈચ્છીએ કે વેડફાઈને એ ચીલાચાલુ અભિનેત્રી બની રહે એ પહેલાં, કોઈ શકિતશાળી દિગ્દર્શક એની ભરપૂર ક્ષમતાઓનું સુન્દર કલાપરિણામ દાખવી બતાવે.

જો કે 'હાથતાળી'ના બેઝમાં છે એના લેખક પરેશ નાયકની સ્ક્રિપ્ટ. નાટક-સિનેમા આજે ભલે દિગ્દર્શકનાં કહેવાતા હોય, પણ અનેક દૃષ્ટાન્તોમાં એમની સફળતાનો પાયો લેખકની સ્ક્રિપ્ટ હોય છે. પરેશ સારા અભિનેતા કરતાં સારા દિગ્દર્શક છે, પણ તેથી યે સારા આધુનિક શૈલીના વાર્તાકાર અને નવલકથાકાર છે. 'હાથતાળી'નો નાયક મહેશ એમનું માનસસન્તાન છે -એક એવો સમસામયિક યુવાન કે જે પૂરો પ્રામાણિક નિર્દોષ સહજ અને સાચદિલ હોવા છતાં નિષ્ફળ રહ્યો છે. એવી વ્યકિત કે જેની સાથે વારંવાર "આવું" બને છે ! મહેશ-સમેત પરેશનો પણ એ જ પ્રશ્ન છે કે "મારી સાથે જ" આવું કેમ બને છે ! દરેક દર્શકને પણ થાય છે કે મહેશને થાય છે તેવું પોતાને પણ થાય છે. પોતાના ભાગમાં પણ વારંવાર "એવું જ" બને છે. મહેશ દ્વારા દર્શકોના મનોજગતમાં, એવા જાણીતા છતાં અજાણ્યા ભાગ સાથે સધાતું સન્ધાન-અનુસન્ધાન તે 'હાથતાળી'ની સિદ્ધિ છે. અલબત્ત, પરેશે એક સમજુ અને ડાહ્યા આધુનિક લેખે સ્ક્રિપ્ટને ઘણી બધી

રીતે સમધારણ રાખી છે, ઘણી ઘણી બાંધછોડો કરી છે, છતાં આ પ્રકારની વાયેબિલિટી સાધવામાં એમને પૂરી સફળતા મળી છે. આપણે આશા રાખીએ કે 'હાથતાળી'ના લેખક તેમજ અન્ય સર્જક કલાકારો હજી વધુ બોલ્ડ બને, સાહસિક બને -કેમકે લોકો હવે મહેશને ઓળખે છે ને જાણવાને આતુર છે કે "આ વખતે" મહેશને "કેવું" થાય છે...

ગૉળ-ખૉળના આ ભેદોમાં કંઈક આશા છે. દર્શકની દયા ખાઈને સસ્તું ફિસ્સું ભદ્દું ગંદુ મનોરંજન બેશરમ થઈને ટીવીમાં વેચી ખાવું ને જે મળે તે વહેંચી ખાવું એ કલા નથી જ, સંસ્કાર પણ નથી. 'યક્ષપ્રશ્ન' કે 'હાથતાળી' જેવી રચનાઓ એવા કમર્સિઅલ જન્કને ખાળી શકે, ડામી શકે. કેમ કે સારી કલાકૃતિ હમેશાં પોતાનો પ્રભાવ પાથરે જ છે નહીં તો, કલા કયારે કોને હાથતાળી આપી જાય તેની કશી આગાહી થઈ શકતી નથી. એ એવી મુશ્કેલ અને છટકિયાળ વસ્તુ છે.

૨૦-૭-૧૯૮૯
૧-૮-૧૯૮૯

૩૩

# ...IQ વાળાઓથી પણ ગાંધીજીનો અવાજ પરખાયો નહીં—

બે યુવાનો, વચ્ચે એક યુવતી, આ તરફ. બે યુવાનો, વચ્ચે એક યુવતી, બીજી તરફ. એ છયે છ, ભારતની યુવા પેઢીનાં, માની લો કે પ્રથમ પંક્તિનાં સરસ આશાસ્પદ બુદ્ધિમાનો છે. આ તરફની ટીમનું નામ 'સ્વદેશી'. આ તરફની ટીમનું નામ 'સ્વરાજ'. એમને સૌને એક સુન્દર ભાષણનો અંશ સંભળાવાયો અને કહેવામાં આવ્યું કે કયા રાષ્ટ્રીય નેતાનો આ અવાજ છે, આઈડૅન્ટિફાય... ઓળખી બતાવો. અવાજ હૃદયની ગુહામાંથી આવતો હોય એવો સાચકલો ઘેરો હતો. એમાં દર્દ હતું, ભરપૂર આસ્થા હતી, એની બાનીમાં ઑથેન્ટીસિટી એટલે કે અધિકૃતતા હતી. વાક્યો સરળ ટૂંકાં હતાં, શબ્દો પારદર્શી હતા. કશા ડિસ્ટર્બન્સ વગર અવાજ બિલકુલ સ્પષ્ટ સંભળાતો હતો. છતાં આ છમાંથી એક પણ બુદ્ધિમાનને પરખાયું નહીં કે એ અવાજ કોનો હતો.

એ અવાજ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનો હતો...

એ છ બુદ્ધિમાનો હતાં ટીવીસીરિઅલ 'ઈન્ડીઆક્વિઝ'ના ૨૪ જાન્યુઆરીના હપતામાં. અનેક અઘરા સવાલોના જવાબો તેઓ આમ તો ખુશીથી આપી શકતાં હતાં, પણ આ એમને ન આવડ્યું. જાણ્યું કે અરે

આ તો ગાંધીજીનો અવાજ હતો ત્યારે તેઓ પોતાના અજ્ઞાન પર કપાળે ટપલી મારીને હસતાં હતાં. કપાળ ટપારતાં હતાં એટલે માની શકાય કે એમને પોતાના એ અજ્ઞાનની શરમ હતી. આમેય ગાંધીજીનો અવાજ આ દેશમાં કોને સંભળાયો છે ? એને બહારથી કે અંદરથી ઓળખવાનો તો પ્રશ્ન જ ક્યાં છે ? ગાંધીજીના અવાજને ઓળખવાનું કઠિન છે એ તો ખરું જ, પણ એમના અવાજને ઓળખવાનું શી ખબર આપણને પરવડતું નથી. ઘણાને તો ગાંધીજી અપ્રસ્તુત અને તેથી બિનજરૂરી પણ લાગ્યા છે !

નહેરુ શતાબ્દી પર્વ નિમિત્તે દેશમાં અનેક તમાશાઓ પણ થયેલા. એમાંનો એક તમાશો તે બુધવારની આ ટીવી-સીરિઅલ, 'ઈન્ડીઆક્વિઝ', ટૂંકું નામ IQ. આ સીરિઅલ હજી ચાલુ છે. IQ એટલે ઈન્ટેલિજન્સ ક્વોશન્ટ, એટલે કે બુદ્ધિઆંક- શારીરિક ઉમ્મર અને માનસિક વિકાસની દૃષ્ટિથી ઉમ્મરનું પ્રમાણ. પરન્તુ આ સીરિઅલનો એવો કશો મનોવિજ્ઞાનપરક કે શિક્ષણપરક હેતુ નથી. એમાં તો ગુલામ અને સ્વતન્ત્ર ભારતની, કહો કે નહેરુકાળની મહત્તમ ઘટનાઓ અંગેની માહિતીચકાસણીનો આશય છે. એ દિશાની ક્વિઝ વડે રાષ્ટ્રજીવનને સ્પર્શતી આવશ્યક માહિતીનું પ્રસરણ-વિસ્તરણ કરી શકાય. આ કારણે 'ઈન્ડીઆક્વિઝ' મુખ્યત્વે રાજકારણવિષયક છે. એમાં સંસદીય બાબતો, વહીવટી બાબતો કે ન્યાયવિષયક બાબતોને પ્રાધાન્ય છે. છતાં એમાં રમતજગત, વિજ્ઞાન, સાહિત્ય, અન્ય લલિત કલાઓ વગેરેને પણ સ્થાન છે.

સિદ્ધાર્થ બસુ જેવા નીવડેલા ક્વિઝ-માસ્ટર વડે અને કોમલ જી.બી.સિંગ જેવી પ્રશસ્ત પર્ફૉર્મર વડે ચલાવાતી આ ક્વિઝમાં ઉત્તરો આપનારાં યુવક-યુવતીઓની પસંદગી ઘણા ઊંચા સ્તરની હોય છે. અગાઉના ક્વિઝ-કાર્યક્રમોમાં કૉલેજોનાં યુવક-યુવતીને બોલાવતા હતા, જ્યારે આમાં જુદાં જુદાં ક્ષેત્રની મોટે ભાગે બુદ્ધિશાળી, સુશિક્ષિત, દેશવિદેશનું અનુભવ-બળ પામેલી, ઘણી વાતે સફળ, મહત્ત્વાકાંક્ષી અને પરિશ્રમી વ્યક્તિઓને બોલાવાય છે. એમની આ ઊંચા સ્તરની પસંદગીનાં ધોરણો કે લેખાંજોખાં શાં હશે તે તો બહાર નથી આવ્યું. પણ આ ક્વિઝ એના આશય પરત્વે લગભગ નિષ્ફળ ગઈ છે. કેમ કે દર્શકોમાંના મોટા ભાગના લોકો 'અતિ ઊંચી' ક્વિઝમાં જોડાવાનું નાપસંદ કરે છે. ઘણા તો આ કારણે સગાસમ્બન્ધીઓને

મળવાનું, આ ટાઈમે, બુધવારે રાખે છે ! મનોરંજનાત્મક સીરિઅલોથી ટેવાયેલી જનતાને એ જ પ્રાઈમ ટાઈમમાં ક્વિઝ, અને તે ય આવી માથાંભારે બતાવવી એ દુરાચાર છે. નહેરુ વિશેનો અણગમો કે અપચો વધારવામાં આવી ચીજોએ રાજીવ-શાસનમાં નિશ્ચિત ભાગ ભજવેલો. પરન્તુ એઓશ્રી એવા તો ઈરવાડે કે રવાડે ચડેલા, કે ના પૂછો વાત !

આવા IQ વાળાઓથી પણ ગાંધીજીનો અવાજ પરખાયો નહીં - આ ઘટનાના દર્પણમાં રાષ્ટ્રનો બુદ્ધિઆંક જોવો હોય તો જરૂર જોવાય. આઝાદીના ચાર દાયકા જેવી મોટી ઉમ્મરે પહોંચ્યા પછી પણ ભારતીય રાષ્ટ્રની માનસિક વય જાણે વધી જ નથી, ખાસ કંઈ ખીલી નથી. નિર્મમ પરીક્ષા કરીએ તો જણાશે કે રાષ્ટ્રજીવનની વિકાસયાત્રામાંથી ગાંધીતત્ત્વની ક્રમે ક્રમે બાદબાકી થઈ રહી છે. આખી વાતમાં ગાંધીકાર્યક્રમને બહુ ઓછું સ્થાન છે, ગાંધીવિચારને એથી પણ ઓછું છે અને ગાંધીઅવાજને તો સાવ જ ઓછું. દેશના દરેક નાના-મોટા શહેરમાં ગાંધીમાર્ગ અને ગાંધીજીનું બાવલું જેવી સ્થૂળ ચીજો જરૂર જોવા મળશે. પણ બંને વસ્તુઓનો કશો લાજમલાજો પાળવાની પ્રજાની કે સરકારની કશી વૃત્તિ જોવા મળશે નહીં. ગાંધીમાર્ગે એટલે કે ગાંધીચીંધ્યા માર્ગે ચાલવાનો તો પ્રશ્ન જ અદ્ધર છે, પણ એ 'મુખ્ય'માં ગણાતો માર્ગ દરેક શહેરમાં કેટલો તો દરિદ્ર હોય છે તે તો અનુભવીઓ જ કહી શકે ! મોટા ભાગનાં ગાંધી-બાવલાં ગંદાં રખાય છે, અથવા ચોપાસની ગંદકી વચ્ચે હોય છે. ગાંધીજયંતી અને ગાંધીપુણ્યતિથિના બંને દિવસે રાજ્યસરકારો અને કેન્દ્ર સરકાર ગાંધી-ફીવરથી પિડાતી દીસે છે. બંને દિવસે નેતાઓ રાજઘાટ પર એમને શ્રદ્ધા-સુમન અર્પિત કરવાથી વિશેષ કરતા નથી. બહુ બહુ તો દેશમાં એ દિવસોએ આવડયાં-એવાં ભાષણોનાં નાનાંમોટાં માવઠાં થાય છે ખરાં. ગાંધીજીને 'યાદ કરવાની' એવી બધી કામચલાઉ, રેઢિયાળ અને લપટી લઢણો હજી ગઈ નથી. દૂરદર્શને પણ પોતાની પચીસ વર્ષની કારકિર્દીમાં રાષ્ટ્રપિતાની નિરન્તર યાદ અપાવે એવું નાનકડું કશું ઈનવેટિવ ફીચર શરૂ કરેલું નથી. એ સંજોગોમાં, પેલાં 'ઈન્ડીઆક્વિઝ'નાં બુદ્ધિધનો ગાંધીઅવાજને પારખી શકયાં નહીં એ ઘટનાને સહજ અને તેથી ક્ષમ્ય ગણવી જોઈએ.

હું માનું છું કે ગાંધીઅવાજને રજૂ કરતું કશુંક કાયમી ફીચર શરૂ કરવાનો પહેલો અધિકાર ગુજરાતનો છે, કહો કે અમદાવાદ-દૂરદર્શનનો છે.

## મીડિઆ-મૅસેજ

આકાશવાણી-અમદાવાદ પરથી દર શુક્રવારે સવારે 'ગાંધીવંદના' કાર્યક્રમ વરસો લગી સાંભળ્યાની યાદ ઘેરી છે. એટલા માટે, કે એમાં ગાંધીઅવાજ સંભળાવાતો હતો. હજી પણ એ કાર્યક્રમ ચાલુ હશે. અમદાવાદ-દૂરદર્શન એવું કંઈ શરૂ કરે, તો શરત એટલી છે કે એ ફીચર આકર્ષક અને કલાત્મક હોવું જોઈએ. ગ્રે, બ્લુ કે યલો બૅક્ગ્રાઉન્ડમાં સ્ક્રીન બ્લૅન્ક રાખીને માત્ર ગાંધીઅવાજ સંભળાવી શકાય. અથવા એવું કંઈક.

જો કે હાલ, અમદાવાદ-દૂરદર્શન ગુનાખોરો અને જાસૂસી છોકરીઓથી ઘેરાયેલું છે -આઈમીન, તકલાદી જાસૂસી સીરિઅલોથી ઘેરાયેલું છે. એ જાસૂસી હોવા છતાં એમાં ક્રાઈમ, હૉરર, ટૅરર કે મિસ્ટરી જેવું લગભગ કંઈ નથી. એમાં કાલું કાલું બોલતી રૂપાળી જાસૂસી છોકરીઓ ગુનેગારોને ગુજરાતીમાં ધમકાવે છે...! ત્યારે હસવું, રડવું કે ડરવું, એકેયની ગમ નથી પડતી. એવા મજાકિયા સંજોગોમાં આપણે ગાંધીઅવાજની પ્રતીક્ષા કરીએ, તે બરોબર છે ? સોનાનો બોલ પાણીમાં નાખવા જેવું નથી ?

૨૯-૧-૧૯૯૦
૬-૨-૧૯૯૦

## ૩૪

# 'મહાભારત' પૂરું થયું, શું મળ્યું ?

'મહાભારત' પૂરું થયું, શું મળ્યું ? પૂરાં ૯૩ અઠવાડિયાં ચાલેલો ટીવીનો લાંબો સફળ ખેલ પૂરો થયો પણ એનું ચોક્કસ ફળ શું ? કોને? એક વાત સ્પષ્ટ છે કે 'મહાભારત' સીરિઅલથી મિસ્ટર ચોપરાને ખાસ્સો, મોટા ઢગ જેવો ધનલાભ થયો છે. સાથે, દૂરદર્શન પણ અઢળક કમાયું છે. જાહેરાતો વડે ખેલમાં જાનૈયાંની જેમ જોડાયેલી સ્પૉન્સર-કમ્પનીઓ કેટલું ખાટી તે જુદી વાત છે, પણ રવિવારના એ પ્રાઈમ-ટાઈમમાં એમનાં ઉત્પાદનો લોકોનાં ધ્યાન પર બરાબર આવ્યાં છે. કહે છે રામાયણ, મહાભારત કે ભાગવત જેવા ગ્રન્થોના વાચન-શ્રવણથી ધર્મલાભ થાય છે. કહેવાય છે કે આપણા પ્રેમાનંદનું 'ઓખાહરણ' ચૈત્ર માસમાં વાંચીએ, તો આવેલો તાવ ચાલી જાય...!

૯૩ અઠવાડિયાંથી દૂરદર્શને પ્રસારિત કરેલા ટીવી-મહાભારતને જોવાથી ભારતીય પ્રજાને શું મળ્યું કે એનો કયો રોગ મટયો તે તો કોઈ નથી જાણતું. બાળકોને અને બાળમાનસ ધરાવતાં મોટેરાંઓને ચોપરાના આ વીસ ઈંચિયા મહાભારતથી પાંડવો-કૌરવોની થોડી ખબર પડી ખરી. અબુધ ઘરડાંઓ કૃષ્ણની પ્રતિકૃતિને જોઈ દર્શનલાભ પામ્યાં. કિશોર વયનાંઓનો હિન્દી-સિનેમાએ જગવેલો મારામારીનો ઢીસૂમ ઢીસૂમિયો રસ કુરુક્ષેત્રનાં

બનાવટી તીરકામઠાંના યુદ્ધથી ઠીકઠીક સંતોષાયો. દુર્યોધન ઉપરાન્ત મહાભારતમાં મજા પડે એવા ખલનાયકો ઓછા નથી.

આમ તો એ યુદ્ધકથા છે. એમાં ભાઈઓ-ભાઈઓ વચ્ચેના યુદ્ધની પૂરી પૂર્વભૂમિકા, અઢાર દિવસનું મહાયુદ્ધ, અને વળી યુદ્ધની પશ્ચાદ્વતી ઘટનાઓનો ધીંગો ત્રિસ્તરીય કથાપટ વહે છે. કથા કોને નથી ગમતી ? અને યુદ્ધની કથા તો સૌને ગમે છે. પરન્તુ 'મહાભારત' એક ખરેખરનું નોંધપાત્ર મહાકાવ્ય છે, એપિક છે, એ વાત ચોપરાસમેત સૌ વીસરી ગયાં ! એ ખરા મહાકાવ્યના ખરા જાણતલોને આ સોપ-ઓપેરા સ્ટાઈલની સસ્તી સીરિઅલ પૂરી થતાં, છૂટકારાનો આનન્દ જરૂર થવાનો. સરકારના મળતિયા વકીલો એમ કહેવાના કે ટીવીના મહાભારતે લોકશિક્ષણનું કામ કર્યું છે, દર રવિવારે પ્રજાને એક-હૃદય કરીને નેશનલ ઈન્ટીગ્રેશનને પોખ્યું છે. જો કે, પંજાબ કાશ્મીર કે તમિળનાડુમાં વરસોથી, મહિનાઓથી કે રોજે રોજ નિર્દોષોની હત્યાઓ થાય છે ને રાષ્ટ્રનું હૃદય રાતદિન ઘવાય છે તે શું સૂચવે છે એમ એમને કોઈ પૂછી શકે. ધર્મલાભ તો છેટો રહ્યો, આ ગાળા દરમ્યાન અન્ય અનેક કારણોસર પ્રજાના હિન્દુ અને અન્ય સૌ મોટા સમૂહોમાં ધર્મઝનૂન અને મિથ્યાધર્મવાદ વધ્યાં છે. પ્રજા પર ટીવીના મહાભારતની કશી પણ અસર નથી પડી. એણે બહુ બહુ તો લોકોને 'મહાભારત' જેવા મહાગ્રન્થમાં શું છે તેના જાડા સમાચાર આપ્યા છે અને ખાસ તો, ટીવીના બંધાણી બનાવ્યા છે. હવે પછી આવનારા રવિવારોએ કયા ભારતવાસીઓ 'મહાભારત'નું કેવું કેટલું સંવનન કરશે તે પૂછવું કે વિચારવું પણ હાસ્યાસ્પદ લાગે છે...!

ચોપરાનું એ મહાભારત પૂરું ગ્લૉસી અને કમર્સિઅલ ભાસ્યું છે. કોઈ પણ કલાકૃતિને પરખવાની એક ચાવી એ છે કે એમાંનું તમને કેટલું અને શું યાદ આવે છે તે વિચારી જુઓ. મને તો તીરકામઠાં અને ભદા યુનિફૉર્મ જેવાં સૌનાં એકસરખાં કપડાંનો ઝગમગાટ યાદ આવે છે. કૃષ્ણનું કુટીલ-સુન્દર સ્મિત કે દુર્યોધનનો વિવશ પણ બલિષ્ઠ ક્રોધ યાદ આવે છે ખરો, પણ બસ, પછી કંઈ નહીં. રાહી માસૂમ રઝાએ આ સીરિઅલમાં પોતાની સંવાદ-આલેખન-શકિતનો કસ કાઢયો એ ખરું, પણ એથી આખું મહાભારત સમગ્રતયા સંવાદબાજી બની ગયું. એ સંવાદોમાં અઢળક વાગ્મિતા છે અને કવિતા તો નામની છે.

પરિણામે, ઘટનાઓની સ્થૂળતા મૂળ મહાભારતની સૂક્ષ્મતા વગરની મોટે ભાગે ધમાચકડી બની ગયેલી. ફિલસૂફી સૂત્રોચ્ચારોમાં નરી બોલકી બની ગયેલી. આખો વખત દુર્યોધન ગાંગર્યા કરતો હોય, યુધિષ્ઠિર વગેરે સમજાવ્યા કરતા હોય અને વડીલો ને ગુરુજનો સૌંને કર્તવ્યબોધ આપ્યા કરતા હોય એવી સામાન્ય છાપથી વિશેષ કશું ચોપરા નથી રચી શકયા. 'મહાભારત' એવી શણગારેલી જીભાજોડી નથી, એ એવું જાડું યુદ્ધ જ નથી, એ બહુ ગમ્ભીર અને ઊંડા અર્થનું ધર્મયુદ્ધ છે. ચોપરાજી એ ઊંડાણે પહોંચી નથી શકયા અને તેથી 'મહાભારત' વળી પાછો પડકાર બનીને ઊભું જ છે...

બાકી 'મહાભારત' નામની દૂઝણી ગાય પાસેથી કોણ નથી લાભ્યું ? અનેક કથાકારોએ અને મહારાજોએ એ ગાયને ઈચ્છા પડે ત્યારે, મરજીમાં આવે એમ, દોહવા-નીચોવવાનું કર્યું જ છે. અરે, ગુજરાતી નવલકથાકારો અને સાહિત્યકારો વસૂકી જાય ત્યારે, બાપડા, એને ચરણે બેસી આગવી શૈલીમાં કૌરવ-પાંડવોની આ કથા નવા રાગે ગગડાવે છે, મનગમતાં અર્થઘટનોના ઝીણા લેખો કાંતવા માંડે છે... મહાભારતની ખૂબી એ છે કે એ આવા તમામ રંજાડો સહેતું આવ્યું છે. એક 'લિવિન્ગ એપિક' તરીકે એ સૈકાઓથી ભારતીય પ્રજા વડે જિવાતું આવ્યું છે, જિવાતું રહેશે અને એ રીતે પોતાની મહાનતાને પુષ્ટ કરતું રહેશે... એટલે, ચોપરાએ મૂળ 'મહાભારત' જોડે કેટલી વફાદારી જાળવી તે, બીજી રીતે ખૂબ મહત્ત્વનો મુદ્દો આ સ્થાને મને ગૌણ લાગ્યો છે. કિંવદન્તી કહે છે તેમ, શરૂમાં આ નાનું 'જય' નામનું કાવ્ય હતું, પછી 'ભારત' અને છેલ્લે 'મહાભારત' થયું- વ્યાસે તો મોટેભાગે એનું પુનર્ગઠન કર્યું છે. આ વીગત એમ સૂચવે છે કે મૂળ 'મહાભારત'માં પણ સૈકાઓ દરમ્યાન અનેકો પ્રક્ષેપો, પાઠાન્તરો, ઉમેરણો, બાદબાકીઓ કે સુધારા થતાં રહ્યાં છે. સમયને અવાજરૂપે નૅરેટર બનાવીને, આ સંદર્ભમાં ચોપરાએ પોતાની માધ્યમસૂઝનો અચ્છો પરિચય આપ્યો એ એક જમાપાસું જરૂર નોંધવું જોઈએ. એ અવાજ માટે થયેલી હરીશ ભીમાણીની પસંદગી પણ એવી જ સૂચક રહી.

ટીવીના આ મહાભારતમાં સૌથી સુન્દર પાત્ર મને દુર્યોધનનું લાગ્યું છે, એ પછી આવે ભીષ્મ, અને એ પછી કૃષ્ણ. આ ત્રણેય પાત્રોનું આલેખન બહુશઃ મૂળનાં પાત્રોની ઊંચી કક્ષાનું રહ્યું. એના અભિનેતાઓ

અનુક્રમે પુનિત ઈસ્સર, મુકેશ ખન્ના અને નીતીશ ભારદ્વાજે એ આલેખનને પોતાના ઉચિત અભિનય વડે પૂર્ણ કરી બતાવ્યું. સંભવ છે કે આ ત્રણ વિના ચોપરાનું મહાભારત હિન્દી-સિનેમાની ચાલુ 'ધાર્મિક ફિલ્મ' બની ગયું હોત. આ જ ધોરણે કહું કે દ્રૌપદીનું પાત્રાલેખન મને સૌથી કમજોર લાગ્યું છે, એનું મૂળનું દીપ્તિમય વ્યકિતત્વ અહીં ખાસ નીખર્યું નહીં. એવું જ યુધિષ્ઠિર, અર્જુન અને કર્ણનું થયું. યુધિષ્ઠિરની ધર્મરાજ-પ્રતિભા જોઈએ એવી ઊપસી શકી નહીં. અર્જુન પણ ઘણો દબાયેલો લાગ્યો, તો કર્ણના વ્યકિતત્વમાં પડેલી દ્વન્દ્વાત્મક સંકુલતાઓ પૂરી બહાર ના આવી. કુન્તી માટે પસંદ થયેલી અભિનેત્રી નાઝનીન બરાબર લાગતી રહી, પણ ગાંધારી, રેણુકા ઈસરાની, ધીમેધીમે સ્ટીરિયોટાઈપ બનતી ગઈ. જોવા જઈએ તો, આખું 'મહાભારત' છેલ્લે છેલ્લે તો રેઢિયાળ અને ઢાંચાબદ્ધ થઈ ગયેલું. સારું થયું એ પૂરું થયું. બાકી ચોપરાએ સ્વર્ગારોહણ જેવો અતિ રસપ્રદ વિભાગ વિસ્તારવાને બદલે લગભગ છોડી દીધો છે તે ખોટું થયું છે, ખરેખર તો એમાં, સૌની કસોટી હતી. એટલેય જોકે સારું થયું.

મૂળનું 'મહાભારત' ખાસ તો એમાંની 'ભગવદ્ગીતા'ને કારણે 'પાંચમો વેદ' ગણાય છે. એ ભાગનું ટીવીકરણ દેખીતી રીતે જ ચોપરાને ફાવ્યું નહોતું. પ્રસંગની ભવ્યતા અને ગરિમા પ્રગટાવવામાં એ નિષ્ફળ ગયેલા. ગીતાના ગોખેલા શ્લોકો બોલી જતા કૃષ્ણ કૃષ્ણ નહોતા લાગતા, નીતીશ ભારદ્વાજ લાગતા'તા. ત્યારે અર્જુન પણ બકરી જેવો, વધારે પડતો મીક -વિનીત- લાગતો'તો. પ્રસંગનું અવધારણ આવું જડબેસલાક અને યન્ત્રજડ થવાને બદલે બીજી રીતે થયું હોત તો ઠીક રહેત.

મહાભારતકથા આમ તો પ્રેમ વિરુદ્ધ કર્તવ્યની, અન્યાય વિરુદ્ધ ન્યાયની, અધર્મ વિરુદ્ધ ધર્મસંસ્થાપનાની કથા છે. ત્યારે કશી કુટુમ્બ રાજ્ય યુદ્ધ વગેરે વ્યવસ્થાઓ એના આદર્શરૂપમાં સ્થપાઈ નહોતી, સ્થપાઈ રહી'તી. એ કાજેનાં ધર્મ અને નીતિ સમાજમાં રસાઈ જઈને થાળે નહોતાં પડયાં. 'મહાભારત' લખીને વ્યાસજીએ કદાચ એનાં શોધસંશોધનનો બલિષ્ઠ ઉપક્રમ માંડેલો. પણ પોતે કવિ ય હતા, તેથી એમ કરવા જતાં સાથે મનુષ્યનેય શોધી સંશોધી શકયા, કહો કે એના અસ્તિત્વની પૂરી ભાતમાં એને બરાબર પામ્યા અને તેથી તો, એમની છેવટની પ્રતીતિ બંધાઈ કે 'મનુષ્યથી વધારે શ્રેષ્ઠ અહીં કોઈ નથી...'

બાકી કથા બે ધરી પર ફરે છે : પહેલી ધરી વૈયક્તિકની છે અમે એનું ફલક કુટુમ્બ છે. જોકે 'મહાભારત'માંના કોઈ કુટુમ્બસભ્યનાં મૂળકુળ તપાસવા જેવાં નથી. પણ એટલે જ કદાચ ત્યાં અનર્ગળ અપત્ય સ્નેહ છે, સન્તાનવાત્સલ્ય છે. સાથે ત્યાં માતતાતને વિશેનો પૂજ્ય ભાવ છે, આદર છે, સત્કાર છે. અહીં એટલે જ પરમ ભ્રાતૃભાવ હોવો જોઈએ, પણ નથી. બલકે ઉત્તરોત્તર વધતાં દ્વેષ અને વૈર છે. આ ત્રુટિ પૂરવાને અહીં મામકાઓની નહીં, પણ સ્વજનોની કશી આદર્શ કુટુમ્બધર્મવ્યવસ્થાની શોધ છે. એ સિદ્ધ ન થતાં એને માટેનું અહીં અનિવાર્ય યુદ્ધ છે. માટે એ ધર્મ-યુદ્ધ છે.

બીજી ધરી નિર્વૈયક્તિકની છે અને એનું ફલક રાજ્ય છે. અને તેથી ત્યાં પ્રજા પણ છે. રાજ્યની રક્ષા થાય તો પ્રજાની થાય. અથવા પ્રજાની રક્ષા માટે રાજ્યની રક્ષા થાય. આ રક્ષા તે શાસકોનો ધર્મ છે અને તે સિદ્ધ ન થતાં એને માટેનું યુદ્ધ અનિવાર્ય છે. માટે એ પણ ધર્મ-યુદ્ધ છે.

બંને ધર્મયુદ્ધ છે, માટે જુદાં નથી, પણ કથામાં બીજું સિદ્ધ કરવા જતાં પહેલું ભયમાં આવી પડે છે. વૈયક્તિક હિતો નિર્વૈયક્તિકની સામે આવી જાય છે. મૂલ્યબોધ ડ્હોળાઈ જાય છે. બન્ધુઓ અને ગુરુજનો આતતાયીઓ ભાસે તો પણ તેમને હણવાનું મુશ્કેલ એટલે કે અસંભવ લાગે છે. અર્જુન આ અસંભવની મૂર્તિ છે, પણ કૃષ્ણ એ અસંભવને સંભવમાં બદલનારી મોટી પ્રેરણામૂર્તિ છે. ધર્મસંસ્થાપનાનું પોતે કરવાનું કામ 'મહાભારત'માં ભગવાને માણસ પાસે કરાવીને પોતાનો તેમજ મનુષ્યનો બેવડો મહિમા સિદ્ધ કર્યો છે. આતતાયીઓનો ધર્મસંસ્થાપનાર્થે નાશ તે પરમ કર્તવ્ય છે. આ સમજાય, પછી થાય જ. અને થાય એટલે કોરું કર્તવ્ય ન લાગે, ધર્મ્ય કર્મ લાગે. એમાં વળી ગીતાકથિત 'નિષ્કામ' ભળે, તો જીવનધર્મ તરત લાધે. પછી જીવન્મુક્ત થવાનું જુદું બાકી ન રહે, જીવન પોતે જ મુક્તિ હોય... જયાજય વિનાની નિર્વિકલ્પ મુક્તિ...નરી મુક્તિ...

'મહાભારત'ની વાર્તાને અન્ત છે, પણ એની વાત અનન્ત છે. એની ટીવી-સીરિઅલને અન્ત છે, પણ એની મર્મશ્રેણી અનન્ત છે. જ્યાં જ્યાં મનુષ્ય છે ત્યાં ત્યાં મહાભારત છે, જ્યારે જ્યારે મનુષ્ય હશે ત્યારે ત્યારે મહાભારત હશે. આપણે તો એમાંથી નાનો ખોબલો જ ભરી શકીએ...

૩-૭-૧૯૯૦
૧૦-૭-૧૯૯૦

૩૫

# દૂરદર્શન પર સામન્થા ફૉક્સ ! !

માર્ચના ઉત્તરાર્ધમાં દૂરદર્શને એક બહાદુરીનું કામ કર્યું -અને તે પશ્ચિમની ઍન્ટરટેઈન્મેન્ટ-સિમ્બલ સામન્થા ફૉક્સને રજૂ કરવાનું ! દૂરદર્શન પર સામન્થા ફૉક્સ ! ! અજબ જેવું કહેવાય. બે હપતે રજૂ થયેલા આ કાર્યક્રમનું શીર્ષક પણ સામન્થા ફૉક્સના જેવું જ રસપ્રદ હતું : 'ટચ મી, સેઝ સામન્થા'. તમે જો 'સામન્થા'ને બદલે 'સમેન્થા' કે 'સામેન્તહા' ઉચ્ચાર કરો, તો લન્ડનની આ ૨૪ જ વર્ષની વિશ્વખ્યાત પૉપ ડાન્સરને જાણે વધુ ન્યાયથી, ચાવથી વર્ણવી શકો. પૉપ આર્ટની દુનિયામાં સામન્થા જીવનસિદ્ધિનું રમણીય દૃષ્ટાન્ત છે. એની લોકપ્રિયતા પાછળ સાત-આઠ વર્ષની કપરી સાધના છે, પાંચેક વર્ષની ભરી-ભરી સાર્થક કારકિર્દી છે.

આમ તો તાળી પાડવામાં ય સુસ્ત અને કમજોર પુરવાર થયેલી આપણી પ્રજા આ રમણીના ઈશારે ઊભાં-ઊભાં નાચે ને બંને હાથ ઊંચા-ઊંચા કરીને તાલ-તાળીએ ઝૂમે તેમાં કંઈક રહસ્ય તો હોવું જ જોઈએ. પૉપ મ્યુઝિક 'પૉપ' નીવડે અને પ્રજા વડે 'ખરેખર કન્ઝયુમ' થાય એ જ એનું સાર્થક્ય. એમાં કલા સિવાયનાં કારણો તો હોય જ છે, કલા સાથેનાં કે કલા ઉપરાન્તનાં પણ હોય છે. સામન્થામાં કલા સાથેનું કે ઉપરાન્તનું ઘણું છે. કહે છે કે ગયા ડિસેમ્બરના દિલ્લીના શોમાં ૫૦ હજાર પ્રેક્ષકો હતા. બધા સામન્થા-ઉત્સવમાં જોડાયા હતા, કડકડતી ટાઢ ને બાકીનું બીજું

બધું ય ભૂલીને.

'ટચ મી, સેઝ સામન્થા' ખરેખર એક ગરમ ઉત્તેજક પણ કલાસભર કાર્યક્રમ હતો. પ્રારમ્ભનાં બેત્રણ ગીતો સુધી નહીંવત્ અધોવસ્ત્ર સાથે નાચતી સામન્થા કશી અલાબલા ભાસતી હતી. મને ખબર નથી કે વસ્ત્રો બનાવનારી કમ્પની વિમલ-રિલાયન્સનો આવો જલદ કાર્યક્રમ સ્પૉન્સર કરવાનો પરવાનો ગણાય, હક્ક ગણાય, કે પછી એ એની ફરજ ગણાય ? આવું બધું વેસ્ટર્ન હૉટ-હૉટ સ્પૉન્સર કરવાનો રિલાયન્સે જો કે પોતાનો જાણે ઈજારો ઊભો કર્યો છે. નારંગ ઍન્ટરપ્રાઈઝના આ કાર્યક્રમનું ઍડિટિન્ગ વિષ્ણુ મલ્હોત્રાનું છે, અસરાર શમ્શી અને 'વ્યાસે' એનું કમ્પાઈલેશન કર્યું છે. ઈન્ટ્રોડયુસર હતા, મારી ભૂલ ન થતી હોય તો સુભાષ ઘાઈ. લગભગ વાંકા અને ત્રાંસા વળી જઈને એઓશ્રી, 'તમારે માટે અમેરિકા જઈને લઈ આવ્યો છું, ડિન્ગ ડૉન્ગ બેબી સિન્ગ અ સૉન્ગ, કમ ઑન' કમ ઑન જેવાં વચનો વડે બધું ઉઘલાવતા હતા... બિચારા ઘાંઘા જેવા લાગતા'તા...

ને સામન્થા આવી. સૌ જોઈને એ નગ્નાંગનાને ચોક્કસ ચકરાઈ ગયા હશે -કેમકે નાભિ નીચે એણે લગભગ કશું જ પહેર્યું નહોતું એમ કહીએ તો ચાલે. બ્રાલેસ એ બ્યૂટી નિર્મુક્ત નાચતી ગાતી હતી. સ્પષ્ટતા કરતાં કહેવું જોઈએ કે નીચે લંગોટી જેવું કપડું હતું તો ખરું. યોનિપ્રદેશે એણે, અક્ષરશઃ ઓછામાં ઓછું, અરધા વૅતનું આભૂષણ પહેર્યું હતું. બાકીના સમગ્ર પગ પર ચામડી સરસું મેકઅપ હતું કે ચપોચપનું એક પણ સળ વિનાનું કશું અતિ બારીક વસ્ત્ર તે તો આ વિષયના નિષ્ણાતો જ કહી શકે. સામન્થાની કલાસિદ્ધિની શરૂઆત એના ગાલે ખંજન પડે છે ત્યાંથી કે એના મજબૂત સુડોળ શરીરસૌષ્ઠવથી થાય છે કે કેમ તે પણ એવો જ રસિક તપાસનો વિષય છે.

સામન્થાના શરીર પર કશું ફૉલ્સી નથી, બધું જૅન્યુઈન છે તેમ એની કલા પણ નકરી સાચકલી છે. એનાં ગીતોમાં સંગીત, નૃત્ય અને કવિતા એમ ત્રણ કલાઓનું એક ધીંગું રસાયન સિદ્ધ થયેલું છે. એ પર સામન્થાની આગવી પરફૉર્મિન્ગ સ્ટાઈલનો માર્કો છે. સામન્થા ફૉક્સ એક વૈયક્તિક ઉન્મેષ છે. જૂનાં-નવાં બધાં મળીને એણે સોળેક ગીતો રજૂ કર્યાં. એમાં મને સવિશેષ ગમ્યાં તે આ : સૌથી પહેલું રજૂ થયું તે, 'આઈ વૉન્ટ ટુ

ટેક યુ હોમ'; 'કમ ઑન બેબી'; 'ગેટ રેડી આઈ પ્રોમિસ યુ'; અને બે વાર રજૂ થયું તે 'આહ, ટચ મી નાઉ, આઈ વૉન્ટ ટુ ફીલ યોર બૉડી'. અલબત્ત 'ટચ મી' એક ઉત્તમ ગીત છે, છતાં મારી દૃષ્ટિએ સર્વોત્તમ ગીત, સૉન્ગ ઓવ સૉરો, સૉન્ગ ઓવ કમ્પેશન છે. એ ગીત સામન્થાએ બે વર્ષ પર પોતાના બૉય-ફ્રૅન્ડની સ્મૃતિમાં રચેલું. સામન્થામાં કલાત્મક રજૂઆતનો ભારોભારનો કુદરતી લહેજો છે. એમાં આદિમ આવેગ છે. એની સૂરાવલિમાં કશું એથનિક છે અને ફોક પ્રકારનો જિવાયેલો એક સૂર પણ છે. સૉન્ગ ઓવ કમ્પેશન દર્દનું ગીત છે અને સામન્થાએ દર્દને વિશિષ્ટ આકાર આપ્યો છે. પછી તો એ દર્દ સામન્થાની સમગ્ર દૃષ્ટિમાં અનેક ઉન્માદી રૂપો પકડતું વીફર્યું છે. એ આહ્કારાઓમાં, એ ઝાટકાઓમાં, એ બ્રેકસમાં ને એ આંચકાઓમાં એના સગડ મળી આવે છે. 'ટચ મી' વખતે ખબર પડે કે 'યુ આર સમ બડી એલ્સ' ત્યારે પણ દર્દનો એ જ સણકો લબકી જાય છે. ઍની વે, સામન્થા કલા દ્વારા આપી શકાતા આનન્દ માટે તો છે, મોજમસ્તી માટે પણ છે. એક કલાકાર તરીકેનું સામન્થાનું કમિટમેન્ટ શું છે જાણો છો ? એ કે દુનિયાની પ્રત્યેક વ્યક્તિને નકરો આનન્દ આપવો. એક કલાકાર આથી ઊંચો કયો સંકલ્પ સેવી શકે ?

દૂરદર્શન પર પૉપ મ્યુઝિકને એક આગવા કાર્યક્રમ રૂપે દાખલ કરનાર રાજીવ ગાંધી હતા. સૌને ત્યારે થોડી અકળામણ થયેલી. 'દેર રાત કી ફ઼િલ્મ' શરૂ થઈ ત્યારે પણ અમુક વર્ગમાં ચણભણ થયેલી. પણ પછી બધું રાગે પડી ગયેલું. 'સોલારિસ' જેવી ફ઼િલ્મ હિમ્મતપૂર્વક બતાવાઈ હતી. પરન્તુ તે પછીથી ક્રમે ક્રમે દૂરદર્શન રેઢિયાળ થવા માંડ્યું. પૉપ મ્યુઝિકનો એ વિશિષ્ટ કાર્યક્રમ થયો તે થયો, પછી કંઈ નહીં. 'દેર રાત કી ફ઼િલ્મ'માં દેર રાતે દેખાડવા જેવું જે જે હોય તે પર દૂરદર્શને કાતરો ચલાવી. છેલ્લા મહિનાઓથી તો એમાં મોટે ભાગે કલાસિકમાં ખપી ગયેલી બ્લૅક ઍન્ડ વ્હાઈટ જૂની ફ઼િલ્મોથી ચલાવી લેવાય છે. સામન્થા ફૉકસની રજૂઆત માટે, એટલે, દૂરદર્શને બહાદુરી બતાવી ગણાય. શી ખબર એવી બહાદુરીનું પ્રેરણાબળ એને કયાંથી મળ્યું હશે.

મને થયું સામન્થાની રજૂઆતે અમુકોને જરૂર ખળભળાવી મૂક્યા હશે. આપણે ત્યાં સાહિત્યમાં, ખાસ તો નાટક નવલના દાખલામાં અવારનવાર અશ્લીલ અને પૉર્નોગ્રાફિક જોનારા કેટલાક ડૉળઘાલુ પણ્ડિતો છે. મને થયું સામન્થાના પ્રસંગે સુરુચિના એ ઠેકેદારોના નાકનું ટેંચકું કેટલે ઊંચે ચડી

ગયું હશે. કે પછી આમાં તો કલા છે કલા છે એમ કહીને બચારાઓએ કૂકી લીધું હશે ? એવા ડબલ-સ્ટાન્ડર્ડ લોકો માટે સામન્થા એક દર્પણ બની શકે છે. જો કે બીજા અનેકોને માટે એ દર્પણરૂપ છે. 'ચિત્રહાર'ને મનોરંજન ગણતી આમ જનતા માટે, માંદાં પતંગિયાં જેવી આપણે ત્યાંની નવીસવી અભિનેત્રીઓ માટે, થોડાં જ વર્ષોમાં જાડીભમ્મ થઈ જતી આપણી નૃત્યાન્ગનાઓ માટે તેમજ શૅરન પ્રભાકર, શોભા જોષી, અલિશા કે ઉષા ઉથુપ જેવી ભારતીય પૉપ સિન્ગરો માટે.

મારા એક ઋજુ સ્વભાવના કુલીગે કહ્યું સુમનભાઈ, સામન્થા ફૉક્સ તો બહુ કહેવાય, આટલું બધું કેવી રીતે ચાલે...? મેં કહ્યું : આમાં તમારી ઉમ્મર જવાબદાર છે. એ ૬૦ની નજીક પહોંચવા આવ્યા છે, એમણે ઉમેર્યું : બધું બ્લુ ફિલ્મ જેવું લાગતું'તું. મેં, કે કદાચ એમણે ય, બ્લુ ફિલ્મ જોઈ નથી. જો આને બ્લુ ફિલ્મ ગણીએ, તો ખેરખરી બ્લુ ફિલ્મને શું ગણીએ...? ન જાને.

૧-૪-૧૯૯૧
૯-૪-૧૯૯૧

૩૬

# ટીવી માધ્યમના અપૂર્વ વિનિયોગ બદલ પ્રણય રૉય અને વિનોદ દુઆને સલામ

તમારી પાસે અંગત માલિકીની ટ્રેન હોય તો પણ દેશના નગર નગરમાં ને તેનાં સ્થળ સ્થળમાં ફરી રહેવાને ઘણો ઘણો સમય લાગે. અંદરના ભાગોમાં ફરવાને કાર જેવું વધારાનું વાહન પણ જોઈએ. અંગત માલિકીનું તમારી પાસે ધારો કે પ્લેન હોય તો ય શું ? સમય અને થાકમાં થોડો ઘટાડો કરી શકો ખરા. પણ આ મિનિટે અમદાવાદમાં ને પછીની મિનિટે કલકત્તા ને પાછા સૂરત ને પાંચમી-છટ્ઠી મિનિટે લખનૌ થઈ વડોદરા જઈ શકો ખરા ? અશક્ય. એવા પ્રચણ્ડ કૂદકા લગાવનારું પ્લેન હજી શોધાયું નથી.

પરન્તુ જો તમારી પાસે ટીવી હોય તો દેશ આખાને તમે તમારા ડ્રૉઈન્ગરૂમમાં ઉતારી શકો. બધાં નગરોમાં તમારે જવાનું નહીં, બધાં તમારે ત્યાં આવે. બધે શું ચાલ્યું હતું, શું ચાલે છે વગેરે જે જાણવું હોય તે જાણવાનું ટીવીથી સરળસૂતરું થઈ જાય. ટીવીના માધ્યમની મોટામાં મોટી ખૂબી જ આ છે કે જુદાં જુદાં સ્થળોને એ એક જ સમયપટ પર એકાચાર કરી શકે છે. વળી બધું ક્ષણોમાં થઈ શકે છે. એટલે કે તત્ક્ષણતા પણ એની એવી જ નોંધપાત્ર ખૂબી છે. ટીવીની લાક્ષણિકતા જ એ છે કે

સમયના કોઈ એક બિન્દુ પર એ સર્વદેશીય બની શકે છે. ટીવીનો ઉત્તમોત્તમ વિનિયોગ કે ઉપયોગ આ લાક્ષણિકતા સંદર્ભે જ હોઈ શકે.

સમયની એક જ ક્ષણે વિશ્વમાં સંખ્યાબંધ ઘટનાઓ ઘટે છે. સમયના જુદા જુદા ગાળાઓમાં જુદે જેદે સ્થળે જુદું જુદું બને છે. પરન્તુ સમયના કોઈ એક મર્યાદિત ગાળામાં જુદે જુદે સ્થળે ચૂંટણી જેવો કોઈ એક બનાવ બને તેવી વ્યાપ્ત ઘટનાઓ બહુ નથી હોતી. ચૂંટણી એવી રાષ્ટ્રવ્યાપી ઘટના છે. એ ઘટે છે જુદે જુદે સ્થળે, પણ તેનાં પરિણામો એકત્ર થઈને કોઈ એક ચિત્ર ઉપસાવે છે. એ ચિત્ર રાષ્ટ્ર સંદર્ભે અતિ મહત્ત્વનું હોય છે, કેમ કે રાષ્ટ્રની આગેકૂચનો એ પરથી બળુકો અંદાજ આવે છે. એટલે એ માટે ઉમેદવારો, મતદારો અને નાગરિકો સૌ આતુર અને ઉત્કણ્ઠ હોય છે. એવી આતુરતાને સૌથી જલ્દી અને સૌથી પ્રભાવક રીતે ધરવી શકનારું માધ્યમ ટીવી છે.

દેશમાં ટીવી રંગીન બન્યો તે પછી ચૂંટણીઓમાં તેનો વિનિયોગ થવાનું ઉત્તરોત્તર વધ્યું છે. ઉત્તરોત્તર એનો એવો ઉપયોગ વધુ ને વધુ પ્રભાવક, લાક્ષણિક અને તુલનાએ પરિણામદાયી નીવડયો છે. ૧૯૯૧ની તાજેતરની ચૂંટણીઓનાં પરિણામો માટે પ્રણય રૉય અને વિનોદ દુઆએ આ માધ્યમનો અપૂર્વ વિનિયોગ કરી દાખવ્યો ને તે બદલ બંનેને સલામ ઘટે છે. અપૂર્વ એટલા માટે કે આ વખતનું નેટવર્ક વ્યક્તિઓ, સ્થળો અને ચર્ચાઓના ત્રણેય સ્તરે મહત્ત્વાકાંક્ષી હતું અને મહત્ત્વાકાંક્ષા પાર પાડવામાં પૂરી સફળતા મળી હતી. અલબત્ત આખો કાર્યક્રમ દૂરદર્શનના સહયોગથી થયો, સરકારી તન્ત્ર, સાધન-સામગ્રી વગેરેની મદદથી થયો, એક કરોડના ખર્ચે થયો, છતાં એની બધી ક્રૅડિટ આ બંને મીડિયા-મેનને ફાળે જાય છે.

પ્રણય અને વિનોદ બંનેને દેશના ઉત્તમ ચૂંટણીપરિણામનિષ્ણાતો કહેવામાં કશી અતિશયોક્તિ નથી. એઓ આમાંથી કેટલા લાખ ખાટી જશે, ખર્ચાળ ચૂંટણીઓ તો ખરી જ પણ આવું ઘરખમ પરિણામપ્રસારણ અને વિશ્લેષણ શું કરવા, વગેરે ચીલાચાલુ ટીકાઓ કરવાને બદલે આપણે સૌએ આવા કાર્યક્રમોની ઉપકારકતાઓ તપાસવી જોઈએ. એટલું જ નહીં, ટીવીના આવા કાર્યક્રમોની ઉપકારક સમીક્ષા કરીને પ્રેસનું માધ્યમ પોતાની એવી આવશ્યક ફરજ બજાવી શકે, તો ટીવી-પ્રેસની ક્રિયાપ્રતિક્રિયાત્મક ભાત ઊપસે અને દિવસે દિવસે વિકસે. મીડિયાની ધમાચકડીના જમાનામાં દરેકે

પોતાની ભૂમિકા શોધી લેવાની હોય છે અને તેને ખન્તતન્તપૂર્વક વળગી રહેવાનું હોય છે. બાકી માધ્યમો આપણને આપણી જાણ બહાર ભરખી જતાં હોય છે, શકિતહીન કરી મૂકતાં હોય છે.

આ છપાઈને વંચાતું હશે ત્યારે દેશમાં નવી લોકસભા સ્થપાઈ ગઈ હશે, નવા વડાપ્રધાન, નવું પ્રધાનમંડળ વગેરે નવરચનાઓ થઈ ચૂકી હશે. એટલે પ્રણય-વિનોદના આ કાર્યક્રમે પ્રસરાવેલી રાજકીય આકાંક્ષાઓની કે તેવી આગાહીઓની સમીક્ષા કરવાનો કશો મતલબ નથી. નોંધવા સરખું તો આ છે કે બંનેએ આપણા ટોચના લગભગ તમામ રાજનેતાઓને ઠીક ઠીક તાવ્યા અને સતાવ્યા. બહુ તાતા સવાલો પૂછ્યા, ખોતરી-ખોતરીને પૂછ્યા, નિઃસંકોચ પૂછ્યા, કયારેક તો શરમ મેલીને ય પૂછ્યા. પ્રણયે અડવાણીને પૂછ્યું કે તમે વાઘની સવારી તો નથી કરી રહ્યાને...? હિન્દુ કાર્ડના મર્મમાં પૂછાયેલા આ સવાલનો જવાબ અડવાણીએ જોકે 'ના'માં આપ્યો હતો. વિનોદના ઘણા સીધા સવાલોએ ઘણાને મૂંઝવ્યા હતા. કૉંગીની આ ચૂંટણીમાં ઉપલબ્ધિ શી ? એમના એવા સવાલને નરસિંહરાવ સમજતા જ નહોતા ! સૌથી સુન્દર સવાલ તો આ હતો : તમે બધા કહો, કે નવી ચૂંટણીઓ હવે કયારે થવાની છે...? મને લાગે છે સ્ક્રીન પર અને આપણા સૌના ડ્રૉઈન્ગરૂમોમાં ત્યારે કરુણકટાક્ષની ધારવાળી હસાહસ હતી...! બધા સવાલોમાં આમ બૌદ્ધિક તેજ હતું, વજૂદ હતું, પ્રસ્તુતતા હતી. કાર્યક્રમની એ પ્રફેશનલ જરૂરિયાત માત્ર નહોતી, એમાં ખાસ્સી દાઝ હતી.

આ વાતના વ્યાપક સમર્થન માટે વાચકોને કહું કે વી.પી.સિંહ, મુરલી મનોહર જોશી, અડવાણી, ગોવિન્દાચાર્ય, નરસિંહરાવ, અજિતસિંહ, જ્યોતિ બસુ, શરદ પવાર, બાજપાઈ, પટનાયક, સુરજિત, સાલ્વે કે પ્રણવ જાંડેની પ્રશ્નોત્તરીઓ યાદ કરે. અલબત્ત ઘણાં ઘરોમાં આ મૂલ્યવાન કાર્યક્રમને સ્થાને સસ્તી ઘટિયા ફિલ્મો ચાલતી હતી - વીસીઆર અને ડિશ-ઍન્ટેનાની વ્યવસ્થાઓ દેશનું સારું સારું કેવું તો ચાતરે છે, આંતરે છે ! નિષ્ણાતોની પૅનલમાં અરુણ શૌરિને જોઈને આનન્દ થયેલો, પણ રાજ બબ્બર અને શત્રુઘ્ન સિંહાને જોઈને પ્રશ્ન થયેલો. એમને નિષ્ણાતો તરીકે કે રાજનેતાઓ તરીકે શી હેસિયતે બોલાવેલા ? જો કે જેને બે બોલ બોલવાના ય શારીરિક ફાંફાં હતાં તેવા વૃદ્ધ નામ્બુદ્રીપાદને આમાં સામેલ કરીને, પ્રશ્નો કરીને કે દેવીલાલ જેવા યોદ્ધાને તેમના પરાજય અંગે પૂછીને કે મુલાયમસિંહને

ટીવી માધ્યમના અપૂર્વ વિનિયોગ બદલ પ્રણય રૉય અને વિનોદ દુઆને સલામ

આરોપીના પાંજરામાં ખડા કરી દઈને કાર્યક્રમની સમતુલા બરાબર કરી લેવાઈ હતી.

સત્તા પર હોય ત્યારે રાજનેતાઓ સામાન્યપણે પૂછાપૂછીને ગણતા કે ગણકારતા નથી, ઉપલબ્ધ જ નથી હોતા ! વળી પક્ષના અને વિપક્ષનાઓને જોડે જોડે બેસાડવાનું તો આમ કદી બનતું નથી. વી.પી.ની બાજુમાં એમ.એમ. હોય એ શકયતા જ અકલ્પ્ય ! ચર્ચાઓ માટે અને ખરાખરી માટે રાજકારણીઓને પકડવાનો અને પડકારવાનો આ જ ઉત્તમ સમય ગણાય. ચૂંટણીનાં પરિણામ આવી રહ્યાં હોય એટલે માણસ નરમ હોય, વળી એનો અન્તરાત્મા થોડો જાગ્રત પણ હોય. એટલે જવાબો સત્યની નજીકના મળવાના સંભવો વધારે. જો કે મારે મન તો રાજનેતાઓ જોડે બુદ્ધિજીવીઓની આવી ટપાટપી અને દાઝભરી ખાંખાખોળી થાય તેનો જ મહિમા વિશેષ છે. કરુણતા એ છે કે આવા કાર્યક્રમો ચૂંટણી-પરિણામો પછી ભાગ્યે જ થાય છે. બાકી એ ‘જનવાણી’ કાર્યક્રમની, ટીવી-ખાતે, આજે તો સંગીન પરમ્પરા ઊભી થઈ ગઈ હોત અને આપણા રાજકીય વિત્તનું ઘણુંબધું પાત પ્રકાશિત થયું હોત. પરન્તુ જનવાણીને આમેય નષ્ટભ્રષ્ટ કરી લેવાય છે ત્યાં...!

પરિણામપ્રસારણ અને વિશ્લેષણના આ રસપ્રદ કાર્યક્રમમાં આટલાં વાનાં ઊપસી આવ્યાં હતાં : ૧. વળી પાછી હન્ગ પાર્લામૅન્ટના સંજોગ છે, ઠેરના ઠેર છીએ. ૨. બૉલ કૉંગીના કૉર્ટમાં છે. ૩. કૉંગીના વિજયને લગભગ સૌએ રાજીવહત્યાને કારણે પ્રગટેલી સહનુભૂતિ-લહરનું પરિણામ ગણ્યો છે. ૪. દેશમાં સબળ વિરોધપક્ષરૂપે ભાજપ અભૂતપૂર્વ પ્રગતિને પામ્યો છે. ૫. નેશનલ ગવર્મેન્ટ, ટુ-પાર્ટી સિસ્ટમ કે લઘુમતિ-સરકારના વિભાવો આ તબક્કે અપ્રસ્તુત છે. ૬. કોઅલિશન ગવર્મેન્ટ કરવી રહેશે ? ૭. કરવી રહેશે તો કેમ ? ૮. એની ભૂમિકામાં દેશના આર્થિક કટોકટી જેવા તીવ્ર ઈસ્યુઝ હશે કે સત્તાસુન્દરીને માટેની કામચલાઉ સાઠગાંઠો ? ૯. કશાપણ સહયોગ, સહકાર કે ટેકા માટે પોતાનું મન કૉંગીએ આપવું રહેશે, એટલે કે પ્રસ્તાવ એણે મૂકવો રહેશે.

આ વંચાતું હશે ત્યારે આમાંનું ઘણું બની ચૂક્યું હશે અને તેથી તેના તોલ બાંધવાનું વાચકો પર છોડું છું. અહીં એટલું ચોક્કસ નોંધી શકાય કે ભાજપ-નેતાઓએ જવાબો સ્પષ્ટ આપ્યા હતા, તેમાં તેમની નિખાલસ

આત્મશ્રદ્ધાનું વિત્ત હતું. એ નેતાઓ કૉંગીના બહુમતિ-વિજેતા-નેતાઓથી પણ વધારે ખુલ્લા હતા. લાગે છે કે આ ચૂંટણીઓએ કૉંગી, ભાજપ અને જનતા દળ જેવા બહુમતિને પામતા પક્ષોને આત્મનિરીક્ષણને માટેની ઘણી નવી જગ્યાઓ બતાવી છે. જોઈએ કોણ કેટલું જોઈ શકે છે.

એક વાત અમદાવાદ-દૂરદર્શનના કાનમાં કહેવા જેવી સૂઝે છે : નેશનલ-હૂક પરથી આટલું સારું ચૂંટણી-વિશ્લેષણ આવતું હોય ત્યારે આપણે અલગ શ્રમ ન લઈએ તો ચાલે, એથી આપણું ઘણું ઢાંકયું રહે...

૧૯-૬-૧૯૯૧
૨૫-૬-૧૯૯૧

# ૩૭

# પ્રચારભારતીથી પ્રસારભારતી તરફ જતાં

## (દૂરદર્શન સંદર્ભે)

વી.પી. સિંહની સરકાર દેવીલાલના સકંજામાંથી કે ચક્કરમાંથી છૂટી ને તરત અનામતના પ્રશ્નમાં ઝડપાઈ. દરમ્યાન એણે પ્રસારભારતી બિલ જેવું એક ઐતિહાસિક મૂલ્યનું કામ કર્યું પણ એ હોબાળાને કારણે પ્રજાને તેની ખાસ કંઈ ખબર ન પડી. એ ધારાની જોગવાઈને કારણે દેશમાં હવે આકાશવાણી અને દૂરદર્શન સ્વાયત્ત થશે. 'સ્વાયત્ત'નો સાદો અર્થ એટલો કે સીધા સરકારી હસ્તક્ષેપ વિનાનું તન્ત્ર, પણ અલબત્ત સરકારસમ્મત વ્યક્તિઓના એક નિગમથી ચાલનારું. આમ જોવા જઈએ તો વાતમાં ઝાઝો કશો ફેર નથી પડતો.

પણ સ્વાયત્તતાનો આદર્શ લાભ લેવાય તો વાતમાં ઘણો ફેર પડી શકે છે. રેડિયો અને ટીવીનાં આ બંને માધ્યમો લોકશાહીનાં જતન અને રખોપાંને માટે ખૂબ મહત્ત્વનાં છે. એ કાં તો સરકારનું મોઢું બની શકે અને એની સિદ્ધિઓ-સફળતાઓનું રાતદિન ગાણું ગાયા કરે. સત્તાધારી પક્ષને કશા ખંચકાટ વગર ઉપસાવ્યા કરે ને વિરોધપક્ષોને પાછળ ધકેલ્યા કરે. એમ કરીને ખાસ તો ચૂંટણી-ટાણે પ્રચારનું આડકતરું સાધન બની રહે. સરકારના તાબામાં હોઈને એનો એવો દુરુપયોગ હમેશાં હાથવગો રહે.

રાજીવ સરકારે દૂરદર્શનનો એવો દુરુપયોગ કરેલો તે સુવિદિત છે -ઉપયોગમાં એઓશ્રી નિષ્ફળ ગયા તે જુદી વાત છે. બાકી સરકારી રૅડિયો અને ટીવી, બંને, લોકશાહીને ખીલવવાને બદલે ગૂંગળાવનારાં બને છે એ હકીકત છે. એ પ્રચારભારતી બની જાય છે.

એને સ્થાને સ્વાયત્ત હોય તો એ પ્રજાનું મુખ બની શકે અને નિત્ય લોકોની આશા-આકાંક્ષાઓને વાચા આપે. સરકારનાં કામોની જાહેરાત ભલે કરે, પણ તેની આવશ્યક સમીક્ષા પણ કરે. વિરોધને અને વિરોધપક્ષને ય જગ્યા આપે અને એમ પોતાની પુખ્તતાનો પરચો આપે. ટૂંકમાં, એ ખરા અર્થમાં પ્રસારભારતી બની રહે.

આ નવા ધારાને લીધે આપણે પ્રચારભારતીમાંથી પ્રસારભારતી તરફ જઈએ એવી દુર્લભ તક હવે સુલભ થઈ છે. એમ જતાં આપણે શું-શું કરવું જોઈશે તેની આ લેખમાં બે વાત માત્ર દૂરદર્શન સંદર્ભે કરવી છે.

રેડિયો તો હવે બહુ ઓછા લોકો સાંભળે છે. ને તેથી તેને વિશેની વાત તો કોણ સાંભળવાનું ? આ સવાલ મોટો છે અને જુદો પણ છે. આપણે ત્યાં ટીવીએ આવીને આપણી અનેક પ્રાયોરિટીઝને બદલી નાખી છે ને ખાસ તો રેડિયોને સ્થાનભ્રષ્ટ કર્યો છે. અત્યારે, સ્વાયત્ત થયા પહેલાં, પોતાનો કાયાકલ્પ કરી નવેસરનું સ્થાન ઊભું કરવાની રેડિયોને તક નથી એમ નથી, સ્વાયત્ત થયા પછી એ તકમાં ઘણો વધારો થઈ જશે. પણ ત્યારેય એને કોણ સાંભળવાનું એ મોટો સવાલ તો ઊભો જ રહેવાનો છે.

દેશમાં પાંચેક વર્ષ પર રંગીન ટીવી સૅટ થયો ત્યારે આ લખનારે 'ઝૂંપડાં-માથે ઍન્ટેના' નામની એક લેખમાળા કરેલી. એમાં ઝૂંપડાંની દશા ગઈ નથી ને માથે ટીવી ચડી બેઠો છે એવા ભાવની વાત હતી. હવે એ પાયાની પ્રાયોરિટી ભૂંસાઈ ગયાની બળાપાભરી વાત કરવાનો અર્થ નથી. દેશમાં સૅંકડો ટીવીસ્ટેશનો થઈ ગયાં છે અને કરોડો લોકો ટીવી જુએ છે. દેશને અને લોકોને આ ધન, શક્તિ અને સમયની ત્રિવિધ રીતે મોંઘું રમકડું શી રીતે પોસાય છે તેની અકળામણભરી વાત કરવાનો ય કોઈ અર્થ નથી. હવે ટીવી સૅટ થઈ ગયો છે અને આપણી વાસ્તવિકતાનો ભાગ બની ગયો છે. પરન્તુ છેલ્લાં પાંચ વર્ષમાં એણે પોતાનું કશું એવું ગજું કાઢ્યું નથી જેનાં તમે ભરપૂર ભાવે વખાણ કરી શકો. હા, ટીવી-સૅટ વધુ ને વધુ સારા, અદ્યતન અને આકર્ષક મળવા લાગ્યા છે, પણ સામે

ટીવી-કાર્યક્રમો ચીલાચાલુ અને રેઢિયાળ બની ગયા છે. સવિશેષ તો ભારતીય ટીવી, એટલે કે દૂરદર્શન પતનગામી બની ગયું છે અને તેને ઉગારી લેવાની ઘડી પાકી ગઈ છે. એ સ્વાયત્ત થવાનું જ છે હવે, તો એને જે મોટામાં મોટી તક સાંપડી છે તે આત્મસુધારની તક છે, જાતસુધારની તક છે. આ તક પણ જો ઍળે જશે, કે એનો લાભ નહીં લેવાય, તો કશી પણ સ્વાયત્તતાનો કોઈ અર્થ રહેશે નહીં -લોકોનો સ્વાયત્તતામાંથી જ વિશ્વાસ ઊઠી જશે.

છેલ્લાં પાંચ વર્ષમાં દૂરદર્શન એક વેપારીસંસ્થામાં રૂપાન્તર થઈ ગયું છે. પોતાની શકિતઓનો અધઝાઝરાં ઉપયોગ એ એક એજન્સી રૂપે કરતું થઈ ગયું છે. પહેલાં, શરૂમાં એને સરકારીકરણ આભડયું હતું હવે વેપારીકરણ પણ આભડયું છે. એટલે એમાં ઘર કરી ગયેલા ખાયકીના ભ્રષ્ટાચારની હવે કોઈ બૂમ નથી પાડતું, આખી ગેમની શરત ગણી લે છે.

પણ દૂરદર્શન વધારે ભ્રષ્ટ તો એના ધ્યેયને વિશે થયું છે. એનું પાયાનું કામ માહિતી પહોંચાડવાનું, સંસ્કારશિક્ષણ આપવાનું અને પ્રજાનું મનોરંજન કરવાનું એમ ત્રિપક્ષી છે. મનોરંજનનો ઘણો બધો માલસામાન એ હિન્દી સિનેમા પાસેથી તૈયાર સ્વરૂપમાં લઈને માત્ર વિતરક બની રહેવાનું કરે છે. અને એવા ધંધાના બદલામાં સરકારને નફો કરાવી આપવાનું જાણે મહા-ઉપયોગી કામ કરે છે. અત્યારે અઠવાડિયે ઓછામાં ઓછી પાંચ ફિલ્મ બતાવાય છે, બે ચિત્રહાર અને એક રંગોલી બતાવાય છે. આવું જ સીરિઅલો અંગે છે. એ પણ એને તૈયાર માલ રૂપે મળે છે અને એમાં પણ એની ભૂમિકા એક વિતરકની વિશેષ છે. આમ મનોરંજન પરત્વે દૂરદર્શન સરકાર માટે 'કમાઉ દીકરો' પુરવાર થયું છે, અને જોવાની ખૂબી એ છે કે કોઈને એમાં કશું ખોટું નથી લાગતું ! એવો દીકરો જેટલું વધુ કમાઈ આપે તેટલો વધુ વ્હાલો લાગે. એટલે કેમ વધુ કમાવાય અને કેમ વધુ વ્હાલા દેખાવાય તેની લ્હાયમાં દૂરદર્શન આપણે ત્યાં કશી મોટી માતબર રાષ્ટ્રીય પેઢી સ્વરૂપે વિકસ્યું છે. એ સંદર્ભમાં એનું 'મંડી હાઉસ' સરનામું સમુચિત લાગે છે.

સ્વાયત્ત દૂરદર્શને આવા મનોરંજનના વેપારમાંથી છૂટવું પડશે. તે માટે હિન્દી સિનેમાની નાગચૂડમાંથી મુકત થવું પડશે. મનોરંજનની એ હાલ કેટલી સામગ્રી જાતે તૈયાર કરે છે તે કોઈ જોતું નથી. બીજેથી મેળવેલી તૈયાર

વસ્તુઓને માત્ર ટૅલિકાસ્ટ કરવા માત્રમાં એની સમગ્ર મૂડી અને તમામ માનવશ્રમનો કેટલો બધો ખર્ચ થાય છે તે કોઈ વિચારતું નથી. એવો ખર્ચ વાસ્તવમાં કેટલો નફાકારક છે તે તો કોઈ અર્થશાસ્ત્રી કે આંકડાશાસ્ત્રી જ કહી શકે. સ્વાયત્ત દૂરદર્શને આ અતિ મોંઘા પરોપજીવીપણામાંથી પણ નીકળી જવું પડશે.

દેશના શિક્ષણવિષયક કાર્યક્રમોને આપણે નફા-નુકસાનની રીતે નથી ગોઠવ્યા. શિક્ષણમાં તો જેટલું ખરચીએ તેટલું ઓછું -એવું, નાણાંથી નિરપેક્ષ, ગુણવત્તાલક્ષી ધોરણ રાખ્યું છે. તો એવું જ દૂરદર્શન અંગે શા માટે નહીં ? એ પણ એક જાતનો પ્રજાશિક્ષણનો જ તરીકો છે. શિક્ષણને આપણે 'ખાતું ધન' કેમ ન ગણીએ ? જો કે હાલ એ ધન ખાતું તો છે જ એ શું ઓછું છે ?

ઓછું નથી, ખોટું છે...

૧૨-૯-૧૯૯૦
૧૮-૯-૧૯૯૦

## ૩૮

# સ્વાયત્ત દૂરદર્શન

ઈન્દિરાજીએ દેશમાં દૂરદર્શનને સ્થિર અને રંગીન બનાવ્યું. એને ખુશીથી રાષ્ટ્રની મોટી સિદ્ધિમાં મૂકી શકાય. રાજીવજીએ એ સ્થિર અને રંગીન સિદ્ધિને ખરા અર્થમાં વ્યાપક તો બનાવી, પણ એને આપવી જોઈતી ચોક્કસ ભૂમિકા ન આપી. ઍન્ટેનાને એમણે સાચી દિશામાં ને સાચા ઍન્ગલ પર ન ગોઠવ્યો, ઊલટું ટીવી કૅમેરાને સતત પોતા તરફ રાખ્યો. માતુશ્રીની એ મહત્ત્વાકાંક્ષા એમના વડે ક્રમે ક્રમે ઝાંખી પડવા લાગી. પરન્તુ વીપીસિંહજીએ દૂરદર્શનને સ્વાયત્ત બનાવીને ઐતિહાસિક મહત્તાનું મોટું ડગ ભર્યું અને એમ એક વધારે મોટી સિદ્ધિ અંકિત કરી.

લોકશાહીય ભારતમાં સ્વાયત્ત દૂરદર્શનનું મૂલ્ય કદાચ દૂરદર્શન-પ્રવેશથી પણ મોટું છે. હવે એ જોવું રહેશે કે એ મોટા અને અદકેરા મૂલ્યની સ્વાયત્ત દૂરદર્શન કેવી માવજત કરે છે. એટલે કે એણે હવે પોતે જ પોતાની માવજત-મરમ્મત કે સિફારશ-હિફાજત કરવી રહેશે. સ્વાયત્ત હોય તેણે સૌ પહેલાં તો જાતને વિશે જ જવાબદાર પુરવાર થવાનું હોય છે. સ્વાયત્ત દૂરદર્શને પહેલું એ કરવાનું છે.

છેલ્લાં પાંચ વર્ષમાં, શરૂમાં દૂરદર્શનનું સરકારીકરણ થયું. એટલે સરકારનો પ્રચાર કરતી સામગ્રી આવકાર્ય બની અને આકરી સમીક્ષા કરતી સામગ્રીને ફગાવી દેવાઈ. સરકારનાં અપકૃત્યોને આડકતરી રીતે પણ ખુલ્લાં

પાડતી ફિલ્મો કે સીરિઅલો કાં તો ડબ્બામાં પુરાયેલી રહી, અથવા તો એ પર કાતરો ચાલી. સરકારને આંખનો ડોળો બતાવતી કે કૂખે ચૂંટી ખણતી નાનકડી ટીકાટિપ્પણીઓને પણ આડેધડ ભૂંસી નખાઈ. બધું નેતાપરસ્ત અધિકારીઓના અંકુશ હેઠળ આવી ગયેલું અને સારી સારી સામગ્રી પર પણ એમની તવાઈ ઊતરેલી. એટલે જાહેર કર્યા અનુસારનાં ટૅલિકાસ્ટ છેલ્લી ઘડીએ બદલાઈ જતાં. આ વાતનાં બે સૌથી વધારે જાણીતાં દૃષ્ટાન્તોની હું વાચકોને માત્ર યાદ અપાવી દઉં. એક છે 'રાજીવ્ઝ ઈન્ડીયા' અને બીજું છે 'ન્યૂ ડેલી ટાઈમ્સ'. 'રાજીવ્ઝ ઈન્ડીઆ' અમેરિકન પત્રકાર જેક ઍન્ડરસનની ડૉક્યુમેન્ટરી સ્ટાઈલની ફિલ્મ હતી અને 'ન્યૂ ડેલી ટાઈમ્સ' રમેશ શર્માની ફીચર ફિલ્મ હતી. દૂરદર્શને બંને ફિલ્મોનાં ટૅલિકાસ્ટને છેલ્લી ઘડીએ કૅન્સલ કરેલાં.

આ સરકારીકરણ હવે ઓછું થયું છે જરૂર, પણ નિર્મૂળ થઈ ગયું છે એમ નહીં કહેવાય. સરકારીકરણ ઓછું થવાનું એક મોટું પરિબળ તે સીરિઅલો છે. સીરિઅલોની લોભામણી પૅટર્ન રાજીવશાસનમાં જ સૅટ થઈ. પેલા દેખાવે અંકુશવાદી પણ વાસ્તવમાં ખુશામતખોર અધિકારીઓને ધનકમાણીનો સીરિઅલોથી એક નવો જ રસ્તો મળી ગયો. એમણે પોતાનાં સત્તા, શકિત, બુદ્ધિ, ચતુરાઈ -બધું- સીરિઅલોમાં ઈન્વેસ્ટ કર્યું.

વળી સીરિઅલોમાં સૌને તડાકો પડે તેવું હતું. સ્પૉન્સર કમ્પનીઓ પાસેથી નિર્માતાને ખર્ચ જેટલાં, અથવા એ ઉપરાન્તનાં નાણાં આસાનીથી મળી રહે. બદલામાં કમ્પનીઓને દૂરદર્શન પર જાહેરાતોનો સર્વોત્તમ અવસર સાંપડે અને અભિનેતા-અભિનેત્રીઓને નાણાં ઉપરાન્ત ટીવીમાં પ્રવેશ મળે, અને એ આધારે, જતે દા'ડે સિનેમામાં પ્રવેશ મળે. એથી ઊલટું, સિનેમામાં ન ચાલેલાં બધાં, ટીવીસીરિઅલોમાં તો ખુશીથી નભી જાય. દૂરદર્શનને કમ્પનીઓ પાસેથી જાહેરખબરોની ઘણી જ ઘણી આવક થાય ને સરકારી તિજોરી ભરાય તે તો ઉઘાડું છે.

વળી સીરિઅલોમાં દૂરદર્શનને મોટું સુખ એ કે ટૅલિકાસ્ટ કરવા માટેનો આખો માલ તૈયાર મળે અને એટલે અધિકારીઓને એના નિર્માણ અંગેની લગીરેય ચિન્તા નહીં. એટલે રાજકારણીઓને નચિંત કર્યા પછી નિરાંતવે એમણે પોતાનું બધું ધ્યાન સીરિઅલોના મામલામાં રોકયું. આમાં હિન્દી સિનેમાની ફિલ્મોને પણ ઉમેરીને ચાલવાનું છે. આ બંને તૈયાર માલને

ટૅલિકાસ્ટ કરીને અધિકારીઓએ સારા વિતરક પુરવાર થવાથી વિશેષ કંઈ કરવાનું નહોતું. એમાં એમણે બુદ્ધિશકિત અને પોતાનાં સ્થાન-સત્તા બરાબ્બર દાખલ કર્યાં. 'બરાબ્બર' એ રીતે કે સરકારનું ય સચવાય ને નિર્માતાનું ય સચવાય, વળી બંનેનું સચવાતાં પોતાનું ય સચવાય. સરકારનું સાચવવામાં તો એટલું જ જોવાનું કે મબલખ જાહેરખબરો મળે, બિનસામ્પ્રદાયિકતાને અડે-નડે તેવું કશું ના ઘૂસ્યું હોય, પ્રજાની સરેરાશ નીતિ કે શ્રદ્ધાને ઉથલાવનારું કશું ના જોઈએ, વગેરે. નિર્માતાનું સાચવવામાં અધિકારીઓએ એવું ગોઠવી આપવાનું કે દૂરદર્શન એની સીરિઅલને ઝડપથી સ્વીકારી લે, વગર ખટપટે સ્ક્રિપ્ટ, પાયલોટ વગેરે સ્તરે બધું ઓકે થઈ જાય.

આમાં સીરિઅલોને રવિવારે કે 'ફ્રેશ'વાર સોમવારે મૂકવી, 'પ્રાઈમ ટાઈમ'માં મૂકવી, તેરથી વધુ હપતા આપવા, વગેરે અનેક "મહત્ત્વનાં' કામો આપોઆપ ઉમેરાયાં હતાં. દેખીતી રીતે જ, આ બધું કરી આપનારા અધિકારીઓ 'ખુશ થવા જોઈએ', 'ખુશ રહેવા જોઈએ'. પરિણામે દૂરદર્શનમાં પાંચ જ વર્ષના ટૂંકા ગાળામાં, પાંચથી છ આંકડાની મોટી રકમે 'ખુશ થવાનું' એટલે કે એવી સખત ખાયકીનું એક મોટું શાસ્ત્ર બની આવ્યું અને જોત જોતામાં મંડી હાઉસ લાંચરુશ્વતના દેશવ્યાપી મહારોગથી ખદબદવા લાગ્યું અને પછી એનો ચેપ એલપીટીવાળા સ્થાનિકોને પણ સ્વાભાવિક રીતે જ લાગ્યો. આજે આ રોગથી દૂરદર્શન કે તેનું એકેય કેન્દ્ર સાવ મુકત છે એમ નથી. સરકારો બદલાય કે ઢાંચાઓ સ્વાયત્ત બને, ખાયકી પોતાનો માર્ગ કરી જ લે છે. ઘણા તો એટલે લગી કહે છે કે સરકારના કોઈપણ ખાઈ-બદેલા ખાતા કરતાં આ બાબતે દૂરદર્શન ચડિયાતું છે. 'હમલોગ'થી 'મહાભારત' લગીનો એનો ઈતિહાસ, તપાસનારને આ સૅટ થઈ ચૂકેલા ભ્રષ્ટાચાર-અભિમુખ વેપારીકરણની સાહેદી આપે છે.

સ્વાયત્ત દૂરદર્શને સૌ પહેલાં તો પોતાના આ દુષ્ટ અને ભ્રષ્ટ 'સ્વ'નો નાશ કરવો રહેશે. પોતાની સ્લેટ ભૂંસી-લૂછીને સાફ કરે પછી જ એ કશો નવો અક્ષર પાડી શકશે.

દૂરદર્શન પરથી રજૂ થતી ફિલ્મો અને સીરિઅલો સામે પાયાનો વાંધો એની બહુસ્પર્શી અને સર્વાંગી ગુણવત્તાનો છે. ફિલ્મો તો દેખીતી રીતે જ હિન્દી સિને-ઉદ્યોગમાંથી આવે છે, તેથી તેની પ્રોડકશન-કવૉલિટી સુધારવા નીકળવું તે દૂરદર્શન માટે અશકય અને વગર કારણની હૈયાહોળી બની

રહે. એ જ રીતે સીરિઅલો પણ નિર્માતાઓ પાસેથી કે ફલાણી-ઢીકણી કલાસંસ્થાઓ તરફથી દૂરદર્શનને તૈયાર સ્વરૂપે મળે છે. સીરિઅલો દૂરદર્શન પોતે ભાગ્યેજ બનાવે છે, બલકે એણે બહારથી તૈયાર મેળવવાનો અને પછી તેનું પ્રસારણ કરવાનો એક સાદો શિરસ્તો અપનાવેલો છે.

આમ, મનોરંજનના પોતાના પાયાના ધ્યેયને સંતોષવા માટે દૂરદર્શનને બધો આધાર બહારના નિર્માતાઓ પર, બહારના દિગ્દર્શકો અને કલાકારો પર અને બહારના લેખકો પર રાખવો પડે છે. પરિણામે નિર્માણની ગુણવત્તાનો કશો જ અંકુશ એના પોતાના હાથમાં નથી હોતો. એટલું જ નહીં, બહારથી આવેલી ગમે તેવી સ્ક્રિપ્ટ્સને કે સીરિઅલોની તૈયાર કૅસેટ્સને એણે મને-કમને નભાવી લેવી પડે છે. વળી ભ્રષ્ટાચારી વેપારીકરણની રાહે, એ જાણી-કરીને પણ સબ-સ્ટાન્ડર્ડ સીરિઅલોને ઓકે કરી લે છે. બહાર બેઠેલા બધા નિર્માતાઓ કંઈ કલાકારો નથી, હોય તો પણ વેપારીવૃત્તિથી વિશેષ દોરવાયા હોય છે -ઘણાઓએ તો આને મલાઈ ઉતારી લેવાનો અગર તો ઘીકેળાંનો ધંધો સમજી ઝંપલાવ્યું હોય છે.

આમાં કલાનું શું ? આમાં પ્રજાના સંસ્કાર-શિક્ષણનું શું ? દૂરદર્શને પીરસવાના રાષ્ટ્રવ્યાપી અને જવાબદારીભર્યા મનોરંજનનું કે મનોરંજનના સ્તરનું શું ? પોતાની પ્રસારણ-સામગ્રી પર, તેના નિર્માણની ગુણવત્તા પર પોતાનું કોઈ જ સીધું નિયન્ત્રણ ન હોય કે એવું નિયન્ત્રણ નાખવાની પોતાની કોઈ જ દાનત કે તૈયારી ન હોય તેવા દૂરદર્શનને વેપારી એજન્સીથી વિશેષ શું કહી શકાય ? બહુ બહુ તો એ કસ્ટમ ખાતાના ચૅક-પોસ્ટ જેવું લાગે છે, અને એથી એની વર્તમાન અવસ્થા સીરિઅલોના કળણમાં ફસાયેલા હાથી જેવી લાગે છે. આમેય નેશનલ હૂક પર હજારો સીરિઅલો ફાઈલોમાં ને કૅસેટોમાં લટકે છે અને દેશનાં સંખ્યાબંધ સ્થાનિક ટીવી-સ્ટેશનો પર સૅંકડો ઝૂલે છે...

આ વિપરીત દુર્દશામાંથી છૂટવાનો એક જ ઈલાજ છે અને તે એ કે દૂરદર્શને પોતે નિર્માતા બનવું. સ્વાયત્ત દૂરદર્શન એમ કરીને પોતાનો કાયાકલ્પ કરી શકે, નજીકના જ ભવિષ્યમાં મનોરંજન પરત્વે એક નવા જ તંદુરસ્ત વાતાવરણનું સર્જન કરી શકે.

દૂરદર્શને પોતે નિર્માતા બનવાનો અર્થ એ છે કે સીરિઅલોની ગુણવત્તા

પર પોતાનો સીધો પ્રભાવ પડે તેવું એક નવું જ તન્ત્ર ગોઠવવું. એનો અર્થ હરગીજ એવો નથી કરવાનો કે પોતાનાં સ્ટુડિયોઝમાં સીરિઅલોનાં ઉત્પાદનોને માટેની કશી તોતિંગ વ્યવસ્થા કરવી. તો તો દૂરદર્શન એક ગંજાવર કારખાનું બની જાય. એણે પોતે જ નિર્માતા બનવું એટલે બહારથી દિગ્દર્શકોને, કલાકારોને તેમજ લેખકોને ઈન્વાઈટ કરવા અને ત્યારે જોવું કે તેઓ નીવડેલા છે- પછી તેમની સાથે બેસીને નિર્માણની સમગ્ર ડિઝાઈન નક્કી કરવી. નિર્માણ દૂરદર્શનમાં થાય કે બહાર થાય તે મહત્ત્વનું નથી, નિર્માણ દૂરદર્શનના નેજા હેઠળ થાય છે, દૂરદર્શન માટે થાય છે, એની ડિઝાઈન પ્રમાણે થાય છે એ સૌએ યાદ રાખીને ચાલવાનું છે. દૂરદર્શન પોતે નિર્માતા હોવાનો અર્થ એ છે કે સૌની વફાદારીવૃત્તિ અને જવાબદારીભાવના દૂરદર્શનને શરણે છે -પ્રારમ્ભે અને અન્તે- એમ સમજવું. આવા તન્ત્રમાં સાચા અર્થની સ્વાયત્તતા ખીલે અને નિર્માણમાં પ્રત્યેક વ્યકિત પોતાની શકિતનો સીધો સહયોગ આપી શકે. એમાં વળી આખી ટીમનો સ્પીરિટ માત્ર નાણાં જોડે જોડાવાને સ્થાને કલા અને સંસ્કાર સાથે જોડાય, સીરિઅલ વેપાર કરવા માટેની વસ્તુને બદલે કલાવસ્તુ છે એવી જરૂરી ભાવના પ્રગટે, અને સરકારીકરણ કે વેપારીકરણની બદીમાંથી મુકત થવાય.

આજે તો કોઈપણ રૂપાળાં લાગતાં બહેન કે કલાકાર દેખાતા ભાઈ નિર્માતા રૂપે સીરિઅલને માટેની અરજી, સ્ક્રિપ્ટની ફાઈલ કે પાયલોટની કૅસેટ વગેરે લઈને દૂરદર્શનના ડિરેકટરની ચૅમ્બર આસપાસ આંટાફેરા શરૂ કરી દે છે, કહો કે કશા પણ સંકોચ વગર અડી જાય છે અને બધું પાસ કરાવવા પોતાથી બનતું તમામ ભારે લગનથી અને ચીવટથી કરી છૂટે છે. એટલી લગન અને ચીવટ એમની સીરિઅલમાં જોવા નથી મળતી. એમના લેખક, દિગ્દર્શક કે કૅમેરામેન એમની જેમ જ તત્કાળ ફૂટી નીકળ્યા હોય છે. એમની કારકિર્દીને સાહિત્ય, રંગભૂમિ કે ફિલ્મ ક્ષેત્રનું પીઠબળ નથી હોતું. એમને તો કારકિર્દી જ પેલી સીરિઅલથી શરૂ કરવી હોય છે ! એ ક્ષેત્રોનું ચોખ્ખું પીઠબળ ધરાવતા લેખકો, દિગ્દર્શકો અને કૅમેરામેનો વગેરેથી આવા ફટીચરોને જુદા પાડવાનું મારા જેવાને હમેશાં વસમું પડી જાય છે. આવી રાતોરાત રચાઈ આવેલી નિર્માણ કલાસંસ્થા પાસે મૂડીમાં માત્ર 'નાણાં' હોય છે અને તેથી તેને કલાસંસ્થા કહેવાને બદલે હું તો 'નાણાંસંસ્થા' જ કહું. નાણાંને

જોરે, નાણાંતરસ્યા અધિકારીઓ દ્વારા, આવી અનેક સીરિઅલો આજે પાસ થઈ ગયેલી છે અને સરવાળે નાણાંનો આ પ્રવૃત્તિમાં એક અનિચ્છનીય પ્રભાવ ઊભો થયેલો છે. એણે સાચું પીઠબળ ધરાવતા કલાકારોને પાછા પાડી દીધા છે, અથવા ન છૂટકે હરીફાઈમાં તણાતા કે દોડતા કર્યા છે. આમ દૂરદર્શનની લગભગ બધી સીરિઅલોને હાલ બધી વાતે કલા નહીં, પણ નાણું નિયન્ત્રિત કરી રહ્યું છે અને જોવા માગીએ તો એ જ મોટી ચિન્તાનો વિષય છે.

દૂરદર્શનની આવી સમીક્ષા કરવાની મૂળ પ્રેરણા મને એની આ દુર્દશામાંથી મળી છે. એથી સૌથી મોટી હાણ થઈ છે ધોરણોની. આગળ વધીને કહું કે આજે તો કશાપણ ધોરણ વગરનું સસ્તું અને છીછરું મનોરંજન જ ધોરણ બન્યું છે. રાષ્ટ્રની દૂરદર્શન જેવી મહત્ સિદ્ધિ એથી ધૂળમાં રગદોળાઈ છે, એથી આ મોંઘું સાધન ખિસ્સાં ભરવાનું સાધન પુરવાર થયું છે. પ્રજાને કલાને નામે અને મનોરંજનને બહાને અત્યાર સુધી હિન્દી સિને-ઉદ્યોગે ઉલ્લુ બનાવ્યે રાખી છે. એ કામ હવે સરકાર દ્વારા દૂરદર્શન દ્વારા થવા લાગ્યું છે. મોટા ભાગના સીરિઅલોવાળા આજે આપણને કાં તો કશું પણ સસ્તું તિકડમ્ કરીને હસાવવા માગે છે, કાં તો કશું પણ તકલાદી ભડકમ્ રચીને ડરાવવા માગે છે. એટલે તો આજે ઘણી બધી કહેવાતા હાસ્યની અને કહેવાતી જાસૂસી સીરિઅલો બિલાડીના ટોપની જેમ સહસા ફૂટી નીકળી છે. એમનો સમ્બન્ધ કલા સાથે તો નામનો જ છે અને વાસ્તવિકતા સાથે તો જરાય નથી. લોકોને સદા હસવું નથી હોતું અને લોકો એમ ભાગ્યે જ હસી શકે છે. લોકોને હમેશાં ખૂન-ચોરી-લૂંટફાટ-ડિટેક્ટિવ નથી જોવાં હોતાં અને લોકો એમ જવલ્લે જ રોમાંચિત થાય છે. લોકોને કશુંક જુદું જ જોવું હોય છે અને કશુંક જુદું જ એમની રસવૃત્તિને સંતર્પે છે.

મને લાગે છે ભારતીય દૂરદર્શનમાંથી આપણે કલા અને વાસ્તવિકતાનાં બે મુખ્ય કાટલાં જ કાઢી નાખ્યાં છે. 'લોકોને આ જોઈએ છે'-ની જૂઠી દલીલ કરીને સૌએ સ્વાર્થ સાધવાનું કર્યું છે. 'લોકોને આ ગમે છે'-ની બનાવટી વાત કરીને બધાએ ભેગા મળીને આખી ગમ્ભીરતાને રફેદફે કરી નાખી છે. લોકો-લોકો કરી લોકોની દયા ખાવાનો આ રાજકારણી તરીકો નિન્દ્ય છે. સિનેમાને બૉક્સ-ઑફિસ હોય છે, ટીવીને નહીં. તેથી ફિલ્મ

ફ્લોપ જઈ શકે, સીરિઅલ નહીં. સીરિઅલને વિશે દર્શકને પસંદગીની તક જ ક્યાં હોય છે ? ટીવી લાવ્યા છે એટલે લોકો બસ જુએ છે, બીજું કરી નથી શકતા તેથી જુએ છે. એટલે અમુક સીરિઅલ લોકપ્રિય થઈ એમ કહેવું તે પણ ભ્રમ છે, એવા અભિપ્રાયો હાંકતા સર્વે પણ એવા જ બનાવટી હોય છે. દર્શકનો રીસ્પોન્સ ટીવી પરત્વે કદી ટૅન્જીબલ નથી એ સત્યનું આપણને વિસ્મરણ કરાવાયું છે. એટલે આજે તો દૂરદર્શન પહેલેથી જ ફ્લૉપ હોય તેવા માલને ચલાવવા માટેની જગ્યા બની ગયું છે. લોકોના ડ્રૉઈન્ગરૂમોમાં પ્રવેશી જવું અને કંઈપણ અણધારી ચીજ કલાને નામે માથે મારવી ને દયા ખાવી પાછી લોકોની ! આ તે ક્યાંનો ન્યાય ?

સ્વાયત્ત દૂરદર્શને કલા, વાસ્તવિકતા અને લોકોનું ઉચિત ગૌરવ કરવા, તે-તેની પુનઃસ્થાપના કરવા, નિર્માણનાં, બલકે કલાનિર્માણનાં તમામ સૂત્રો પોતાને હસ્તક લેવાં જોઈશે. એ કેવી પદ્ધતિએ થઈ શકે તેની થોડી ચર્ચા કરીએ.

સ્વાયત્ત બન્યા પછી દૂરદર્શન પોતે નિર્માતા બને તો ધીમે ધીમે એક કલાસંસ્થા રૂપે દેશના સંસ્કારજીવનનું મોટું મૂલ્ય બની શકે. હાલ એ ટૅલિકાસ્ટ કરનારી સરકારી એજન્સી વધારે છે અને એ રીતે દૂષિત છે. દૂરદર્શન નિર્માતા બને એમ કહીને હું એવું સૂચવું છું કે સીરિઅલો અને ટૅલિફિલ્મો બહારથી સ્વીકારવાને બદલે એ પોતે એનું નિર્માણ હાથ ધરે. એથી ગુણવત્તા અંગેનો અંકુશ દેખીતી રીતે જ એના હાથમાં આવે. વળી એથી દૂરદર્શન સરકાર અને પ્રજા વચ્ચેની પોતાની જવાબદારીભરી ભૂમિકા શી છે તે પણ સમજતું થાય. અત્યારે તો પ્રધાનો, સચિવો, દૂરદર્શનના અમલદારો અને સંકળાયેલાં સૌ કલાકારો દૂરદર્શનને કમાણી માટેની વ્યવસ્થા ગણીને ચાલી રહ્યાં છે. અને તેથી એક તરફ દૂરદર્શન સરકારી પ્રચાર માટેનું અને બીજી તરફ જાહેરખબરોની વ્યાપારી પ્રવૃત્તિ માટેનું કશુંક થાણું હોય તેથી વધારે સારી છાપ ઉપસાવી શક્યું નથી. આ ભૂમિકાએ સોપઓપેરાછાપ સીરિઅલો 'ઍક્સ્ટેન્ડેટ ઍડ્વર્ટિઝમેન્ટ'થી વિશેષ કંઈ નથી ! સ્વાયત્ત દૂરદર્શન પોતાની આ વિકૃત ભૂમિકાનો જેટલો ઝડપી નાશ કરી શકશે તેટલું સારું છે. બાકી ઉઘાડું છે કે વેપારી મથક વેપારી મથકની રીતે જ આગળ ધપવાનું છે.

મારી આ વાતના વિરોધમાં એવી એવી દલીલો જરૂર કરી શકાય કે

દૂરદર્શન પાસે નિર્માણનું પૂરતું ઈન્ફ્રાસ્ટ્રકચર ક્યાં છે, એના અમલદારોમાં કલાવિષયક ગુંજાઈશ ક્યાં છે, એથી તો ભ્રષ્ટાચાર ઑર વધવાનો, અમલદારીકરણ વિશેષ ફાલવાનું, વગેરે. આ દલીલોમાં વજૂદ નથી એમ નથી, છતાં આ અંગે હું પૂરો આશાવાદી છું. જેમ બહારના વેપારી સૂઝબૂઝવાળા નિર્માતાઓ આજે સીરિઅલોના ઉત્પાદનનું સમગ્ર આયોજન કરે છે તેમ દૂરદર્શન કલાની સૂઝબૂઝથી સીરિઅલોના સર્જનનું તમામ આયોજન કરી શકે એમ છે. એ પણ કથાલેખકોને, દિગ્દર્શકોને, નટ-નટીઓને અને ટૅકનિશ્યનોને એકઠાં કરી શકે અને સીરિઅલો રચી શકે. દૂરદર્શન એવી પોતાની તૈયાર સીરિઅલો સ્પૉન્સર સામે વેચાણ માટે મૂકી શકે, કમ્પનીઓ સામે જાહેરખબરો માટે મૂકી શકે. એનએફડીસી પોતાની ફિલ્મો બનાવે જ છે, દૂરદર્શને પોતે પણ ક્યારેક ક્યારેક ક્યાં નથી બનાવી ? આજે જે ઊંધું થઈ રહ્યું છે તે બદલવાની વાત છે. નિર્માતા બનીને એણે નેતૃત્વ પૂરું પાડવાનું છે અને લાગતાં વળગતાં સૌંની સામેલગીરીનું તેમજ ભાગીદારીનું સંયોજન કરવાનું છે. એ કામ મુશ્કેલ લાગે છે જરૂર, પણ વાસ્તવમાં તેમ નથી. સવાલ એને માટેની દાનતનો છે, દાનતનો વિશેષ છે.

આપણે આ કઈ પદ્ધતિએ કરી શકીએ તેનો હું એક દાખલો આ પ્રમાણે કલ્પું છું : ધારોકે અમદાવાદ દૂરદર્શન સીરિઅલો અંગે પોતે નિર્માતા બનવા માગે છે. તો સૌ પહેલાં તો એણે હાલના ખુલ્લા દરવાજા બંધ કરી દેવા ઘટે. કોઈપણ ભીમજીભાઈ-મહીજીભાઈ સીરિઅલ બનાવી લાવે છે તે ન ચાલે. માત્ર નીવડેલા દિગ્દર્શકો અને કલાકારો જ તે કરી શકે, તેવી કલાસંસ્થાઓ જ તે કરી શકે. આમાં નવા કલાકારોને કે નવી સંસ્થાઓને તક નહીં આપવાની વાત જ નથી. વાત લાયકાતની અને સજ્જતાની છે. આ માટે સ્વાયત્ત દૂરદર્શને રંગભૂમિ ફિલ્મ અને ટીવીમાં કામ કરી નીવડી આવેલાં સૌંને રેકગ્નાઈઝ કરવાં ઘટે. એવા રેકગ્નિશન માટેની એક પ્રવર સમિતિ સાહિત્ય-કલાનાં વિવિધ ક્ષેત્રોની સાચુકલી વ્યકિતઓની હોય. પછી એ સૌંને નિર્માણ માટે ઈન્વાઈટ કરવાં, તે તેમને સાધનસામગ્રી આપવાં, બલકે તેમને પૂરી ગ્રાન્ટ આપવી, તેમની ઊંચી કક્ષાની રૉયલ્ટી નક્કી કરવી વગેરે. દાખલા તરીકે અમદાવાદ દૂરદર્શન આ વ્યકિતઓને નિર્માણકાર્ય સૉંપે તો પરિસ્થિતિમાં ચોક્કસ સુધારો થાય : ભરત દવે, નિમેષ દેસાઈ, સુભાષ

શાહ, ઈન્દુ પુવાર, ચિનુ મોદી, દામિની મહેતા, અરવિન્દ વૈદ્ય, વગેરે. આ નામો તો મને સૂઝયાં તે અને તેટલાં છે. આ ધોરણનાં બીજાં એમાં ખુશીથી ઉમેરી શકાય. મહત્ત્વ નામોનું નથી, કામોનું છે, કામો પાછળની નિષ્ઠાનું છે.


સમિતિ કે તેનાં સભ્યજૂથો આ બધાંની જોડે બેસી પૂરતી ચર્ચાવિચારણાને અન્તે નિર્માણ અંગેની આખી બ્લુ પ્રિન્ટ તૈયાર કરે તે બહુ જરૂરી છે. એવા પરામર્શ પછી જે-તેને નિર્માણ એસાઈન કરી શકાય. પછી સમિતિ કે તેનાં સભ્યજૂથો તૈયાર સીરિઅલોનું પ્રિવ્યૂઈન્ગ કરે અને બધું છેલ્લે ટૅલિકાસ્ટ થાય. સુકલ્પિત નિર્માણ-આયોજન થયું હોય તો પ્રિવ્યૂઈન્ગની જરૂર ઝાઝી રહે જ નહીં. જ્યારે આજે તો બધું ઊલટું બની રહ્યું છે. તદ્દન અજાણ્યાંઓએ તૈયાર કરીને મોકલેલા માલને સાવ જુદી જ અને ઊંચી અપેક્ષાઓને વરેલી વ્યક્તિઓએ ઓકે કરવો રહે છે. કેમ કે એમને એટલી તો વ્યવહારુ સમજ હોય છે કે કૅસેટમાં ઊતરી ચૂકેલું કેટલું ખર્ચાળ હોય છે. સવાલ એ છે કે આવી તેવી વ્યવહારુ દૃષ્ટિઓ વાપરીને કે જીવદયા અને માનવતા દાખવીને આપણે કયાંલગી આ બધી વંચનાને વિસ્તારીશું...? સાહિત્ય-કલા-સંસ્કારનાં આવાં રખોપાં કરીને પ્રજાને કેટલે લગી છેતરશું...?

અત્યારની સીરિઅલોમાં પાયાની દરિદ્રતા સ્ક્રિપ્ટની છે. અભિનય અને કૅમેરાવર્ક મોટે ભાગે અપ-ટુ-ધ-માર્ક હોય છે. ઉમદા કથાલેખક કે પટકથાલેખકના અભાવમાં સીરિઅલો અને તેનાં ઍપિસોડ્સ સાવ જ ચીલાચાલુ ઢાંચાઓમાં સમય, શકિત અને ધનનો દુર્વ્યય છે. ગુજરાતી ભાષાના સિદ્ધ સાહિત્યકારો સીધું દૂરદર્શન માટે જ લખવા હજી ખાસ કંઈ તત્પર થયા નથી, કટિબદ્ધ પણ થયા નથી. એ જ રીતે સીરિઅલોવાળા ગુજરાતી ભાષાની પ્રસિદ્ધ સાહિત્યકૃતિઓને સીરિઅલોમાં નથી લાવ્યા, જાણ્યે અજાણ્યે પોતાની મર્યાદામાં રહ્યા છે. બાકી ટૂંકીવાર્તાક્ષેત્રે રા.વિ.પાઠક, સુન્દરમ્, જયન્તી દલાલ, શિવકુમાર જોષી, ધૂમકેતુ, ગુલાબદાસ બ્રોકર જેવાઓની સૃષ્ટિમાંથી ઘણુંઘણું મળી રહે એમ છે. 'શ્રીકાન્ત', 'ગણદેવતા' કે 'મૈલા આંચલ'ની જેમ 'સરસ્વતીચંદ્ર', 'ગુજરાતનો નાથ', 'સોરઠ તારાં વહેતાં પાણી', 'લીલુડી ધરતી', 'જનમટીપ', 'માનવીની ભવાઈ' વગેરે નવલકથાઓને સીરિઅલોરૂપે રજૂ કરવાનું જરાય મુશ્કેલ નથી, બલકે એ મોટો પડકાર

બનીને ઊભું છે.

પણ આજે સૌની દૃષ્ટિ કમર્સિઅલ થઈ રહી છે, કેમ કે દૂરદર્શને પોતાનો ઢાંચો એવો રાખ્યો છે. સૌ કોઈ આમાં હિમ્મતબાજ અને સાહસિક બનીને એટલે તો સફળતાપૂર્વક તરી-વિસ્તરી રહ્યાં છે. સીરિઅલ કે ફિલ્મ ભલે દિગ્દર્શકની ગણાય, તેનાં મૂળ સ્ક્રિપ્ટમાં છે, અને સ્ક્રિપ્ટ હમેશાં સન્નિષ્ઠ અને પ્રામાણિક લેખક-સાહિત્યકારની અપેક્ષા રાખે છે. આમ મારી દૃષ્ટિએ તો, આજના દૂરદર્શનની દુર્દશાનાં મૂળ એક રીતે જેટલાં આપણા કુણ્ઠિત અને સંકુચિત સાહિત્યમાં છે તેટલાં બીજે નથી. સ્વાયત્ત દૂરદર્શન એ અંગે મથે તે સાથે સાહિત્યકારો પણ મથે, તો હું માનું છું કે હાલના કચરાને ખાળી શકાય, અપવ્યયને રોકી શકાય...

૧૫-૯-૧૯૯૦ — ૧૬-૧૦-૧૯૯૦
૨૫-૯-૧૯૯૦ — ૨૩-૧૦-૧૯૯૦



મીડિયા-મૅસેજ

- સુમન શાહ